
SPECIAL FOCUS : ROYAL RAJPUT SOCIETY

BEST SELLERS ₹15/-



SPECIAL ISSUE

नवेम्बर
नवम्बर 2013
NOVEMBER

प्रतिध्वनि

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत , अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम
परित्राणायसाधुनां विनाशाय च दुष्कृताम , धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे

www.pratidhwaniindia.com

तंत्रीः परेश मुलाणी


THE VOICE OF INDIA


आसो : कारतक @ वि.सं. 2070

Continue Issue : 203 @ Year : 17th

Monthly Magazine

The Largest circulated A National & International Mo





Mission

Change India

for Quality Life

તમારો સંકલ્પ ભારત નિર્માણ કરી શકે છે !

ઈરાદો મજબૂત હોય તો કંઈ પણ હાંસલ કરી શકાય છે. નૂતનવર્ષે કંઈક નવું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ... Change India Change



દીપોત્સવી '2069

નૂતનવર્ષ '2070



Bangladesh.....Taka 20.00	India.....₹ 15.00	Macao.....HK$11.00	Others.....US$ 01.00	Sri Lanka.....Rs 20.00	
Brunei.....B$ 02.00	Indonesia...Rp.1,500 [PPN Incl.]	Malasia....RM 02.00	P.New Guinea...K 01.50	Taiwan.....NT$ 35.00	
China.....RMB 10.00	Japan.....#250	Maldives...Rf 11.00	Philippines.....P20.00	Thailand.....B 30.00	
Guam.....Us$ 01.00	Korea.....Won1,050	Myanmar....K 02.00	Saipan.....US$ 01.00	U.S.Forces...US$ 01.00	
Hon Kong.....HK$ 10.00		Nepal.....NRs 17.00	Singapore.....S$ 02.00		

The Quality Life के जनक
क्रांतिकारी विश्व संत श्री ऋषिजी

वे विश्व के रसुखवालों के आध्यात्मिक रुप से संगठित सबसे बडे नेटवर्कके मुखिया है, क्योकिं वे क्वॉलिटी लाईफ मंत्र के जनक है। उनके क्वॉलिटी लाईफ मंत्र से विश्व भर में बदलाव आया हैं। उनका साम्राज्य विश्व भर में फेला हुआ हैं, क्योंकि आध्यात्मिक जगत के सबसे प्रभावी स्वामी,जिनके अनुयायियों की संख्या दुनिया भर में ढाई करोड़ से अधिक है। वे विश्व के मूल्यवान ब्रान्ड है, क्योंकि उनका कारोबारी ब्रान्ड ऐसा है जिस पर विश्व आँख मूंदकर भरोसा करता है। वे सदैव गरिमा की विश्व मूर्ति है, क्योंकि वे वैश्विक आध्यात्मिकता के पर्याय वाची हैं। वे भड़कीले लोगों के गुरु है, क्योंकि मीडिया मालिक से लेकर जहाज निर्माता, मुख्यमंत्री से लेकर प्रधानमंत्री तक सब उनके समागम में सामिल होते हैं। वे बिश्व के राजनैतिक श्रेष्ठि वर्ग को निर्देशीत करनेवाली अदृश्य शक्ति हैं, क्योंकि वे आध्यात्मिक जगत में सबसे तेजी से बढ़ते उद्यम के प्रमुख है। उनकी क्रांतिकारी योजना रामबाण नुष्खा साबित हो सकती है। वे नई सहस्त्राब्दी के मनोहारी विश्व योगी है।

पहचान : विश्व में सर्वाधिक सुने और पढ़े जाने वाले तथा दिल और दिमाग को झकझोर कर देने वाले अदभुत प्रवचन। अपनी नायाब प्रवचन शैली के लिये विश्वभर में सर्वाधिक चर्चित और विश्व संत ऋषिजी के रुपमें पहचान।

मिशन : 'ध क्वॉलिटी लाईफ' का विश्व व्यापी प्रचार प्रसार एवं प्रशिक्षण।



Change for India
Quality Life

विश्व संत श्री ऋषिजी का क्रांतिकारी अभियान



भावनात्मक अपील : विश्व संदेश : UNIVERSAL MESSAGE :

सभी राष्ट्रवासियों अपने देश के लिए एकजुट राष्ट्र के तौर पर ऊंठे और पूरी सकारात्मकता के साथ स्वयं को राष्ट्र निर्माण की सफलता के प्रति समर्पित करें। अगर हम सामुहिक रुप से कमर कसकर जुट जाते है तो अवश्य राष्ट्र को विश्व की सर्वोच्च महाशक्ति बना सकते हैं। राष्ट्रहित में निजी सोच और तात्कालिन लाभ को पीछें छोड़कर हमे एक साथ आगे बढ़ना चाहिए। स्वर्ग का साम्राज्य तभी स्थापित होता है, जब विकास और व्यवस्था उसकी चरम सीमा पर हो। अगर आप राष्ट्र निर्माण के लिए कार्य कर रहे हो, तो अदृश्य शक्ति उस प्रक्रिया में हंमेशा आपको साथ देगी। इस लिए वैश्विक निर्माण करो। कुछ नया इस जगत में लाओ, जो श्रेष्ठ हो। फिर चाहे विज्ञान के द्वारा लाओ, चाहे आध्यात्मिकता के द्वारा, मगर इस जगत को स्वस्थ, स्वच्छ, साक्षर, समृध्ध, सुंदर, शांत, शाकाहार और सुसंस्कृत बनाओ। विश्व के सभी धर्म ग्रंथो का एक ही संदेश : श्रेष्ठ निर्माण. **॥ ऋषि ॥**

विश्व निर्माण : विकास और व्यवस्था के लिए... बनो निर्माण पुरुष, विश्व निर्माण के लिए...



ऋषिजी का विश्व चक्र :

पृथ्वी, जल, अग्नि,
वायु और आकाश से
सुरक्षित है।
संकल्प करें तो
विकल्प अपने आप
खत्म हो जायेगें।

श्री बराक ओबामा : संबोधिकी अनुभूति में रंग भेद, भाषा भेद, जातियता, संप्रदायिक्ता आदि सब रुग्णताओं से मुक्ति हो जाती हैं। ऋषिजी का यह वैश्विक परिवार अनाम प्रेम का विश्व मंदिर है, जिसका विस्तार है एक विश्व। नए युग के नए विश्व मानव का यही है विश्व मंत्र और विश्व धर्म।



श्री सोनिया गांधी : ऋषिजी को किसी जाति और संप्रदाय से नहीं बांधा जा सकता, वे पूरी मनुष्य जाति के लिए श्रद्धेय एवं विश्व रुप है। विश्व निर्माण के इस वैश्विक अभियान में हम भी सरीक हो.



श्री ए.पी.जे. अब्दुल कलाम : ऋषिजी के विचारो में क्रांतिकारी परिवर्तन की अद्भूत झलक है। ऋषिजी जैसे विश्व संत किसी एक समाज के नहीं होते, वे तो विश्व बंधुत्व की धरोहर है।



श्री नरेन्द्र मोदी : स्वर्णिम भारत बनाकर, ऋषिजी के वैश्विक संकल्प को सार्थक करें। ऋषिजी का संकल्प, हम सब का संकल्प। आइये हम सब मिलकर विश्व ध्वज लहरायें। भारत का जय हो।



विश्व संत के प्रवचन की ओड़ियो कैसेट, विडियो सीडी तथा साहित्य और अतिरिक्त जानकारी के लिए संपर्क:
www.pratidhwaniindia.com ▪ www.qualitylife.org.in ▪ www.qualityworld.org.in
www. bharatnirman.org.in ▪ www.changeindia.org.in ▪ www.vishwasant.org.in

World Class India for Feelings of Heaven

आख्त निर्माण के लिए प्रतिध्वनि द्वारा जनहित में जारी।

RNI No. 70260/97, "PRATIDHWANI" Regd. No. GAMC 1217

પ્રતિધ્વનિ THE VOICE OF INDIA

A National & International Magazine

- **Editor:Printer:Publisher : Owner:** Pareshkumar Nanubhai Mulani
- **Issue:** 11 **Continue Issue:** 203 **Years:** 17th **Page :** 100
- **Regd. Office :** Pratidhwani, 7/10, Mangalam, Nr. Bapunagar Police Station,Bapunagar, Ahmedabad 380024.
- **Tel :** [079] 22700803, 22706119 **Tel/fax:** [079] 22700803
- **E mail :** voice@pratidhwaniindia.com mission@qualitylife.org.in
- **Website :** www.pratidhwaniindia.com www.qualitylife.org.in
  www.qualityworld.org.in www.changeindia.org.in
  www.bharatnirman.org.in www.vishwasant.org.in
- **America Correspondent :** Madhubala P. Ramani, 26,Glen Oaks, C.T. Cliftion, New Jercy 07012 [USA]

- © Pratidhwani, Worldwide all rights reserved, Any type of Reprinting not applicable
- **Published by** Paresh Mulani for Pratidhwani, 7/10, Mangalam, Bapunagar, Ahmedabad 380024 & **Printed by** at Mulani Infotech Consultancy, Ahmedabad 380024. **Price:** ₹ 15/- **Annual Subscription:** ₹ 225/- **Member :** AINCE, AISMNF, INSAR, GTS.

SUBSCRIPTION RATES:
PAYABLE IN LOCAL CURRENCIES AT THE FOLLOWING ADDRESS

Country	YearlyRate		Send to Pratidhwani C/o the Following Address
Bangladesh	Taka	240.00	International Book Agencies Ltd. 61,Motijheel Commercial Area[2nd Flr]Dhaka 1,000
China	US$	120.00	Bank of China Tower,47/F,1 Garden Road, Central,Hong Kong.
Guam	US$	12.00	Holrnes Management Co. 237,Mainis St.,Tamuning,Gaum 96911.
Hong Kong	HK$	120.00	Bank of China Tower,47/F,1 Garden Road Central.
India	₹	225.00	"Pratidhwani"7/10,Mangalam, Nr.Bapunagar Police Stn., Amdavad 380 024.
Indonesia	Rp,	18,000	N.V.Indoprom Company[Indonesia]Ltd., [Home Service A.H.Division] P.O.Box 2090,Jakarta 10001.
Japan	y	3000	Sumitomo Seimei Aoyama Bldg,3Fl. 3-1-30 Minami Aoyama,Mianto-Ku Tokyo 107
Korea	W	12,600	International Publications Service[IPS] Gongpyong Bldg.,11 Fl, 5-1 Gongpyong-dong. Chongro-Ku,Seoul 110 604
Malaysia	RM	24.00	Vines Services Sdn.Bhd No.77,Japan 9/34 B, Sri Edaran Light Industry Park,Kepong.52100, Kaula Lumpur,Malaysia.
Maldives	Rf.	132.00	Akiri Shop,Boduthakurufaanu Magu,Male.20-05
Myanmar	Kyat	24.00	SPPS Trade Corporation 550/552,Merchant street. Yongon,Myanmar
Nepal	NRs.	204.00	Sandesh Griha News Agents. 69-A,Bangemudha,Kathmandu 12
Pakistan	Rs.	192.00	Liberty Books [Private]Ltd. 3,Rafiq Plaza,Inverarity Road,Karachi 74400
Phillippines	P	240.00	G/F Skrene Properties Building,3759,Cuenca Cor Emilia Sts.Palanan,1235 Makati City
Singapore	S$.	24.00	Caxtion Services Co.Pvt Ltd., 29,Tampines Street 92,Caxton Building, Singapore 528879
Sri Lanka	Rs.	240.00	Vijitha Yapa Bookshop,P.O.Box 2007,Unity Plaza 2,Galle Road,Colombo 4 Sri Lanka
Taiwan	NT$	420.00	Formosan Magazine Press Ltd.,189 Yen Ping South Rd.,6 F.Taipel.
Thailand	Baht	360.00	S.E.Commercial Enterprise Ltd.,P.O.Box 12-132 Yannawa Post Office,Bangkok 12
US Forces	US$	12.00	Madhubala P.Ramani,26,Glen Oaks C.T.Cliftion, New Jurcy 07012[U S A]




આવો સંકલ્પમય બનીએ...

ગુજરાતી સમાજ પ્રકૃત્તિનો ચાહક છે. શ્રદ્ધાથી છલકાય છે. સ્વભાવે પરોપકારી છે. ઉત્સવની સંસ્કૃતિ પ્રકૃતિનું અનુસંધાન કરે છે. ઉત્સવની શ્રદ્ધા સદ્શક્તિને પ્રેરે છે. ઉત્સવ જન જનને જોડે છે. ઉત્સવને ઝીલવાનાં ધબકાર જોઈએ. ઉત્સવ માણવાનું જીવંત વાતાવરણ જોઈએ. ગુજરાતી સમાજ આંતર ઉર્જાથી ભર્યો હોય તેવી અનુભૂતિ થાય છે. ઉત્સવ ગમે તે હોય એમાં ઉલ્લાસની સદ્ભાવી છોળો ઉછળે છે. એમાંય દીપોત્સવીનો ઉત્સવ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફનું પ્રયાણ. દિવાળીનો ઉત્સવ આપણી પરોપકારી વૃત્તિને પ્રગટાવે. જ્યોતિનો કળશ લઈને ગુજરાતી ઉભો છે, સ્વર્ણિમ ભારતની આવતીકાલનું સપનું આંખમાં આંજીને. સુરક્ષિત, સમૃદ્ધ, સામાર્થ્યવાન ભારતનું સપનું 125 કરોડ ભારતીઓની સદ્શક્તિ અને સંકલ્પશક્તિમાં ધબકી રહ્યું છે. વિશ્વભરમાં ગુજરાતની પ્રગતિ અને વિકાસ એક ઉત્સવયાત્રાની ગરિમા બની રહ્યાં છે. વૈશ્વિક આતંકવાદ અને પ્રાકૃતિક પ્રકોપનાં સંકટો સામે ગુજરાત માનવતાવાદી અને પ્રકૃતિપ્રેમનાં માર્ગે નવો રાહ બતાવી રહ્યું છે. ગુજરાત સંપત્તિ સર્જક જ નહીં, સંસ્કૃતિ રક્ષક અને પ્રકૃત્તિ ચાહક તરીકે આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. વિકાસની પરિભાષાને પંચામૃત શક્તિનાં આધારે ગુજરાતે નવો અર્થ આપ્યો. જ્ઞાન, જળ, ઊર્જા, રક્ષા અને જનશક્તિ આ પંચામૃત પ્રગતિનો આધારસ્થંભ છે. એ જ છે પ્રકૃતિનાં પંચતત્ત્વો સાથેનો સંબંધ. ગુજરાતનો નાતો છે માનવતાનો. ગુજરાતનો મંત્ર છે, વિકાસનો. સર્વજન સુખાય, સર્વજન હિતાયનો. ગુજરાતનું દર્શન છે, સકલ સૃષ્ટિનું કલ્યાણ. કરુણા અને સામાર્થ્ય. પર્યાવરણ અને પ્રગતિ. માનવતા અને સદ્શક્તિ. ગુજરાતી ચારિત્ર્યની શાખ વિશ્વભરમાં પથરાયેલી છે.

અન્યાય સામે નહીં ઝૂકનારું ગુજરાત આફતોમાં દીન દુઃખિયારાની પડખે સદાય ઊભું રહ્યું છે. 21મી સદીનાં પ્રથમ દાયકામાં ગુજરાતે આફતોની આંધી, અપપ્રચારની અંધાધૂંધી કે આતંકવાદની આપત્તિ સામે શાણપણનાં દર્શન કરાવ્યાં છે. ગુજરાતની સંકલ્પ શક્તિને કોઈ ડગાવી શક્યું નથી. સમાજ શક્તિમાં સંકલ્પની તાકાત કેવી હોય તે ગુજરાતે બતાવ્યું છે. સ્વર્ણિમ ગુજરાત માટે આવા જ સંકલ્પોની પૂર્તિ સાથે છ કરોડ ગુજરાતીઓ ઉત્સવને વધાવશે. નવા વર્ષે, સ્વર્ણિમ ભારતનાં નિર્માણ માટે આપણે સૌ સંકલ્પમય બનીએ. દીપોત્સવી અને નૂતન વર્ષનાં અભિનંદન...

■ Parth Patel [Managing Editor]



પહેલાં 25 ને હવે 40 રોયલ રાજપૂતો...

પ્રતિધ્વનિનાં ઐતિહાસિક અંકમાં સામેલ થયાં...




આ માત્ર હવે આંકડા રહ્યાં નથી. ગુજરાતી પત્રકારત્વનાં એ સીમારૂપ ચિન્હ બની ગયાં છે. આમ તો પ્રતિધ્વનિનો પ્રત્યેક અંક અમારે મન ને વાચકો માટે વિશેષ હોય છે. પરંતુ રોયલ રાજપૂત વિશેષાંક મહત્ત્વનો એ માટે હતો કે ગુજરાતી પત્રકારત્વમાં પ્રતિધ્વનિએ આપેલા પ્રદાનની નોંધ ખુદ ભારત સરકારે લીધી છે. એ વિશેષાંકમાં વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારા 25 રોયલ રાજપૂતોની શબ્દચિત્ર રૂપે ઓળખ હતી. તેજસ્વી તોખાર જેવા એ રાજપૂતોની સિદ્ધિ છતી કરતાં આ વિશેષાંકને લાખો વાંચકો ઉપરાંત ગુજરાતી મહારથીઓએ વધાવી લીધો અને એ પછી શરૂ થઈ સમાજ વિશેષાંક પ્રગટ કરવાની પ્રણાલી. કેટલીક વાર આસપાસ રહેતા લોકોનાં કૌવતને આપણે પારખી નથી શકતા કે પછી તેમની ખાસિયતથી સાવ અજાણ છીએ. એવા વીરલાને યોગ્ય સમયે ઓળખ મળવી જ જોઈએ. એ કોઈ પણ સમાજ કે એના પહેરેદાર જેવા પત્રકારની વણલખી શરત છે. પત્રકારત્વની આ જવાબદારી પ્રતિધ્વનિ છેલ્લા ઘણાં વર્ષથી બજાવી રહ્યું છે. હર્ષની વાત એ છે કે પ્રતિધ્વનિનાં આ પ્રયાસ થકી રોયલ રાજપૂત વિશેષાંક દ્વારા સાવ અજાણ એવા રાજપૂતોનાં નામ પણ પ્રકાશમાં આવ્યાં છે ! વ્યવસાય કે વૈચારિક રીતે ગૌરવવંતા પુરવાર થયેલા રાજપૂતોનો આ વિશેષાંક સતત પ્રગટ થઈ રહ્યો છે. એટલે જ હવે ફરી તકાજો છે પલટાતા સમય તથા પરિવર્તનનો ! પ્રતિધ્વનિ હંમેશાં સમય સાથે ખભા મિલાવીને આગળ ડગ માંડતું રહ્યું છે ને એ જ એની અગ્રેસરતાનું બોલકું પ્રમાણપત્ર છે. એટલે જ પરિવર્તનની પરંપરા જેવા સહેતુક વાક્યપ્રયોગ સાથે પ્રતિધ્વનિ રોયલ રાજપૂતોનાં વિશેષાંકમાં આમૂલ ફેરફાર કરી રહ્યું છે. ફળસ્વરૂપ સમગ્ર વિશેષાંકમાં અનેક સાવ અજાણ્યા લાગતા નામ અથવા તો ખમીરવંતા રાજપૂતોની યાદીમાં સમાવેશ કરી શકાય એવાં કેટલાંક યુવા નામ અમારી સામે દસ્તક દેતા ઉભા છે. આ નવાગંતુકોનો સમાવેશ અહીં કેમ થયો એની જાણ તો વાંચકોને એમનાં કાર્યનાં શબ્દચિત્ર દ્વારા જ થઈ જશે. અહીં એ પણ વિશેષ ઉમેરવું કે જેમનાં નામનો અહીં ફરી સમાવેશ નથી કર્યો એ બધાં જ આજે એમનાં ક્ષેત્રમાં અવ્વલ છે કે પછી થોડા વધુ સિદ્ધિનાં નવાં શિખરને આંબી ગયાં છે. તેઓ હજુ પણ એમનાં કાર્ય દ્વારા સમ્માનીય સ્થાને બિરાજે છે. એમના કાર્ય અત્યારે અને ભવિષ્યમાં પણ આજની ને આવતી પેઢી માટે ધ્રુવ તારા સમાન બની રહેશે. એટલે નવાં નામનો સમાવેશ એ જુનાં મહાનુભાવોને વિદાય નહીં, પરંતુ પ્રતિધ્વનિની માનભરી સેલ્યુટ છે. આશા છે કે આ નવા પ્રયાસ, નવા વિચાર અને નવાં સાહસને હંમેશા બિરદાવવા તત્પર એવા પ્રતિધ્વનિનાં લાખો વાંચકો આ નવાં રોયલ રાજપૂતોને સસ્મિત સહર્ષ આવકારશે...

પ્રિયા રોય [મુખ્ય સંવાદદાતા : ગુજરાત બ્યૂરો]

સર્વે ભવન્તુ સુખિનઃ

નૂતન વર્ષે સપ્તઋષિનાં આશીર્વચન...

નૂતન વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી સભર રહે તથા રાજ્ય, દેશ અને વિશ્વમાં પણ શાંતિ પ્રવર્તે તેવી શુભકામના સંતોએ પ્રતિધ્વનિનાં વાચકોને વ્યકત કરી છે.




આપણે સંસ્કારનો ઉજાસ ફેલાવીએ...

નવાં વર્ષે ભગવાનને પ્રાર્થના કરીએ કે સમગ્ર વિશ્વમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સંસ્કાર વધતાં રહે. જેમ એક નાનકડો દીવો પોતાનાથી શક્ય તેટલો પ્રકાશ પાથરીને અજવાળું આપે છે તેમ આપણે સૌ દુર્ગુણોનાં અંધકારમાં આપણા સંસ્કારો તથા આધ્યાત્મિક જીવનશૈલી દ્વારા વધુમાં વધુ લોકો સુધી સંસ્કારોનો ઉજાશ ફેલાવીએ તેવી શુભકામના... **શ્રી પ્રમુખ સ્વામી**



નૂતન વર્ષ પ્રગતિદાયક બની રહે...

ભગવાન શિવની કૃપાથી નૂતન વર્ષ સહુનાં જીવનમાં પ્રગતિદાયક બની રહે. બધાનાં જીવનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત થાય તેવી શુભકામનાં. બધા જ લોકો પર્યાવરણ અને આરોગ્ય જાળવણી સાથે એક જાગૃત નાગરિકનું કર્તવ્ય નિભાવે તેવી મંગલકામના. સમગ્ર વિશ્વમાંથી અશાંતિ દૂર થાય તેવી પ્રભુને પ્રાર્થના. **શ્રી શ્રી રવિશંકરજી**



વિધ્વંશક તત્ત્વોને નિર્મૂળ કરીએ...

નૂતન વર્ષનાં પવિત્ર દિવસે સંકલ્પ કરીએ કે આપણે સૌ કોઈમાં ગુણદર્શન કરીશું. આપણે સાત્ત્વિક શક્તિનો સમન્વય કરી વિધ્વંશક તત્ત્વોને નિર્મૂળ કરીશું. સમાજમાં સત્કર્મ અને સહચર્યનાં દીપ પ્રજ્વલિત કરી જ્ઞાન અને આનંદનો પ્રકાશ રેલાવીશું. જ્ઞાનનાં પ્રકાશપુંજ દ્વારા આપણે લોકોનું જીવન જ્ઞાનમય બનાવીશું અને શ્રી હરિ કૃપાની પ્રાપ્તિનાં અધિકારી થઈશું. **શ્રી રામદેવજી મહારાજ**




દેશવાસીઓને સુખ, શાંતિની પ્રાપ્તિ થાય...

નૂતન વર્ષે ઈશ્વર દેશવાસીઓને આરોગ્ય, સુખ અને શાંતિ આપે તેવા શુભાષિશ. લોકોની ધર્મ પ્રત્યેની આસ્થા વધે, પર્યાવરણ પ્રત્યે જાગૃત બને, પરસ્પર સદ્‌ભાવનાની વૃદ્ધિ થાય તેવી શુભકામના. વૈદિક સંસ્કૃતિનું ગૌરવ વધે, દેશનો સર્વાંગી વિકાસ થાય તથા બધા જ લોકો રાષ્ટ્રની ઉન્નતિ અને રક્ષા માટે કાર્યરત રહે તેવી મંગલકામના. **શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતી**



બધાને સુખ, શાંતિ અને ભક્તિની પ્રાપ્તિ થાય...

સર્વે ભવન્તુ સુખિનઃ એવી નૂતન વર્ષે ભગવાન શ્રીરામનાં ચરણોમાં પ્રાર્થના. બધાનાં જીવનમાં ભક્તિ, શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય. દરેકનાં જીવનમાં પરોપકાર, કરુણા પ્રેમ અને સદાચારની વૃદ્ધિ તથા સર્વાંગી પ્રગતિ થાય તેવી મંગલકામના સાથે જય શ્રી રામ. **શ્રી મોરારી બાપુ**



શ્રીહરિની કૃપા બધા ઉપર વરસતી રહે...

નૂતન વર્ષ આપ સૌના જીવનને આનંદ અને ઉત્સાહ આપનારું બની રહે તેવી શુભકામના. દેશમાં સર્વત્ર શાંતિ પ્રવર્તે, લોકોમાં ધર્મ પ્રત્યે આસ્થા વધે, પરસ્પર પ્રેમ અને સદ્‌ભાવથી બધા જ દેશની ઉન્નતિમાં સહાયક બને તેવી મંગલકામના.

શ્રી રમેશભાઇ ઓઝા - ભાઈશ્રી




નૂતન ભારતનું નિર્માણ કરીએ...

પ્રિય આત્મન, નૂતન વર્ષનું નવપ્રભાત આપ સૌના જીવનમાં સુખશાંતિ લઈને આવે તેવી ઈશ્વરને પ્રાર્થના. માનવીય મૂલ્યોનું જતન કરવા અને ક્વોલિટી લાઈફનાં નિર્માણ અર્થે સ્વસ્થ, સ્વચ્છ, સાક્ષર, સમૃદ્ધ, સુંદર, સુસંસ્કૃત, શાકાહાર અને શાંતિ જીવનનાં આધાર સ્તંભ બની રહે તેવી મંગલકામના. જીવનનાં પ્રત્યેક પ્રભાતે પોતાનાં સ્વધર્મનું પાલન કરો. દેશનું નેતૃત્વ રાષ્ટ્રવાદી, પરાક્રમી, પારદર્શી, દૂરદર્શી, માનવતાવાદી, અધ્યાત્મવાદી અને વિજયશીલ બને તથા નૂતન વર્ષે નૂતન ભારતનું નિર્માણ કરવામાં સૌ કોઈ સફળ થાય તેવી શુભકમના.

કાંતિકારી વિશ્વસંત શ્રી ઋષિજી





ખુમાનસિંહ કેસરીસિંહ વાંસિયા

નિષ્ઠાવાન અને કર્તવ્યનિષ્ઠ સમાજ સેવક

જન્મ 27 સપ્ટેમ્બર 1955માં થયો. જન્મભૂમિ સુરત જિલ્લામાં આવેલ પાલસાણ તાલુકાનું વાંકાનેડા ગામ. વતન સુરત જિલ્લામાં આવેલ માંગરોલ તાલુકાનું આસરમા ગામ. અભ્યાસ ભરૂચ શહેરમાં આવેલ કે જે પોલિટેકનિક કોલેજમાં કર્યો. ડિપ્લોમા ઈન મિકેનિકલ એન્જીનિયરીંગનો અભ્યાસ પૂરો કરી ખેતી અને વ્યાપાર શરૂ કર્યો. આત્મકથાનાત્મક સાહિત્યનાં વાંચનનો શોખ ધરાવતા ખુમાનસિંહ વાંસિયા ભરૂચમાં પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ કહે છે કે ધર્મગુરુઓનાં પ્રયત્નથી કુરિવાજો અને વ્યસનો બંધ થયાં છે. ખુમાનસિંહ વાંસિયાની વિવિધ પ્રવૃત્તિ ઉપર એક નજર...

રાજકીય પ્રવૃત્તિ : 1980 થી 1996 સુધી ભરૂચ જીલ્લા ભાજપનાં મંત્રી, મહામંત્રી અને પ્રમુખ તરીકેનાં વિવિધ હોદ્દા પર સક્રિય રહ્યાં. 1995-96માં ગુજરાત રાજ્ય સરકારનાં નાયબ વન અને પર્યાવરણ તથા રાજ્યકક્ષાનાં મહેસુલમંત્રી તરીકે સેવા આપી હતી. 1996 થી 1998 દરમિયાન ગુજરાત રાજ્ય સરકારમાં શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગનાં કેબિનેટ મંત્રી રહ્યાં હતાં.

રાષ્ટ્રીય પ્રવૃત્તિ : ભારત સ્કાઉટ એન્ડ ગાઈડનાં ટ્રસ્ટી તરીકે રહી ભરૂચ જિલ્લાનાં યુવક અને યુવતીઓને પ્રોત્સાહિત કર્યા.

ધાર્મિક પ્રવૃત્તિ : નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકાનાં મરોલી ગામે સ્થિત રણછોડરાય ફાઉન્ડેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સુંદર કામગીરી નિભાવી. રણછોડરાય ધામનાં દિવ્ય નિર્માણમાં શ્રી ડોંગરેજી મહારાજનાં વરદ હસ્તે શિવલીંગ અર્પિત થઈ હતી. ભૂમિપૂજન ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈનાં વરદ હસ્તે થયું હતું. ભૂતપૂર્વ રાજ્યપાલ નવલકિશોર શર્મા અને સંતશ્રી મોરારી બાપુનાં આશિર્વાદથી આ દિવ્ય નિર્માણ સાકાર પામ્યુ છે.

સામાજીક પ્રવૃત્તિ : કસ્તૂરબા સેવાશ્રમ મરોલીનાં ટ્રસ્ટી તરીકે 2008 થી કાર્યરત છે. સામાન્ય માણસનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય તે હેતુસર પરિણામલક્ષી પ્રત્યન કરતી બિનસરકારી સંસ્થા હાશ ફાઉન્ડેશનનાં પ્રમુખ છે.

સહકારી પ્રવૃત્તિ : ગરીબ વર્ગનાં સખીમંડળોને સૂક્ષ્મ ધિરાણ કરવા બદલ સહકાર ભારતી અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં મૂલ્યવાન સહભાગીતા માટે જ્ઞાન ક્રાંતિ એવોર્ડ પ્રાપ્ત કરનાર ખુમાનસિંહ હરસિધ્ધી કો ઓ ક્રેડીટ સોસાયટીનાં ચેરમેન છે.

સુખિયા ગણાતા એજ કે દુઃખિયાં તણાં દુઃખને હરે,
મોટા ગણાતા એજ કે નાના ઉપર કરૂણા કરે.





જીવન સંદેશ

દીકરી વ્હાલનો દરિયો : પૃથ્વી પર સર્જનહારનું અનુપમ સર્જન એટલે સ્ત્રી. "નારી તું નારાયણી", "સ્ત્રી તુજ થકી આ ઘર સંસાર છે સ્વર્ગ" એવું મનુ સ્મૃતિ કહે છે. "યત્ર નાર્યેસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા" જ્યાં સ્ત્રીઓનો આદર સત્કાર થાય ત્યાંજ દેવોનો વાસ છે. છતાં પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓનું સન્માન જળવાતું નથી. સમાજે તે દિશામાં આગળ આવવું જોઈએ, આમ તો સ્ત્રીનાં દરેક સ્વરૂપ પૂજ્ય અને પવિત્ર છે, પરંતુ સ્ત્રીનું સૌથી પવિત્ર સ્વરૂપ તે દીકરી. દીકરી કુટુંબને તારનાર છે, જેના સંસ્કાર અને સ્નેહથી કુટુંબમાં સુખ, શાંતિ તેમજ સંસ્કાર વધે છે, તો આવા સંસારને તારનારી દીકરી વિષે આવું બની શકે તો?

દીકરી વ્હાલનો છે દરિયો, સંસાર એનાથી હર્યો ભર્યો.
ભ્રુણ હત્યા છે મહાપાપ, તેનાથી અળગા રહો સૌ આપ.
નારી સંરક્ષણની ચલાવો વાત, પૂજ્ય છે એ આપણી માત.
ભૂલી જાઓ નાત ને જાત, કંડારીએ એક અનોખી ભાત.
જગાવીએ સંપ સંગઠનો નાદ, સર્વનાં મનમાં જન્મે સંવાદ
સ્ત્રીનું સ્થાન પૂજનીય છે. કહેવાય છે કે, પ્રેમને સાકાર થવાનું મન થયુ ને 'મા'નું સર્જન થયું. દીકરી અને મા બંને ત્યાગની પ્રતિમા છે.



કિશનસિંહ યુ. પરમાર

રાજપૂત રત્ન


ઘેરી લીયે કંટક છો ગુલાબને, ના આંચ આવે કશીય ગુલાબને.

જન્મ 20 એપ્રિલ 1953માં થયો. મૂળ વતન દહેજ. મેટ્રિક સુધી ભણી કેરિઅરની શરૂઆત કરી. પિતાજી ઉદયસિંહ પરમાર ખેડૂત હતાં, તેઓ 1937માં વિજ્ઞાનમાં સ્નાતક થયાં અને 20 વર્ષ સુધી ગામનાં સરપંચ તરીકે બિનહરીફ રહ્યાં. કિશનસિંહએ ભણતર અને ગણતર પિતાજી પાસેથી મેળવ્યું. તેઓ 1933માં પિતાજી સાથે ભરૂચ આવ્યાં. દહેજની એક કંપનીમાં ઓફિસબોય તરીકે કારકિર્દીની શરૂઆત કરી. 2005માં મેનેજીંગ ડિરેકટરની જવાબદારી સફળતા પૂર્વક નિભાવી રિટાયર્ડ થયાં. તેઓ સત્યમ સોલ્ટ વર્કસ અને સૂર્યદીપ સોલ્ટ ટ્રેડીંગ કંપનીનાં માલિક છે. માતા પિતા અકસ્માતમાં મૃત્યુ પામ્યાં, આથી તેમની યાદમાં ટ્રસ્ટ બનાવી સામાજીક કાર્યોમાં સક્રિય થયાં. રાજપૂત સમાજમાં મંત્રી અને ટ્રસ્ટી તરીકેની જવાબદારીઓ કુનેહપૂર્વક નિભાવી.

સમૂહ લગ્નમાં 356 દીકરીઓનાં લગ્ન કરાવી ચૂક્યાં છે. રાજપૂત સમાજ ભવનનાં નિર્માણમાં અને શૈક્ષણિક કાર્યોમાં તેમનું યોગદાન અવશ્ય હોય છે. તેઓ કહે છે કે સ્ત્રી શિક્ષણ અને કન્યા કેળવણી જરૂરી છે. વિધવા પુનઃ લગ્નનો આગ્રહ રાખવો જોઈએ. કુરિવાજો, અંધશ્રદ્ધા અને વ્યસનોથી દૂર રહેવું જોઈએ. રાજપૂતોનાં ભવ્ય ભૂતકાળને જીવંત રાખવો જરૂરી છે. અહમ, ઈર્ષા અને બદલાની ભાવનાથી દૂર રહેવું જોઈએ. યુવાનોનાં પ્રોત્સાહન માટે શૈક્ષણિક અને કારકિર્દીલક્ષી સેમિનારોનું આયોજન કરવું જોઈએ. યુવાનો મહારાણા પ્રતાપ અને શિવાજીનાં આદર્શો અપનાવે તે જરૂરી છે.

જીવન સંદેશ

- જીવનની દરેક પળ ખુશીથી જીવો,કેમકે દરેક પળમાં કંઈક જાણવા મળે છે, ક્યારેક ખુશી તો ક્યારેક ગમ, બાકી સવાર ને સાંજ તો રોજ પડે છે.
- તમારા જીવનમાં ચાર વસ્તુને કોઈ દિવસ ન તોડશો. વિશ્વાસ, વચન, સંબંધ અને હૃદય કારણકે... જયારે તે તૂટે છે તો અવાજ નથી કરતા, પણ દિલ બહુ દુખાવે છે.
- જીવનમાં બીજા કરતાં મોડી સફળતા મળે તો નિરાશ ન થશો, કેમ કે મકાન ચણવા કરતાં મહેલ ચણવામાં હંમેશા વાર લાગે છે.
- જીવન મેં ઈતની ગલ્તીયાઁ મત કરો, કી પેન્સિલ સે પહલે રબર ઘીસ જાયે, ઔર રબર કો ઈતના ભી મત ઘીસો, કી જીંદગી કા પન્ના હી ફટ જાયે.
- માનવીની અંદર સચ્ચાઈ રહે એ સ્વાભિમાન અને બહાર છલકાય તે અભિમાન, સારા માણસોને શોધવા જશું તો થાકી જઈશું, પણ માણસોમાં સારું શોધવા જશો તો ફાવી જશો.
- જીવનમાં કોઈ એક તક ગુમાવી દીધી હોય, તો આસુંથી આંખ ભીની ન કરવી, કારણ કે આંખ ચોખ્ખી હશે તો આવનારી બીજી તક જોઈ શકશો.
- આંસુ સુકાયા પછી જે મળવા આવે એ સંબંધ છે ને આંસુ પહેલાં મળવા આવે તે પ્રેમ છે. દરેક ઘરનું સરનામું તો હોય, પણ ગમતા સરનામે ઘર બની જાય એ જીવન છે.
- 'સમય' અને 'શિક્ષણ' બંને શીખવે છે, પરંતુ બંનેમાં ફર્ક એ છે કે 'શિક્ષક' શીખવાડીને પરીક્ષા લેય અને 'સમય' પરીક્ષા લઈને શીખવે છે.
- જિંદગી મળવી એ નસીબની વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે, પણ મૃત્યુ પછી કોઈનાં હૃદયમાં જીવતા રહેવું, એ જિંદગીમાં કરેલા કરમની વાત છે.
- કવિતા હોય કે કલાકૃતિ, પુસ્તક હોય કે નાટક દરેક સર્જક નામ પોતાનું આપે છે, પણ 'મા' જેવું કોઈ સર્જક નથી. 'મા' સંતાન ને જન્મ આપે, પણ નામ પિતાનું આપે છે.










ગંભીરસિંહ નટવરસિંહ દોડિયા

શિક્ષણ પ્રેમી પ્રતિભા

દલિત દુઃખી દેખી પોતીકાં માનતો જે,
મૃદુ નવનીત જેવું હૈયું જેનું સદૈવ.
સમ નિજ પરમાંહી જે નિરધાર મિત્ર,
પ્રગટ હરિ તણી ત્યાં મૂર્તિ દેખું પવિત્ર.

સુરત જિલ્લાનાં ગોડાદરા ગામનાં વતની. અભ્યાસ MCom સુધી કર્યો. પિતાજી ફાર્મર અને બિલ્ડર હતાં. ગંભીરસિંહ દોડિયા નાનપણથી જ નેતૃત્વનાં ગુણ ધરાવે છે. તેઓ ગોડાદરા મહર્ષિ હાઈસ્કૂલનાં પ્રમુખ તરીકે કાર્યરત છે. દરેક સામાજીક કાર્યક્રમમાં આગળ રહે છે. તેઓ કહે છે કે, રાજપૂત સમાજને ભવ્ય ઐતિહાસિક વારસો મળેલો છે. ભારતીય સંસ્કૃતિનાં રક્ષણ અને શાંતિ અર્થે રાજપૂત યુવાનોએ આગળ આવવું જોઈએ. રાજપૂતોમાં રહેલી બલિદાનની ભાવના દેશને શક્તિશાળી બનાવશે. ભૂતકાળમાં રાજપૂતો તલવારથી દેશનું રક્ષણ કરતા હતાં, હવે કલમથી કરવું જરૂરી છે. સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. કુરિવાજો અને વ્યસનો ઓછા થયા છે. હવે સમાજ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે. રાજપૂત સમાજ અન્ય સમાજ સાથે કદમ મિલાવે તે જરૂરી છે.











જીવન સંદેશ

માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે.
લાખ કરશો ઉપાય, એ વાત્સલ્ય લ્હાવો પછી નહીં મળે.
અંતરનાં આશીર્વાદ આપનારને, સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો.
સ્નેહની ભરતી આવીને ચાલી જશે, પછી કિનારે છીપલાં વીણીને શું કરશો.
હયાત માતા પિતાની છત્રછાયામાં, વ્હાલપના બે વેણ બોલીને નીરખી લેજો.
હયાત હોય ત્યારે હૈયું એમનું ઠારજો, પાનખરમાં વસંત આવે એવો વ્યવહાર રાખજો.
માતા પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે, આથી અડસઠ તીર્થ એમના ચરણોમાં છે.
શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો, હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થોમાં સાથે ફરજો.
પ્રેમથી હાથ ફેરવીને "બેટા" કહેનાર નહીં મળે, પછી ઉછીનો પ્રેમ લઈને આંસુ સારીને શું કરશો.
પૈસા ખર્ચતા સઘળુ મળશે, માતા પિતા મળશે નહીં. ગયેલો સમય નહીં આવે, લાખો કમાઈને શું કરશો.



10 ઉત્સવ
- ➤ દિવાળી પાંચ પર્વનો સમૂહ @ ફેસ્ટિવલ ઓફ લાઈટ્રસની ઉજવણી
- ➤ ઘરને સુંદર બનાવવાનાં ઉપાય

12 રાષ્ટ્રીય
- ➤ આવો સપના કરીએ સાકાર... @ નવાં આંદોલનની શરૂઆત...
- ➤ ગિફ્ટ સિટી : આવતાં દાયકાની બિઝનેસ ગિફ્ટ !
- ➤ ભારતનાં શહેરોને જોઈએ છે હવે તત્કાળ મેટ્રો રેલ
- ➤ સ્ટેચ્યુ ઓફ યુનિટી @ વિજ્ઞાન અને ધર્મમાં ભારતની છલાંગ...

18 આંતરાષ્ટ્રીય
- ➤ દુનિયામાં જ્યારે પણ સુખ વધ્યું, તે કોઈકની દેણથી... @ જિંદગી લાંબી નહિં, મોટી હોવી જોઈએ
- ➤ ક્રાંતિકારી કથાકાર @ બીજાને પ્રેરણા મળે તેવા કાર્ય કરો

23 સમાજ
- ➤ ક્ષાત્રધર્મ @ રાજપૂત ઈતિહાસ ➤ संवत् प्रवर्तक विक्रमादित्य @ મહારાણા પ્રતાપ
- ➤ વીર કુંવરસિંહ @ મહારાણી દુર્ગાવતી ➤ મહારાજ કૃષ્ણકુમારસિંહ
- ➤ મહાન ક્રિકેટર : રણજીતસિંહ @ ઈસ ધરતી કો નમન કરો, યહ ધરતી હૈ બલિદાન કી...
- ➤ ક્ષત્રિયોનાં સાથી કાઠીયાવાડી અશ્વની અંગત ઓળખ
- ➤ રાજપૂત સમાજમાં કન્યા કેળવણી શા માટે ? @ રાષ્ટ્ર તરીકે ભારતની સમસ્યાઓ અને તેનું નિવારણ

74 લાઇફ સ્ટાઇલ
- ➤ વૈશ્વિક ફેશન @ મિત્ર જેવો હોવો જોઈએ જીવનસાથી

76 હેલ્થ
- ➤ હેલ્થ ડ્રિંકસની A To Z ગાઈડ @ ઈમ્યુનિટી સિસ્ટમને મજબૂત બનાવવાનાં ફાયદા
- ➤ દવા ખરીદતા પહેલા આ લેખ વાંચવો જરૂરી છે...

79 પર્યાવરણ
- ➤ 202 વૃક્ષોની જાતિનું અસ્તિત્વ જોખમમાં...
- ➤ હવાનાં શુદ્ધિકરણ માટે લાભદાયી પાંચ છોડ @ ગ્લોબલ ગરમી

81 નવલિકા
- ➤ I Love my India @ શરત @ વિશ્વપ્રવાસી

86 હાસ્યલેખ : ગ્લોબલ બુધાલાલ અને એકતા

88 ક્વિઝ
- ➤ आपकी इमेज कैसी है । @ जानिए अपने साथी को ? @ What life Change do you need ?

91 વૈશ્વિક : 7 Wonders of the World

CONTENTS

NOVEMBER 2013

પ્રતિધ્વનિ

THE VOICE OF INDIA


A National & International Magazine

Continue Issue: 203 • Year : 17th



➤ Tradition of India

દિવાળી પાંચ પર્વનો સમૂહ



દિવાળી આનંદ, ઉલ્લાસ, પ્રસન્નતા, ખુશીઓ અને ખાસ તો પ્રકાશનો તહેવાર છે. દિવાળી એ કોઈ એક ઉત્સવ નથી, પણ પર્વ સમૂહ છે. ભારતીય સાંસ્કૃતિક વિચારધારા મુજબ દિવાળીનાં પાંચ પર્વો ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતુંવર્ષ અને ભાઈબીજ એમ પાંચ પર્વોની સંકલ્પના કરવામાં આવી છે. દિવાળીનો અર્થ છે દિવાઓની હારમાળા. દિવાને પોતાના કદથી કોઈ લેવા દેવા નથી. એક નાનકડો દિવો પ્રગટે છે ત્યારે પોતાની ફરજ ચૂકતો નથી, તે દરેક પળે પ્રજવલીને પ્રકાશ ફેલાવે છે. ભારતમાં ઉજવાતા દરેક તહેવારનું ખૂબજ મહત્વ છે. પ્રભુ રામ 14 વર્ષનો વનવાસ પૂરો કરીને અયોધ્યા પાછા ફર્યા, ત્યારે ભારતીયોએ દિવા પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યુ. ત્યારથી આજ સુધી ભારતમાં દિવાળીનો તહેવાર ઉજવાય છે. સરસ્વતીની કૃપાથી મનનાં અંધારા જ્ઞાનદીપ વડે દૂર થાય છે.

ધનતેરસ : ધનતેરસ એટલે લક્ષ્મીપૂજનનો દિવસ. આપણી સંસ્કૃતિએ લક્ષ્મીને ભોગવવાની વસ્તુ ગણી નથી. વૈદિક સંસ્કૃતિએ તેને જનેતાનું સ્થાન આપ્યું છે. જેમ જનેતા બાળકને પોષે છે તેમ લક્ષ્મી આપણું ભરણપોષણ કરે છે. વૈદિક સંસ્કૃતિમાં લક્ષ્મી પર શ્રીસૂકતમ્માં કહેવાયું છે કે "ઊૅ મહાલક્ષ્મી ચ વિધ્મ્હે, વિષ્ણુપત્નીચ ધિ મહી, તન્નો લક્ષ્મી પ્રચોદયાત્". લક્ષ્મીને વિત્ત પણ કહેવામાં આવે છે. લક્ષ્મીનો સૌથી સારો ઉપયોગ છે તેને જનસેવામાં વાપરવી, પરમાર્થ કાર્યમાં તેનો ઉપયોગ કરવો. ધનતેરસે આપણે લક્ષ્મીજીની પૂજા કરતી વખતે આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. ધનતેરસ શબ્દ ધણતેરસનું અપભ્રંશ છે. જૂના સમયમાં તેરસનાં દિવસે ગાયનાં ધણની પૂજા કરવામાં આવતી. ગાયને કામધેનુ ગણીને ભારતમાં આદિકાળથી પૂજવામાં આવે છે.

કાળીચૌદશ : કાળીચૌદશ એ મહાકાલીનાં પૂજનનો તહેવાર છે. જે શક્તિ દુરાચાર માટે વપરાય તે અયોગ્ય છે. ઋષિઓએ શક્તિનો સદ્ઉપયોગ કરીને જ વૈદિક સંસ્કૃતિને જીવંત રાખી છે. કાળીચૌદશને નરક ચતુર્દશી પણ કહેવાય છે. ભગવાન શ્રી કૃષ્ણએ નરકાસુર રાક્ષસનાં ક્રૂર પંજામાંથી 16000 કન્યાઓને મુકત કરી નરકાસુરનો નાશ કર્યો, તેથી તેને નરક ચતુર્દશી પણ કહેવામાં આવે છે. આજે કાળીચૌદશની ઉજવણી ઘણી જુદી રીતે કરવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણ કાળીચૌદશની વિધિ જોતા હશે ત્યારે ચોક્કસ વ્યથિત થતા હશે. કાલીમાતા તો શક્તિની દેવી છે. સ્મશાનમાં થતી વિધિ સાથે તેમનો કોઈ સંબંધ નથી. સમાજનાં અમુક લોકો પોતાને કાલીમાતાનાં ઉપાસક તરીકે ઓળખાવે છે, તેઓ કાળીચૌદશની મધરાતે સ્મશાનમાં જઈને ધંગધડા વગરની વિધિ કરે છે, આમ પૂજારી ઓછા અને પાખંડી વધુ છે. ભોળી જનતા આવા ધુતારા દ્વારા છેતરાઈને બલિ ચઢાવવાનાં પાપાચારમાં સપડાય છે. દિવાળીનાં પાવન પ્રસંગે જ્ઞાનદીપ વડે અંધશ્રધ્ધાનું અંધારૂ દૂર કરવાની જવાબદારી નવી પેઢીએ ઉપાડવી જોઈએ. ગુજરાતમાં ઘણાં લોકો રેશનાલીઝમથી આકર્ષાયા છે. આજે ઘણી રેશનલ ટીમો પ્રસંશનીય કામગીરી કરે છે. તેમનો મુખ્ય ઉદ્દેશ જનજાગૃતિ ફેલાવાનો છે.

દિવાળી : દિવાળી બધાનો પ્રિય તહેવાર છે. વેપારીવર્ગ માટે દિવાળી એટલે ચોપડા પૂજનનો દિવસ. આપણે જીવનરૂપી ચોપડામાંથી રાગ, દ્વેષ, વેર, ઝેર, ઈર્ષાની બાદબાકી કરી શ્રધ્ધા, સંપ, પ્રેમ, કરૂણા વગેરે સદ્ગુણોનો સરવાળો કરવો જોઈએ. દિવાળીનાં દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. લક્ષ્મીની કૃપા કોઈ પર ના હોય એ આજના જમાનામાં શક્ય નથી. દિવાળીનાં તહેવારો પરંપરાગત રીતે ઊજવવામાં આવતા હોય તે બાબત હવે જુનવાણી ગણાય છે. આજના આધુનિક કાળમાં દિવાળી ઉજવવાની રીતો પણ બદલાઈ ગઈ છે. દિવાળીની ઉજવણીમાં રૂઢિગત શૈલીનો અભાવ જોવા મળે છે. લોકો સમજે છે કે લક્ષ્મી તેમના ઘરમાં સ્થાયી છે પણ વાસ્તવમાં એવું હોતું નથી. લક્ષ્મીજી તો ચંચળ છે અને સ્થાયી માત્ર એજ ઘરમાં થાય જ્યાં સંસ્કારોનો વાસ હોય. જે ઘરમાં કરુણાની ભાવના હોય તેમજ સાધુ સંતોનો આદર સત્કાર થતો હોય, જ્ઞાન ભક્તિનાં કાર્યક્રમો થતાં હોય, જ્યાં લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુનાં ગુણગાન ગવાતા હોય ત્યાં લક્ષ્મી સ્થિર થાય છે. આ બધાજ ગુણો આવરી લેતું એક ઉદાહરણ અત્રે પ્રસ્તુત છે. એક ભિક્ષુક શેઠનાં આંગણે જઈને કહે છે સાહેબ થોડું જમવાનું આપો. શેઠે જવાબ આપ્યો નહીં. ભિક્ષુકે કહ્યું જૂના તૂટેલા ચંપલ આપો. શેઠ કંટાળ્યા અને મોઢું બગાડીને કહ્યું ચંપલ પણ નથી. ભિક્ષુકે છેલ્લો પ્રયત્ન કરતા પૂછ્યું કે શેઠ એક રૂપિયો તો આપો. શેઠે સહેજ ગુસ્સે થઈને કહ્યું હવે અહીંથી અત્યારેજ નીકળી જા નહિંતર તારૂં આવી બનશે. ત્યારે ભિક્ષુકે માત્ર એટલું જ કહ્યું કે શેઠ તમારા ફળીયામાંથી ચપટી ધૂળ ભિક્ષાપાત્રમાં આપો. શેઠને અપાર આશ્ચર્ય થયું અને શાંતિથી કહ્યું કે ચપટી નહિં, મુઠ્ઠી ભરીને તારા ભિક્ષાપાત્રમાં નાખું પણ તેથી તને શું ફાયદો થશે. ભિક્ષુકનો ઉત્તર ભલભલાને વિચારતા કરી મૂકે તેવો હતો, આ આંગણામાંથી ચપટી ધૂળ આપશો તો તમારા ઘરની લક્ષ્મી માનશે કે શેઠને આપવાની ટેવ છે. તમે નહીં આપો તો લક્ષ્મી ગુંગળામણ અનુભવશે અને ચાલતી પકડશે. આ જવાબથી શેઠનાં પગ નીચેથી ધરતી ખસી અને આંખો ખુલી ગઈ. તેમણે ભિક્ષુકને યથાશક્તિ દાન કરી સંતુષ્ટ કર્યો. લક્ષ્મીજીને ટકાવવા માટે સંવેદના જરૂરી છે. આજે માનવીની સંવેદના ઓછી થઈ છે. દુનિયાનાં દરેક પ્રાણી કરતાં માનવી પાસે અધિક વિચાર શક્તિ છે. આથી તેને સમાજનાં કચડાયેલા પછાત વર્ગ માટે સંવેદના રાખવી જોઈએ.

નૂતન વર્ષ : કાર્તિક સુદ એકમનાં દિવસે વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થાય છે. નૂતનવર્ષનો પહેલો દિવસ એ આખા વર્ષની શરૂઆતનો દિવસ છે. માટે તેને બેસતું વર્ષ કહેવામાં આવે છે. આ દિવસને બલિપ્રતિપદા પણ કહેવામાં આવે છે. વિષ્ણુ ભગવાને વામન રૂપ લઈ બલિરાજાનાં ત્રાસમાંથી ત્રણ લોકને છોડાવ્યાં અને ભૂગર્ભમાં મોકલી દીધાં, માટે આ તહેવારને બલિપ્રતિપદાનાં નામે પણ ઓળખવામાં આવે છે. નવા વર્ષે કરેલાં શુભ સંકલ્પો જીવનમાં સાકાર થાય તો ગમે તેવી બાજી સુધરી જાય છે. માનવી વિકાસનાં શિખરો સર કરી શકે છે. પ્રગતિ કરવી એ માનવધર્મ છે. માનવી આદિમાનવ હતો તે સમયથી પ્રગતિ કરતો આવ્યો છે. આવનારા વર્ષોમાં પણ પ્રગતિ કરતો રહેશે. નવા સંકલ્પ કરવાનો દિવસ એટલે નૂતન વર્ષનો પ્રથમ દિવસ.

ભાઈ બીજ : ભાઈનું જીવન કીર્તિ, યશ અને વીરતાથી ભરેલું હોય તેમ દરેક બહેન ઈચ્છતી હોય છે. ભાઈ બહેન વચ્ચેનો પ્રેમ નિ:સ્વાર્થ હોય છે. ભાઈ બીજનાં તહેવારને યમ દ્વીતિયા પણ કહેવાય છે. યમુનાએ યમને પોતાના ઘરે બોલાવી જમાડીને પ્રસન્ન કર્યા, ત્યારે યમરાજ ઘણાજ ખુશ થયાં. તેમને આશીર્વાદ આપ્યા કે જે ભાઈ બહેનનાં ઘરે પ્રેમથી આ દિવસે જમશે તેની કીર્તિનો કદી નાશ થશે નહીં.

➤ World of Lights Festival

દુનિયાનાં અન્ય દેશોમાં ફેસ્ટિવલ ઓફ લાઈટ્સની ઉજવણી

દિવાળીને આપણા દેશમાં પ્રકાશ અને ઉલ્લાસનો તહેવાર માનવામાં આવે છે. કેટલાક અન્ય દેશોમાં પણ પ્રકાશ પર્વ મનાવવામાં આવે છે.

કોબે લાઈટ ફેસ્ટિવલ @ જાપાન : ડિસેમ્બર 1995માં જાપાનનાં કોબેમાં ગ્રેટ હેનશિન ભૂકંપ આવ્યો હતો. તેમાં લગભગ 6000 લોકોનાં મૃત્યુ થયાં હતાં. ત્યારથી પર્યાવરણનો સંદેશ આપવા માટે આ ફેસ્ટિવલમાં બાયોમાસથી રોશની કરવામાં આવે છે. કેટલીય જગ્યાએ ટ્રાફિક બંધ કરવામાં આવે છે. લગભગ 50 લાખ લોકો ભાગ લે છે. આ તહેવાર ડિસેમ્બર અને જાન્યુઆરી દરમિયાન મનાવવામાં આવે છે.

વિવિડ @ સિડની : ઓસ્ટ્રેલિયામાં પ્રકાશનાં ઉત્સવને વાર્ષિક સાંસ્કૃતિક પર્વ તરીકે ઉજવાય છે. મે કે જૂનમાં યોજાય છે. મલ્ટીમીડિયા લાઈટ સ્કલ્પચર આકર્ષણનું કેન્દ્ર હોય છે.

લોયક્રેટોંગ ફેસ્ટિવલ @ થાઈલેન્ડ : થાઈ લૂનર કેલેન્ડર અનુસાર પૂર્ણિમાનાં દિવસે આ ઉત્સવ મનાવવામાં આવે છે. આ સમયે ચંદ્ર પૂર્ણ હોવાથી દરિયામાં ભરતી અને ઓટ આવે છે. લોયનો અર્થ તરવું અને ક્રેટોંગનો અર્થ કમળનાં આકારનો ઘડો જે પાણીમાં તરી શકે છે.

ગ્લો લાઈટ ફેસ્ટિવલ @ નેધરલેન્ડ્સ : દર વર્ષે નવેમ્બરમાં મનાવવામાં આવે છે. એક સપ્તાહ સુધી ચાલનારો આ ફેસ્ટિવલ નેધરલેન્ડ્સની સૌથી મોટી ઈવેન્ટ ગણાય છે. જોરદાર રોશની કરવામાં આવે છે. દુનિયાભરનાં લાઈટ આર્ટિસ્ટ તેમાં ભાગ લે છે.

ઘેંટ લાઈટ ફેસ્ટિવલ @ બેલ્જિયમ : દર વર્ષે જાન્યુઆરીમાં ઉજવાતો આ પર્વ 3 થી 4 દિવસ સુધી ચાલે છે.

ન્યૂ યર @ ચાઈના : તેને લૂનર ઈયર પણ કહેવામાં આવે છે. જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં મનાવાય છે. ઉજવણી આશરે 15 દિવસ સુધી ચાલે છે. મૂળ સ્વરૂપે પોતાના પૂર્વજો અને દેવતાઓની યાદમાં આ ઉત્સવ યોજાય છે.

ફેસ્ટિવલ ઓફ લાઇટ્સ @ સિંગાપુર : લાઈટ આર્ટ વર્કસ પ્રદર્શિત કરવા માટે અહિં વિશ્વભરનાં આર્ટિસ્ટ જમા થાય છે. જૂન જુલાઈમાં યોજવામાં આવે છે. ફેસ્ટિવલનો હેતુ વીજળી બચાવવા માટે લોકોને જાગૃત કરવાનો છે.

ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ @ બર્લિન : જર્મનીનાં બર્લિનમાં દર વર્ષે ઓક્ટોબરમાં 70 પ્રસિદ્ધ ઐતિહાસિક સ્થળોએ રોશની કરવામાં આવે છે. બે સપ્તાહ સુધી ઉજવણી થાય છે. આશરે 15 લાખ લોકો ભાગ લે છે.

ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ @ ફ્રાંસ : આ ફ્રાંસનો મુખ્ય તહેવાર છે. જે લ્યોં શહેરમાં ચાર દિવસ સુધી ઉજવાય છે. 1643માં અહીં પ્લેગ ફેલાયો હતો. આપત્તિથી બચવા આ પર્વ ઉજવાય છે.



➤ Smart World for Quality Life

ઘરને સુંદર બનાવવાનાં ઉપાય

વસ્તુઓ વિખરાયેલી હોય તો ગંદકીનો અનુભવ થાય છે. રૂમને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે આટલું કરો...

✦ વધુ ફર્નિચર રાખવાથી મોટું ઘર પણ ટાઈટ લાગે છે. રૂમમાં જરૂર હોય એટલું જ ફર્નિચર રાખો, તેનાથી રૂમમાં યોગ્ય ટ્રાફિક ફ્લો રહેશે.

✦ ફ્લાવર પોટ, વાસ કે કેન્ડલને હેન્ડલ ટ્રે પર રાખો, તેનાથી વસ્તુઓને મેનેજ કરવામાં સરળતા રહેશે.

✦ ચોક્કસ પ્રકારની વસ્તુઓને એક જગ્યાએ બાઉલમાં રાખો.

✦ ઘરની બધીજ જમીન પર કારપેટ પાથરવાથી લૂક ટાઈટ લાગે છે. વિજ્યુઅલ ઈફેક્ટ માટે ખાલી જમીન પર એક કે બે કારપેટ પાથરો.

✦ બુક શેલ્ફ પર પુસ્તકોની સાથે સજાવટની એક બે વસ્તુઓ રાખો, તેમને કલર અને થીમ સાથે મેચ કરી શકાય છે.

✦ મનપસંદ પુસ્તકો બુક શેલ્ફ પર રાખો.

✦ ક્લીન લૂક માટે બાળકોનાં સામાનને બાસ્કેટ કે લાઈટ વેટ બિનમાં રાખો.

કંટાળાજનક દીવાલોમાંથી છુટકારો મેળવો : ઈન્ટિરિયર બદલવા કંઈક અલગ કરવાનો પ્રયાસ કરો. ઘરની કંટાળાજનક બની ગયેલી દીવાલોને રસપ્રદ બનાવો. દીવાલ પર અલગ આકાર અને ડિઝાઈનનાં અરીસા લગાવી શકો છો. અરીસાની ફ્રેમિંગ એક રંગની રાખવાથી સારી લાગે છે. આ સ્ટાઈલમાં વેટિની મીરર ખૂબ જ સુંદર દેખાય છે. તેનાથી થોડું પરિવર્તન આવે છે અને દીવાલને નવો ઓપ મળે છે.

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સબ પોસ્ટ : બોરીયા, હિંમતનગર 383 006 ગુજરાત

સાબરડેરીનું પેશ્ચ્યુરાઈઝડ જંતુ રહિત, આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ દૂધ અને છાશ વાપરવાનો હંમેશાં આગ્રહ રાખો...

અમૂલ દૂધ, અમૂલ ગોલ્ડ : 6% ફેટ,
અમૂલ શક્તિ : 4.5%, ફેટ, અમૂલ છાશ : ગુણકારી તત્વોથી ભરપુર

દૂધની બનાવટો : અમૂલ સ્પ્રે : ઈન્સટન્ટ મિલ્ક ફૂડ, અમૂલ ક્રીમ મિલ્ક પાવડર, અમૂલ હોલ મિલ્ક પાવડર, અમૂલ બટર, અમૂલ ઘી, અમૂલ ગાયનું ઘી, અમૂલ શ્રીખંડ : ઈલાયચી/મેન્ગો/બદામ પીસ્તા, અમૂલ છાશ, અમૂલ સ્વીટન્ડ મિલ્ક, અમૂલ લસ્સી : રોઝ અને કેવડો, અમૂલ મસ્તી દહીં, અમૂલ પનીર, અમૂલ રાયતું, અમૂલ રસગુલ્લાં, અમૂલ કૂલ : રોઝ અને કેશર, અવસર માવો

વેચાણ વ્યવસ્થા : ગુજરાત કો ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.

નેશનલ પ્રોડકટીવીટી કાઉન્સીલ એવોર્ડ : વર્ષ 2005-06 પ્રથમ, વર્ષ 2002-03 પ્રથમ, વર્ષ 1999-00 સર્ટિફિકેટ ઓફ મેરિટ, વર્ષ 1997-98 સર્ટિફિકેટ ઓફ મેરિટ, વર્ષ 1990-91 પ્રથમ, વર્ષ 1989-90 પ્રથમ, વર્ષ 1987-88 દ્વિતીય

નેશનલ સેફ્ટી એવોર્ડ : વર્ષ 2005 : પ્રથમ/લઘુત્તમ ઔસત આવૃત્તિ દર, વર્ષ 2005 : રનર્સઅપ/દુર્ઘટનાં મુક્ત, વર્ષ 2005 : પ્રથમ/દુર્ઘટનાં મુક્ત, વર્ષ 2001 : પ્રથમ, વર્ષ 2000 : રનર્સ અપ, વર્ષ 1992 : પ્રથમ
ગુજરાત સેફ્ટી કાઉન્સીલ એવોર્ડ : વર્ષ 1986 : પ્રથમ
વર્ષ 2000 : સર્ટિફિકેટ ઓફ મેરિટ

હું દૂધ ઉત્પાદક છું ... હું શું કામ કાચું દૂધ પીઉં ...
ઘરનું દૂધ મંડળીમાં અને અમૂલ દૂધ ઘરમાં ...

ડૉ. બી. એમ. પટેલ MD
જે. બી. પટેલ વાઈસ ચેરમેન
જે. પી. પટેલ ચેરમેન

➤ Change World for Quality Life

આવો સપના કરીએ સાકાર... આવતી કાલ માટે...

દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર અને આઝાદીનાં 66 વર્ષ. એક બાજુ મુશ્કેલીઓનાં ઢગલા અને બીજી બાજુ આ જ ઢગલામાંથી ફેલાતા હજારો સપના કોઈ તોફાનની જેમ દેશની નસોમાં વિખેરાઈ રહ્યાં છે. આ તોફાન કોઈ સાધારણ તોફાન નથી, પણ એક વિરાટ જન ઊર્જાનું તોફાન છે. દરેક અવાજમાં ક્રાંતિની ગૂંજ છે. આ જનચેતના ઈતિહાસની ધારા બદલે છે. નવી સવારની રચના કરે છે. સમયનાં અંધારામાં સૂરજનું વાવેતર કરે છે. ચાલો આવનારા ભવિષ્ય માટે એક સપનું જોઈએ. સપનાં જ આગળ જતાં હકીકતનું રૂપ ધારણ કરે છે.

સપનાં, જે કરવાં છે પૂરા...

- ભોજન, વસ્ત્ર અને ઘર માટે કોઈ બીજા પર નિર્ભર ન હોય.
- જરૂરી વસ્તુઓની કિંમત સામાન્ય જનતાને પરવડે તેવી હોય.
- વૈજ્ઞાનિક વિચારનો વિકાસ હોય.
- પ્રશિક્ષણ અને રોજગારીની તક બધાની પાસે સરખી હોય.
- લોકો સ્વસ્થ અને સમાજ વિકસિત હોય.
- પરિવારથી સંસદ સુધી લોકતાંત્રિક મૂલ્યોનો વિકાસ હોય.
- પર્યાવરણ સુરક્ષા સુનિશ્ચિત હોય.
- ભયમુક્ત સમાજ હોય.
- શહેર વિકસિત અને સમાજ શિક્ષિત હોય.
- રાજનીતિમાં અપરાધીકરણ અને પારિવારીકરણથી મુક્ત હોય.
- સમાજ રંગભેદ, લીંગભેદ, ભાષાભેદ, પ્રાંતભેદ, જાતિભેદ, આર્થિકભેદ, સંસ્કૃતિભેદ અને સાંપ્રદાયિકભેદથી મુક્ત હોય.

તાકાત ભારતની...

- સતત હરણફાળ ભરતી અર્થવ્યવસ્થા.
- તમામ ક્ષેત્રોમાં વધતી જતી ક્ષમતા.
- વિશ્વમાં સૌથી વધારે ન્યૂઝ ચેનલો ધરાવતો દેશ.
- જ્ઞાનનાં હબ તરીકે ઉદયમાન.
- વૈશ્વિક પરિદ્રશ્યમાં મજબૂત હાજરી.
- વિશ્વની સૌથી યુવા કાર્યશક્તિ.
- અપાર સૌરઊર્જાનો ભંડાર.
- કુદરતી સંપત્તિઓથી ભરપૂર દેશ.
- ઉત્પાદન અને ગુણવત્તામાં વિશ્વમાં શાખ.
- વિજ્ઞાનનાં ક્ષેત્રમાં નિતનવી પ્રગતિ.
- દુનિયાનું સૌથી મોટું સૈનિક નેટવર્ક.
- IIM અને IIT જેવી શિક્ષણ સંસ્થાનાં વિદ્યાર્થીઓની વિશ્વભરમાં ડિમાન્ડ.
- સોફ્ટવેર અને સેવા ક્ષેત્રોમાં ભારત દુનિયામાં આગળ.
- 35 લાખ વિદ્યાર્થીઓનું નામાંકન કરનાર વિશ્વવિદ્યાલય ઈગ્નુ ભારતમાં.
- ભારતનાં મુંબઈ શહેરની લોકલ ટ્રેન રોજ 72 લાખ પેસેન્જરોનાં પરિવહન સાથે વિશ્વની બીજા ક્રમની સૌથી વ્યસ્ત ટ્રાન્સપોર્ટ સિસ્ટમ છે.



ભારતની પ્રગતિ...

- શ્વેતક્રાંતિ પછી ભારત દૂધ અને દૂધમાંથી બનતી ચીજવસ્તુઓનો સૌથી મોટો નિર્માતા દેશ બન્યો છે.
- સ્ટીલ, ટેલિકમ્યુનિકેશન્સ, ઈન્શ્યોરન્સ, પાવર પ્લાન્ટ્સ વગેરેનાં રાષ્ટ્રીયકરણથી આર્થિક તંત્ર મજબૂત બન્યું છે.
- ભારત ઓટોમોબાઈલ ક્ષેત્રે ઝડપથી વૃદ્ધિ કરનારા દેશોમાં બીજો અને વાહન ઉત્પાદનમાં સાતમો છે.
- ખેત ઉત્પાદન અનાજ, તલ, દાળ, ફળ અને શાકભાજીમાં ભારત વિશ્વમાં બીજા સ્થાન પર છે. મસાલા અને કાજુનાં નિકાસમાં સૌથી આગળ.
- 42 લાખ કિલોમીટરમાં ફેલાયેલ ભારતીય રોડ નેટવર્ક દુનિયામાં બીજા નંબરનું સૌથી મોટું નેટવર્ક છે.
- 2009માં દુનિયાની 15 અગ્રણી આઉટસોર્સિંગ કંપનીઓની યાદીમાં સાત ભારતીય કંપનીઓ સામેલ હતી.

હવે જોઇએ નવી આઝાદી...

- નિરક્ષરતાથી આઝાદી ✦ કુપોષણથી આઝાદી ✦ અન્યાયથી આઝાદી
- ભેદભાવથી આઝાદી ✦ બીમારીથી આઝાદી ✦ ભ્રષ્ટાચારથી આઝાદી
- બેકારીથી આઝાદી ✦ અસુરક્ષાથી આઝાદી
- રૂઢિચુસ્ત વિચારસરણીમાંથી આઝાદી ✦ મોંઘવારીથી આઝાદી
- અસામાજિક મૂલ્યોમાંથી આઝાદી ✦ પ્રદૂષણથી આઝાદી

મુશ્કેલીઓને ઓળંગવી છે...

- અસમાન ધન વિતરણ, મહત્ત્વપૂર્ણ આર્થિક પ્રગતિ છતાં 1/4 આબાદીની રોજની આવક 20 રૂપિયા કરતાં ઓછી.
- દુનિયામાં સૌથી વધારે બાળમજૂર ભારતમાં છે.
- ભારતીય રાજનીતિ નકસલવાદ, ઉગ્રવાદ અને અલગતાવાદ જેવી સમસ્યાઓથી ઘેરાયેલી.
- યુનિસેફ અનુસાર દુનિયાભરનાં કુપોષિત બાળકોમાં 3માંથી 1 ભારતીય શિશુ હોય છે. 50 ટકા ભારતીય બાળકોનાં મૃત્યુનું કારણ કુપોષણ.
- ભારત પર્યાવરણીય સમસ્યાઓથી ઘેરાયેલો દેશ છે. દુષ્કાળ, પૂર, ઘટતાં વન અને જળપ્રદૂષણ મુખ્ય છે.

ભારતનાં નવાં સપના...

- નશામુક્તિ ✦ કાળા નાણાં પર પ્રતિબંધ ✦ બધા માટે સમાન તક
- સશક્ત લોકપાલ ✦ રાઈટ ટૂ રિકોલ ✦ યોગ્ય પર્યાવરણ નીતિ
- GDPમાં દરેક તબક્કાની ભાગીદારી ✦ યોગ્ય ઊર્જા નીતિ
- મજૂરોનાં કાયદાઓનો યોગ્ય ઉપયોગ ✦ યોગ્ય કૃષિનીતિ
- સરકારી કામકાજમાં પારદર્શિતા ✦ શિક્ષણનો સમાન અધિકાર
- દેશમાં રોજગારની તક ✦ રાષ્ટ્રનિર્માણમાં સુનિશ્ચિત ભાગીદારી
- સંસ્કૃતિ અને શિક્ષણ માટે અગ્રગામી નીતિ
- વ્યાવસાયિક સંભાવનાઓની નવી ક્ષિતિજ
- ક્વોલિટી ભારતનું નિર્માણ

નવાં આંદોલનની શરૂઆત

ભ્રષ્ટાચાર અને કાળા નાણાં મુક્તિ આંદોલન, ગંગા બચાઓ આંદોલન, પ્રદૂષણ મુક્તિ આંદોલન, સંસ્કૃતિ બચાઓ આંદોલન, ગરીબી હટાઓ આંદોલન, બેટી બચાઓ આંદોલન અને ચેન્જ ઇન્ડિયા આંદોલન...

એક નવાં પ્રકારની આઝાદીની લડાઈ, એક નવાં પ્રકારની ક્રાંતિ, એક નવાં પ્રકારની પહેલ, એક નવો શંખનાદ કે એક સોશિયલ હિસ્ટીરિયા ? અત્યાર સુધી જેટલી પણ ક્રાંતિ થઈ છે એ રાજકીય પૂર્વગ્રહ, મીડિયા કે વ્યાવસાયિક આગ્રહો અને સામાન્ય જનતામાંથી ઊઠેલ ભાવનાત્મક આવેગોથી પ્રેરિત રહી છે. અત્યારે ક્રાંતિનો સમય છે.વિશ્વપટલ અનેક રાજકીય અને સામાજિક ક્રાંતિનો નવો ઈતિહાસ લખી ચૂકી છે. અનેક દેશોમાં સત્તા અને શક્તિનું પરિવર્તન થઈ ચૂક્યું છે. અનેક સરમુખત્યાર તંત્રનો અંત આવ્યો છે. દુનિયાભરની સરકાર જનતા પ્રત્યેની જવાબદારીને સમજવા લાગી છે. એકાએક જ્વાળામુખીની જેમ ફૂટતું જનતાનું આ વિદ્રોહી વલણ સત્તા પક્ષને ડરાવે છે. હચમચાવી નાંખે છે, પણ જગાડી શક્તા નથી. શું હવે આ છબીને કોઈ બદલી નહીં શકે ? શું એક છેડો ઘસડાતો અને બીજો છેડો દોડતો રહેશે. ઈન્ડિયા અગેસ્ટ કરપ્શનનાં બેનર હેઠળ કેટલી આશાઓ સાથે એક સત્યાગ્રહી વૃદ્ધ જનતાને ભ્રષ્ટતંત્રની વિરૂદ્ધ જગાડે છે. સશક્ત લોકપાલ બિલની માંગ માટે આમરણ અનશન કરે છે. સત્યાગ્રહ શબ્દ જેટલો સુંદર એટલો મુશ્કેલીભર્યો છે. સત્ય જે સ્વયંસિદ્ધ અને સાર્વજનિક છે છતાં આપણે આગ્રહ કરવો પડે. અંગ્રેજોનાં આગ્રહની વાત સમજી શકાય છે. એ પારકા લોકો હતાં, તેથી આપણાં દુ:ખને ઊંડાણપૂર્વક સમજી શકતા નહોતાં. હવે તો આપણા લોકો છે. આપણું શાસન છે. આપણી સરકાર છે. આપણું પ્રજાતંત્ર છે. છતાં આગ્રહ અને પરિણામ શૂન્ય. અંગ્રેજો કરતાં આપણું તંત્ર વધારે નિર્મમ અને બહેરું હોય એવું લાગે છે. રોજ નવાં ગોટાળા, નીતનવાં ઘા, જનતા શું કરે ? સહન કરે કે પછી વિદ્રોહ કરે, પણ વિદ્રોહ કરવાથી શું મળશે ? મીડિયાને બૂમો પાડવા માટે ચાર દિવસનો મસાલો ! ક્રાંતિનાં વાસ્તવિક ઉદ્દેશ્યની ખબર નથી એ લોકો પણ ભીડમાં ઊભા રહીને બૂમો પાડી રહ્યાં છે. આ ભીડને બેવડી કરવામાં મોટો રોલ તો ઈલેક્ટ્રોનિક મીડિયાનો રહ્યો છે. કેટલાક લોકો કેમેરામાં આવી જવાની લાલચે ખેંચાયા, કેટલાક રાજકીય લાભની લાલચે, કેટલાંક સામાજિક પ્રતિષ્ઠાનાં લાભે અને કેટલાંક એમના ખરા ભાવે ખેંચાયા. આઝાદીની લડાઈ એક લાંબા પ્રયત્ન પછી એટલા માટે જીતી લીધી કે આપણે બધા ગુલામ હતાં, પરંતુ હાલમાં થયેલ આંદોલનમાં સામેલ લોકોની વચ્ચે આવા પ્રકારનું સાર્વભૌમિક સત્ય હાજર નહોતુ. ભ્રષ્ટાચારનાં મુદ્દા પર ભેગી થયેલી ભીડમાં કેટલા લોકો ઈમાનદાર હતાં. દામિની પ્રકરણ દરમિયાન ભેગી થયેલી ભીડમાં અનેક મહિલાઓ સાથે અભદ્રતાનાં સમાચાર સાંભળવા મળ્યાં હતાં. પછી કેવી રીતે માની લેવામાં આવે કે આ ભીડ દામિની માટે ન્યાય માંગનારા લોકોની હતી. આ ભ્રમિત ભીડ પાસેથી કેવા પ્રકારનાં પરિવર્તનની આશા રાખવામાં આવે, આખા દેશની સામૂહિક ચેતના સકારાત્મક પરિવર્તનની વાહક હતી. જે કોઈ બુલબુલનું જીવન જીવીને રાજકારણની અંધારી ગલીઓમાં ખોવાઈ જાય છે. શાસન અને પ્રશાસનનાં ધબકારને જામ કરનારી આ અભૂતપૂર્વ ભીડ હાથમાં ટીવીનું રિમોટ કે તાજા અખબારને દબાવીને ફરી પોતપોતાના ઘરો અને આજીવિકાનાં ચોકઠામાં ગોઠવાઈ જાય છે. પહેલ કરવા માટે થયેલી ભીડ તો ઠીક, પણ પહેલ કરનારા જ વેચાઈ જાય છે. બધું જ ફરીથી જૂના ઢગલા પર ચાલે છે. સામાન્ય માણસ હજુ પણ ઉઘાડા પગે ચાલી રહ્યો છે. તે એક ઊંડા શ્વાસ સાથે કહે છે કે મને પહેલેથી જ ખબર હતી. અહીં કઈ બદલાવાનું નથી. સવાલ એ છે કે અહીં સામાન્ય માણસનાં આ નિષ્કર્ષને કડવા યથાર્થ રૂપમાં સ્વીકારવામાં આવે કે નિરાશાવાદી વલણનાં રૂપમાં ? શું આ બગડી ચૂકેલા



વાતાવરણને ક્યારેય બદલી નહીં શકાય ? આવનારા સમયમાં આવી જ ઉન્માદી ભીડ ભેગી કરીને આપણે કોઈ ઉકેલ શોધી શકીશું ? ઈતિહાસની વાત કરીએ તો સમયની ધારાને દર વખતે જનચેતનાએ નવો વળાંક આપ્યો છે. જનઊર્જા વગર સમાજમાં કોઈ પણ મોટું પરિવર્તન શક્ય ન બની શકે, કારણ કે સમાજ માનવ ઊર્જાથી બને છે. નિરાશાવાદીઓ પણ ઉન્માદી ભીડ કરશે. એક દિવસ આ બધી જ નકારાત્મકતા સકારાત્મકતામાં બદલાશે. સમાજમાં પરિવર્તનની વાહક આ જનચેતના બનશે. આ વિરાટ રેલી બધુંજ બદલી નાખવાનાં જુસ્સા સાથે નીકળી છે. આપણે ફક્ત આ રેલીને યોગ્ય ઉદ્દેશ્ય સાથે બાંધવાની છે. ચિકિત્સાશાસ્ત્ર કહે છે કે એક જ રોગથી ગ્રસ્ત દસ રોગીઓને એકજ પ્રકારની દવા આપી શકાતી નથી. સમાજનાં સંદર્ભમાં આ જ વાત મનોવિજ્ઞાન કહે છે. જે રોગોમાં આખો સમાજ જકડાયેલો હોય ત્યારે એ જાણવાની સૌથી વધારે જરૂર છે કે ક્યાં રોગનું સંક્રમણ ક્યાં ભાગમાં વધારે અને ઓછું છે. સારા સામાજીકરણનાં બીજ પડશે, ત્યારે સારા નાગરિકોનો પાક તૈયાર કરી શકાશે. કોઈ પણ પરિવર્તન બે મિનિટમાં મેળવી શકાતું નથી. ભ્રષ્ટાચાર, અત્યાચાર, દુરાચાર અને પ્રદૂષણની ઊંડી ખીણમાંથી બહાર નીકળવા માટે સમાજને ધીરજની જરૂર છે. શરૂઆત સ્વયંથી કરીએ, પછી જુઓ આપણા સપના સાકાર થશે. આ વંટોળ જે વહી રહ્યો છે એમાં એક સુદંર દુનિયાનું સપનું છે. આ સપનું આવતીકાલે હકીકત હશે.

અમને ગર્વ છે

- ભારતનો સોફ્ટવેર ઉદ્યોગ દુનિયામાં પ્રસિદ્ધ છે. 1991-92માં ફક્ત 15 કરોડ અમેરિકન ડોલરથી શરૂ કરવામાં આવ્યો હતો, જે 1999-2000માં 570 કરોડ અમેરિકન ડોલરનો થઈ ગયો હતો.
- ભારતીય અર્થવ્યવસ્થા નોમિનલ સિદ્ધાંતો અનુસાર વિશ્વની નવમી તથા GDPનાં સિદ્ધાંતો અનુસાર વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા.
- ઝડપથી વધી રહેલાં એન્જિનિયરિંગ ઉત્પાદનનો નિકાસ 2012-13માં 5700 કરોડ અમેરિકન ડોલર રહ્યો. એશિયા, આફ્રિકા અને અમેરિકામાં ભારતનો સમગ્ર નિકાસ 19,727 કરોડ અમેરિકન ડોલર હતો.
- વિશ્વમાં ભારત નાની કારનાં ઉત્પાદનમાં બીજા નંબરનો દેશ છે.
- દુનિયામાં સૌથી વધારે દૂધનું ઉત્પાદન ભારતમાં થાય છે. કાજુ, ચા, આદું, હળદર અને મરીનાં ઉત્પાદનમાં પણ ભારત વિશ્વમાં અવ્વલ છે. વિશ્વની સૌથી વધુ પશુ સંખ્યા ભારતમાં છે.
- ભારત બીજો સૌથી મોટો વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોનો દેશ છે.
- દુનિયામાં સૌથી વધારે ફિલ્મો ભારતમાં બને છે.
- 13 લાખ સક્રિય જવાનો અને 18 લાખ રિઝર્વ સેના સાથે ભારતીય આર્મી વિશ્વની બીજા નંબરની સૌથી મોટી સેના છે.
- USA, જાપાન અને ભારતે પોતાના સુપર કોમ્પ્યુટરનું નિર્માણ કર્યું છે.
- દુનિયામાં સૌથી વધારે પોસ્ટ ઓફિસ ભારતમાં છે.
- વિશ્વની સૌથી મોટી લોકશાહી. વસ્તીમાં બીજો અને વિસ્તારમાં સાતમો સૌથી મોટો દેશ. 10 હજાર વર્ષની પ્રાચીન સભ્યતા ધરાવતો દેશ.



આવતા દાયકાની બિઝનેસ ગિફ્ટ !

અમદાવાદનાં છેડા પર આવેલા અને ગુજરાતનાં ગ્રોથ એન્જિન તરીકે ઓળખાતા ગિફ્ટ સિટીમાં આવનાર 10 વર્ષોમાં શું ડેવલપમેન્ટ થશે, આ વિકાસ પર પ્રતિધ્વનિનો રિપોર્ટ...

- ₹ 78 હજાર કરોડનાં ખર્ચે ગિફ્ટ સિટી ફાઇનાન્સ હબ બનશે
- અમદાવાદ અને મુંબઈની સીધી ટક્કર
- આવતાં 10 વર્ષમાં અહીં ઇન્સ્ટિટ્યૂટ્સ, બેન્કસ અને ઇન્શ્યોરન્સ કંપની સાથે ફાઇનાન્શિયલ કન્સલ્ટન્ટસ તેમની ઓફિસ ખરીદશે.
- ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આકાર લેશે
- 886 એકર વિસ્તારમાં ગિફ્ટ સિટી સાકાર થશે

ગિફ્ટ સિટી : ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટીને ગુજરાતનાં ગ્રોથ એન્જિન તરીકે જોવામાં આવે છે. અમદાવાદ શહેરનાં છેડા પર અને ગાંધીનગર અમદાવાદની વચ્ચે આકાર લઈ રહેલા ગિફ્ટ સિટીમાં આવતા દસ વર્ષમાં ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટસ, બેન્કસ, ઈન્શ્યોરન્સ કંપનીઝ અને ઈન્ટરનેશનલ કન્સલ્ટન્ટ્સ પણ તેમની ઓફિસ ખરીદવાનાં છે. ગિફ્ટ સિટી વેસ્ટર્ન રિજનમાં અમદાવાદને ફાઈનાન્સ હબ બનાવવા માટેની દાવેદારી મજબૂત બનાવશે. ફાઈનાન્સ ક્ષેત્રે આગળ આવવા માટે અમદાવાદ અને મુંબઈ વચ્ચે સીધી ટક્કર છે.

દિલ્હી કરતા સેફ અમદાવાદ : ગિફ્ટ સિટી તેના પ્લાન મુજબ બનશે એટલે શહેરનું નામ આખા વિશ્વમાં ગાજતું થશે. વૈશ્વિક ફાઈનાન્શિયલ કંપનીઝ અહીં આવશે. એક્સપોઝરને કારણે અહીં ઓફિસ ખરીદવાનું વધશે.

અમદાવાદ મોખરે : દેશનાં મોટા શહેરોમાં ડેવલપમેન્ટ સેંચ્યુરેશન આવી ગયું છે. આવનારા દાયકામાં ટીયર ટુ અને થ્રી શહેરો જ આગળ નીકળશે. અમદાવાદ સૌથી મોખરે છે. આવનારા વર્ષોમાં સર્વિસ બેઝડ એમ્પ્લોયમેન્ટ જનરેશન થશે. ગુજરાતમાં ટેલિકમ્યુનિકેશન ઈન્ફ્રાને કારણે વિકાસ થશે.

શું બનશે ગિફ્ટ સિટીમાં ?

પ્રોસેસિંગ એરિયા

- ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેકટર
- ઈન્ટરનેશનલ ટેકનો પાર્ક અને ઈન્ટરનેશનલ માર્કેટ ઝોન
- કોમોડિટી એક્સચેન્જ ✦ ગ્લોબલ ટ્રેઈનિંગ એક્સચેન્જ ✦ ઈન્શ્યોરન્સ
- બેન્કિંગ ✦ IT/ITES ✦ KPO/BPO ✦ ડેટા સેન્ટર્સ

નોન પ્રોસેસિંગ એરિયા

- કોમર્શિયલ અને ઓફિસ બિલ્ડિંગ
- સર્વિસ એપાર્ટમેન્ટ્સ અને રેસિડેન્શિયલ ફલેટ્સ
- હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ કોર્ટસ
- શોપિંગ સેન્ટર્સ, રિટેઈલ સ્ટોર્સ અને બેન્કસ
- ફાઈનાન્શિયલ સર્વિસીસ માટે ટ્રેઈનિંગ સેન્ટર્સ ✦ મેડિકલ સેન્ટર
- એન્ટરટેઈન્મેન્ટ સેન્ટર અને થિયેટર ✦ મલ્ટી લેવલ પાર્કિંગ

વિશ્વનાં અગ્રણી ઇન્વે. રિજન સાથે ગિફ્ટની તુલના

	પેરિસ લાડિફેન્સ	ટોકયો શિન્જુકુ	લંડન ડોક્યાર્ડ્સ	પુડોન્ગ લ્યુજિઆઝુઇ	ગાંધીનગર ગિફ્ટસિટી
એરિયા Skm	1.6	1.6	1.5	1.7	3.58
કન્સ્ટ.સ્કેલ MSmt	2.5	1.6	1.1	4.5	8.5
ગ્રીન બેલ્ટ Smt	40	120	50	363	1183
હાઈટ mt	200	250	250	490	410

સોશિયલ ફેસિલિટીઝ

- 600 રૂમ્સની ફેસિલિટી ધરાવતી બે ફાઈવ સ્ટાર હોટેલ્સ
- 2000 બાળકો ભણી શકે તેવી સ્કૂલ્સઃ નેશનલ અને ઈન્ટરનેશનલ
- 214 બેડ્સ ધરાવતી વર્લ્ડ કલાસ હોસ્પિટલ ✦ બિઝનેસ કલબ
- 10,000 લોકો બેસી શકે તેવું કન્વેન્શન સેન્ટર
- ભારતનું સૌથી મોટું એકિઝબિશન સેન્ટર
- અફોર્ડેબલ હાઉસિંગ ✦ ગોલ્ફ કોર્સ

ગિફ્ટનાં 2 ટાવર્સ તૈયાર

- 29 માળનાં આ ટાવર્સમાં દરેક ફેસિલિટી.
- 7 લાખ સ્કે. ફૂટમાં તૈયાર કરવામાં આવશે.
- 10 હજાર લોકોને ટાવર્સમાં જોબ્સ મળશે.
- 24 કલાક વીજળી અને પાણી મળશે.

બિલ્ડિંગ્સનો ઉપયોગ

- 67% કોમર્શિયલ ✦ 22% રેસિડેન્શિયલ ✦ 11% સોશિયલ

કેવા પ્રકારનાં બિલ્ડિંગ્સ ?

- **લેન્ડમાર્ક બિલ્ડિંગ્સ :** ટાવર : 02, હાઈટ : 350 મીટર
- **બીજી બિલ્ડિંગ્સ :** ટાવર : 02, હાઈટ : 100-300 મીટર
- **ડાયમન્ડ ટાવર :** ટાવર : 01, હાઈટ : 410 મીટર

2020 સુધીમાં કેટલી જોબ્સ : વિવિધ કેટેગરી પ્રમાણે

- ઓપરેશન્સ : 125-150 હજાર
- કોર્પોરેટ સર્વિસીસ : 100-125 હજાર
- સિલેકટ પ્રોડકટ માર્કેટ્સ : 10-15 હજાર
- કેપિટલ માર્કેટ્સ અને ટ્રેડિંગ : 2-4 હજાર
- IT સર્વિસીસ : 200-225 હજાર
- ITES સર્વિસીસ : 75-100 હજાર
- કુલ : 500-600 હજાર, 10 લાખ ડાયરેકટ અને ઈનડાયરેકટ જોબ્સ.



આગામી દાયકાની જવાબદારી

ભારતનાં શહેરોને જોઇએ છે હવે તત્કાળ મેટ્રો રેલ

18 મી વર્ષગાંઠે પ્રતિધ્વનિ એક નવી જવાબદારી નિભાવવા કટિબદ્ધ થઈ રહ્યું છે. વિકાસશીલ ભારતને હવે વર્લ્ડ કલાસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમની જરૂર છે. દિલ્હી, મુંબઈ, જયપુર, પુણે, બેંગલુરુ જેવા હરીફ શહેરોમાં મેટ્રો રેલ પહોંચી ચૂકી છે. AMTS અને BRTS પૂરતી નથી. મેટ્રો રેલ પ્રોજેકટનો પહેલો તબક્કો આજે શરૂ થાય તો પણ બે વર્ષ લાગે. હાલ જાગીશું તો બે વર્ષ પછીની મુશ્કેલી ટળશે. સરકારે મેટ્રો રેલનાં પાયા ભલે હજી નાખ્યાં નથી, પણ તેના આવવાથી શહેરની રોનક અને ચહેરો બંને બદલાઈ જશે. પ્રતિધ્વનિએ કોઈ પણ ભોગે ભારતનાં અન્ય શહેરોમાં મેટ્રો રેલ માટેનું અભિયાન ચલાવવાનો સંકલ્પ કર્યો છે. આ અભિયાન માત્ર એક મેગેઝિનનું જ નથી, પણ પ્રત્યેક ભારતીયનું છે. ભારતીય શહેરોને વિકાસની નવી ઊંચાઈએ પહોચાડવું હોય તો મેટ્રો રેલ અભિયાનને સહુએ ઉમળકાભેર સાથ આપવો જોઈએ.

મેટ્રો રેલ શહેર માટે કેમ જરૂરી ?

શહેરમાં વધતી ટ્રાફિક જોતાં તેને પહોચી વળવા AMTS અને BRTSની સેવાઓ પૂરતી નથી. માત્ર આઠ લાખ મુસાફરો જ તે સેવા મેળવે છે. હાલની માસ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પૂરતી ન હોવાથી મેટ્રો રેલ અતિ આવશ્યક બનશે. માર્ગ પરનો ટ્રાફિક 2035માં ત્રણ ગણો થશે. માર્ગો પર વધતા ધસારાને જોતા મેટ્રો રેલ ખૂબ જ જરૂરી છે.

નાણાં કરતા વિલપાવર વધુ જરૂરી : રૂપિયા તો ગમે ત્યાંથી મળી રહેશે...

મેટ્રો ટ્રેન પ્રોજેકટનાં અમલ માટે પૈસા નહીં, પરંતુ વિલપાવર જ સૌથી મોટી સમસ્યા છે. મેટ્રો પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા મૂડીખર્ચની 25 ટકા રકમ આપવામાં આવે છે. VGF ફંડમાંથી રકમ મળતી હોવાથી પૈસા પ્રોજેક્ટનાં અમલીકરણ આડે આવતાં નથી. ગુજરાત સરકારે મેટ્રો પ્રોજેક્ટ માટે કેન્દ્રમાંથી મદદ મેળવવા હજુ સુધી દરખાસ્ત પણ કરી ન હોવાનું જાણવા મળે છે. કેન્દ્ર સરકાર દ્વારા 20 શહેરોમાં JNURM પ્રોજેક્ટ અંતર્ગત સહાય આપવાનું નક્કી કર્યું હતું, જેમાં અમદાવાદમાં BRTS પ્રોજેક્ટ શરૂ કરવા માટે કેન્દ્ર સમક્ષ દરખાસ્ત કરાઈ હતી, તેમા કેન્દ્ર તરફથી ₹ 982 કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જેની મદદથી અમદાવાદમાં BRTS પ્રોજેક્ટ શરૂ થઈ ગયો છે. આમ પ્રોજેક્ટનાં અમલીકરણ માટે પૈસા નહીં, વિલપાવર જ સૌથી મોટી સમસ્યા જણાય છે.

અમે આ રીતે વાચકો સાથે વચનબદ્ધ છીએ...

પ્રતિધ્વનિ રિસર્ચ ટીમ કામ કરશે : પ્રતિધ્વનિની એક ટીમ માત્ર રેલ પ્રોજેક્ટને સમર્પિત રહેશે. આ ટીમ રેલ પ્રોજેક્ટ વિશે રિસર્ચ અને માહિતી મેળવીને સમયાંતરે પ્રતિધ્વનિ વાચકો સુધી પહોંચતું રહેશે. મેટ્રો રેલ પ્રોજેક્ટની નાનામાં નાની માહિતી કે વિગતોનું મોનિટરિંગ કરશે.

લાગણી પહોંચાડીશું દિલ્હીમાં : ભારતીય શહેરોનું સ્વપ્ન પુરું કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ વાચકોની વાત પહોંચાડીશું. પાટનગર દિલ્હીમાં પ્રતિધ્વનિનાં નેટવર્કનો ઉપયોગ કરીને, જો પ્રોજેક્ટ માટે કોઈ વિઘ્ન હશે તો પ્રતિધ્વનિ સક્રિય ભૂમિકા ભજવશે.

મેટ્રો માટે જનજાગૃતિનું કામ : મેટ્રો રેલ પ્રોજેક્ટ વિશે જનજાગૃતિ માટે પ્રતિધ્વનિ ટોક શો રાખશે. સમાજનાં અગ્રણી લોકોને સાથે રાખીને પ્રોજેકટને આગળ ધપાવવામાં તેમની મદદ લેશે. લાખો શહેરીજનોની લાગણીને વાચા આપવા સહી ઝુંબેશ શરૂ કરશે.



રાષ્ટ્રની અંખડિતતાનાં ઘડવૈયા સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં ખાતમુહૂર્તનો સમારંભ સરદાર સરોવર ડેમ ખાતે સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે 31મી ઓક્ટોબરે યોજાઈ ગયો. નિર્માણનું કાર્ય પૂર્ણ થવામાં ચાર વર્ષ જેટલો સમય લાગશે તેવું પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ માની રહ્યાં છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 2010માં પોતાની સરકારે 9 વર્ષ પૂર્ણ કર્યા તે પ્રસંગે અમદાવાદમાં યોજાયેલા સમારંભમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની જાહેરાત કરી ત્યારે તેમણે એવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે ₹ 2500 કરોડનાં અંદાજીત ખર્ચે આ પ્રતિમા 36 મહિનામાં પૂર્ણ થઈ જશે. પ્રોજેક્ટની ગ્રાઉન્ડ રિયાલિટી સ્પષ્ટ થવા માંડી છે. સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે 31મી ઓક્ટોબરનાં સમારંભમાં દેશનાં તમામ ખેડૂતો લોખંડનો ટુકડો અને ગામની માટી સરદારની પ્રતિમાનાં નિર્માણ માટે દાનમાં આપે તેવી હાકલ કરવામાં આવી છે.

સાબરમતીથી સત્યાગ્રહ, ભારત નિર્માણ માટે... પ્રતિધ્વનિનો સંકલ્પ 125 કરોડ માટે...

થેન્કયુ ઈન્ડિયા ! અમને દિલથી અપનાવવા બદલ...

પ્રતિધ્વનિએ પોતાના પારદર્શક પત્રકારત્વ વડે ભારતનું દિલ જીત્યું છે. વાચકોએ અમને શ્રેષ્ઠ બનાવ્યાં છે. વાચકોનાં આ પ્રેમ અને વિશ્વાસનું પરિણામ છે કે પ્રતિધ્વનિએ ઐતિહાસિક 17 વર્ષ પૂર્ણ કર્યા છે. અમારો સંકલ્પ છે કે વાચકોનાં 17 વર્ષનો પ્રેમ અને વિશ્વાસ આજ રીતે જાળવી રાખીશું.

પ્રતિધ્વનિએ વાચકોનાં સમર્થન દ્વારા સ્થાપ્યા જનહિતનાં કીર્તિમાન...

સ્વસ્થ ભારત : આ અભિયાન અંતર્ગત ઉતરાયણ પર્વે ગળાં કાપતી ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ માટેની ઝુંબેશ ચલાવી. ગુટકા નાબૂદીનું અભિયાન ચલાવવામાં આવ્યું. પ્રતિધ્વનિ દ્વારા શરૂ કરાયેલું આ અભિયાન પરિણામદાયી રહ્યું અને રાજ્ય સરકારે ગુટકાબંધીની જાહેરાત કરી. ઘૂળેટીનાં પર્વે પાણીનો બગાડ રોકવા તિલક હોળીનું અભિયાન ચલાવ્યું.

સાક્ષર ભારત : આ અભિયાન અંતર્ગત પઢેગા ઈન્ડિયા તો આગે બઢેગા ઈન્ડિયાની ઝુંબેશ ચલાવવામાં આવી.

સ્વચ્છ ભારત : આ અભિયાન અંતર્ગત ઘેર ઘેરથી કચરો ઉપાડવાની વ્યવસ્થા માટે ઝુંબેશ ચલાવવામાં આવી.

ઈકો ઈન્ડિયા : આ અભિયાન અંતર્ગત પ્રદૂષણ ફેલાવે એવી મૂર્તિનાં બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું ચલણ વધે તે માટે સફળ ઝુંબેશ ચલાવી.

ગ્રીન ઇન્ડિયા : આ અભિયાન અંતર્ગત એક વૃક્ષ, એક જીવનની ઝુંબેશ ચલાવવામાં આવી.



પ્રતિધ્વનિ વાચકોનાં અતૂટ વિશ્વાસ અને લાગણીઓને પ્રણામ કરે છે...



વિજ્ઞાન અને ધર્મમાં ભારતની છલાંગ

મંગળયાને ભરી ઊંચી ઉડાન...

- 1337 kg નું છે મંગળયાન, તેની આસપાસ હીટશિલ્ડ છે. જે પૃથ્વી કક્ષાની બહાર જતી વખતે ઘર્ષણથી પેદા થનારી ગરમીથી બચાવશે.
- તેમાં 855 kg ઈંધણ છે, જે પૃથ્વીની કક્ષા બહાર સફરમાં કામ આવશે.
- આ યાનમાં પાંચ પે લોડ છે, જે ઘણા પ્રકારનાં પ્રયોગ કરશે.

પૃથ્વીની કક્ષા છોડવામાં મંગળ યાનને માત્ર 44.28 મિનિટ લાગશે. ઈસરોએ મંગળ મિશનને ત્રણ ભાગમાં વહેંચી દીધું છે. પ્રથમ ભાગમાં યાન 11 દિવસમાં 9.25 લાખ kmનું અંતર કાપશે. બીજા ભાગમાં 300 દિવસની સફર કરીને મંગળની કક્ષામાં પ્રવેશ કરશે. નજીવી ભૂલ થાય તો યાન અંતરિક્ષમાં લાપતા થઈ શકે છે. ગતિને નિયંત્રિત કરવાનો એક મોટો પડકાર છે. ત્રીજા ભાગમાં 6 લાખ kmની યાત્રા કરીને 2014ની 24 ડિસેમ્બરે મંગળની કક્ષામાં સ્થાપિત થશે. તે ગ્રહ ફરતે ઈંડાકાર રાઉન્ડ મારશે. એ દરમિયાન ગ્રહની સૌથી નજીક 365.3 km અને સૌથી દૂર 80 હજાર km સુધી જશે. યાનમાં એવા કેમેરા લાગેલા છે જે મંગળની સપાટીથી 25 મીટર ઉંચાઈ સુધીની તસવીરો લઈ શકે છે. લોન્ચનો સમય અત્યારે એટલા માટે પસંદ કર્યો કે આ સમયે મંગળ પૃથ્વીની સૌથી નજીક હોય છે, તેથી યાનને ઓછા ઈંધણની જરૂર પડશે. યાનની ગતિ 35,400 km/Hrs કલાકની હશે, એટલે કે લગભગ 1 Sec/10 km.

કેટલા દિવસ કામ કરશે ? : કક્ષા બદલવા યાનની ગતિ નિયંત્રિત કરવી પડશે, જેમાં સૌથી વધુ ઈંધણ વપરાશે. યાનમાં બચેલા ઈંધણ પર નિર્ભર રહેશે કે તે કેટલા દિવસ કામ કરશે. કક્ષા પરિવર્તન દરમિયાન યાનનો સંપર્ક થોડો સમય ઈસરોનાં કન્ટ્રોલ રૂમથી તૂટી જશે. એ સમય દરમિયાન પ્રશાંત મહાસાગરમાં તહેનાત બે જહાજ નાલંદા અને યમુના મંગળયાનથી મળેલા સિગ્નલને ઈસરોનાં કન્ટ્રોલ રૂમ સુધી પહોંચાડશે.



બંગાળમાં સૌથી ઊંચા મંદિરનું નિર્માણ

મંદિરનું મોડેલ :

- અહીં હશે ભગવાન શ્રી કૃષ્ણ અને નરસિંહદેવનું મંદિર.
- વિશાળ કીર્તન હોલ, જ્યાં દસ હજાર શ્રદ્ધાળુઓ કીર્તન કરશે.
- ત્રણસો લોકોની ક્ષમતાવાળુ વર્લ્ડ કલાસ પ્લેનેટેરિયમ થિયેટર, જેમાં ગીતા દર્શન અનુસાર બ્રહ્માંડની ઝલક દેખાડાશે.

ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ કૃષ્ણા કોન્શસનેશ [ઈસ્કોન] દ્વારા અઢી વર્ષથી મંદિર નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. પાંચસો કારીગરો કામ કરી રહ્યાં છે. નિર્માણની દરેક ગતિવિધિનું ફિલ્માંકન થઈ રહ્યું છે. બંગાળનાં નંદિયા જિલ્લામાં ગંગા કિનારે આવેલું માયાપુર ગામ કૃષ્ણનાં અવતાર ગણાતાં ચૈતન્ય મહાપ્રભુનું જન્મ સ્થળ ઈસ્કોનનું મુખ્ય મથક અને વૈષ્ણવોનું પવિત્ર તીર્થ છે. ઈસ્કોનનાં સંસ્થાપક ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે મંદિરની કલ્પના 1975માં કરી હતી, તેમણે કહ્યું હતું કે જેમ લોકો અક્ષરધામ જોવા દુનિયાભરમાંથી આવે છે, તેવી જ રીતે ભારતની સભ્યતા અને સંસ્કૃતિની ઝલક લોકો અહીં જૂવે. પ્રભુપાદે આ ઈચ્છા અલ્ફ્રેડ ફોર્ડ સમક્ષ વ્યકત કરી હતી, જે ફોર્ડ મોટર કંપનીનાં સંસ્થાપક હેનરી ફોર્ડનાં પ્રપૌત્ર છે.

ફોર્ડે આપ્યાં 250 કરોડ રૂપિયા : મંદિર નિર્માણ માટે કુલ 500 કરોડ રૂપિયાનાં ખર્ચમાંથી અડધી રકમ તો એકલા અલ્ફ્રેડ ફોર્ડે આપી છે. તેઓ જાણીતા અમેરિકી ઉદ્યોગપતિ હેનરી ફોર્ડનાં પ્રપૌત્ર છે. અલ્ફ્રેડ 37 વર્ષ પહેલાં હિન્દુ ધર્મની દીક્ષા લઈ ચૂકયાં છે, તેઓ 1974માં સ્વામી પ્રભુપાદનાં સંપર્કમાં આવ્યાં હતાં. અમેરિકામાં પહેલી મુલાકાત બાદ તેઓ અનુયાયી બની ગયાં હતાં. તેમનું નવું નામ અંબરીશ દાસ રાખવામાં આવ્યું હતું. પ્રભુપાદની સાથે તેઓ ભારત આવ્યાં, તેમનાં પત્ની શર્મિલા બંગાળી હિન્દુ છે. માયાપુર ચંદ્રોદય મંદિરનાં ચેરમેન અંબરીશ દાસ આજકાલ માયાપુરમાં જ છે, તેમણે કહ્યું કે આ મારા ગુરૂનું સ્વપ્ન છે, જે પૂરું કરવા માટે હું વર્ષમાં ત્રણવાર અહીં આવું છું. આ મંદિર દુનિયામાં વૈદિક સંસ્કૃતિનું સૌથી મોટું કેન્દ્ર હશે. મારી જિંદગીનો સૌથી મોટો ઉદ્દેશ આ મંદિર છે.

આટલા પૈસા દુનિયાભરમાંથી : ઈસ્કોન ખર્ચની અડધી રકમ દાતાઓ પાસેથી મેળવશે. નિર્માણ માટે દુનિયાભરનાં લોકો તેમાં દાન આપી રહ્યાં છે. 6 હજારથી વધુ લોકોએ તેમાં દાન આપ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈસ્કોનનું નેટવર્ક 85 દેશમાં છે અને એક હજારથી વધુ મંદિરો છે.

DR. GOVIND PUROHIT

M.S. [Ortho], DNB[Ortho] LLB, DHA, DISS.
Consultant Multi Superspeciality Orthopedic Surgeon [Arthoscopy, Arthoplasty & Spine Surgeon], Foreign Fellow IOA [UK & USA], Visiting Fellow Newton Hospital [USA], Member of American Academy of Orthopedic Surgeons, Guinness Record Holder, Visiting Consultant : SAL, Sterling Hospitals, Railway Hospital [Govr. of India] ✦ M.: 9825299873, 9427072468

डॉ. योगेश पुरोहित M.S. [Ortho]

खेतेश्वर मेडिकल एन्ड जोईन्ट रिप्लेसमेन्ट सेन्टर ✦ मानसरोवर होस्पिटल : खेतेश्वर भवन, कीर्ति कोलोनी, विठ्ठलभवन के पास, उस्मानपुरा रेल्वे लाईन के पास, साकेत हाउस के सामने, अहमदावाद.

Tel.: 27557024 Tel./Fax : 27557022 M.: 9879697744
Time : 11-00 am to 10-00 pm & 5 pm to 7-30 pm

રેશમબાઈ પ્રસુતિગૃહ તથા ફર્ટીલીટી હોસ્પિટલ

ISO 9001 : 2000 Certified Hospital ✦ સ્ત્રી રોગ તથા નિઃસંતાન નિષ્ણાંત
ડૉ. લક્ષ્મી હસમુખ અગ્રવાલ ✦ ડૉ. હસમુખ એન. અગ્રવાલ

✦ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર : IUI, IVF & ICSI Centre ✦ દૂરબીનથી ગર્ભાશયની તપાસ, લેપ્રોસ્કોપી, હિસ્ટરોસ્કોપી સર્જરી ✦ 4 D, 3D Live કલર ડોપ્લર સોનોગ્રાફીની સુવિધા : Abd & TVS ✦ થર્મોચોઈસ ✦ કોલ્પોસ્કોપીક દ્વારા ગર્ભાશયનાં મુખનું કેન્સર, સફેદ પાણી તથા ખંજવાળની મશીનથી તપાસ ✦ ગર્ભાશયનું ટાંકા વગરનુ તથા લેપ્રોસ્કોપીથી ઓપરેશન ✦ ગર્ભાશયની બંધ નળી ખોલવાની આધુનિક માઈક્રોસર્જરી ✦ ક્રાયોસર્જરીથી ગર્ભાશયનાં મુખની ચાંદી બાળવાની સગવડ ✦ નવજાત શિશુ અને બાળરોગોનાં નિષ્ણાંત.

સ્વસ્તિક કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની સામે, શાહીબાગ, અમદાવાદ : 380 004.
Tel. : 22863777, 22863444, 22861791 **Fax** : 079-22865596
Email : info@reshambaiivf.org **Web** : www.reshambaiivf.org
સમય : સવારે 10.00 થી 2.00 **સાંજે** 5.00 થી 7.30

સોમનાથનું શિવાલય હવે સુવર્ણ મંદિર

ઐતિહાસિક ભવ્યતા ફરી જીવંત થઇ રહી છે...

- સોમનાથ મંદિરનું શિખર સુવર્ણજડિત થશે.
- કુશળ કારીગરો દ્વારા કળશ, ડમરૂં અને ધ્વજદંડ સહિતનું માપ લેવાયું

સૌરાષ્ટ્રનાં સાગરકાંઠે બિરાજમાન બાર જ્યોર્તિલીંગ પૈકીનાં જગ વિખ્યાત સોમનાથ મંદિરનો ભૂતકાળ ફરી જીવંત થઈ રહ્યો છે. શિવાલયનું ગર્ભગૃહ સુવર્ણજડિત બન્યા બાદ હવે મંદિરનું શિખર સોનાનું બની રહ્યું છે. સોમનાથ મંદિરનાં ભૂતકાળનો સુવર્ણ વારસો ઈતિહાસનાં પાના પર અંકાયેલો છે. આ શિવાલયનાં ગર્ભગૃહમાં સોમનાથ મહાદેવનું થાળું સહિત આસપાસની દિવાલો અંદાજે 8 કરોડથી વધુ સોનાનાં દાનથી મઢવામાં આવી છે. ધામધૂમથી આ સુવર્ણ ગર્ભગૃહનું લોકોર્પણ થયું હતું. સોમનાથ ટ્રસ્ટ કટીબદ્ધ બન્યું છે કે સોમનાથનાં શિવાલયને સુવર્ણ મંદિર બનાવવું. 151 ફૂટ ઉંચા સોમનાથનાં શિખરને સુવર્ણજડિત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

સોમનાથમાં રામ મંદિરનું નિર્માણ

આરબ અમીરાતનાં દેશમાં પણ ગુંજ્યો જય સોમનાથનો નાદ

સોરઠનાં અરબી સમુદ્રને કાંઠે બિરાજેલા વિશ્વ પ્રસિદ્ધ સોમનાથનું શિવાલય એક તરફ સુવર્ણ મંદિર બનવા જઈ રહ્યું છે, ત્યારે આ મંદિર સમીપ પરશુરામની તપોભૂમિ પાસે અંદાજે 4.50 કરોડનાં ખર્ચે વિશાળ રામ મંદિર નિર્માણનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આસ્થાનાં કેન્દ્ર સમી સોમનાથની આ ભૂમિમાં રામ મંદિરનું નિર્માણ થાય તે માટે આરબ અમીરાતમાં જય સોમનાથનો નાદ ગુંજ્યો. દુબઈનાં અગ્રણી વેપારી સહિત ભારતીયોએ 1.35 કરોડનાં અનુદાનથી આ પહેલ ઝીલી લીધી છે. આગામી દિવસોમાં હરીહરની આ ભૂમિમાં શિવ અને કૃષ્ણ સાથે રામનો પણ જયઘોષ ગુંજશે. વિશ્વ પ્રસિદ્ધ સોમનાથને શિશ નમાવવા દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવે છે તેમ દુબઈનાં અગ્રણી વેપારી આનંદસીંગ પણ સોમનાથ આવ્યાં હતાં. તેઓએ સોમનાથ ટ્રસ્ટ પાસે હરી હરની ભૂમિમાં વિશાળ રામ મંદિર હોવું જોઈએ તેવી ભાવના સોમનાથ ટ્રસ્ટનાં ચેરમેન કેશુભાઈ પટેલ અને પીકે લ્હેરી સમક્ષ વ્યકત કરી હતી. ટ્રસ્ટે પણ ત્રિવેણી સંગમ સમીપ પરશુરામની તપોભૂમિ પાસે વિશાળ જગ્યામાં રામ મંદિર બને તેવો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. મુખ્ય દાતાની ઈચ્છા અનુસાર આ રામ મંદિરની હાઈટ ઊંચી રખાશે, જેથી સોમનાથનું શિખર પણ દર્શનાર્થી જોઈ શકે.

સોમનાથ ટ્રસ્ટની ટીમ દુબઈ પહોંચી : સોમનાથ ટ્રસ્ટનાં સચિવ પીકે લ્હેરીનાં જણાવ્યા મુજબ સોમનાથનાં ભક્ત આનંદસીંગનાં તેડાથી ટ્રસ્ટનાં પ્રતિનિધિ વિજયસિંહ ચાવડા, દિલીપ ચાવડા અને જીતુપુરી બાપુ દુબઈ પહોચ્યાં હતાં. આનંદસીંગ સહિત અન્ય વેપારીઓ સાથેની બેઠકમાં સોમનાથનાં રામમંદિર માટે અનુદાનની સરવાણી થતાં ₹ 1.35 કરોડનું દાન ટ્રસ્ટને મળ્યું.



નદી પર કાયમી પવિત્ર વિસર્જન કુંડ

જળ પ્રદૂષણ ઘટાડવા માટે GPCBએ વ્યક્ત કરેલો વિચાર : રાજસ્થાનમાં પુષ્કર લેક પર વિસર્જન કુંડ છે

નદીઓ મૂર્તિ વિસર્જન માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે. નદીઓમાં ગટર અને કેમિકલયુક્ત પાણી સાથે મૂર્તિઓનું વિસર્જન થતું હોવાથી પ્રદૂષણનું પ્રમાણ વધે છે. આથી નદીઓમાં મૂર્તિ પધરાવવા માટે પ્રતિબંધ લગાવવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, સુરત જેવા મહાનગરોની નદીઓ પર મહાનગરપાલિકા દ્વારા નદીઓનાં કિનારે મૂર્તિ વિસર્જન માટે હંગામી ધોરણે કુંડ બનાવાયા છે. આ કુંડ માત્ર ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખીને બનાવાય છે. GPCBનાં ધ્યાનમાં એવું આવ્યું છે કે ગણેશ વિસર્જન સિવાય પણ નદીઓમાં દશામાની મૂર્તિ કે વિવિધ ધાર્મિક વસ્તુઓનું વિસર્જન કરીને નદીઓને પ્રદૂષિત કરાય છે. આવા પ્રદૂષણથી નદીઓને મુક્ત કરવા માટે કાયમી ધોરણે પવિત્ર વિસર્જન કુંડ બનાવવા જોઈએ તેવી અપીલ GPCBએ કરી છે. તમામ મૂર્તિઓનું વિસર્જન પવિત્ર કુંડમાં જ થાય તેવી વ્યવસ્થા સત્તાવાળાઓએ ગોઠવવી જોઈએ. ઉલ્લેખનીય છે, કે રાજસ્થાનમાં પુષ્કર લેકનાં કિનારે આવા કુંડ છે. નદીઓમાં પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ પધરાવવી કે નહિં તે મુદ્દો કાયદાકીય એરણ પર છે. જે અંતર્ગત POPની મૂર્તિ નદીઓમાં પધરાવવાથી કેટલું પ્રદૂષણ થાય છે તેનો અભ્યાસ ચાલી રહ્યો છે.

ગુજરાતમાં વર્ષે 75 હજાર મૂર્તિઓ પધરાવાય છે : GPCBનાં કહ્યાં પ્રમાણે દર વર્ષે ગુજરાતની નદીઓમાં ગણેશજીની મૂર્તિ સહિત આશરે 75 હજાર મૂર્તિઓ નદીઓમાં પધરાવાય છે. પ્લાસ્ટર ઓફ પેરીસથી બનેલી મૂર્તિઓ અબીલ, ગુલાલ, કંકુ જેવી પૂજા સામગ્રીથી પ્રદૂષણનું પ્રમાણ વધે છે.

પુષ્કર લેકમાં પૂજાથી થતા પ્રદૂષણને અટકાવાય છે : રાજસ્થાનનાં પુષ્કર લેકમાં બ્રહ્માની મૂર્તિ છે. બ્રહ્માજીની પૂજામાં શ્રદ્ધાળુઓ ઘી સહિતની પૂજા સામગ્રીનો ઉપયોગ કરે છે. આ સામગ્રીથી લેકમાં પ્રદૂષણ થતું હતું. આથી સત્તાવાળાઓએ લેકની બહાર પવિત્ર વિસર્જન કુંડ બનાવેલો છે. આ કુંડમાં જ શ્રદ્ધાળુઓ પૂજા સામગ્રી પધરાવે છે.

કાયમી ધોરણે પવિત્ર વિસર્જન કુંડ બનાવવા જોઇએ : નદીઓ પર કાયમી ધોરણે પવિત્ર વિસર્જન કુંડ બનાવીને મૂર્તિઓ તથા પૂજા સામગ્રી તેમાં પધરાવવાની વ્યવસ્થા કરાવવી જોઈએ. હંગામી ધોરણે આવા કુંડ બનાવાય છે. શ્રદ્ધા મોટી અને મૂર્તિ નાની રાખવાથી પ્રદૂષણને અટકાવી શકાય.

ઘી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. : હિંમતનગર

નૂતન વર્ષાભિનંદન...

નવલા વર્ષનાં સુરમ્ય ને આનંદદાયક પ્રભાતે સહકારી પ્રવૃત્તિ દ્વારા આપની શુભ ભાવનાઓ અને શુભ સંકલ્પો સફળ બનો તથા હરિયાળી ક્રાન્તિનાં સ્વપ્નને સાકાર કરવા આપનો હંમેશા સહયોગ પ્રાપ્ત થતો રહે તેવી અભ્યર્થના સાથે હાર્દિક શુભેચ્છાઓ... આપ શ્રેષ્ઠ આરોગ્ય, આયુષ્ય અને રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરો એવી નૂતન વર્ષની સદ્‌ભાવના યુક્ત શુભેચ્છા...

એચ.પી. નાયક ચીફ એક્ઝિક્યુટીવ | **રામજીભાઈ ટી. પટેલ** વાઈસ ચેરમેન | **અમીચંદભાઈ એચ. પટેલ** ચેરમેન

બોર્ડ ઓફ ડિરેકટર્સનાં સભ્યશ્રીઓ તથા કર્મચારીગણ

The Surat District Co.Op. Bank Ltd.

Regd. Office, J.P. Road, Surat.



It was great...
To celebrate with you...
On this *Diwali*...

Deposits : 3114 Crore | Advances : 812 Crore

BOARD OF DIRECTORS

આપવાનાં સુખ અંગે પ્રતિધ્વનિની વિશેષ પ્રસ્તુતિ...

દુનિયામાં જ્યારે પણ સુખ વધ્યું, તે કોઇકની દેણથી...

જે શિક્ષણ અને તબીબી ઇન્સ્ટિટ્યૂટ અંગે તમે સાંભળતા આવ્યો છો, જેને સર્વશ્રેષ્ઠ માનો છો તેનો પાયો કોઇએ આપ્યું તેનાથી નંખાયો છે.

સ્વિડનમાં એક કહેવત છે, વહેંચી લેવાથી સુખ બમણું અને દુ:ખ અડધુ થઈ જાય છે. લોકો કંઈકને કંઈક આપતા ગયાં અને સુખ વધતુ ગયું. એવું સુખ જેનાથી લોકોનું સ્વાસ્થ્ય સુધર્યું અને શિક્ષણને પ્રોત્સાહન મળ્યુ. તેને વધારવા યુનંદા લોકોએ ઘણું બધું સમાજને આપ્યું. આ લોકો નાનકડું સ્મિત, મોટી રાહત અને લાંબી ખુશી આપવા માટે એટલી હદ સુધી ગયાં કે જ્યાં કોઈ દેશની સરકાર જવાનું વિચારતી પણ નથી. વિશ્વમાં બીજીથી આઠમી ઓક્ટોબર સુધી જોય ઓફ ગિવિંગ વીકની ઉજવણી કરવામાં આવે છે. તેના અવસરે આપવાનાં સુખ અંગે પ્રતિધ્વનિની પહેલ... વાંચો કેવી રીતે વિશ્વની ટોચની શિક્ષણ અને ચિકિત્સા સંસ્થાઓનો પાયો આ ભાવનાઓ પર ટકેલો છે...

યુનિવર્સિટી : જેમણે જ્ઞાનથી વહેંચી ખુશી

સ્ટેનફોર્ડ યુનિવર્સિટી : 1893માં ₹ 93.83 કરોડ આપ્યાં.
સ્થાપના : 1893માં, લેલેન્ડ સ્ટેનફોર્ડે 93.83 કરોડ રૂપિયાનું દાન કર્યું.
આપવાનાં સુખનું પરિણામ : 15000થી વધુ વિદ્યાર્થીઓવાળી યુનિવર્સિટીમાં શરૂઆતમાં ટ્યૂશન ફી લેવામાં આવતી ન હતી. આશરે 40 વર્ષ આ વ્યવસ્થા ચાલુ રહી. અહીથી નવ નોબેલ પુરસ્કાર વિજેતાઓ સહિત કોન્ડોલિજા રાઈસ, વિલિયમ હ્યુલેટ, ડેવિટ પેકર્ડ, સર્જી બ્રિન, બેંજામિન હેરિસન, અજીમ પ્રેમજી, વિનોદ ખોસલા, મુકેશ અંબાણી અને નાદિર ગોદરેજ શિક્ષણ મેળવી ચૂક્યાં છે.
આજે : 15,870 વિદ્યાર્થી અને 1995 ફેકલ્ટી છે.

યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ : 2000માં ₹ 1314 કરોડનું દાન.
સ્થાપના : ચિંતકો દ્વારા.
આપવાનાં સુખનું પરિણામ : શરૂઆત સંશોધકો માટે કરવામાં આવી હતી, જેથી પોતાના સંશોધન કાર્યો આગળ વધારી શકે. ચાર્લ્સ ડાર્વિન, આઈઝેકન્યુટન, અલ્બર્ટ આઈન્સ્ટાઈન, સ્ટિફન હોકિંગ જેવા લોકો અહી ભણ્યાં. અહી 89 નોબેલ પુરસ્કાર વિજેતાઓ સહિત 15 બ્રિટિશ વડાપ્રધાન અને 23 દેશોનાં રાષ્ટ્ર અધ્યક્ષોએ શિક્ષણ મેળવ્યું. 2000માં બિલ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન તરફથી ₹ 1314 કરોડનું દાન મળ્યું.
આજે : 18,448 વિદ્યાર્થી અને 5999 ફેકલ્ટી છે.

વોર્ટન સ્કૂલ ઓફ બિઝનેસ : 1881માં ₹ 62.58 લાખ આપ્યાં.
સ્થાપના : જોસેફ વોર્ટન દ્વારા.
આપવાનાં સુખનું પરિણામ : આ સ્કૂલમાંથી નીકળ્યાં 88 હજાર વિદ્યાર્થી. આજે 150 દેશોમાં બિઝનેસ જગતનાં સ્ટાર્સ છે. આ સ્કૂલમાં 82થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન છે, જેઓ ગુરુ દક્ષિણાનાં સ્વરૂપમાં સ્કૂલની મદદ કરતાં રહે છે. વોર્ટન એક સાહસિક અને મેટલ ઈન્ડસ્ટ્રીનાં જાણકાર હતાં. તેઓ ઈચ્છતા હતાં કે યુવાઓમાં ફાઈનાન્સ અને ઈકોનોમીની સમજ હોય, જેથી બિઝનેસ જગત અને દેશ પ્રગતિ સાધે, તેથી તેમણે આ સંસ્થાનો પાયો નાંખ્યો.
આજે : 3977 વિદ્યાર્થી અને 304 ફેકલ્ટી છે.

હાર્વર્ડ યુનિવર્સિટી : ₹ 78,562નાં 400 પુસ્તકોથી શરૂઆત.
સ્થાપના : 1636માં મેસેચ્યુસેટ્સ દ્વારા.
આપવાનાં સુખનું પરિણામ : એ પુસ્તકોને કારણે ઊભી થયેલી યુનિવર્સિટીમાંથી આજ સુધી 144 નોબેલ પુરસ્કાર વિજેતા, આઠ અમેરિકી રાષ્ટ્રપતિ અને 62 અબજપતિ નીકળ્યાં, તેમાં બાન કી મૂન, જોન હેકોક, થિયોડોર રૂઝવેલ્ટ, ફ્રેંકલિન ડી. રૂઝવેલ્ટ, જોન એફ કેનેડી, જ્યોર્જ ડબલ્યૂ બૂશ, બરાક ઓબામા, બિલ ગેટ્સ અને અમર્ત્ય સેનનો સમાવેશ થાય છે. આ લોકો હવે વિભિન્ન રીતે યુનિવર્સિટીની મદદ કરે છે.
આજે : 21 હજાર વિદ્યાર્થી અને 2,100 ફેકલ્ટી છે.

કેલોગ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ : 1979માં શરૂઆત, ₹ 62.56 કરોડનું દાન.
સ્થાપના : 1908માં નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી સ્કૂલ ઓફ કોમર્સથી.
આપવાનાં સુખનું પરિણામ : 1979માં જોન કેલોગનાં 62.56 કરોડ રૂપિયાનાં દાન પછી આ સ્કૂલ બહુ ઝડપથી ફેલાઈ. ભારતીય મૂળનાં દીપક જૈન અને સુનીલ ચોપડા આ સ્કૂલમાં ડીન રહ્યાં છે. આ સ્કૂલમાંથી નીકળેલા 55 હજાર વિદ્યાર્થી વિશ્વભરનાં મોટા એન્ટરપ્રિન્યોર અને ઈનોવેટર્સ છે. સ્કૂલ ઓફ કોમર્સનું નામ કેલોગ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ રાખવામાં આવ્યું, પછી સંસ્થાનું ઘણું વિસ્તરણ થયું.
આજે : 1162 વિદ્યાર્થી અને 149 ફેકલ્ટી છે.

યુનિવર્સિટી ઓફ શિકાગો : રોકફેલર દ્વારા ₹ 503 કરોડનું દાન.
સ્થાપના : 1890માં બેપટિસ્ટ એજ્યુકેશન સોસાયટી દ્વારા
આપવાનાં સુખનું પરિણામ : 1942માં એનરિકો ફર્મીએ અહીં પ્રથમ વાર પ્લુટોનિયમનું પરમાણું પરીક્ષણ કર્યું હતું. ઓબામાનાં પ્રચારક ડેવિડ એકસેલરોડ, જોન કોરજીન, એડવિન હબલ, સેમ્યુઅલ પી હટિંગ્ટન જેવા લોકો અહીં ભણ્યાં છે. ગુરુ સાથે એટલો પ્રેમ કે 1969માં વિદ્યાર્થીઓએ આંદોલન કર્યું. તેઓ પ્રોફેસર માર્લિન ડિકસનને સસ્પેન્ડ કરવાથી નારાજ હતાં. મજબૂરીમાં ડિક્સનને પરત લેવામાં આવ્યાં.
આજે : 12,297 વિદ્યાર્થી અને 2168 ફેકલ્ટી છે.

હોસ્પિટલ : જેમણે સ્વાસ્થ્ય દ્વારા લાંબી રાહત આપી

મેયો ક્લિનિક : ડોક્ટર પિતા પુત્ર દ્વારા મહેનતનું દાન
સ્થાપના : 1889માં તબીબી ડોક્ટર વિલિયમ વોરાલ મેયો દ્વારા. અહીં દાનમાં અપાઈ તબીબ પિતા પુત્રની મહેનત અને લગન.
આપવાનાં સુખનું પરિણામ : 20 વર્ષથી વિશ્વનાં બહેતર દવાખાનામાંની એક હોસ્પિટલ. 3800થી વધુ તબીબો અને વિજ્ઞાનીઓ સંકળાયેલા છે. 3100 કરોડ રૂપિયાનું સંશોધન કાર્ય દર વર્ષે. 150 દેશોમાં ફેલાયેલા તેનાં ક્લિનિકમાં દર વર્ષે અંદાજે 10 લાખ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. હોસ્પિટલ સાથે સંકળાયેલા તબીબ પોતાની અંગત પ્રેક્ટિસથી થયેલી કમાણીનો ઉપયોગ લોકોનાં ઉપચાર માટે કરે છે.
આજે : અમેરિકાની શ્રેષ્ઠ હોસ્પિટલ

ધ જોન્સ હોપકિન્સ હોસ્પિટલ : હોપકિન્સે ₹ 43.26 કરોડ આપ્યાં હતાં
સ્થાપના : 1889માં જોન્સ હોપકિન્સનાં 43.26 કરોડ રૂપિયાનાં વસિયતથી
આપવાનાં સુખનું પરિણામ : 1991 થી 2011 સુધી સતત બેસ્ટ ઓવરઓલ હોસ્પિટલ રહી. ત્રણ પ્રકારનાં પોલિયો વાઈરસ અને તેનો ઉપચાર અહીં જ શોધવામાં આવ્યો. બે નોબેલ પુરસ્કાર. 1000 બેડવાળી હોસ્પિટલમાં 1700 તબીબ પ્રત્યેક સપ્તાહે 80 હજાર દર્દીઓની સારવાર કરે છે. જેનેટિક એન્જિનિયરિંગ, ટિસ્યૂ કલ્ચર અને મોડર્ન હાર્ટ સર્જરીની શરૂઆત અહીંથી થઈ.
આજે : ન્યુમોનિયા પર સંશોધન માટે 46 કરોડ રૂપિયા અમેરિકી સરકાર તરફથી મળ્યાં છે.

એમડી એન્ડરસન કેન્સર સેન્ટર : ₹ 3.10 કરોડ એન્ડરસન ફાઉન્ડેશન તરફથી મળ્યાં હતાં.
સ્થાપના:1941માં એન્ડરસન દ્વારા આપવામાં આવેલા ₹10 કરોડની મદદથી.

THE ART OF GIVING

by Joyce Rowley



આપવાનાં સુખનું પરિણામ : આ સેન્ટરનાં ફેલો રહેલા ડો. લોરેન્સ ઈનહોર્ને ક્રિકેટર યુવરાજસિંઘનો ઉપચાર કર્યો. યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ મુજબ વિશ્વનું શ્રેષ્ઠ કેન્સર સારવાર કેન્દ્ર. વીતેલા વર્ષમાં 1.15 લાખ કેન્સર પીડિતોનો ઉપચાર થયો. 8500 કેન્સર પીડિતોએ સંશોધન કાર્ય માટે સ્વેચ્છાથી ભાગ લીધો.

આજે : તાતા મેમોરિયલ સેન્ટર મુંબઈ તેની સાથે સંકળાયું છે.

ન્યૂયોર્ક પ્રેસબિટેરિયન હોસ્પિટલ : લોનેક્સે ₹ 3.75 કરોડ આપ્યાં

સ્થાપના : 1868માં જેમ્સ લોનેક્સ દ્વારા ₹ 3.75 કરોડનાં દાનથી. 1927માં પાઈન વ્હાઈટનીએ ₹ 125.33 કરોડ આપ્યાં.

આપવાનાં સુખનું પરિણામ : અમેરિકાની બીજા ક્રમની સૌથી જૂની હોસ્પિટલ છે. 2409 પથારી ધરાવતી હોસ્પિટલનાં તબીબો અને કર્મચારીઓએ અમેરિકામાં જ્યારે પણ આપત્તિ આવી ત્યારે મફતમાં સારવાર આપી. અમેરિકાની 911 ડાયલ સેવા સાથે હોસ્પિટલ 1981થી સંકળાયેલી છે. અહીંનાં તબીબ ચંદીગઢ PGIમાં પણ સેવા આવે છે.

આજે : હોસ્પિટલમાં બુશ, ક્લિન્ટન અને લેરી કિંગ ઉપચાર કરાવે છે.

સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર : જોન ડીરોકફને ₹ 2.48 કરોડ આપ્યાં.

સ્થાપના : 1884માં જોન જેકબ એસ્ટર દ્વારા લોકો પાસેથી દાન મેળવીને. 1936માં જોન ડી રેકફેલરે જમીન આપી અને 1945માં રૂપિયા આપ્યાં.

આપવાનાં સુખનું પરિણામ : અમેરિકાની બીજા ક્રમની શ્રેષ્ઠ કેન્સર હોસ્પિટલ. વિશ્વની પ્રથમ એવી સંસ્થા કે જે કેન્સર દર્દીઓનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરે છે. જેથી તેને પીડાથી રાહત આપી શકાય. 470 પથારી ધરાવતી હોસ્પિટલમાં વીતેલા વર્ષમાં 24,598 દર્દીઓએ સારવાર લીધી.

આજે : દરેક વર્ષે ₹ 5.41 લાખ દર્દી આવે છે.

ડ્યૂક હોસ્પિટલ : જેમ્સ બુચાનન ડ્યૂકે ₹ 250 કરોડ આપ્યાં.

સ્થાપના : 1924માં જેમ્સ બુચાનન ડ્યૂકે જમીન અને નાણાંની મદદ કરી. 1930માં 400 પથારી ધરાવતી હોસ્પિટલ ખૂલી.

આપવાનાં સુખનું પરિણામ : 1936માં પહેલી વાર અલ્ટ્રાવાયોલેટ લાઈટથી ઈન્ફેકશન દૂર કરવાનો અને બ્રેન ટ્યૂમર પ્રોગ્રામ અહીં જ શરૂ થયો. 1937માં મચ્છરો સંબંધી બીમારીઓ રોકવા માટે પ્રથમ વેક્સિન વિકસાવવામાં આવી. 80નાં દાયકામાં એઈડ્સની દવાનું પ્રથમ પરિક્ષણ કરવાવાળી વિશ્વની બે હોસ્પિટલ પૈકીની એક હોસ્પિટલ.

આજે : ટોપ 20 અમેરિકી મેડિકલ કોલેજો પૈકીની એક.



પ્રો. હીરાભાઈ એચ. પટેલ [MLA]

PEACE **Love** LIGHT
SHUBH DEEPAVALI & **HAPPY NEW YEAR**

પ્રકાશપર્વે પોંખીએ ભારતનાં સુવર્ણ પ્રભાતને...
ઝગમગતા દીપની આભાથી પ્રકાશિત આ નૂતનવર્ષ
ભારતનાં પ્રત્યેક પરિવારનાં આંગણામાં સુખ, સમૃદ્ધિનાં આશીર્વાદ
લઈને આવે તથા નવાં વર્ષનું પ્રત્યેક સૂર્યકિરણ ઉલ્લાસનાં નવાં ઉજાસ
સાથે આપણા ભારત દેશમાં વિસ્તરે તેવી શુભેચ્છાઓ...

મહર્ષિ અરવિંદ માર્ગ, મુ.પો.તા. : લુણાવાડા, જિ. : પંચમહાલ : 389 230

લોકોનાં ચહેરા પર આપ્યું સ્મિત અને બની ગયા આદર્શ

લોકોની સેવા માટે લોનેક્સે લગ્ન ન કર્યા

પ્રેસબિટેરિયન હોસ્પિટલ ન્યૂયોર્ક : હોસ્પિટલની શરૂઆત રોયલ ચાર્ટર દ્વારા કિંગ જ્યોર્જ 3એ કરાવી હતી, પરંતુ જેમ્સ લોનેક્સે હોસ્પિટલ ઊભી કરી. 1927માં પાઈન વ્હાઈટે ₹ 125.33 કરોડ દાનમાં આપ્યાં. લોનેક્સે જીવનભર લગ્ન ન કર્યા. તે વિશે તેમણે કહ્યું કે સમાજ માટે કામ કરવામાં ઘણીવાર કુટુંબ તરફથી અવરોધ સર્જાય છે તેથી એકલો છું. જેથી વધુ લોકોને મદદ કરી શકું. આજે આ હોસ્પિટલ માત્ર દર્દીઓનો ઉપચાર જ નથી કરતી, પરંતુ ઈમરજન્સી સેવા પણ આપે છે.

કંપની બચાવવા માટે દાન આપ્યું

એમડી એન્ડરસર કેન્સર સેન્ટર : એન્ડરસને તેની પત્નીનાં ભાઈ વિલિયમ એલ. કલેટન સાથે મળીને એન્ડરસન એન્ડ કલેટન કંપની બનાવી હતી. આ દુનિયાની સૌથી મોટી કોટન કંપની હતી. સરકારી નિયમો અનુસાર બંને પાર્ટનરમાંથી કોઈનું મૃત્યુ થાય તો કંપની બંધ કરવી પડે. આથી એન્ડરસને ₹ 1.86 કરોડથી એમડી એન્ડરસન ફાઉન્ડેશન બનાવ્યું. 1939માં એન્ડરસનનું મૃત્યુ થયાં બાદ સંસ્થાને ₹ 117.14 કરોડ મળ્યાં. 1941માં ટેકસાસ તંત્રએ એક કાયદો લાવીને કેન્સર હોસ્પિટલ બનાવવાની યોજના ઘડી. આથી ફાઉન્ડેશને તેના માટે નાણાં આપ્યાં. બીજા વિશ્વયુદ્ધમાં સૈનિકો અને સામાન્ય લોકોનાં ઈલાજ માટે હોસ્પિટલ 10 વર્ષ સુધી એક ઘરમાં ચાલતી રહી. 1954માં તે વર્તમાન સરનામે સ્થળાંતરિત કરવામાં આવી.

બીમારીઓ અને સુવિધાનાં અભાવે હોપકિન્સ હચમચી ઊઠી

ધ જોન્સ હોપકિન્સ હોસ્પિટલ : 19 મે 1795માં જન્મેલા જોન્સને હોસ્પિટલ બનાવવાનો વિચાર ત્યારે આવ્યો જ્યારે 1832માં ગૃહયુદ્ધ ચાલી રહ્યું હતું. યુદ્ધ, યલો ફીવર અને કોલેરાનાં કારણે બાલ્ટીમોરમાં અંદાજે 853 લોકો માર્યા ગયાં હતાં. એ સમયે સારી હોસ્પિટલ કે તબીબી સુવિધાઓ નહોતી. તેમને થયું કે શહેરને તબીબી સુવિધાની જરૂર છે. બીજી તરફ તેમના પિતાનાં ખેતરમાં કામ કરતા મજૂરો નોકરી છોડીને જતા રહેતા તેમનો અભ્યાસ પૂરો ન થયો. 1807માં દાસ પ્રથા ખતમ કરવાની ઝુંબેશ ચાલી રહી હતી, ત્યારપછી તેમણે શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક સંસ્થા શરૂ કરવાનું વિચાર્યું હતું. આ સંસ્થામાં ત્રણ પ્રકારનાં પોલિયો વાઈરસ અને તેના ઈલાજની શોધ પણ કરવામાં આવી.

ઈજાગ્રસ્ત લોકોનાં ઇલાજ માટે ડાન્સ હોલમાં શરૂઆત થઇ

મેયો ક્લિનિક : 21 ઓગસ્ટ 1883માં રોચેસ્ટરમાં વાવાઝોડું આવ્યું. તેમાં 37 લોકનાં મોત નીપજ્યાં અને 200 લોકો ઈજાગ્રસ્ત થયાં. કસબાનાં ત્રીજા ભાગનો હિસ્સો ખતમ થઈ ગયો. મેયો પરિવારે સિટી ડાન્સ હોલમાં લોકોનો ઈલાજ શરૂ કર્યો. ચર્ચથી આવેલા મધર અલ્ફેડ અને સિસ્ટરે મેયો પરિવારને હોસ્પિટલ શરૂ કરવાનું કહ્યું. સૌએ સાથે મળીને 30 સપ્ટેમ્બર 1889નાં રોજ સેન્ટ મેરિઝ હોસ્પિટલ શરૂ કરી. અહીં મેયો પરિવાર લોકોનો ઈલાજ કરતો હતો. હોસ્પિટલનું નામ મેયો ક્લિનિક રાખ્યું એવું માનવામાં આવે છે કે તબીબી દુનિયામાં ગ્રુપ પ્રેક્ટિસને અહીંથી જ પ્રોત્સાહન મળ્યું. મેયો પરિવારે પોતાની સાથે એ સમયનાં ઘણાં સારા ડોકટરોને જોડી લીધાં, જેઓ મફત અથવા ઓછા નાણાં લઈ લોકોનો ઈલાજ કરતા હતાં. આ લોકો પોતાની અંગત પ્રેક્ટિસથી કમાયેલા નાણાંથી લોકોને દવા અને સ્ટાફનો પગાર આપતાં હતાં.

દીકરાની સ્મૃતિમાં દુનિયાની શ્રેષ્ઠ સંસ્થા બનાવી

સ્ટેનફોર્ડ યુનિવર્સિટી : લેલેન્ડ અને પત્ની જેન એકનાં એક દીકરા લેલેન્ડ જુનિયરની સ્મૃતિમાં કંઈક કરવા માંગતા હતાં. તેમનો દીકરો 16માં જન્મદિને જ મૃત્યુ પામ્યો હતો. દીકરો હાવર્ડમાં ભણવા માંગતો હતો. આથી પતિ પત્નીએ હાવર્ડનાં પ્રમુખ સાથે ઘણી મુશ્કેલી પછી મુલાકાત ગોઠવી. તેમણે પૂછ્યું કે હાર્વર્ડ જેવી યુનિવર્સિટી બનાવવા માટે કેટલા નાણાં જોઈશે. જવાબ

મળ્યો કે ₹ 93.83 કરોડ, ત્યારબાદ લેલેન્ડનાં ઘોડાનાં ફાર્મ પર યુનિવર્સિટી બનાવવામાં આવી. પહેલી વખત યુનિવર્સિટીમાં 559 વિદ્યાર્થીઓ અને 15 શિક્ષકો હતાં. વિદ્યાર્થીઓ પાસેથી ટ્યૂશન ફી નહોતી લેવાની. 1930 સુધી અહીં આવી જ વ્યવસ્થા હતી. 1893માં લેલેન્ડનું મૃત્યુ થયું. તેમની સંપત્તિ અંગે વિવાદ થવાં લાગ્યો. ટ્રસ્ટે તેને બંધ કરવાની સલાહ આપી. ત્યારે કિંમતી ચીજો ગીરવે મૂકીને 1895 સુધીમાં બધાં કેસોનો નિકાલ કર્યો. યુનિવર્સિટીનાં પ્રભાવશાળી વિદ્યાર્થીઓમાં ભૂતપૂર્વ જાપાની વડાપ્રધાન યુકિઓ હાતોયામા, ભૂતપૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ હરબર્ટ હૂવર અને ભૂતપૂર્વ ઈઝરાયલી વડાપ્રધાન એહૂદ બરાક સામેલ છે.

400 પુસ્તકોથી હાર્વર્ડનો પ્રારંભ

હાર્વર્ડ યુનિવર્સિટી : તેની સ્થાપના 1636માં મેસેચ્યુસેટ્સ દ્વારા કરવામાં આવી હતી. પહેલાં તે ન્યૂ કોલેજ તરીકે ઓળખાતી હતી. જેનું નામ જોન હાર્વર્ડ પરથી રાખવામાં આવ્યું. તેઓ એક પાદરી હતાં, જેઓ લંડનથી આવ્યાં હતાં, તેઓ યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજનાં વિદ્યાર્થી હતાં. તેમણે પોતાની વસિયતમાં ન્યૂ કોલેજની લાઈબ્રેરીને 400 પુસ્તકો આપ્યાં હતાં, જેની કિંમત ₹ 78,562 હતી. આ રકમ તેની સંપત્તિનો અડધો હિસ્સો હતી. ત્યારપછી તેનું નામ હાર્વર્ડ યુનિવર્સિટી રાખવામાં આવ્યું.

મંદીનાં તબક્કામાં લોકો પાસે ફાળો માંગ્યો

યુનિવર્સિટી ઓફ શિકાગો : જોન ડી રોકફેલરે આપ્યાં ₹ 503 કરોડ અને માર્શલ ફીલ્ડે જમીન આપી. 1920માં યુનિવર્સિટી ઓફ શિકાગોએ હોસ્પિટલ બનાવી, તે યુનિવર્સિટી ઓફ શિકાગો મેડિકલ સેન્ટર કહેવાતી હતી. તે સમયમાં નાણાં એકઠા કરવાનું કામ ઘણું મુશ્કેલ હતું, કારણ કે અમેરિકામાં ખૂબજ મંદી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આ યુનિવર્સિટીએ મેનહટ્ટન પ્રોજેકટમાં યોગદાન આપ્યું હતું. શિકાગોનાં જુલ્સ અને ગ્વેન લેપે 2006માં 10 માળની ઈમારત માટે ₹ 156 કરોડનું દાન કર્યું હતું.

વહેંચવાથી વધશે ખુશીઓ...



દરેક ચહેરા પર હોય સ્મિત તો માનવતાનું થાય સન્માન.
વહેંચવાથી જિંદગી ખીલે છે અને આપવાનું સુખ મળે છે.

આપવાની રીતો :

જે આપના અને અન્યનાં ચહેરા પર સ્મિત લાવશે...

બાળકો : તરવરાટ

✦ નજીકમાં રહેતા જરૂરિયાતમંદ બાળકોને ભણવા માટે પુસ્તકો આપો.

યુવાનો : ઉત્સાહ

✦ અઠવાડિયામાં એક વાર ગરીબ બાળકોને 30 મિનિટ ટયુશન આપો.
✦ આપના જન્મદિવસ પર એક છોડને રોપી તેને ઉછેરવાની પ્રતિજ્ઞા લો.

યુવતીઓ : ઉંમગ

✦ કોઈ એક બાળકનાં શિક્ષણનો ખર્ચ ઉપાડો.
✦ કુદરતને પાછું આપવા છોડ વાવો, તેનાથી તમને ખુશી મળશે.
✦ માતા પિતા સાથે ડીનર પર જાવ, આ અનુભવ ખુશી આપશે.

ગૃહિણીઓ : શક્તિ

✦ તહેવારોમાં સાફ સફાઈ જરૂરી છે. ઘરમાં જમા થયેલો વધારાનો સામાન કોઈ જરૂરિયાતમંદને આપો.

વ્યવસાયી : ક્ષમતા

✦ કોઈ બાળકને શિક્ષણ આપવાની પ્રતિજ્ઞા લો, બે બાળકોને સ્કૂલ ડ્રેસ અને પુસ્તકો આપો.
✦ જૂના ફોન અને ઈલેક્ટ્રોનિક સામાન કોઈ જરૂરિયાતમંદને આપો.

વરિષ્ઠ નાગરિક : અનુભવ

✦ આસપાસનાં ગરીબ બાળકોને એકઠા કરી તેમને ભણાવો, તેમની સાથે સમય વીતાવો, શાંતિ અનુભવશો.

➤ **Think India for Quality Life**

જિંદગી લાંબી નહીં, મોટી હોવી જોઈએ...

શું તમે જાણો છો કે મનગમતું કામ કરવા માટે આપણી પાસે જિંદગીમાં કુલ કેટલાં કલાક છે ? જન્મથી ઘડપણ સુધી આપણે ન જાણે કેટલાં વર્ષ વેડફી નાખતાં હોઈએ છીએ, રજૂ કરીએ છીએ જિંદગીનું સફરનામું.

શરૂઆત : બાળક જન્મે ત્યારે અનુમાન પ્રમાણે લગભગ 78 વર્ષ હોય છે.

બચેલો સમય : 78 વર્ષ.

લગભગ એક તૃતિયાંશ સમય વ્યકિત સૂવામાં વિતાવે છે. તેને બાદ કરીએ તો કુલ 52 વર્ષ બચે છે.

બચેલો સમય : 52 વર્ષ.

ટ્રાફિકમાં કેટલો સમય બરબાદ થાય છે તેનો ખ્યાલ નહીં હોય, પરંતુ જિંદગીનું લગભગ એક વર્ષ આમાં વીતી જાય છે.

બચેલો સમય : 51 વર્ષ.

દાંત સાફ કરવામાં, ટોઈલેટમાં, નાહવામાં અને તૈયાર થવામાં સમયનો હિસાબ કરીશું તો ત્રણ વર્ષ થાય.

બચેલો સમય : 48 વર્ષ .

વ્યક્તિ જિંદગીનાં 35,000 કલાક ભણવામાં વિતાવે છે. કલાકનો હિસાબ ગણવામાં આવે તો લગભગ ચાર વર્ષ થાય છે.

બચેલો સમય : 44 વર્ષ.

90,000 કલાક ઓફિસમાં વિતાવશો. હિસાબ કરો તો દસ વર્ષ થાય.

બચેલો સમય : 34 વર્ષ.

ખાવા પીવામાં ખર્ચાઈ જાય છે ચાર વર્ષ.

બચેલો સમય : 30 વર્ષ.

બાળકો અને પારિવારિક સભ્યો સાથે પ્રેમ કરવામાં બે વર્ષ વહી જાય છે.

બચેલો સમય : 28 વર્ષ.

અડધો સમય ટેલિવિઝન જોવામાં, વિડીયો ગેમ રમવામાં, ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનમાં નીકળી જાય છે.

બચેલો સમય : 14 વર્ષ.

શોપિંગમાં બે વર્ષ વહી જાય છે.

બચેલો સમય : 12 વર્ષ.

જમવાનું બનાવવું, સાફસફાઈ કરવી અને બીજા અન્ય કામકાજમાં લગભગ ત્રણ વર્ષ વીતી જાય છે.

બચેલો સમય : 09 વર્ષ.

દુનિયામાં પસાર થનારાં 78 વર્ષમાંથી 9 વર્ષ આપણી પાસે છે.

હવે શું વિચારી રહ્યાં છો?

જિંદગીનાં કિંમતી વર્ષોનો યોગ્ય ઉપયોગ કરો.

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ

જૂના ગંજ બજાર, પાલનપુર. Tel.: 252503, 253706

આટલું અવશ્ય કરો : શિક્ષણ ફંડની રકમ ડિવિડંડ વહેંચતા પહેલા સંઘને મોકલો ✦ જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજવામાં આવતા સહકારી શિક્ષણ વર્ગોનો લાભ મેળવો ✦ ધર્માદા ફંડ વાપરવાની મંજૂરી સંઘમાંથી મેળવીને ફંડનો યોગ્ય ઉપયોગ કરો ✦ સંઘ આપનો છે તેથી સતત સંપર્કમાં રહો.

અધ્યક્ષ : **અણદાભાઈ પટેલ**
ઉપાધ્યક્ષ : **પરથીભાઈ જે. પટેલ ✦ સુમેરસિંહ જી. સોલંકી**
માનદ્ મંત્રી : **નરસંગભાઈ વી. પટેલ ✦ મલાભાઈ એમ. દેસાઈ**
સહ મંત્રી : **દલજીભાઈ ડી. પટેલ**
એક્ઝિક્યુટીવ ઓફિસર : **કે. જી. ચૌધરી**

ક્રાંતિકારી કથાકાર

વિદેશમાં વસતા ગુજરાતીઓને આપણા પ્રાચીન ગ્રંથોથી પરિચિત કરાવવા અંગ્રેજીમાં કથા કહેતા, ઐંપ્રસાદજી ઘણી ધાર્મિક રૂઢિ સામે નવો ચીલો ચાતરી રહ્યાં છે. આપણે પૂછવું પડે, આ કથાકાર છે કે ક્રાંતિકારી ?

અવર ગોડ્સ એન્ડ ગોડેસિસ આર સિમ્બલ્સ. ધે આર નોટ હ્યુમન ફિગર્સ, બટ ધે આર થોટ્સ. પરસોનિફિકેશન ઓફ આઈડિયાસ.ફોર એકઝામ્પલ, ગનપતિ મીન્સ ગ્રુપ લીડર. ધ પિક્ચર ઓફ ગનપતિ ટેલ્સ અસ, ધ વેરિયસ કેરેક્ટરિસ્ટિક્સ ઓફ ગ્રુપ લીડર. ધ લોન્ગ નોઝ મીન્સ હી હેઝ ધ પાવર ટુ અન્ડરસ્ટેન્ડ. એનીથિંગ ફોર્મ ડિસ્ટન્સ. અર્થાત આપણા દેવી દેવતા માત્ર પ્રતીક છે. એ માનવ નથી. બધા દેવી દેવતા વિચારોનું સ્વરૂપ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિચારોનું મૂર્તિમંત સ્વરૂપ છે. દાખલા તરીકે ગણપતિ. નેતામાં કેવો ગુણ હોવો જોઈએ એ આપણે ગણપતિ પાસેથી સમજવું જોઈએ. લાંબુ નાક એટલે કે વ્યક્તિને કશુંક ક્યાંક રંધાય છે એ ખબર પડી જવી જોઈએ. સ્થિતિનો તાગ મેળવતા પણ એને આવડવું જોઈએ.
આઈ વર્શિપ બ્યુટિફૂલ આઈડોલ, બ્યુટિફૂલ આઈડોલ બ્યુટિફાઈંગ માઈન્ડ, આઈ લવ લિટલ લિવિંગ લોટસ ફિટ, ગિવ મી લાઈફ વેરી વેરી સ્વીટ. અર્થાત્ હું સુંદર મૂર્તિની પૂજા કરું છું. સુંદર મૂર્તિ વિચારોને સુશોભિત કરે છે. હું નાના પ્રેમાળ ચરણ કમળને ચાહું છું, એ મારા જીવનને મધુરું બનાવે છે. આ એક કથાનો પ્રસંગ અને માતાજીની આરતી છે. અંગ્રેજીમાં શું કામ? એવો પ્રશ્ન આપણને જરૂર થાય. આ માત્ર અમુક પ્રસંગ જ છે. આખેઆખી શ્રીમદ્ ભાગવત કથા અને દેવીભાગવત ગ્રંથનું પઠન અંગ્રેજીમાં કોઈ મહારાજ વ્યાસપીઠ પરથી કરે તો ?
સાંભળવામાં જરૂર નવું લાગે, પણ રાજકોટમાં રહેતા ઐંપ્રસાદ મહારાજ છેલ્લાં પંદરેક વર્ષથી અંગ્રેજીમાં કથા, ધૂન અને આરતી કરે છે. એ કહે છે કે મારો મુખ્ય ઉદ્દેશ વિદેશમાં વસતાં ભારતીયો અને ગુજરાતીઓને ભાગવતથી પરિચિત કરાવવાનો છે. એ માટે હું વિદેશમાં શ્રીમદ્ ભાગવત કથા અને શ્રી દેવીભાગવત ગ્રંથ અંગ્રેજીમાં વાંચી સંભળાવું છું. આમ તો ઐંપ્રસાદ મહારાજ રાજકોટથી અપ ડાઉન કરી જામનગરમાં યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીમાં સહાયક તરીકેની સરકારી નોકરી કરે છે. છેલ્લાં 42 વર્ષથી તેઓ રાજકોટમાં રહે છે. ઐંપ્રસાદે MA, BEd સુધી અભ્યાસ કર્યો છે. તેઓ કહે છે કે નાનપણથી એક વાત મગજમાં ખૂંચતી કે અમુક લોકો માત્ર કથા વાંચી જાય છે, પણ સમાજને સંદેશો આપતા નથી. મને વિચાર આવ્યો કે હું લોકોને કથા દ્વારા સારો સંદેશ આપું તો ? કદાચ આપણાં લોહીમાં એવું છે, કે વિદેશી સંસ્કૃતિનું આપણે ઝડપથી અનુકરણ કરીએ છીએ. મેં નક્કી કર્યું કે વિદેશમાં કથા વાંચી શરૂઆત કરવી. માત્ર કથા જ નથી વાંચવી, એમાંથી સંદેશ આપવો છે. મારો રસ જોઈ પિતાએ મને અંગ્રેજીમાં અનુવાદિત થયેલો અઢાર હજાર શ્લોકનો ભાગવત ગ્રંથ ભેટ આપ્યો. મેં વાંચન શરૂ કર્યું. બાર વર્ષ પહેલાં 35 વર્ષની ઉંમરે ઈંગ્લેન્ડમાં કોઈનાં આમંત્રણ વિના સામે ચાલીને એક પરિવારને ત્યાં કથાનું આયોજન કર્યું. ત્યાં વસતા ગુજરાતીઓને મોટી તકલીફ ભાષાની. ધાર્મિક ગ્રંથનાં અમુક શબ્દો, વાક્યો એમના ગળે ઉતારવા મુશ્કેલ. ઈલાજરૂપે મેં અંગ્રેજી શબ્દો અને વાક્યો વ્યાસપીઠ પરથી બોલવાનાં શરૂ કર્યા. જબરો પ્રતિસાદ મળ્યો. મોટી ઉંમરનાં લોકોએ પણ સ્વીકાર્યું અને યુવા પેઢીને થયું કે લૂક, આ મહારાજ તો અંગ્રેજીમાં કથા કરે છે.
ધીમે ધીમે વિદેશવાસી ગુજરાતીઓને રસ પડતો ગયો. માત્ર કથા જ નહીં, કથામાંથી નીકળતા દરેક સંદેશ અંગ્રેજીમાં કહું. દધીચિ ઋષિનો ઉલ્લેખ આવે તો એવી સમજણ આપું કે દધીચિ ઋષિએ પોતાના શરીરનું દાન કર્યું હતું. તો અત્યારની જરૂરત પ્રમાણે માણસે રક્તદાન, ચક્ષુદાન અને દેહદાન કરવું જોઈએ. વિધવા સ્ત્રીની વાત આવે તો શ્રોતાઓને કહું કે સ્ત્રી વિધવા હોય તોય શુકનિયાળ છે. તમે એને તરછોડો નહીં. સમાજે સ્વીકારી તેને સૌભાગ્યવતી સ્ત્રીનું સ્થાન આપવું જોઈએ. આ બધું બોલાય અંગ્રેજીમાં. અત્યાર સુધીમાં ઐંપ્રસાદ મહારાજે બ્રિટન અને ફ્રાન્સમાં સાત જેટલી કથા કરી છે. એ કહે છે કે શરૂઆતમાં તકલીફ પડતી, ત્યાંના લોકો પ્રશ્નો પૂછતાં, પણ એનું સમાધાન કરી દેતો. ભાગવત સપ્તાહમાં કૃષ્ણનો ઉલ્લેખ અને શ્રી દેવીભાગવતમાં માતાજીનાં ઉલ્લેખથી લોકોનો રોમાંચ વધવા લાગ્યો. દોઢેક વર્ષ પછી ઈંગ્લેન્ડમાં ફરી એમની કથાનું આયોજન થઈ રહ્યું છે. વર્ષે એકાદ વાર તો આયોજન હોય છે. આમ તો કુલ પચ્ચીસ જેટલી કથા કરી છે. ચાર વર્ષ પહેલાં અંબાજીમાં કથા હતી. ઐંપ્રસાદ કહે છે કે ત્યાં તો મેં ગુજરાતીમાં જ કથા શરૂ કરી, તો એક પછી એક કહેણ આવ્યાં કે મહારાજ અંગ્રેજીમાં કથા કરો. ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો અને યુવા વર્ગને ધ્યાનમાં લઈને અંબાજીમાં અંગ્રેજીમાં કથા કરી. વચ્ચે સંસ્કૃત અને ગુજરાતી આવે, જેથી કરીને વડીલોને તકલીફ ન પડે. ઐંપ્રસાદ કહે છે કે વિદેશમાં કથા કરવી હોય તો જે આપે તે લઈ લેવાનું. આવવા જવાની ટિકિટ આયોજકો મોકલે, બાકી કથાની ફી નક્કી નહીં. લેસ્ટરમાં મને આયોજકોએ સોનાની વીંટી આપી, મેં ત્યાં જ પાછી આપી દીધી. કથાનાં ખર્ચમાં પૈસા વાપરવાનું કહી દીધું. થોડા સમય પહેલાં રાજકોટમાં ગુજરાતીમાં કથા કરી. 108 દીકરીનાં સમૂહલગ્ન નિમિત્તે જલારામ ટ્રસ્ટે એ કથા યોજી હતી. એમાં ઐંપ્રસાદ મહારાજે એક પણ પૈસો લીધો નહીં. સામેથી સમૂહલગ્નમાં ફાળો લખાવ્યો. મોટા ભાગે વિદેશમાં ગુજરાતી પરિવારો જ કથાનું આયોજન કરે છે. કથામાં અઢીસોથી ત્રણસો લોકોની હાજરી અચૂક હોય. વિદેશનું નિમંત્રણ મળે એટલે ઐંપ્રસાદ નોકરીમાં હક્કની રજા જતી કરે છે. એ કહે છે કે હક્કની રજાનાં પૈસા મળે, પણ છેલ્લાં પંદર વર્ષથી મેં પૈસા લીધાં નથી. તમામ રજા વપરાઈ જાય છે. આજની ઊગતી પેઢી અંગ્રેજીમાં જ ખાય છે, પીવે છે, બોલે છે, સૂવે છે, જો આમ જ રહેશે તો ઊગતી પેઢીને રામાયણ, મહાભારત કે ભાગવત વિશે કશી ખબર નહી હોય, માટે આ બધું સમયની સાથે ઊગતી પેઢીને સમજાવવા અંગ્રેજીમાં ભાષાંતર કરવું જરૂરી છે. વિદેશમાં અંગ્રેજી કથા સાતથી નવ દિવસ ચાલે, પણ હું એક મહિનાનું રોકાણ કરું. બાકીનાં સમયમાં લોકો પૂજા કરાવે અને ધૂન બોલાવે. પૂજા પણ હું અંગ્રેજીમાં જ કરું છું.
વેલકમ વેલકમ નારાયણ, ગિવ મી દર્શન પરમેશ્વરમ.
ત્યાનાં અમુક લોકોને પધારો, પધારો... જેવા શબ્દો સમજતાં વાર લાગે છે. વેલકમ, વેલકમ બોલો એટલે ત્રણ ચાર વર્ષનું બાળક પણ સમજી જાય છે, છતાં યુવા પેઢી આપણા જૂના ગ્રંથોથી પરિચિત થાય એ જરૂરી છે. ઐંપ્રસાદ મહારાજને ધાર્મિકતા વારસામાં મળેલી છે. એમના દાદાએ સ્કંદપુરાણમાંથી જીવંતિકા માતાજીનો ઉલ્લેખ શોધી ગૃહમંદિર બનાવ્યું છે, જે ઐંપ્રસાદ મહારાજ સંભાળે છે. એ કહે છે કે છેલ્લાં 42 વર્ષથી આ ગૃહમંદિર હું, મારી પત્ની અને બન્ને દીકરી મળીને સંભાળીએ છીએ. જીવંતિકાદેવી બાળકોનાં દેવી ગણાય છે. ઐંપ્રસાદ કહે છે, કે વિશ્વમાં આ જીવંતિકાદેવીનું પ્રથમ મંદિર છે. બીજું સુરતમાં બન્યું છે. એની જ્યોત આ જ મંદિરેથી લઈ જવામાં આવી છે. જે સ્ત્રીને સંતાન ન થતું હોય કે બાળકો માટેનું કોઈ પણ કામ પાર ન પડતું હોય એ જીવંતિકાદેવીનું વ્રત રાખે છે. બાળકોનાં દેવી હોવાથી જીવંતિકા માતાજીનો પ્રસાદ પણ મોઢામાં પાણી આવી જાય એવો હોય છે. ઐંપ્રસાદ કહે છે, કે અમે તો પ્રસાદ રૂપે બાળકોને પુસ્તક, નોટબુક, પેન્સિલ અને લંચબોક્સ પણ આપીએ છીએ. ઘણાં રૂઢિચુસ્ત લોકો મને કહે છે, કે ભગવાનને આવો પ્રસાદ ધરીએ તો પાપ લાગે, હું એમને કહું છું, બધું જ પાપ મારા શિરે. હકીકત તો એ છે કે બચ્ચાં ખુશ તો માતાજી ખુશ ! આવા પ્રગતિશીલ વિચારવાળા કથાકાર ઐંપ્રસાદ કહે છે કે કોઈ ટ્રસ્ટ નથી. ફંડફાળો એકઠો કરવો હોય તો ટ્રસ્ટ કરવું પડે માટે મેં ટ્રસ્ટ કર્યું જ નથી. કથાની જે આવક થાય એ પણ સમાજમાં જ વાપરું છું. બાળકોને કહું કે માતાજીનો ગરબો ગાશો તો લંચબોક્સ કે વોટરબેગનો પ્રસાદ આપીશ. બચ્ચાં હોંશે હોંશે આખો ગરબો બોલે ને પ્રસાદ રૂપે લંચબોક્સ લઈ જાય. માતાજીની આરતી કરશો તો સેન્ડવીચ આપીશ, બચ્ચાંઓ શરૂ... પ્રસાદ સમયે મંદિરે બચ્ચાંઓની લાઈનો લાગે.

છેલ્લાં એક દાયકાથી તો જીવંતિકાદેવીનાં ઓનલાઈન દર્શનનો ટ્રેન્ડ પણ વધ્યો છે. ઐંપ્રસાદ કહે છે કે વિદેશી શ્રદ્ધાળુ માટે ઓનલાઈન દર્શનની વ્યવસ્થા રાખી છે. અમારી વેબસાઈટ પણ છે. વિદેશીઓને ઈ મેઈલ દ્વારા પૂજા પાઠ કરાવાય છે. એક મહિલાનો ઈ મેઈલ આવ્યો કે મારા વતી પૂજાપાઠ કરી બચ્ચાંઓને પ્રસાદ આપશો? પૂજાપાઠ પતાવી ઐંપ્રસાદે એમને વળતો ઈમેઈલ પણ કરી દીધો કે તમારા વતી પૂજા પાઠ અને પ્રસાદ ધરાઈ ગયો છે. મહારાજ કહે છે કે મહિને આવા પાંચેક ઈ મેઈલ તો હોય. ઉનાળામાં આઈસ્ક્રીમનો પ્રસાદ રાખીએ છીએ. બચ્ચાં ઉપરાંત વડીલો પણ પ્રસાદ લે છે. ઐંપ્રસાદ કહે છે કે ભવિષ્યમાં યુવા પેઢી માટે ગુજરાતમાં અંગ્રેજી કથા કરવી છે. પુણે સ્થિત ભાંડારકર ઈન્સ્ટિટીયૂટે મહાભારતનો અંગ્રેજી ગ્રંથ તૈયાર કર્યો છે. એનું પઠન કરી લોકોને મહાભારતનો મહિમા સમજાવવો છે. મહાભારતમાં અનેક સંદેશા છે. આવા સંદેશા દ્વારા લોકોનાં મનમાં ભરેલી અંધશ્રદ્ધા કાઢવાની ઈચ્છા છે. કથાઓમાં પણ વિજ્ઞાન રહેલું છે. સમાજને વિજ્ઞાનની જરૂર છે. શીતળાનાં રસી રોગ માટે કોઈ પૈસા આપતું નથી. શીતળા માતાજીનું મંદિર બાંધવા લોકો હસતા મોઢે પૈસા આપશે. આ અંધશ્રદ્ધા દૂર કરવી છે. શિક્ષિતો આવી અંધશ્રદ્ધા દૂર કરશે તો જ સમાજ આગળ આવશે. વિધવા સ્ત્રીઓને બીજી વાર પરણવાનો અધિકાર સમાજ શું કામ નથી આપતો. મારા ગૃહમંદિરમાં હું દર વર્ષે 200 જેટલી વિધવા સ્ત્રીને પૂજા કરાવી વસ્ત્રો આપું છું. વિધવાને અપશુકનિયાળ માનનારો સમાજ અંધશ્રદ્ધાથી ઘેરાયેલો છે. તાજેતરમાં એક વિધવા સ્ત્રીનાં હાથે એમણે બસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન પણ કરાવ્યું. ઐંપ્રસાદ મહારાજને આ પ્રકારની ઘણી અંધશ્રદ્ધા દૂર કરવી છે. આ સંદેશ ઝડપથી પ્રસરે તેથી એમણે અંગ્રેજીમાં કથા કરવાનો ભેખ ધારણ કર્યો છે.

બીજાને પ્રેરણા મળે તેવા કાર્ય કરો

વૃક્ષને આકાર પકડતાં વર્ષો લાગે છે, જયારે તેને કાપવું હોય તો ગણતરીની મિનિટમાં કાપી શકાય છે. કોઈપણ વસ્તુનું સર્જન કે જાળવણી કરવામાં લાંબા સમયનાં પ્રયાસ કરવા પડે છે. જયારે તોડફોડ અને નકારાત્મકતા માટે કેટલીક મિનિટ જ પૂરતી છે. આપણે હંમેશા નુકસાન તરફ ધ્યાન આપીએ છીએ. આપણે મિશાઈલમેન એપીજે અબ્દુલ કલામ અને મેટ્રોમેન ઈ શ્રીધરન જેવાઓનાં કામ પર ધ્યાન નથી આપતાં. એવો અનુભવ થાય છે કે જાણે વિશ્વમાં બધું નકારાત્મક છે. પ્રત્યેક બાબતમાં ખરાબી છુપાયેલી છે. તેનાં કારણે આપણા વિચારો પર ઊંડો પ્રભાવ પડે છે. આપણે સમાજનાં સંસ્થાપકો તરફ ધ્યાન આપવાની જરૂર છે. એવા લોકો વિશે વિચારવાથી પ્રેરણા મળે છે. તાજેતરમાં જ મારી પડોશમાં રહેતી 94 વર્ષની વ્યકિતનું અવસાન થયું. અમે તેમને દારજી કહેતા હતાં. હું હંમેશા તેમને પૂછતો કે આટલી ઉંમરે તમે ફીટ કઈ રીતે છો ? તેઓ કહેતા કે ખુશ રહેવા હંમેશા કાંઈક કરતાં રહેવું જોઈએ. બેઠાં રહેવાથી તનાવ વધે છે. નિવૃત્તિ પછી તેમણે પૌત્ર અને પૌત્રીઓને ભણાવવાનું શરૂ કર્યું. તેઓ પોતાને હંમેશા વ્યસ્ત રાખતાં હતાં. પુત્ર અને પુત્રવધૂ તેમના કાર્યની પ્રશંસા કરીને સારી દેખભાળ રાખતાં હતાં, તેમણે અનુભવ્યું કે પ્રેમ મેળવવા માટે કાંઈક કરતાં રહેવું જરૂરી છે. તેમણે કહ્યું કે નિવૃત્તિ પછી કેટલાંક લોકો સુસ્ત થઈ જતા હોય છે. તેના કારણે જીવનમાં તનાવ આવે છે. નાની અમથી વાતમાં તેઓ ચીડાઈ જાય છે. કુટુંબથી દૂર થઈ જાય છે. કુટુંબમાં ઝઘડા થાય છે. આશાઓ તૂટી જાય છે. પૌત્ર અને પૌત્રીએ સારી કોલેજમાં પ્રવેશ મેળવી લીધાં પછી તેમણે પડોશમાં રહેતાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. તેના કારણે જીવનમાં તણાવ, ઉદાસી અને ફરિયાદ માટે કોઈ જગ્યા ના રહી. તેઓ કહેતા કે ડાયાબિટીસ અને હૃદયરોગથી પીડિત હોવા છતાં જીવન સારી રીતે ચાલતું, તેનું કારણ લોકોની પ્રાર્થના હતી. તેઓ બધાનાં આભારી રહેતા હતાં. મેં દારજીને કદી સમય બરબાદ કરતા જોયા નહોતાં. તેઓ પ્રત્યેક સમયે બાળકોનું ભાવિ બનાવવામાં લાગેલા વ્યસ્ત રહેતા હતાં. હું પણ દારજીનો આભારી છું. તેમણે મારા જેવા અનેક લોકોને સુંદર જીવન વ્યતિત કરવા પ્રેરણા આપી છે.

સહભાગી વન વ્યવસ્થા સમિતિ રાજકોટ રાજકોટ વન વિભાગ નોર્મલ

@ રાજકોટ વન વિભાગ અંતર્ગત ગુજરાત વાનિકી વિકાસ પરિયોજના JBIC યોજના હેઠળ વન વિસ્તારમાં આવતા 24 ગામોમાં છેલ્લાં બે વર્ષમાં 24 નવી સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ JFMC બનાવવામાં આવેલ છે. જેમાં લોકભાગીદારી દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.


@ સહભાગી વન સમિતિ મારફતે ગામોમાં એન્ટ્રીપોઈન્ટ એક્ટિવિટીનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. ગામોમાં ઉપયોગી સુવિધાઓ જેવી કે પાણીનાં અવેડા, શાળામાં રમકડા, સંગીતનાં સાધનો, રમત ગમતનાં સાધનો, સોલાર લાઈટ, વોટર કુલર, મોર ચણઘર, ચબૂતરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

@ રાજકોટ વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ 24 નવી સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ JFMC માં લોક ભાગીદારીથી 700 હેકટર વિસ્તારમાં ઘાસ વાવેતરની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ પ્લોટનું રક્ષણ તથા નિભાવણી જે તે ગામનાં સમિતિ સભ્યો દ્વારા કરવામાં આવે છે. આ પ્લોટમાં ઉત્પન્ન થયેલ ઘાસ જે તે ગામનાં સભાસદોને આપવામાં આવે છે.

@ સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ JFMC અંતર્ગત કુલ 47 સ્વસહાય જૂથની રચના કરવામાં આવી છે. આ સ્વસહાય જૂથ થકી લોકોની આવકમાં વૃધ્ધિ થાય અને લોકોનું જીવન ધોરણ ઉંચુ આવી શકે તે હેતુસર વન બચત મંડળની રચના કરવામાં આવેલ છે.

@ 47 ગામોમાં તૈયાર થયેલ વન બચત મંડળીઓ દ્વારા 20 ટકા ભંડોળ જે તે મંડળીઓનાં સભ્યો દ્વારા એકત્ર કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા પ્રતિ વન બચત મંડળીઓને ₹ 15,000 સહાય પેટે તેમજ ₹ 15,000 લોન પેટે મળી કુલ ₹ 30,000 રાજકોટ વન વિભાગ દ્વારા આપવામાં આવે છે.

@ વન બચત મંડળીઓનો બિઝનેશ પ્લાન તૈયાર કરવામાં આવે છે. જે તે બચત મંડળીઓ મંડપસેટ, ખોળદાણ, વાસણસેટ, સિલાઈકામ, સાડી વેચાણ, પારા બનાવવા વગેરે પ્રવૃત્તિઓ કરી ઘેરબેઠાં આવક ઉભી કરી શકે છે. જે નફો થાય તેમાંથી લોન સહાય પેટે ચૂકવેલ રકમ પરત લેવામાં આવે છે. બાકીની રકમ જે તે બચત મંડળીઓ પાસે રહે છે. આમ મંડળીઓ ઘેરબેઠાં રોજગારી મેળવી જીવન નિર્વાહ ચલાવી શકે છે. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી શકે તેવા હેતુથી આ પ્રયત્નો કરવામાં આવે છે.



એમ. એસ. એરવાડીયા
નાયબ વન સંરક્ષક : રાજકોટ વન વિભાગ



ક્ષાત્ર ધર્મ

મહાભારતનાં શાંતિ પર્વમાં રાજ ધર્માનુશાસન પર્વ આવે છે. તેના અધ્યાય 54માં જણાવ્યા મુજબ ઈન્દ્રનું રૂપ ધારણ કરીને સ્વયં ભગવાન વિષ્ણુ રાજા માંધાતાએ કરેલા યજ્ઞથી પ્રસન્ન થઈ તેની પાસે આવે છે. ચર્ચા દરમિયાન ઈન્દ્ર રૂપધારી વિષ્ણુ ભગવાન ક્ષાત્ર ધર્મ વિશે સમજાવતા રાજા માન્ધાતાને કહે છે :

क्षात्रो धर्मो हयादिदेवात् प्रवृतः । पश्चावन्ये शेषभूताश्च धर्माः ॥
अस्मिन् धर्मे सर्वधर्माः प्रविष्टा । तस्माद धर्म श्रेष्ठमिमं वदन्ति ॥

અર્થાત્ 'આદિદેવ વિષ્ણુ દ્વારા પ્રથમ ક્ષાત્ર ધર્મ જ પ્રવૃત્ત કરવામાં આવ્યો હતો. બાકીનાં ધર્મો પછીથી પ્રવૃત્ત થયાં હતાં. આ ક્ષાત્ર ધર્મમાં તમામ ધર્મોનો સમાવેશ થઈ જાય છે, એટલે તેને શ્રેષ્ઠ ધર્મ કહેવામાં આવે છે.' આ કથન પરથી સ્પષ્ટ થાય છે કે ક્ષાત્ર ધર્મ આદિ છે. શેષ સર્વધર્મોનો પ્રવર્તક છે. ક્ષાત્ર ધર્મ દ્વારા અન્ય ધર્મોનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે. તેથી અંગિરા ઋષિનાં પુત્ર ઉતથ્ય રાજા માંધાતાને કહે છે :

क्षत्रियस्य प्रमतस्य दोषः संजयते महान । अधर्माः सम्प्रवर्धन्ते प्रजासंकरकारकाः ॥

અર્થાત્, 'ક્ષત્રિયોનાં પ્રમાદને કારણે સમાજમાં અનેક દોષો પેદા થાય છે. અધર્મની વૃધ્ધિ થાય છે. પ્રજા વર્ણસંકર બની જાય છે.' ક્ષાત્ર ધર્મને અનુલક્ષીને જ ભગવાન વિષ્ણુ રાજા માંધાતાને કહે છે :

सर्वधर्मकरं क्षात्रं लोक श्रेष्ठ सनातनम् । शाश्वदक्षरपर्यनन्तक्षरं सर्वतोमुखम् ॥

અર્થાત્ ક્ષાત્ર ધર્મ સર્વધર્મમાં પ્રવર્તક અને રક્ષક, શ્રેષ્ઠ, સનાતન, નિત્ય અવિનાશી અને મોક્ષ પર્યંત લઈ જનાર સર્વતોમુખી ધર્મ છે. આવા શ્રેષ્ઠ ક્ષાત્ર ધર્મનાં પાલનની ઈચ્છા રાખનાર ક્ષત્રિયે શું કરવું જોઈએ તે અંગે ભૃગુ વગેરે ઋષિઓ સંર્વસંમતિથી કહે છે :

बृहुश्रुत्या गुरु श्रुषया च परस्पर संहननाद् वदन्ति ।
नित्यं धर्म क्षत्रियो ब्रह्मचारी चरेदेको हृमाश्रमं धर्मकामः ॥

અર્થાત્ 'ઋષિઓ પરસ્પરની સહમતીથી કહે છે કે ધર્મની કામનાવાળા ક્ષત્રિયે કાયમ બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વેદની અનેક વિદ્યાનાં પારંગત ગુરૂની સેવા કરીને નિત્ય ધર્મ પાલન કરવું જોઈએ. ક્ષત્રિયે વેદ વિદ્યાઓનો અભ્યાસ કરતા સ્વધર્મનું પાલન કરવું જોઈએ. મહાભારતનાં શાંતિપર્વ અંતર્ગત મોક્ષ ધર્મ પર્વમાં ભૃગુઋષિ ભારદ્વાજ ઋષિને કહે છે :

क्षात्रजं सेवते कर्म वेदाध्ययनसंगत : ।

અર્થાત જે વેદોનાં અધ્યયન સાથે ક્ષત્રિયોચિત કર્મો કરતા રહે તે ક્ષત્રિય છે. મનુસ્મૃતિમાં પણ ક્ષત્રિયો માટેનાં કર્મો, નિયત કરતા કહ્યું છે :

प्रजानां रक्षण दानमिज्या ध्ययनमेव च ।
विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समासतः ॥

અર્થાત્ 'પ્રજા રક્ષણ, દાન,યજ્ઞ, વેદો અધ્યયન વગેરે ક્ષત્રિયોનાં કર્મ છે.' પ્રજા રક્ષણ એ રાજધર્મ છે. ક્ષત્રિય રાજાએ પ્રજાજનોનું ન્યાયપૂર્વક રક્ષણ કરવું જોઈએ. અસંયમી ક્ષત્રિય રાજા પ્રજાનું રક્ષણ કરી શકતો નથી. સંયમ નષ્ટ થાય છે એટલે રાજાએ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. ઈન્દ્રજીત બનવા માટે ક્ષત્રિય રાજાએ યોગ સાધનાનો આશ્રય લેવો જોઈએ. આ સંબંધમાં મનુસ્મૃતિમાં કહ્યું છે :

इन्द्रियाणां जये योगं समातिष्ठे दिवानिशम् ।
जितेन्द्रियो हि शक्नोति वशे स्थपायितुं प्रजाः ॥

અર્થાત્ 'ઈન્દ્રિયો પર વિજય મેળવવા માટે રાત દિવસ યોગમાં રત રહેવું જોઈએ, કારણ કે જિતેન્દ્રીય રાજા જ પ્રજાને વશમાં રાખી શકે છે.' આ રીતે ક્ષત્રિય માટે બ્રહ્મચર્યનું પાલન કરવું અને યોગ દ્વારા જિતેન્દ્રીય બનવું એ મહત્ત્વની બાબત છે. અર્થવેદમાં કહ્યું છે :

ब्रह्मचर्येण तपसा राजा राष्ट्रं विरक्षति ॥

અર્થાત્ 'બ્રહ્મચર્યનાં પાલન અને તપશ્ચર્યા દ્વારા રાજા પોતાના રાષ્ટ્રનું રક્ષણ કરવા શક્તિમાન બને છે.' જેમ યોગ સાધના અર્થાત્ તપશ્ચર્યા દ્વારા જિતેન્દ્રીય બનવું તે ક્ષત્રિય માટે મહત્ત્વનો ધર્મ છે. તેમ પ્રજા અને રાજ્યનાં રક્ષણ અર્થે પ્રાણનું બલિદાન આપતાં અચકાવું જોઈએ નહીં તે પણ મહત્ત્વનો ધર્મ છે. ક્ષત્રિયનાં પ્રાણ સ્વાર્થ માટે નહીં, પરમાર્થ માટે હોય છે. નીચે જણાવેલ કોઈપણ હેતુ માટે ઉત્સર્વ કરવો તે મહાન ક્ષાત્રધર્મ છે.

1. સ્વદેશનું રક્ષણ 2. શત્રુતાનો નાશ 3. ધર્મનું રક્ષણ 4. સ્ત્રીનું રક્ષણ અને 5. શરણાગતનાં રક્ષણ માટે નાશવંત શરીરનો મોહ રાખ્યા વિના જે ક્ષત્રિય ઉપરોક્ત હેતુ માટે પોતાનું પ્રાણદાન આપે છે. તે આ લોકમાં તેમજ પરલોકમાં ઉત્તમ પ્રતિષ્ઠા પામે છે. મહાભારતમાં ઉદ્યોગપર્વમાં કહેવામાં આવ્યું છે :

द्वाविमौ पुरुषव्याध्र सूर्यमंडल भेदिनौ । परिव्राज योग युवतश्च रणे चाभिमुखो हतः ॥

અર્થાત્ 'યોગ યુકત સંન્યાસી અને રણ મેદાનમાં લડતા મૃત્યુને ભેટનાર યોદ્ધા આ બેજ સૂર્ય મંડળને ભેદી ઉર્ધ્વગતિ પામી શકે છે.' ક્ષત્રિય માટે પણ પોતાના જીવને સાર્થક કરવા માટે આ બે માંથી કોઈ એક રાહ અપનાવવો જરૂરી છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ પણ અર્જુનને ઉપદેશે છે :


तस्माद्योगी भवार्जुन ।

અર્થાત હે અર્જુન ! તું યોગી થા, પ્રાચીન કાળમાં અનેક ક્ષત્રિય રાજાઓ આ યોગનાં આશ્રય રહી ચૂક્યાં છે અને રાજર્ષિનું પદ પામ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે :

इमं विवस्वते प्रोक्तवानहमव्ययम् । विवस्वान्मनवे माह मनुरिक्ष्वाक्वेड ब्रवीत् ॥
एवं परंपराप्राप्ति मिमं राजर्षयो विदु : । कोलेनेह महता योगो नष्ट : परन्तप ॥

અર્થાત્ 'આ અવિનાશી યોગ પૂર્વે સૂર્યને કહ્યો હતો. સૂર્યએ મનુને અને ઈશ્વાકુને કહ્યો હતો. આ યોગ અનેક રાજર્ષિ દ્વારા પંરપરાગત રીતે જાણવામાં આવ્યો. હે અર્જુન ઘણો કાળ વ્યતીત થવાથી આ યોગ ભુલાઈ ગયો છે.' પરંતુ તું મારો ભક્ત અને મિત્ર હોવાથી એજ પુરાતન યોગ આજે મે તને કહ્યો છે. ક્ષાત્ર પ્રાકૃતિનો સર્વોત્તમ ગુણ છે.'ઈશ્વરભાવે' એ ગુણ વિકસાવવા માટે યોગ અનિવાર્ય છે. ક્ષત્રિય પોતાના પ્રાકૃતિક ગુણો વિકસાવીને સ્વભાવોચિત્ત કર્મો કરવા જોઈએ. સૂર્ય જેમ પોતાના સપ્તરંગી કિરણો દ્વારા પૃથ્વીને પ્રકાશિત કરે છે, તેમ ક્ષત્રિય પોતાના સપ્ત કર્મો વડે પૃથ્વીને શોભાવે છે. પૃથ્વીનું શોષણ કરે તે ક્ષત્રિય નહીં, શોભાવે તે ક્ષત્રિય. ક્ષાત્ર પ્રકૃતિનાં સાત કર્મો વિશે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

शोर्य तेजो धृति ददाश्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम ॥



રાજપૂત ઇતિહાસ

રાજપૂતો મુખ્યત્વે ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં તથા પાકિસ્તાનનાં કેટલાંક ભાગોમાં રહેનારી એક વિશિષ્ટ જાતિ છે. તેઓ એક રાજયકર્તા અને શૌર્યવાન ઈતિહાસ ધરાવનાર જાતિ છે. વસ્તીની દૃષ્ટિએ ઉત્તર, મધ્ય તથા પશ્ચિમ ભારતનાં રાજ્યોમાં તેઓ વસે છે. જેમ કે ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ, હિમાચલ પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, જમ્મુ કાશ્મીર, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર વગેરે. ઈ.સ. 6ઠ્ઠી શતાબ્દી પહેલા ''રાજપૂત'' શબ્દ, શબ્દકોષમાં હોવા છતાં ''રાજપૂત'' જાતિનો ઉલ્લેખ 6ઠ્ઠી શતાબ્દી પહેલા ખાસ જોવા મળતો નથી. રાજપૂતોનો ઉદય ઈ.સ. 6ઠ્ઠીથી 12મી શતાબ્દી દરમ્યાન થયો હતો. તેમજ 20મી સદી સુધી રાજસ્થાન, પંજાબ, કાશ્મીર તથા સૌરાષ્ટ્રમાં બધે જ મુખ્યત્વે રાજપૂતોનું રાજ્ય હતું.

ઈ.સ. પૂર્વે બીજી અને ત્રીજી સદી દરમ્યાન ભારતમાં 16 મોટા રાજ્યો હતાં. જેને ''મહાજનપદ'' કહેવામાં આવતાં હતાં. તેમજ બીજા કેટલાંક ''જનપદ'' હતાં, તેમાં લગભગ 36 કુળનાં વિવિધ મોટા રાજ્યો હતાં. આ 36 કુળને 36 કુળ રાજપૂતો તરીકે સ્થાપિત કરવામાં આવ્યાં હતાં. જેમાં સૂર્યવંશી, ચંદ્રવંશી, અગ્નિવંશી અને નાગવંશી એમ ચાર વંશોનાં રાજપૂતો મુખ્ય હતાં. 5મી સદીમાં ગુપ્ત વંશનાં અંત પછી 6ઠ્ઠી સદીમાં રાજપૂત રાજ્યોનો ઉદય થયો. ગુર્જર પ્રતિહાર [પરિહાર], ચૌહાણ [ચહુમાન], ચાણક્ય [સોલંકી], પરમાર અને યદુવંશી રાજપૂતોનાં મહાન રાજ્યો આ સમયમાં અસ્તિત્વમાં આવ્યાં અને પ્રજામાં લોકપ્રિય થયાં હતાં. રાજપૂતોએ સદીઓ સુધી ભારતની પ્રજાનું રક્ષણ કર્યું હતું અને પોતાના સમર્પણો આપીને આ દેશની સંસ્કૃતિનું રક્ષણ કર્યું હતું. દિલ્હીની સલ્તનત પર મુસ્લિમ અને પછી બ્રિટિશ શાસન રહેવા છતાં ઉપરોક્ત રાજ્યોમાં મહદ્અંશે પ્રજા પર રાજપૂતોનું રાજ્ય જળવાઈ રહ્યું હતું. જેના કારણે ભારતની પ્રજા વિધર્મી અને વિદેશી અત્યાચારથી મહદ્અંશે મુક્ત રહી હતી. પરિણામ સ્વરુપે આ મહાન ભારત દેશમાં 90 ટકા લોકો પોતાની સંસ્કૃતિને આબાદ રીતે બચાવી શક્યા છે.

રાજપૂતની વ્યાખ્યા : રાજપૂત શબ્દ 'રાજ પુત્ર' એટલે કે રાજાનાં પુત્ર પરથી ઉતરી આવ્યો છે. રાજપૂતો 36 કુળમાં વિભાજિત થયેલ છે. રાજપૂત શબ્દનો ઉલ્લેખ પ્રાચીન સાહિત્ય જેમ કે ઋગ્વેદ, મહાભારત, રામાયણ તથા શ્રીમદ્ ભાગવત્માં પણ થયેલ છે. તદ્ઉપરાંત, કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં, કાલિદાસનાં માલવિકાગ્નિમિત્રમાં, અશ્વઘોષનાં સૌંદરાનંદમાં, બાણભટ્ટનાં હર્ષચરિત અને કાદમ્બરીમાં તથા કલ્હાનનાં રાજતરંગિનીમાં પણ 'રાજ પુત્ર' શબ્દનો ઉલ્લેખ થયેલ છે.

રાજપૂતોની ઉત્પત્તિ અને ભૌગોલિક વિસ્તાર : રાજપૂત પ્રજા આ દેશનાં મૂળ આર્યોમાંથી ઉત્પન્ન થયેલી છે. રાજપૂતો મૂળ ચાર વંશોમાં વહેંચાયેલા છે. જેમ કે સૂર્યવંશી, ચંદ્રવંશી, અગ્નિવંશી અને નાગવંશી.

સૂર્યવંશી : ક્ષત્રિયોનો સૌથી પ્રાચીન વંશ સૂર્યવંશ છે. ભગવાનશ્રી રામનો જન્મ પણ સૂર્યવંશમાં થયો હતો. સૂર્ય વંશની પ્રથમ વ્યક્તિ વિવશ્વાન હતાં. ઈક્ષવાકુ સૂર્યવંશનાં પ્રથમ રાજા હતાં. રાજપૂતોએ મીસર, સિંધ, અફઘાનિસ્તાન, સૌરાષ્ટ્ર, માલવા, ગુજરાત, કનોજ, મથુરા, મેવાડ, મારવાડ, અંબર વગેરે પ્રદેશો પર શાસન કર્યું હતું. આ વંશમાં રાઠોડ, જામવાલ, લોહાના રાઘવ, પુન્ડિર, સિસોદિયા, બારગુર્જર, દુર્ગવંશી, મિન્હા, ઝાલા, વર્ધન અને કચ્છવાહા સમાવિષ્ટ છે.

ચંદ્રવંશી : સમા/જાડેજા, ચુડાસમા, ભાટી, મકવાણા/ઝાલા, ચંદેલ, તોમર વગેરે ચંદ્રવંશી રાજપૂતો સોમ અથવા ચંદ્ર નામનાં રાજામાંથી ઉતરી આવેલ હોવાથી તેમના વંશનુ નામ ચંદ્રવંશી છે. યદુવંશી રાજપૂતો ભગવાનશ્રી કૃષ્ણનાં વંશજો ગણાય છે. યદુવંશી રાજપૂતોએ ગુજરાત, સિંધ, સૌરાષ્ટ્ર, કચ્છ, જેસલમેરમાં શાસન કરેલ છે. ચંદ્રવંશી એ રાજા સોમ [ચંદ્ર] નાં વંશજો છે. ઘણો પ્રાચીન વંશ છે. સોમ આ વંશના સૌપ્રથમ રાજા હતાં. આ વંશમાં બીજા મહત્ત્વનાં રાજા પુરૂરવા, તાહશ, યયાતિ, દુષ્યંત, ભરત [જેના પરથી ''ભારત'' દેશનું નામ પડ્યું], કુરુ, શાંતનું અને યુધિષ્ઠર હતાં. આ વંશમાં પંજાબનાં સૈની, ભટ્ટી, ડોડ, જાદૌન, સમા/જાડેજા, ખંઝાડા, મિયોસ, યાદવ, તન્વર, સુલેરીયા, પઠાણિયા, ભંવર, ચંદેલ, ચુડાસમા, ભાટી, કટોચ વગેરે રાજપૂતોનો સમાવેશ થાય છે. સિંધમાં સમા [જાડેજા] વંશનું શાસન સદીઓ સુધી રહ્યું હતું, જે નોંધપાત્ર ઘટના હતી. કચ્છ સૌરાષ્ટ્રનું શાસન પણ અજોડ હતું.

અગ્નિવંશી : અગ્નિવંશી રાજપૂતો નામ પ્રમાણે અગ્નિની હાજરીમાં રાજપૂત તરીકે સ્થાપિત થયાં હતાં. પૌરાણિક કથા અનુસાર, ઋષિ વશિષ્ઠએ એક મહાયજ્ઞ માઉન્ટ આબુ ખાતે યોજેલ હતો, જેમાં સમ્રાટ અશોકનાં પુત્રો પણ સામેલ થયાં હતાં. આમ અગ્નિવંશીની સ્થાપના થઈ હતી. અગ્નિવંશમાં મુખ્યત્વે ચાર પ્રકારનાં રાજપૂતોનો સમાવેશ થાય. છે. : પરમાર, ચૌહાણ,સોલંકી તથા પરિહાર.

ભારત વર્ષમાં રાજપૂત શાસન : પૌરાણિક કાળથી રાજપૂતોએ ભારત વર્ષ પર રાજ કરેલ છે, જેમાંથી મોટાભાગનાં સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજપૂતો હતાં. ત્યાર પછીનાં સમયમાં તામ્રપત્રો અને અન્ય લખાણોનાં આધારે ફલિત થાય છે, કે પ્રથમ રાજપૂત સામ્રાજ્ય ઈસવીસન છઠ્ઠી સદીમાં નોંધાયેલ છે. ઈ.સ. પાંચમી અને છઠ્ઠી સદી દરમ્યાન ગુપ્ત વંશનાં પતન પછી ભારતમાં રાજપૂતો પ્રભાવિક બન્યાં હતાં. ભારત ઉપરાંત રાજપૂતોનું સામ્રાજ્ય અફઘાનિસ્તાન, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, દક્ષિણપૂર્વીય એશિયા અને તિબેટનાં અમુક ભાગ સુધી પણ ફેલાયું હતું.

છઠ્ઠી થી આઠમી સદીનો રાજપૂત ઇતિહાસ : વિનેપાલ નામક રાજપૂત શાસકે આ સમય દરમ્યાન રાજસ્થાનમાં આવીને બથિન્ડાનો કિલ્લો સતલજ નદીનાં કાંઠે બનાવ્યો, જે તેણે પોતાની રાજધાની તરીકે જાહેર કરેલ. ત્યારબાદ પેશાવર સુધીની ભૂમિ જીતીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. પંજાબમાં રાજપૂત શાસન ઈ.સ. 1010 સુધી ચાલ્યું. છઠ્ઠી સાતમી સદીમાં મહંમદ બિન કાસિમની આગેવાની હેઠળ થયેલા આરબ આક્રમણ દરમ્યાન સિંધ પર શાસન કરી રહેલા રાય રાજવંશ સાથે સંઘર્ષ થયો હતો. બિનકાસિમે ચિત્તોડગઢ પર પણ આક્રમણ કર્યું હતું, પરંતુ તેને બપ્પા રાવળ દ્વારા જોરદાર પરાજય મળ્યો હતો. સિંધમાં સમા, પરમાર અને મકવાણા વંશનું સદીઓ સુધી શાસન રહ્યું હતું. જે ઈ.સ. 1450 સુધી હતું. પરમાર વંશનાં કેટલાક રાજ્યો તો 1947 સુધી રહ્યાં હતાં.

આઠમીથી અગિયારમી સદી દરમ્યાનનું રાજપૂત શાસન : સૌપ્રથમ રાજપૂત રાજ્ય સાતમી સદીમાં હોવાનાં પુરાવા મળે છે. નવમીથી અગિયારમી સદી દરમ્યાન રાજપૂતોનો દેશની રાજનીતિમાં પ્રભાવક ઉદ્ભવ થયો હતો. ગેહલોત વંશનાં બપ્પા રાવળે ઈ.સ. 810માં ચિત્તોડનો કિલ્લો કબજે કરીને તેમનું સામ્રાજ્ય સ્થાપ્યું, એ પહેલા ચિત્તોડ મોરી વંશનાં રાજપૂતો હેઠળ હતું. માનસિંહ મોરીવંશનો ચિત્તોડમાં છેલ્લો શાસક હતો. મોરી શબ્દ મૌર્યમાંથી અપભ્રંશ થઈ ઉતરી આવ્યો હોવાનું માનવામાં આવે છે, જે સમ્રાટ અશોકનાં વંશજ હતાં. કચ્છવાહા વંશ મૂળ બિહારથી ઉદ્ભવ્યો હતો. આ વંશ દ્વારા આઠમી સદીમાં ગ્વાલિયર અને નરવર નગરો સ્થાપવામાં આવ્યાં હતાં. આજ વંશનાં દુલ્હા રાયજી એ અગિયારમી સદીમાં ઘુંઘરમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. ઈ.સ. 1156માં રાવળ જેસલ ભાટીએ જેસલમેર કિલ્લા તથા શહેરની સ્થાપના કરી અને પોતાની રાજધાની બનાવી.

ગોહિલ વંશની શાખા અને ગૌત્ર :
મૂળપુરૂષ : આદિનારાયણ, વંશ : ચંદ્ર, કુળ : પાંડવ, ગૌત્ર : ગૌતમ, વેદ : યજુર્વેદ, પ્રવર : એતીની, અંગારતી અને આંગીરસ, કુળદેવી : ચામુંડા, સહાયકદેવી : ખોડિયાર, ઈષ્ટદેવ : શ્રીકૃષ્ણ, ગણપતિ : એકદંત્તા, નદી : ગંગા અને લૂણી, ભૈરવ : ગોરો, વર્ણ : અગ્નિ, ક્ષેત્રયામ : ધુમડીઓ, જનોઈ : શિવગાઠની, ક્ષેત્રભૂમિ : ખેરગઢ પછી ગોહિલવાડ, ગાય : કામધેનુ, ઘોડો : વિશ્વજીત, નેજા : કેસરી, ડંકો : રણજીત, તલવાર : અરિ, મારણ : અડીયા, નાગ : તક્ષત.

રાઠોડ/ચંપાવત/કુંપાવત/રમલાવત/ઉદાવત વંશની શાખા અને ગૌત્ર :
વંશ : સૂર્ય, ગૌત્ર : ગૌતમ, પ્રવર : મૌન, અંગરસિ : સમાદા, વેદ : યજુર્વેદ, શાખા : મધ્યાંદીની, સૂત્ર : કાત્યાયન, શિક્ષા : દાહીન, પાદ : દાહીન, પહા : ગાંગેય, ગુરુ : વશિષ્ઠ, નગારૂં : રણજીત, ડોલી : દેહદડો, ભૈરવ : મંડોવર, ઢોલ : ભંવર, કુળદેવી : નાગણેચી, માતાજી : ગાય, પુરોહિત : શિવણ, નદી : સરયુ, ચારણ : રોહિડીયા, ધર્મ : વૈષ્ણવ, ઘોડો : દલસીંગાર, ગાદી : કનોજ, બિરૂદ : રણબંકા, તલાવર : રણથલી, માલા : રત્ન અને કપિલા, નિશાન : પંચરંગા.


ચુડાસમા/સરવૈયા/રાયજાદા વંશની શાખા અને ગૌત્ર :
ગૌત્રઃ અત્રિ, શાખા : માધની, આદ્યપુરુષ : આદિનારાયણ, દાદા :બ્રહ્માજી, વંશ : ચંદ્ર, કુળ : યદુ, કુળદેવી : અંબા ભવાની, સહાયકદેવઃ ખોડિયાર, કુળદેવતા : કૃષ્ણ, પર્વત : અત્ર, આગ અને સોન, નેજા : કેસરી, ગણપતિ : મહોદર, રણક્ષેત્ર : કુરુક્ષેત્ર, તલવાર : તાતી, શંખ : અજય, પવિત્રનગરી : મથુરા અને દ્વારકા, ઘોડો : શ્યામવર્ણ, નદી : કાલીન્દી, માતા : અનસૂયા, મહાદેવ : સિદ્ધેશ્વર, નગારૂ : અજીત, જનોઈ : રૂદ્રગોઠ.

ગેહલોત/સીસોદીયા વંશની શાખા અને ગૌત્ર :
વંશ : સૂર્ય, શાખા : ગેહલોત, ગૌત્ર : શ્રી વૈજપાવન, પ્રવર : બાર્હસ્પત્ય, કુળદેવી : બાણમાતા, ગુરુ : વશિષ્ઠ, ઋષિ : હરિત, ઈષ્ટદેવ : એકલિંગજી, વેદ : સામવેદ, શાખા : કૌથુમી, સૂત્ર : ગૌભિલ ગૃહ, ઝંડા : લાલ સોનેરી સૂર્યનું ચિન્હ, નદી : સરયુ, પક્ષી : નીલંકઠ.

ચૌહાણ રાજપૂત વંશની શાખા અને ગૌત્ર :
વંશ : અગ્નિ, શાખા : કૌથુમી અને માધ્યાંદીની, ગૌત્ર : વત્સત્ર, પર્વ : પાંચ વત્સ, ભાર્ગવ, અત્રિ અને વિશ્વામિત્ર, વેદ : યજુર્વેદ, ઉપવેદ : ધનુર્વેદ, મૂળપુરુષ : યાહમાન, પ્રથમ રાજધાની : ઉજ્જૈન, કુળદેવી : આશાપુરા, કુળદેવતા : શ્રીકૃષ્ણ, મહાદેવ : અચલેશ્વર, ભૈરવ : કાલભૈરવ, પક્ષીઃ મયૂર, વીરપુરુષઃ હમીર હઠીલા, નિશાનઃ ભૃગુ, રણવીર : સરતાનજી.

વાળા વંશની શાખા અને ગૌત્ર :
આદ્યપિતા : આદિનારાયણ, વંશ : સૂર્ય અને ઈક્ષવાકુ, કુળ : રઘુ, મેત્રક અને વાળા, વેદઃ રૂગ્વેદ, શાખાઃ આશ્વલાયન, ગૌત્રઃ કશ્યપ, વૃત : જોહર, પાત્રઃ અક્ષય, રાજતિલક : ઉદર્વગામી, ધ્વજ : લીલા રંગનાં પટ્ટા પર લાલ નિશાન, મુકુટઃ ચતુષ્કોણ, આસનઃ વિરાસન, ગુરૂ : શ્રી વશિષ્ઠજી, જનોઈઃ લાલ રંગ, તલવારઃ અસિ, વાર્જિત્ર : રણભેરી, ડંકો : બંચ અલન, નગારૂ : રણજીત, નિશાન : ત્રિશુલ, અશ્વ : શ્યામવર્ણ, નાગ : વાસુકિ, ગાદી : અયોધ્યા, વડનગર, વલ્લીભીપુર, તળાજા, વાળા, ઢાંક, ચક્રવતીપદ : સમ્રાટ ધરસેન ચોથા, પિતૃતર્પણ : પ્રયાગરાજ, માતૃતર્પણ : સિધ્ધપુર, કુળદેવી : શ્રી વિંધ્યવાસિની, સહાયક કુળદેવી : આઈ નાગબાઈ, ઈષ્ટદેવ : એકલિંગજી મહાદેવ, ગણપતિ : ધુમ્રકેતુ.

સોલંકી/મહીડા/રાજ વંશની શાખા અને ગૌત્ર :
ઉત્પત્તિ : આબુ પર્વત, ઋષિ : વશિષ્ઠ, વંશ : અગ્નિ, કુળ : ચાલુક્ય, શાખા : બાજસનેઈ, ગૌત્ર : ભારદ્વાજ, કુળદેવી : ક્ષેમકલ્યાણી, વેદ : યજુર્વેદ, ઈષ્ટદેવી : બહુચરાજી, સૂત્ર : પારસકર, મૂળપુરુષ : ચાણક્યદેવ, રાજધાની : અણહીલપુર, પાટણ.



પરમાર/સોઢા/રહેવર/પુવાર વંશની શાખા અને ગૌત્ર :
વંશ : અગ્નિ, કુળ : સોઢા પરમાર, ગૌત્ર : વશિષ્ઠ, પ્રવર : ત્રિપ્રવર, વેદ : યજુર્વેદ, ઉપવેદ : ધનુર્વેદ, શાખા : મધ્યાંદીની, મૂળપુરુષ : ધુમરાજ, પ્રથમ રાજધાની : ઉજ્જૈન, કુળદેવી : અંબા, પૂજ્યદેવી : સચ્ચિઆઈ દેવી, ઈષ્ટદેવ : સૂર્ય, મહાદેવ : રણેશ્વર, ગણપતિ : એકદંતી, ગાયત્રી : બ્રહ્મ, ભૈરવ : ગોરા, તલવાર : રણતર, ઢાલ : હરિયણ, નિશાન : કેસરી સિંહ, ધ્વજા : પીળા રંગની, શસ્ત્ર : ભાલો, ગાય : કલવી ગાય, પીર : પીથોરાજી, વૃક્ષ : આંબો/પીપળો, નદી : ક્ષિપ્રા, પાઘડી : પચરંગી, સંત : જાંભોજી, પરદુઃખભંજન : વીર વિક્રમ, સિંહદાનેશ્વર : શેશાજી, રાજયોગી : ભતૃહરિ, મહાદાનેશ્વર : રાજા ભોજ, ક્ષમાદાન : રાજા મુંજ.

ચાવડા વંશની શાખા અને ગૌત્ર :
વેદ : યજુર્વેદ, શાખા : મધ્યાંદીની, ગૌત્ર : વશિષ્ઠ, દેવતા : શિવ, કુળદેવી : ચામુંડા, ઈષ્ટદેવ : ચંડિકા, વૃક્ષ : પીપળો, સૂત્ર : કાત્યાયન.

જેઠવા વંશની શાખા અને ગૌત્ર :
વંશ : સૂર્ય, પિતા : શંકર, માતા : અંજની, કુળ : હનુમાનજી, શાખા : મધ્યાંદીની, ગૌત્ર : ગૌતમ, કુળદેવી : વિંધ્યવાસિની, વેદ : યજુર્વેદ, ગુરૂ : ગોરખનાથ, રાજ્યશાખા : બારવાણીયા, ઉપનામ : કુમાવત, પ્રસાદી : ખીચડો, પ્રાચીન નગરી : ઘુમલી, મહેલ : લાખોટો, છત્ર : ઘુમક, મૂળપુરુષ : મકરધ્વજ, વર્તમાનનગર :પોરબંદર, ડુંગર : બરડો, મઢ : છાંયા, સાહિત્યિક રાજા : હલામણ જેઠવો અને રાણા સુલતાનજી, ઘોડો : ઉછરવા, જનોઈ : પર્વછ, ધર્મનું પ્રતિક : તલવાર, નદી : ભાદર, વીરપુરુષ : નાગાર્જુન, પરદુઃખભંજન : રાણા મેહ જેઠવો, પ્રસન્નદેવી : હરસિદ્ધિ.

ઝાલા વંશની શાખા અને ગૌત્ર :
ગૌત્ર : માર્કન્ડેય, વંશ : સૂર્ય, શાખા : મધ્યાંદીની, કુળ : મકવાણા, પર્વ : ત્રણ અશ્વ, ધમલ અને નીલ, કુળમાતા : મરમરાદેવી, કુળદેવી : શક્તિમાતાજી, ઈષ્ટદેવ : ચત્રભુજમહાદેવ, ગણપતિ : એકદંતી, હનુમાન : એક દંડી, ભૈરવ : કેવડીયા, કુળગોર : મશાલીયા રાવળ, દંશોદી : ટાપલીયા ચારણ.

વાઘેલા વંશની શાખા અને ગૌત્ર :
વંશ : સૂર્ય, કુળ : ચાલુક્ય, ગૌત્ર : ભારદ્વાજ, ક્ષેત્ર : કાશી, દેવ : મહેશ્વર, શાખા : મધ્યાંદીની, ગોર : હરજોર, ત્રિપર્વ : અશ્વ, ધમલ અને નીલ, શસ્ત્ર : ભાલો, કુળદેવી : અંબાજી, ઈષ્ટદેવી : હિંગળાજ, વારાહી અને બહુચરાજી, વેદ : સામવેદ, નદી : સરસ્વતી.

જાડેજા વંશની શાખા અને ગૌત્ર :
મૂળપુરુષ : અદિનારાયણ, દાદા : બ્રહ્માજી, ગૌત્ર : અત્રિ, વંશ : ચંદ્ર, કુળ : યદુ, યુદ્ધભૂમિ : કુરૂક્ષેત્ર, ક્ષેત્રભૂમિ, મથુરા, ગુરૂ : દુર્વાસા, શાખા : માધ્યાંદીની, વેદ : સામ, નેજા : કેસરી, નિશાન : સુરખ પક્ષી, નગારૂ : અજીત, ઘોડો : શ્યામવર્ણ, ગાય : કામધેનુ કપિલાગૌરી, હાથી : ગજરાજ , ક્ષેત્રપાળ : શેષનાગ, ગણપતિ : મહોદર, કુળદેવ : સોમનાથ મહાદેવ અને સિદ્ધનાથ મહાદેવ, કુળદેવી : આશાપુરા અને અંબાજી, અધિષ્ઠાતાદેવી : હિંગળાજ, શસ્ત્ર : શાંગ, મોતી અને તલવાર, શંખઃ અજય, નદીઃ કાલીન્દી, જનોઈની ગાંઠ : રૂદ્રની ત્રણ ગાંઠ, પર્વ : ત્રણ ઓમ, સામદત, દુર્વાશા અંગીરા, મુનિ, આદિ, વાજિંત્ર : ભગવાને ધારણ કરેલી વાંસળી, પ્રથમ જાડેજા : જામશ્રી લાખાજી જાડેજા, પ્રથમ ગાદી : લાખિયાર કચ્છમાં, સંવત નૂતનવર્ષ : અષાઢી બીજ.

संवत् प्रवर्तक विक्रमादित्य

सम्राट वीर विक्रमादित्य महाराज मालव गणराज के चक्रवर्ती सम्राट हुए,
इसी मालव को बाद में मध्यभार और वर्तमान मध्यप्रदेश नाम दिया है।
इन्होने अपने नाम से विक्रम संवत प्रारम्भ किया, जो आज भी प्रचलन में है।

यह विडम्बना है कि इतिहास के वे पात्र जो सहस्त्रो वर्षो से सामाजिक जीवन को प्रेरणा दे रहे है, जिनकी यशगाथा दिगदिगंत में गूंजती है, उन्हे कुछ इतिहासकार नकारते है और उनके अस्तित्व पर ही प्रश्न चिन्ह लगाते है। ऐसी ही विभूतियों में से एक है शकारी विक्रमादित्य, जिन्होंने उस समय देश में स्थापित हो रही चोर शका शाहियों का समूलोच्छेद कर नया संवत्सर प्रारम्भ किया था, जिसे उन्होने 'मालवा संवत' कहा और बाद में उनके नाम से जोडकर 'विक्रम संवत' कहा गया। इतिहास की गहराई से अध्ययन करने पर पता लगता है कि विक्रमादित्य मूलतः उज्जैन के ही एक प्राचीन राजवंश परमार के थे, किन्तु बीच में परिस्थितिवश वे अपनी माता के साथ कुछ समय के लिये मथुरा जनपद चले गये थे। वही उनका और उनके बडे भाई भर्तुहरी का बाल्यकाल बीता था। कालचक्र उन्हें वापस मालव क्षेत्र में ले आया और वे शकों को परास्त करके फिर से उज्जयिनी के शासक बने। लगातार विजयों ने उन्हें सम्राट बनाया और फिर सम्वत् प्रवर्तक भी। वे 'अप्रतिहत महाराजाधिराज मालवाधिपति' गन्धर्वसेन के द्वितीय पुत्र थे। पिता के द्वारा एक साध्वी के अपहरण बाद शादी कर लेने से कुछ लोगों द्वारा उनका विरोध हुआ। साध्वी के भाई ने इस अपमान का बदला लेने के लिये राजद्रोही कुचक्र रचा और शक क्षत्रपों से मिलकर राज्य पर आक्रमण कर दीया। गन्धर्वसेन आहत हुए, पराजीत होकर भाग गए और कुछ समय बाद उनका देहांत भी हो गया।

सिंहासनयुक्त होकर गन्धर्वसेन विंध्य महावन में रहे और वहीं इस साध्वी से महारानी बनी पलि से भर्तुहारी का जन्म हुआ। सौम्यदर्शना को उसके भाई व्याघ्रसेन जो स्वभ्र नदी के तट पर सौराष्ट्र की एक शकशाही के छोटे से सामंत थे, उसे ले जाना चाहा, किन्तु वे दोनों को लेकर वृन्दावन चली आई और वही उनका पालन पोषण किया। उपनयन के बाद मामा ने इन दोनों भाईयों को गोणार्द के गुरुकुल में प्रवेश दिया और अपनी बहन सौम्यदर्शना को अपने साथ स्वभ्र ले आए। गोणार्द का गुरुकुल वर्तमान बुदेलखणड के तत्कालीन 'आकर' नामक क्षेत्र में था और उसके कुलपती थे विख्यात गुरु महेश्वर। शस्त्र और शास्त्रो में पारंगत रहने वाला यह गुरुकुल उस समय देशभर में प्रसिद्ध था और पाटलीपुत्र, वाराणसी, ब्रह्मावर्त, अहिच्छता, शाकल, उज्जयनी, तक्षशिला, मथुरा, पांचाल, नाशीक और पैठन राजवंशी यहाँ अभ्यास के लीये आते थे। सुरम्य प्राकृतिक छटा के साथ यहा अश्वरोहण और आखेट के अभ्यास का भी पर्याप्त अवसर थे और शक्ति संग्रह के साथ गुपचुप सैन्य निर्माण की दृष्टि से तो यह स्थान वरदान स्वरुप था। देशभर में फैल रहे शकों के शासन से सभी क्षुब्ध थे। मातृभूमि को इन आतताइयों से मुक्त कराने के लिये सभी में छटपटाहट थी। अत : हास परीहार को विराम देते हुए विक्रमसेन ने कहा मित्रों अभी तो हमे स्थान पर अपने सहयोगीयों को एकत्रित करना है और अवसर की प्रतीक्षा करनी है। यह काम इतना आसान नहीं है ।

विक्रम का आह्वान सुनते ही चारों साथी सजग हो उठे तथा उनके नेतृत्व में सभी प्रकार की सिद्धता की शपथ ग्रहण कर ली। इसके पश्चात् पांचो अपने अपने अश्वो पर सवार होकर निकल पडें, विभिन्न दिशाओं मे लक्ष्यपूर्ति के लीये, आवश्यक वातावरण बनाने और साधन जुटाने में। इन शकों के अत्याचार बढते जा रहे थे। कृष्ण की जन्मभूमि में मथुरा से लेकर उनकी राजधानी बनी द्वारिका तक और कश्मीर से लेकर सिंधु के तट तक वे चार शकशाही और उनके महाक्षत्रपों के माध्यम से आतंक का पर्याय बनते जा रहे थे । नगरों को लूटना, हत्या करना, गांवो को उजाडना, सुन्दर ललनाओं का अपहरण उनका नित्य जीवन बन गया था। अनके स्थानों पर उन्होंने धर्म की चादर ओढ ली थी। कहीं वे नागार्जुन के 'माध्यमिक सूत्र' और अश्वधोष के 'बुद्ध चरित्र' के प्रशंसक बनकर अपने को बौद्ध बताते तो कहीं जौनाचार्यो का शिष्यत्व ग्रहण करके अपने जैन होने का परिचय देते। कही पार्वती के चित्र अपने सिक्कों पर अंकित कराकर वे शैव बनते तो कहीं मंदिरो में जाकर अपने को परम वैष्णव बताते। किन्तु आचरण से न वे शैव थे, न वैष्णव, न जैन और बौद्ध। वे आतंकी थे, हिंसक थे, मांस मदिरा और मैथुन उनका व्यसन था। इसलिये सम्पूर्ण देश में उनके प्रति जनाक्रोश था।

इन परिस्थितियों का लाभ मिला विक्रमसेन और उनके सहयोगीयों को। युवाओं को संगठित करने तथा उन्हें सैन्य प्रशिक्षण के लिये तैयार करने में पांचो ने अपनी शक्ति और बुद्धि कौशल्य झोंक दीया। अपनी तैयारी की समीक्षा के लीये वे एकत्र हुए स्वभ्र के पास एक पुरानी बावडी के खण्डहरों मे और रणनीती तैयार की। सभी को निश्चित कार्य और युद्ध के मोर्चे सोंपे गये और सभी की इच्छा से नेतृत्व सम्हाला विक्रमसेन ने। चातुर्यपूर्ण व्यूह रचना की गई और सभी मोर्चो पर व्यापक व्यवस्था बनने के बाद प्रत्यक्ष युद्ध का संकेत मिलने की प्रतीक्षा करने लगे योद्धा। ईसा पूर्व की प्रथम शताब्दी के अंतिम कुभ्भ का समय नीकट था। उज्जयनी इस महाकुंभ का केन्द्र स्थल थी, वही संघर्ष की भी। अनेक युद्ध विशारदों को साधुसंतो के रुप में तथा सदग्रहस्थो के रुप में उज्जयनी के चारों और डेरा डालने के निद्रेश मिल गये। कुंभ प्रारम्भ होते होते युद्ध के लीये भी सभी तैयारी पूरी हो गई। कुंभ के सभी स्नान शांतीपूर्वक निपटे और फिर हमला बोल दीया गया उज्जयनी पर। इसके साथ ही विदीशा और महिष्मती के शक स्कन्धवारों को भी धेर लीया गया। उज्जयनी का संग्राम तो अत्यंत भीषण था। देश प्रेम से ओत प्रोत युवा वाहीनीयों ने शको को बुरी तरह काट डाला। बाह्य सहायता के सभी मार्ग बन्द होने के कारण अब उनकी रक्षा का कोई मार्ग नहीं बचा था। इस पराजय का समाचार पाकर सौराष्ट्र और मथुरा के महाक्षत्रप क्रोध से उफन उढे और दोनों ने उज्जयनी पर आक्रमण कर दीया। विक्रमसेन को इसकी सम्भावना थी इसलिये पहले से ही उनके प्रतिकार की पूरी व्यवस्था करके रखी गई थी। अमर गुप्त के नेतृत्व में सौराष्ट्र के भूमक की सेना को नष्ट कर दीया गया। परीस्थिती की गंभीरता भांपकर भूमक ने अधीनता स्वीकार कर ली वापस लौट गया। मथुरा के राजबुल का मुकाबला करने के लिये आन्ध्र के 'अपीलक' ने मोर्चा दीया । इधर उज्जयनी में सभी व्यवस्थाएं बनाकर विक्रमसेन ने वहां का शासक भर्तुहारी को सोंपा और 15 हजार सैनिक लेकर राजबुल की और कूच कर दीया। सब ओर से धिरा पाकर राजबुल ने हथियार डाल दीये। वह बन्दी बना लीया गया। इस प्रकार उज्जयनी, सौराष्ट्र और मथुरा की तीन शकशाही परास्त हुई। चौथी तक्षशीला की शकशाही के प्रतीक कुशूलक ने अवसर को प्रतिकूल मानकर संधि का प्रस्ताव कर दीया। इस प्रकार चारों शाहीयों का पूरी तरह दमन किया गया। उज्जयनी में महाराजा भर्तुहारी ने शासन सूत्र बहुत थोडे समय सम्हाले। वे अपनी महारानी के आचरण से बहुत दुःखी थे। अतः एक दिन राजपाट छोडकर पास की एक गुफा मे एकान्त सेवन के लीये चले गये। सन्यास ग्रहण कर लीया। लम्ही योग साधना के बाद 'श्रृंगार शतक' और 'वैराग्य शतक' जैसे ग्रंथ समाज को दीये। राज सिंहासन खाली होने पर विक्रमसेन को ही सारी व्यवस्थाएं सम्हालनी पडी। यघपी उनका आग्रह फिर से गणराज्य बनाने का था। किंतु सभी के आग्रह पर वे महाराजाधिराज विक्रमादित्य के नाम से अभिसिक्त हुए। राज्यारोपण के समय विजय को चिरस्थायी बनाने के लीये नये संवत्सर का शुभारम्भ हुआ और इसे विक्रमादित्य ने 'मालव संवत' नाम दीया। राज्य के नये सिक्के ढलवाये गये उन पर भी 'मालवनाम् जयः' अंकित कराया गया। किन्तु कृतज्ञ देशवासीयों ने इसे विक्रम सम्वत् ही नाम दीया और वही प्रचलित है। ईस्वी सन् से 57 वर्ष पूर्व प्रारम्भ हुआ यह सम्वत् आज भी भारतीय कालगणना में महत्वपूर्ण स्थान रखता है। ढाई हजार वर्ष से जिस का शोर्य, सुशासन और न्याय प्रियता सह सहस्त्रों आखायिकायें लिखी गई, सैकडों पुस्तकों का प्रकाशन हुआ और अनेक शोध हुई, उस महापुरुष को इतिहास पुरुष न मानना या तो दुराग्रह है या इतिहास के प्रति अज्ञानता। एक षड्यंत्र के रुप में भी हमारे गौरवशाली अतीत को नकारने का प्रयत्न चल रहा है। विक्रम संवत् से नया वर्षारम्भ मानकर जहां हम अपने भारतीय होने का परीचय देंगे वहीं इसके प्रवर्तक महाराज विक्रमादित्य इतिहास पुरुष होने के साक्षी बनेंगे।





મહારાણા પ્રતાપ

જન્મ : 9 મે 1540
પિતા : રાણા ઉદયસિંહ
માતા : મહારાણી જયવંતબા
સ્વર્ગવાસ : 19 જાન્યુઆરી 1590
આયુષ્ય : 50 વર્ષ, 8 માસ, 10 દિવસ

@ અકબરે ચિત્તોડ કબજે કર્યું 25 ફેબ્રુઆરી 1568
@ ઉદેપુરમાં પ્રતાપને રાજતિલક 28 ફેબ્રુઆરી 1572 [32 વર્ષે]
@ રાજા માનસિંહનું આક્રમણ 2 એપ્રિલ 1576
@ હલ્દીઘાટીનું યુદ્ધ, શ્રાવણ સુદ છઠ્ઠ વિ.સં. 1632માં 21 જૂન 1576
@ રાજા માનસિંહે ઉદેપુર કબ્જે કર્યું 23 જૂન 1576માં, તે જ વર્ષમાં નાના મોટા આક્રમણો કરી પ્રતાપે ઉદયપુર કબજે કર્યું.
@ સને 1576નાં શ્રાવણ વદ અષ્ટમીનાં રોજ કવિશ્રી દુરષાજી શ્રેષ્ટીવર્ય ભામાશાને સાથે લઈને અરવલ્લીની પહાડીઓમાં પ્રતાપને મળ્યાં. તમામ સંપત્તિ મેવાડને ચરણે ધરી દીધી.
@ સને 1580માં અધિકાંશ મેવાડ પ્રતાપે કબજે કર્યું.

ધર્મ અને પૃથ્વી રહેશે પણ મુગલ સામ્રાજ્ય એક દિવસ નાશ પામશે, હે રાણા વિશ્વનાથ ઉપર ભરોસો રાખી નિશ્ચયને કાયમ રાખજો. વિક્રમ સંવત 1556ની જેઠ સુદ 13નાં રોજ મેવાડની શૌર્યભૂમિ પર પ્રતાપનો જન્મ થયો. ઈ.સ. 1573નાં માર્ચ મહિનાની 1 તારીખે તેઓ ચિત્તોડની ગાદી પર આરૂઢ થયાં. તે વખતે મોટાભાગનાં રાજાઓ અકબરની કુટનીતિથી દિલ્હી દરબારમાં હાજર રહેતા હતાં. ફકત શૌર્ય મૂર્તિ મહારાણા પ્રતાપે જ ધર્મ, સંસ્કૃતિ અને માતૃભૂમિની સ્વતંત્રતા માટે દિવ્ય બલિદાન આપ્યું છે. સમ્રાટ અકબરની કુટનીતિ મોટા પ્રમાણમાં પ્રસરેલી હતી. રાજપૂત રાજાઓ સાથે સંધી અને લગ્ન સંબંધો દ્વારા તેણે રાજ્યને નિર્ભય તેમજ વિસ્તૃત કરી દીધું હતું. મહારાણા પ્રતાપની નાનકડી સેના અકબરની સાગર જેવી સેના સાથે અરવલ્લી ડુંગરોમાં ટકરાતી રહી. તેઓ ઝુક્યાં નહીં. અકબરનાં મહાસેનાપતિ માનસિંહ શોલાપુરથી વિજય પ્રાપ્ત કરીને પાછા ફરી રહાાં હતાં. મહારાણાએ તેમના સ્વાગત માટે તૈયારી કરી. હિંદુરાજાને ત્યાં અતિથિ સત્કાર જરૂર થાય, પણ માનસિંહને તેમના ફોઈની મહારાણાએ યાદ અપાવી. મુસલમાન જનાનામાં રહેવાની વાતને ક્ષાત્ર પરંપરા માટે લાંછનરૂપ ગણાવી. માનસિંહ અપમાનથી સળગવા લાગ્યો. દિલ્હી પહોંચીને સૈન્ય તૈયાર કરી ચિત્તોડ ઉપર ચઢાઈ કરી. 'હલ્દીઘાટી'' રાજસ્થાનની બલિદાન ભૂમિ છે. વિશ્વમાં આવું પવિત્ર બલિદાન સ્થળ કોઈ નથી. રાજપૂતો માટે અમર બલિદાનની ભૂમિ પર વિક્રમ સંવત 1633નાં શ્રાવણ માસમાં સલીમ અને માનસિંહ સેના લઈને ખાબકયાં. અપાર સેના સામે મુઠ્ઠીભર રાજપૂતો કેટલું ટકે ? મહારાણા થાકવા લાગ્યાં, માનસિંહ ઝાલાએ મહારાણા પ્રતાપનો મુગટ પોતાના માથા ઉપર ધારણ કર્યો. મહારાણાને ચેતક ઉપર રવાના કરી દીધાં. સ્વામીને રણમાંથી બહાર લઈ જવા પ્રિય ચેતકે પોતાના જાનની બાજી લગાવી. મૃત્યુ સ્વીકારી સ્વામીને નદી પાર કરાવી દીધી. મહારાણા પ્રતાપ પ્રજાનાં હૃદય ઉપર રાજ કરવાવાળા હતાં. આજ્ઞા થઈ અને ચિત્તોડ ભસ્મ થઈ ગયું. ખેતરો ઉજ્જડ થઈ ગયાં. કૂવા પુરી દેવામાં આવ્યાં અને ગામ લોકો જંગલો તથા પર્વતોમાં પોતાનાં પશુઓ તેમજ સાધન સામગ્રી સાથે અદ્રશ્ય થઈ ગયાં. અકબરની સેના જોઈ રહી. તેમનો વિજય વ્યર્થ ગયો હતો. અકબરનાં ઈતિહાસકાળમાં આસફખાને લખ્યું છે કે કોઈ પણ પક્ષમાંથી સૈનિકો ભલે મરે, પરંતુ હિન્દુઓ જ મોતને શરણ થતાં અને દરેક પરિસ્થિતિમાં વિજય ઈસ્લામનો થતો. આ કુટનીતિ હતી અકબરની અને તેની સામે રાષ્ટ્રગૌરવથી મહારાણા અડગ ઉભા રહેતાં. મહારાણા ચિત્તોડથી નીકળી વનવાસી થયાં. મહારાણી અને નાનો રાજકુમાર ઘાસની રોટલી ખાઈને કષ્ટદાયક જીવન વ્યતીત કરવા લાગ્યાં. અરવલ્લીની ગુફાઓ રહેઠાણ માટે અને શિલાઓ સૂવા માટે હતી. દિલ્હીનાં સમ્રાટનો સ્વીકાર કરે અને અકબરનું માન રાખે તો વિપતિ નાશ પામે, પણ આતો પ્રતાપ રાજપૂતી ટેકનો સમ્રાટ અને હિંદુત્વનું ગૌરવ. ધર્મ માટે ટેક અકલ્પિત તપસ્યા હતી. મેવાડનાં સ્વામીભકત ભામાશાહની મદદ મળી અને ફરી સૈન્ય એકઠું કર્યું, ચિત્તોડ સિવાય બધાં જ કિલ્લાઓ શત્રુઓ પાસેથી પાછા મેળવ્યાં. ઉદેપુર એમની રાજધાની બની. 25 વર્ષનાં રાજ્ય શાસનમાં કેસરીયો ધ્વજ ઉન્નત રહ્યો. ''ચિત્તોડ ન મેળવું ત્યાં સુધી ધાતુનાં પાત્રમાં જમવું અને પલંગમાં સૂવું મારા માટે વ્યર્થ છે.'' આવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. તેમના પરિવારોએ પણ આ પ્રતિજ્ઞા પાળી હતી. ચિતોડની એ પવિત્ર ભૂમિમાં યુગો સુધી માનવ સ્વરાજય એટલે સ્વધર્મનો અમર સંદેશો કાયમ સંભળાતો રહેશે.

નોંધ : 15 ઓગષ્ટ 1947માં ભારતે આઝાદી મેળવી અને રાજ્યોનાં વિલીનીકરણ કર્યા ત્યારે મહારાણા પ્રતાપનાં વંશજોને સમજાવવામાં આવ્યું કે હવે આપણે આઝાદ છીએ, તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે. પછી તેઓ પલંગમાં સૂવા અને વાસણોમાં ભોજન લેવા રાજી થયાં.



વીર કુંવરસિંહ

બિહારનાં શાહબાદ જિલ્લાનાં જગદીશપુર ગામે સને 1782માં સાહેબ જાદાસિંહને ત્યાં કુંવરસિંહનો જન્મ થયો. સાહેબ જાદાસિંહ જગદીશપુરની મોટી જાગીરનાં જાગીરદાર હતાં. તેમના કુટુંબમાં પૂર્વજોનું રાજપૂત ખમીર, માતૃભૂમિની સેવા, પ્રજા વત્સલ ભાવના, સત્ય અને ન્યાય ખાતર ભોગ આપવાની તમન્ના. માતૃભૂમિની ગુલામીની શૃંખલા તોડવાની ઝંખના જેવા ઉચ્ચ સંસ્કારો બાળક કુંવરસિંહને માતાનાં ધાવણમાંથી જ પ્રાપ્ત થયેલ. કુંવરસિંહ પોતાનાં ભાંડુઓમાં સૌથી મોટા હતાં. બાલ્યકાળથી જ માતૃભૂમિને ગુલામીમાં રાખનાર પરદેશીઓ તરફ નફરત ધરાવતા. જ્યારે અંગ્રેજોએ જગદીશપુર જાગીર ખાલસા કરી ત્યારે બળતામાં ઘી હોમાયું. કદાવર શરીર, કેરીની ફાડ જેવી આંખ, જોતા જ પ્રભાવ પાડે એવું જીવન આવા કુંવરસિંહનાં મનમાં અંગ્રેજોની સામે લડી લેવાની મનોભાવનાં રાત દિવસ ચાલ્યાં કરતી. પ્રતિભાસંપન્ન કુંવરસિંહ સારું એવું મિત્ર મંડળ ધરાવતા હતાં. શીલ અને સિદ્ધાંત સમાન હતાં. સતત સાધના કરતા હતાં. પરદેશીઓને દેશમાંથી હાંકી કાઢવા થનગનતાં કુંવરસિંહ અને તેના સાથીઓએ જે પ્રયત્નો કરેલ તે ચકોર અંગ્રેજોની નજર બહાર નહોતાં. કુંવરસિંહ અને તેના સાથીઓનાં નામ અંગ્રેજ સત્તાધારીઓના ચોપડે ચડી ગયાં હતાં. માતૃભૂમિને આઝાદ કરવા, બન્ને હાથમાં તલવારથી રણસંગ્રામમાં ઝઝૂમતાં. મોતને ભેટવાની કુંવરસિંહની મહેચ્છાને યોગ્ય અવસર મળતો નહોતો. દિવસ, માસ અને વરસો વિતવા લાગ્યાં. પાણી વિના માછલું તરફડે તેમ પોતાની મહેચ્છાને સાકાર કરવા કુંવરસિંહ રાતદિવસ તડપતા. પંચોતેર વરસની ઝૈફ ઉંમરે જે પળની કુંવરસિંહ ઝંખના કરતા હતાં તે પળ આવી ચૂકી. 1857નાં સ્વાતંત્ર્ય યુદ્ધનો પ્રથમ રણ લલકાર લશ્કરનાં પેરેડ ગ્રાઉન્ડ ઉપર મંગલ પાંડેની અંગ્રેજ અધિકારી ઉપર રાઈફલમાંથી છુટેલ ગોળીથી થયો. નિયત સમય કરતાં થોડો વહેલો એવો આ બનાવ અંગ્રેજોને થોડા વરસ ભારતમાં ટકવારૂપ અને ભારતીય માટે બીજો પ્રયત્ન કરવાની આગાહીરૂપ બન્યો. જે અવસરની કુંવર પોણા સૈકાથી કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં તે સમય આવી ગયો. કુંવરસિંહમાં લશ્કરને દોરવવાની આવડત હતી. સેનાપતિનાં ગુણો હતાં. વ્યૂહરચના ગોઠવવામાં નિષ્ણાંત હતાં. ભારતમાતાને પરદેશી ગુલામીની ધુંસરીમાંથી મુક્ત કરવા પોણા સો વરસની વૃદ્ધ ઉંમરે એક યુવાનને શરમાવે તેવું જોશભર્યું કાર્ય કુંવરસિંહે શરૂ કરી દીધું. 1857નાં જુલાઈની 26 તારીખે સ્વાતંત્ર્ય સૈન્ય આરાહ સુધી પહોંચી ગયું. આરાહ શહેર સહિત સારાએ જિલ્લાનો કબજો કુંવરસિંહે લીધો. શાહબાદનાં રાજવી તરીકે પોતાનું નામ જાહેર કરી દીધું. સ્વાતંત્ર્ય સંગ્રામની એ લડાઈ ભારત વર્ષમાં ફેલાઈ ચૂકી હતી. ભારતવર્ષનાં પૂર્વીભાગનાં મુખ્ય આગેવાન કુંવરસિંહ હતાં. સૌએ તેમને સ્વીકાર્યા હતાં. નાનાસાહેબની સાથે તેમનો સંપર્ક વધુ ઘનિષ્ઠ બનતો ગયો. બિહાર અને આસપાસનાં પ્રદેશનાં રાજવીઓ, જાગીદારો અને પ્રજાને જાગૃત કરી માતૃભૂમિને આઝાદ કરવા માટે તેઓ સતત કાર્યશીલ રહેતા. આરાહમાં બ્રિટીશ સૈન્યને હરાવી તેઓ જગદીશપુર તરફ આગળ વધ્યાં. અંગ્રેજો પણ પોતાની તૈયારી કરી ચૂક્યાં હતાં. જગદીશપુરમાં અંગ્રેજોએ ભારે લશ્કરી જમાવટ કરી દીધી હતી. આવી મોટી લશ્કરી તૈયારીને ભેદવા અને અંગ્રેજ સૈન્યને છિન્નભિન્ન કરવાનું કુંવરસિંહની વેધક નજર બહાર ન રહ્યું. આથી તેમણે તેમના સૈન્યને આઝમગઢ તરફ દોર્યું. મીરઝાપુરની જીત મેળવી તેઓએ રેવા અને અલ્હાબાદનાં કેટલાક ભાગોને ધ્રુજાવી દીધાં. એક કુશળ સેનાપતિની અદાથી તેઓ એક પછી એક લડાઈમાં વિજય હાંસલ કરતા ગયાં. તેમની આવી ઝડપી કૂચ અને વિજયથી અંગ્રેજ લશ્કરમાં ફફડાટ ફેલાઈ ચૂક્યો. અંગ્રેજ સેનાપતિઓ કુંવરસિંહનાં નામ માત્રથી ધ્રુજવા લાગ્યાં. કુંવરસિંહ કયારે હુમલો કરશે તે કલ્પવું તેમના માટે અઘરું બન્યું. કુંવરસિંહનાં પરાક્રમ અને એક પછી એક મેળવેલ વિજયને આભારી બાંદાનાં નવાબ પણ આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈ ગયાં. કુંવરસિંહનાં નામનો ડંકો પૂર્વ ભારતમાં વાગી રહ્યો હતો. અંગ્રેજો આ વિસ્તારનાં અંગ્રેજ લશ્કરને વધુ બળવાન બનાવવા કુમક મોકલવા લાગ્યાં. ગમે તે ભોગે કુંવરસિંહને ખતમ કરવા અંગ્રેજોએ નિરધાર કર્યો. આવા સમયમાં કુંવરસિંહને નાનાસાહેબનું આમંત્રણ આવ્યું કે તેઓએ વહેલી તકે નાનાસાહેબને મળવું. મળવાનું કારણ એ હતું કે સાથે મળી કાનપુર પર હુમલો કરવો. કાનપુર અંગ્રેજ સૈન્યનું મોટું મથક હતું. બ્રિટીશ સૈન્ય સાથે ખૂનખાર લડાઈ થઈ, બ્રિટીશરો પૂરા ઝનૂનથી લડતા હતાં. કુવંરસિંહનું સૈન્ય પણ આઝાદી હાંસલ કરવાનાં જુસ્સામાં આ પાર કે પેલે પારની ભાવનાથી અડગપણે લડી રહ્યાં હતાં. બ્રિટીશરોને મોટી ખુવારી સહન કરવી પડી. તમામ પ્રયાસ છતાં આઝમગઢ શહેર તેમના હાથમાંથી સરી ગયું. વિજય પછી કુંવરસિંહનું સૈન્ય શહેરમાં દાખલ થયું. શહેરીઓએ ઉમળકાભેર તેમનો સત્કાર કર્યો. આઝમગઢની નામોશીભરી હાર અંગ્રેજોને ખૂબ જ ખૂંચી. કુંવરસિંહે પોતાની યુદ્ધચાલ બદલી. શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછું નુકસાન થાય તે રીતે પોતાનાં સૈન્યને આઝમગઢથી હટાવીને તારાજ થયેલ પોતાનાં વતન જગદીશપુર તરફ દોર્યું. તેમની આ ચાલથી ચુંનદા બ્રિટીશ સેનાનીઓ પણ અચંબો પામી ગયાં. આઝમગઢમાંથી પોતાના સૈન્યને કુંવરસિંહે બહાર કાઢી તો લીધી, પરંતુ તેમની આ ચાલ અંગ્રેજો મૂકપ્રેક્ષક બની જોઈ તો રહેવાના નહોતા. જગદીશપુર તરફ આગળ વધતા સૈન્ય પાછળ અંગ્રેજો પીછો કરી રહ્યાં હતાં. પાછળથી બ્રિટીશ સૈન્યનો મારો, બીજી તરફ સૈન્યને ગંગા પાર કરાવવાની ગોઠવણ, આવા બેવડા કામમાં બહાદુરી પૂર્વક કુંવરસિંહ પોતાના સૈન્યને ગંગા પાર કરાવી શક્યાં. આ લડાઈમાં કુંવરસિંહનો એક હાથ કપાયો, એ બ્રિટીશ સૈન્ય સાથેની મૂઠભેડમાં નહોતો કપાયો, પરંતુ કુંવરસિંહનાં સૈન્ય પાછળ અંગ્રેજો તરફથી થઈ રહેલ સતત તોપમારામાં, તોપનાં ગોળાનાં ઉડતા ટુકડાએ તેના હાથને ચૂંથી નાખ્યો. કુંવરસિંહ પોતાનાં થાકેલા લશ્કરને શાહબાદ તો પહોંચાડી શક્યાં. પરંતુ તેમના માટે એક પછી એક મુસીબતો આવતી રહી. લશ્કર થાકેલી અવસ્થામાં હતું. લડાઈ અને પ્રવાસ, અપૂરતો પુરવઠો, જેને કારણે સૈન્ય અર્ધભૂખ્યું રહેતું. વિશેષ આફત તેમના માટે એ હતી કે સૈન્ય પાસે શસ્ત્રસરંજામ પણ ખૂટવા લાગ્યો. ભૂખ, થાક અને અપૂરતો શસ્ત્રસરંજામ હોવા છતાં, માતૃભૂમિનાં એ લાડલાઓની ખુમારી નહોતી ખૂટી. રાષ્ટ્રભક્તિમાં ઓટ નહોતી આવી. તેમની નજરમાં તો જીત મેળવવી યા તો રણની ધરતી ઉપર કાયમી ચિરનિંદ્રામાં પોઢી જવું. પોતાના સૈન્યથી અનેકગણી શક્તિ અને સંખ્યા ધરાવતાં કુંવરસિંહનાં સૈન્યને લડત ચાલુ રાખવા સિવાય બીજો રસ્તો નહોતો. આમ આઝાદીનાં મસ્તાના કુંવરસિંહે રણ મેદાન ઉપર જ 23 એપ્રિલ 1958નાં રોજ આખરી લડાઈ લડી એ જવામર્દ મોતને શરણે થયો. કુંવરસિંહનો નશ્વર દેહ નાશ પામ્યો, પરંતુ એ મરીને પણ અમર થયો. પોતાના લાડલા બેટાનાં બલિદાનથી ભારત માતાનું મસ્તક પણ ઉન્નત બન્યું.



Rajputani

સામાન્ય રીતે સ્ત્રીઓ અબળા તરીકે જાણીતી છે. અબળાઓમાં પણ કોઈક પ્રબળા જ નહીં મહાપ્રબળા થઈને બહાર આવતી હોય છે. તે ઈતિહાસને અમર કરી દેતી હોય છે. આવી જ એક મહાન પ્રબળા સન્નારી મધ્યપ્રદેશનાં એક નાનકડા રાજ્યમાં પ્રગટી, જેને લોકો રાણી દુર્ગાવતી કહે છે. દુર્ગા સાચે જ દુર્ગા હતી.

રાણી દુર્ગાવતીનો જન્મ 5 ઓક્ટોબર 1524નાં રોજ કાંલીજરનાં કિલ્લામાં ઉત્તરપ્રદેશમાં થયો હતો. તે મહાન ચંદ્રવંશી હતી. આ જ વંશે અગિયારમી શતાબ્દીમાં ખજૂરાહોનાં મંદિરનું નિર્માણ કર્યું હતું. મહારાજપુરનું રાજ્ય ત્યારે સિંહગઢથી કનોજ સુધી ફેલાયેલુ હતું. રજવાડાઓનાં પરસ્પરનાં આક્રમણોનાં કારણે તે સિમિત થતાં એક નાનું રજવાડું બની ગયું. લોકો બાહા સમૃદ્ધિનાં આધારે માનવને માપવાની ભૂલ કરે છે. રાણા પ્રતાપ વૈભવશાળી મહેલમાં હોય કે અરવલ્લીનાં ડુંગરમાં પ્રતાપ એ પ્રતાપ જ છે. શિવાજી શિવનેરીનાં જીર્ણ કિલ્લામાં રહેતાં હોય કે આલીશાન રાજમહેલમાં શિવાજી એ શિવાજી છે. શ્રી રામ દશરથનાં મહેલમાં હોય કે પંચવટીની પર્ણકુટીરમાં રામ એ રામ જ છે. બાહા સમૃદ્ધિ સ્થાયી નથી હોતી. અંદરની સમૃદ્ધિ કાયમ છે. તેના આધારે જ માણસને મપાય. નાના રજવાડાનાં રાજપૂતને એક નાનકડી દીકરી, તેનું નામ દુર્ગાવતી. રાજપૂતને બહુ વ્હાલી. દીકરો ન હોય તો દીકરી ઉપર વ્હાલ ઢળે. વ્હાલમાં ભાગ પડાવે તેના પ્રત્યે ઈર્ષા થાય. સંપત્તિનાં ભાગ કરતા પણ વ્હાલનો ભાગ વધુ ઈર્ષા જગાવે છે. વ્હાલ એ સૌથી મોટી સમૃદ્ધિ છે. વ્હાલ વિનાનું માણસ મહેલમાં આળોટતું હોય તો પણ દરિદ્ર છે. રાજપૂતને એક જ દીકરી 'તેજ મારી ઉત્તરાધિકારી થશે.' મારું રાજ્ય સંભાળશે. હું ધન્ય થઈ જઈશ. રાજપૂતે દુર્ગાવતીને અશ્ત્ર શસ્ત્રની પૂરેપુરી તાલીમ આપી. તેને ઘોડેસવારી શિખવાડી. તે સાહસી અને ખડતલ બને એટલા માટે રાજપૂત રોજ તેને શિકાર કરવાં સાથે લઈ જતાં. દુર્ગાવતી ખડતલ, સાહસી, શૂરવીર અને તેજસ્વી થઈ ગઈ. પિતાનું ઘડતર હતું. રાજપૂતનાં રજવાડાની પાસે જ એક બીજુ રજવાડુ હતું 'ગઢમંડળ', તેનો રાજા દલપત શાહ યદુવંશી હતો. એક વાર શિકારનાં ક્ષેત્રમાં દલપત શાહ અને દુર્ગાવતી ભેગા થઈ ગયાં. બંનેને પ્રેમ થઈ ગયો. પરાક્રમી લોકો જ પ્રેમ કરી શકે છે. લગ્નજીવનને ચાર વર્ષ થયાં ન હતાં, ત્યાં દલપત શાહનું અવસાન થઈ ગયું. દુર્ગાવતી વિધવા થઈ ભર જુવાનીમાં વૈધવ્ય આવી પડ્યું. યુવાન વિધવા માટે સંસાર વૈતરણી જેવો થઈ જાય છે. તેનું જીવવું કઠિન થઈ જાય છે. તેને બેતરફી માર સહન કરવો પડે છે. એક તો પરિવારજનો તેનો વારસો પડાવી લેવા કાવાદાવા કરતા હોય છે. તો બીજી તરફ અતૃપ્ત કામવાસના તેને બાળ્યા કરતી હોય છે. બધી વિધવાઓ આ વૈતરણીને પાર કરી શકતી નથી, જે તરી જાય તે ધન્ય છે. દુર્ગાવતીને એક પુત્ર હતો, તેનું નામ વીર નારાયણ. ત્રણ વર્ષનાં વીર નારાયણને ગાદીએ બેસાડીને દુર્ગાવતી રાજ કરવાં લાગી. મધ્યપ્રદેશનો ઉત્તરીભાગ ગોંડવાનો કહેવાય છે. ત્યાં રાણી દુર્ગાવતી રાજ કરતી હતી. તેની બાજુનાં રાજ્ય માળવામાં બાજ બહાદુર રાજ કરતો, તે અફઘાન સરદાર શેરશાહ સૂરીનો પુત્ર હતો. રાણી રૂપમતી તથા બાજ બહાદુરની પ્રેમ ગાથા સુપ્રસિધ્ધ છે. તેણે રાણી દુર્ગાવતીનાં રાજ્ય ઉપર હુમલો કર્યો. પતિનું અકાળ મૃત્યુ, પુત્ર હજી બાળકુંવર અને બાજ બહાદુરનો પોતાના રાજ્ય ઉપર હુમલો આ બધું એક સાથે બન્યું. આ બધાની પહેલી અસર શરીર અને મન ઉપર પડતી હોય છે. આરોગ્ય બગડે અને મનથી માણસ ભાંગવા માંડે. જો આ બન્નેમાંથી એક પણ અસર ન દેખાય તો સમજવું કે માણસ પોલાદનો બનેલો છે. રાણી દુર્ગાવતી પોલાદની હતી. તે પૂરી હિંમતથી પોતાનું લશ્કર લઈને સામે થઈ. તે પોતે જ સેનાપતિ બનીને ઘોડા ઉપર સૌથી આગળ વધી. ભીષણ સંગ્રામ થયો. બાજ બહાદુર દુર્ગાવતી આગળ ટકી ન શક્યો. તેને ભાગી જવું પડ્યું. દુર્ગાવતીની ધાક બેસી ગઈ. યુધ્ધ પછી તે મહારાણી દુર્ગાવતી તરીકે પ્રસિધ્ધ થઈ. દુર્ગાવતીએ વીર નારાયણને વીર બનવાનાં સંસ્કાર આપ્યાં. વીરતા જન્મજાત હોય છે, પણ તેનું ઘડતર કરો તો ખીલી ઉઠે છે. વીર નારાયણને ઘોડેસવારી, શસ્ત્ર



★Rajputs...
~ King of attitude,
~ King of strength,
~ King of modesty,
~ King of honesty,
~ King of style,
~ King of love,
~ King of loyalty
~ King of war,

it means...
King of kings

સંચાલન, વ્યૂહ વગેરે શિખવાડવા લાગી, આ ઘડતરનાં સંસ્કાર કહેવાય. જે લોકો પોતાના બાળકોને દેવ મંદિરોનાં આંટાફેરા કરવામાં જ ઘડતર પુરું માની લે તે અધુરા છે. તેથી તમે ભગતડા પેદા કરી શકો. શિવાજી કે પ્રતાપ પેદા ન કરી શકો. બાળકોને વ્યાયામ, કુસ્તી, સ્વીમીંગ, શસ્ત્રશિક્ષા, ઘોડેસવારી વગેરે બધુ શિખવાડવું જોઈએ. દુર્ગાવતીનો રાજવહીવટ ન્યાયપૂર્વકનો તથા પ્રજાની સુરક્ષા હોવાથી લોકો સુખી થયાં. તેણે પોતાના રાજ્યમાંથી વીણીવીણીને માથાભારે ગુંડાતત્વોનો સફાયો કરી નાંખ્યો. પ્રજાને શાંતિ થઈ. શાંતિ હોય ત્યાં ધંધારોજગાર વધે અને રાજ્યની મહેસુલ વધે તેમજ સમૃધ્ધિ આવે. દુર્ગાવતીનું રાજ્ય સમૃધ્ધ થયું, પણ સમૃધ્ધિ કદી શત્રુઓ વિના નથી રહેતી. તેને પોતાની સેનાને મજબૂત બનાવી. તે સમયમાં તેણે પોતાની સેનામાં 1400 હાથીઓ જોડી દીધાં.

ગજસેના સૌથી બળવાન સેના ગણાતી. ત્યારે હાથીઓ ટેન્કની ગરજ સારતા. સૈન્યથી દૂર્બળ રાષ્ટ્ર લાંબો સમય સુરક્ષિત ન રહી શકે, કદાચ રહે તો દયામણું થઈને રહે. દિલ્હીની ગાદીએ અકબર રાજ કરતો હતો. અકબરની મહત્વકાંક્ષા પુરા ભારતનાં બાદશાહ થવાની હતી. તેણે એક પછી એક બધાં રજવાડાં વશમાં ક્ર્યા હતાં. તે રાજપૂત રાજાઓને સાથીદાર બનાવી, રાજપૂતોને હરાવતો હતો. માનસિંહ તેનો મુખ્ય સેનાપતિ અને નવરત્નોમાંનો એક હતો. અકબર જાતે ભાગ્યે જ યુધ્ધ કરવાં જતો. મહારાણા પ્રતાપ અને અકબર કદી આમને સામને લડ્યા નથી. તકવાદીઓનો ઈતિહાસ નથી હોતો. દુર્ગાવતીની પ્રસિધ્ધિ જાણીને અકબરે તેને ખંડિયા રાજા થવા પત્ર લખ્યો, પણ દુર્ગાવતી ખંડણી ભરવા તૈયાર ન થઈ. તેણે કહ્યું કે 'મારુ રાજ્ય સાર્વભૌમ છે'.

હું કોઈને ખંડણી નહી ભરૂં. અકબરે વિશાળ સેના દુર્ગાવતીને હરાવવા મોકલી. દુર્ગાવતી તૈયાર થઈ ગઈ. યુધ્ધ લડવું અને જીતવું આ બંનેમાં ફરક છે. યુધ્ધ કરીને લડી મરવું એ રાજપૂતી પ્રક્રિયા છે. યુધ્ધ પરાક્રમની લડાઈ છે, પણ વિજય તો વ્યૂહથી જ થતો હોય છે. વ્યૂહ રચે તે જ સેનાપતિ કહેવાય. મોટા ભાગનાં રાજપૂત રાજાઓ શત્રુને છેક કિલ્લા સુધી આવવા દેતા અને પછી યુધ્ધ કરતાં ભારે ખાના ખરાબી થતી. છેવટે કેસરિયા કરીને પ્રાણ આપી દેતા. બીજી બાજુ રાજપૂતાણીઓ જૌહર કરીને પોતાનું શિયળ સાચવતી. છેલ્લા દિવસે પુરા રાજવંશની સમાપ્તી થઈ જતી. રોયલ બ્લડ સમાપ્ત થઈ જાય પછી રાજ્ય અનાથ થઈ જાય. શત્રુઓ સરળતાથી કબજો કરી લેતાં. ગઢમંગળ રાજ્યની સીમા ઉપર પહાડીઓ હતી. દુર્ગાવતીએ આ પહાડોમાં જ મોગલસેનાને રોકવા વ્યૂહ રચ્યો. વ્યૂહ સફળ રહ્યો. મોગલસેના પાછી ભાગી. રાજપૂતોમાં બે મોટા દોષો રહેતાં. એક તો ભાગતી સેનાનો પીછો પકડીને તેનો સદંતર નાશ ન કરાતો અને બીજો દોષ રાજા પોતે મોટા હાથી ઉપર બેસીને સૌથી આગળની હરોળમાં યુધ્ધ કરતો. મોગલ સેના ભાગી ગયા પછી દુર્ગાવતીની સેના વિજય મનાવતી હતી. અણધારી મોગલ સેના આવી અને ફરી યુધ્ધ થયું. આ યુધ્ધમાં વીર નારાયણ વીરગતિ પામ્યો. આ જોઈને રાણીને ઝનૂન ચડ્યું અને પૂરા જોશથી યુધ્ધ કરવા લાગી. રણચંડી જેવી વિકરાળ, લોહીલુહાણ રાણીને પોતાની તરફ આવતી જોઈને મોગલ સેનાપતિ ગભરાયો. તેણે સૈનિકોને બાણવર્ષા કરવા હુકમ કર્યો. રાણીનું શરીર ચાળણી જેવું થઈ ગયું. તેણે જોયું કે હવે બાજી હાથમાં નથી. તેણે કમ્મરમાંથી કટારી કાઢીને 'હર હર મહાદેવ'ની જય પોકારી પોતાના કાળજામાં ખોસી દીધી. રાણીએ પણ વીરગતિ પ્રાપ્ત કરી. રાણી દુર્ગાવતી પોતાના 18 વર્ષનાં રાજકુમાર વીર નારાયણ સાથે સિગોરગઢનાં કિલ્લા આગળ રણમેદાનમાં શહીદ થઈ ગઈ. ઈતિહાસમાં પોતાનું નામ અમર કરતી ગઈ. રાણી દુર્ગાવતીની યાદમાં મધ્યપ્રદેશ સરકારે 'જબલપુર વિશ્વવિદ્યાલય'નું નામ બદલીને 'રાણી દુર્ગાવતી વિશ્વવિદ્યાલય' કર્યું અને જબલપુરથી જમ્મુતાવી સુધી દોડતી ટ્રેનનું નામ 'દુર્ગાવતી એકસપ્રેસ' રાખવામાં આવ્યું છે.



રણજીતસિંહજી

ક્રિકેટ રમતનાં મહાન બાદશાહને સલામ

૧૦ જુન ૧૮૭૨



નવાનગર રાજ્યનાં રાજકુંવર અને ક્રિકેટ રમતનાં મહાન બાદશાહને સલામ. 'અંગ્રેજ ક્રિકેટર W.G. Grace એ નોધ્યું છે કે રણજી જેવો કુશળ અને કલાસિક બેટસમેન સો વર્ષમાં પણ શોધ્યો નહીં જડે.'' તેમણે ૪ વર્ષની કુમળી વયે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. ક્રિકેટની કારકિર્દી 16 વર્ષની ઉંમરે શરૂ કરી હતી. જ્યારે તેઓ ટોપની સિધ્ધિએ હતાં ત્યારે નિવૃતિ લીધી હતી. જગત નિરાશ થયું, પણ તેમને આનંદ અને આત્મસંતોષ હતો. ''પ્રથમવાર તેઓ 1896 માં ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ ઈંગ્લેન્ડ તરફથી રમનાર પ્રથમ ભારતીય હતાં.'' 1899 માં ટેસ્ટ શ્રેણી રમવા ઓસ્ટ્રેલિયા ગયાં ત્યારે ચોગા અને છગાની લહાણી કરીને એકજ સીઝનમાં 3000 રન કર્યા હતાં. ત્યારબાદ 1901 માં 3065 રન કર્યા. ઈંગ્લેન્ડનાં લોકો તેમને ''રણજી ઈઝ ઈન્ડિયા''નાં નામથી ઓળખતા. ક્રિકેટનાં ઈતિહાસમાં તેમણે શાસક ઈંગ્લેન્ડ અને પરાધીન ભારતનું જોડાણ કર્યું. આવો મહાન ગજાનો ક્રિકેટર ભારતે પેદા કર્યો હતો. એ જમાનામાં રેડીયો, ટીવી જેવા પ્રચાર માધ્યમો ન હતાં. લોકો છાપા અને મેગેઝીનો દ્વારા અહેવાલ મેળવતા, તે સમયનાં મહાન નિબંધકાર એ.જી. ગાર્ડીનર કોમેન્ટેટર હતાં, તેમણે ડેઈલી ન્યૂઝમાં નોંધ્યું છે કે, હું તેમની કલાસિક રમતથી ફિદા છું. તેમણે લખ્યું છે કે ગોખલે, ટાગોર અને બેનરજી ઈંગ્લેન્ડ આવે અને જાય, પણ રણજીને માણવા અંગ્રેજ પ્રજા પાગલ થઈ જાય આવી તેમની શૈલી હતી.

તેઓ કાંડાને હળવો વળાંક આપીને ગજબનાક ફટકાનું સર્જન કરી શક્તાં, તેમનું ફૂટવર્ક ગજબનું હતું. 1895માં રણજીએ લેગ સાઈડ ઉપર સ્ટ્રોક માર્યો હતો. તે અદભૂત સ્ટ્રોક 'લેગ ગ્લાન્સ' નામથી જાણીતો બન્યો. રણજીએ લખેલો ગ્રંથ ''ધી જયુબિલી બુક ઓફ ક્રિકેટ'' વાંચવા જેવો છે. તેઓ હસમુખા અને રમુજી ક્રિકેટર હતાં. તેઓ કેમ્બ્રીજમાં ફૂટબોલ પણ રમતા. ટેનિસનાં પણ સારા ખેલાડી હતાં અને ઉમદા નિશાનબાજ હતાં, જામનગરમાં તેમણે વિશાળ મેદાન બનાવી ક્રિકેટને પ્રોત્સાહન આપ્યું. તેઓ તીવ્ર મહત્વકાંક્ષી, મહેનતું અને પરિશ્રમી હતાં. આજથી 100 વર્ષ પહેલા રણજીતસિંહ 1907માં નવાનગરની ગાદીએ બેઠા હતાં. રણજીતસિંહ ન્યુમોનીયાની બીમારીમાં 60 વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા હતાં. તેઓ લીજેન્ડરી ફીગર હતાં. 1934માં પતિયાળાનાં મહારાજા ભૂપિન્દ્રસિંહે રણજી ટ્રોફીની સ્થાપના કરી. તેઓના અંતિમ શબ્દો હતાં. ''મૃત્યુ અનિવાર્ય છે.હું ગુજરી જાવ પછી મને માત્ર ક્રિકેટર તરીકે યાદ રાખજો.'' તેમની યાદમાં વાંકાનેરનાં મહારાજા અમરસિંહે ''રણજીતવિલાસ પેલેસ'' નામનો મહેલ બાંધ્યો, જે આજે પણ ક્રિકેટનાં જાદુગરનું નામ રોશન કરતો અડીખમ ઉભો છે. રાષ્ટ્રનાં મહાન સપૂતને કોટી કોટી વંદન.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી સાત વરસની નાની ઉંમરથી ભાવનગરનાં મહારાજા બન્યાં હતાં. તેમણે આરંભનો અભ્યાસ રાજકોટની રાજકુમાર કોલેજમાં કર્યો હતો. તેમના લગ્ન ગોંડલનાં યુવરાજ ભોજરાજજીનાં કુવંરી વિજયાબા સાથે થયાં હતાં, પરંતુ તેમનું નિવાસ રાજકોટનાં આગાખાન મહેલમાં હોવાથી લગ્નપ્રસંગ 1931માં રાજકોટમાં ઉજવાયો હતો. તે પ્રસંગે કુટુંબોનાં મોભી તરીકે જામસાહેબશ્રી રણજિતસિંહજી એટલે કે ક્રિકેટર પ્રિન્સ રણજી ઉપસ્થિત હતાં. કૃષ્ણકુમારસિંહજી મદ્રાસ રાજ્યનાં ગવર્નર તરીકે રહાં તે પહેલાં થોડો સમય સૌરાષ્ટ્ર રાજ્યનાં રાજપ્રમુખ હતાં. તે સમયે પોતાના હોદ્દાને અનુરૂપ વર્તન સહેલાઈથી રાખી શક્તા. પ્રધાનો કે સચિવોનાં શિષ્ટાચાર ભંગ કે ફરજચૂક ચલાવી લેતા નહીં, જ્યારે તેઓ રાજકોટની મુલાકાત લે ત્યારે ગાર્ડ સલામી આપે તેવી રસમ હતી. તેઓ એક પ્રસંગે વાંકાનેરથી મોટરકારમાં રાજકોટ આવવાનાં હતાં, ત્યારે સૌરાષ્ટ્ર રાજયનાં મુખ્ય સચિવ ડોલરરાય બૂચનું ધ્યાન દોરવામાં આવ્યું કે મહારાજાને જાણ કરાઈ નથી, ગાર્ડ સલામી આપશે અને ગૂંચવાડો થશે. ડોલરરાયે જોયુ કે દસ મિનિટ બાકી છે. તેથી તેઓ ચાલુ મોટરે સામે ગયાં અને મોટર આડી ઉભી રાખી. મહારાજાએ તરત પૂછ્યું, 'બૂચ, મને કેમ રોકો છો ?' મુખ્ય સચિવ કહે, 'અમારી થોડી ભૂલ થઈ ગઈ છે. ગાર્ડ ઓફ ઓનરનાં આપને ખબર નથી અપાયાં. ગાર્ડ આપને સલામી આપશે.' એટલે પોતે વિચારીને કહ્યું. 'બહુ સારું, મને સાફો બાંધવાનો સમય આપશોને ?' આ રીતે વચ્ચે રોક્યા છતાં પણ નામરજી ન બતાવી, સમજદારી દાખવી. મહારાજા કૃષ્ણકુમારસિંહજીનાં જીવનચરિત્ર 'પ્રજાવત્સલ રાજવી'ની આવી ઘણી વિશિષ્ટતાઓ છે. જેમકે મહારાજા એક સારા ક્રિકેટર હતાં. ઓસ્ટ્રેલિયાથી આવેલી ટીમ સામે મદ્રાસ રાજ્યની ટીમનાં કેપ્ટન તરીકે ત્રણ દિવસની ફર્સ્ટ કલાસ મેચ તેઓ રમ્યાં હતાં, જેમાં ફિલ્ડીગ સુધ્ધાં કરેલી. આવા હતાં પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી...

ક્ષત્રિયોનાં સાથી કાઠીયાવાડી અશ્વની અંગત ઓળખ

सौराष्ट्रे पंचरन्नानी नदी नारी तुरंगम् : । चतुर्थ : सोमनाथम् पंचम् हरी दर्शनम् : ॥

ઉપરોક્ત શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રનાં પંચ રત્નોમાં એક સ્થાન અશ્વએ મેળવેલ છે. કાઠીયાવાડી અશ્વોની ઓળખ તેમના 12 બાબ તથા 32 લક્ષણો વડે કરાય છે. ભારતમાં અશ્વોની પાંચ નસ્લો મારવાડી, મેવાડી, મણીપુરી, કાઠીયાવાડી અને ભુતાની છે. કાઠીયાવાડી નસ્લનાં અશ્વો આગવું સ્થાન ધરાવે છે. જેવી રીતે અરબસ્તાનનાં આરબ લોકોએ અરબી ઘોડાઓનાં ઉછેર અને ઉત્કર્ષમાં ફાળો આપેલ છે. તેવી રીતે સૌરાષ્ટ્રનાં કાઠી દરબારો, ગરાસીયા, ક્ષત્રિયો અને ચારણ જ્ઞાતિએ કાઠીયાવાડી અશ્વોનાં ઉછેર તેમજ વિકાસમાં મોટો ફાળો આપેલ છે. કાઠીયાવાડી અશ્વનાં વિકાસ માટે ગુજરાતમાં કાઠીયાવાડી અને મારવાડી અશ્વપાલક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી છે. આ અશ્વપાલક મંડળી બન્ને નસ્લોનાં વિકાસ માટે પ્રયત્નશીલ છે. જૂનાગઢ અશ્વ ઉછેર કેન્દ્ર પણ અશ્વોની સારી નસ્લ પેદા કરવા પૂરતા પ્રયાસો હાથ ધરી રહ્યું છે.

કાઠીયાવાડી અશ્વોનાં રંગોની માહિતી :

કાઠીયાવાડી અશ્વોમાં મુખ્યત્વે નીચે દર્શાવેલ રંગોનાં અશ્વો જોવા મળે છે.
1. બગો 2. સોનેરી બગો 3. મેલો બગો 4. દૂધીયા બગો 5. રોઝો 6. મેલો રોઝો 7. ગલદાર રોઝો 8. મગદ નીકળેલ રોઝો 9. કયાડો 10. કાળો કયાડો 11. કાળી ગાંઠે કયાડો 12. માંકડો 13. સોનેરી માંકડો 14. લાલ બાવડો 15. કાળો બાવડો 16 હરડો 17. ઘેરો કથ્થાઈ 18. જાંબુડિયો 19. મવડો.
ઉપરોક્ત રંગોની વિસ્તૃત ઓળખ નીચે પ્રમાણે છે.

01. બગો : આંખો વધારે પડતી ચમકદાર, ધોળી કેશવાળી, પૂંછડું બે પગની વચ્ચે અને આછા ગુલાબી વાળની ચામડી.
02. સોનેરી બગો : શરીર આછું બદામી. કેશવાળી અને પૂંછડું આછા બદામી અથવા સોનેરી રંગનું હોય છે.
03. મેલો બગો : શરીર આછા ધોળા રંગનું તેમજ આછા સોનેરી રંગની કેશવાળી અને પૂંછ.
04. દૂધીયો બગો : શરીર આછા ધોળા રંગનું, કેશવાળી અને પૂંછ આછા સોનેરી રંગની હોય છે.
05. રોઝો : આખો સફેદ, અંદરની ચામડી કેશવાળી, પૂંછડું કાળું.
06. મેલો રોઝો : આખો મેલો, સફેદ રૂંવાટી, ચામડી કેશવાળી, પૂંછ કાળી.
07. ગલદાર રોઝો : મેલો સફેદ, લીંબુ કે મોસંબી જેવા કાળા રંગની આખા શરીરે ડિઝાઈન હોય છે.
08. મગદ નીકળેલ રોઝો : મેલો સફેદ રંગ, આખા શરીરમાં કાળા કે છીંકણી રંગનાં ગોળ અને લંબગોળ ટપકા હોય છે.
09. કયાડો : શરીર ઘુપેલ તેલ જેવા રંગનું, કાળાશ પડતું નાક, ફોયણા રંગની કેશવાળી અને પૂંછડું કાળુ હોય છે.
10. કાળો કયાડો : ચામડી કેશવાળી, પૂંછડું કાળુ અને જાંબુ જેવો હોય છે.
11. કાળી ગાંઠે કયાડો : શરીર લાલાશ પડતું કથ્થાઈ ઘેરા રંગનું તથા પૂંછડું અને ડાબલા કાળા હોય છે.
12. માંકડો : શરીર બદામી રંગનું, પૂંછડું અને ગોઠણ કાળા રંગનાં, કાનની ટીસીઓ કાળી, પીઠ ઉપર હરડાથી પૂંછ સુધી કથ્થાઈ રંગનો અડધો ઈંચ પહોળો પટ્ટો હોય છે. આગલા પગે ઘૂંટણથી ઉપર અને પાછલા પગે ઢીંચણથી ઉપરનાં ભાગે કથ્થાઈ રંગનાં નાના નાના પટ્ટા હોય છે, જેને અંગ્રેજીમાં 'જિબ્રા માર્કિંગ' કહે છે.
13. સોનેરી માંકડો : શરીર આછું બદામી, સોનેરી કેશવાળી, પૂંછડું સોનેરી તથા પીઠ ઉપર આછા કથ્થાઈ રંગનો પટ્ટો.
14. લાલ બાવડો : સફેદ શરીરમાં લાલ રંગનાં ધાબા.
15. કાળો બાવડો : સફેદ શરીરમાં કાળા ધાબા હોય છે.
16. હરડો : શરીર, પૂંછડું, કેશવાળી બધું જ સોનેરી રંગનું હોય છે.
17. ઘેરો કથ્થાઈ : શરીરનો રંગ વધારે કથ્થાઈ, બાકી હરડા જેવો હોય છે.
18. જાંબુડિયો : આછા ધોળા રંગમાં જાંબુ જેવા રંગની રૂંવાટી.
19. મવડો : શરીરની રૂંવાટી લાલ અને સફેદ સપ્રમાણ હોય છે.

1. પંચ કલ્યાણી : ગમે તે રંગનો અશ્વ હોય, પરંતુ જે અશ્વનાં ચારે પગ સફેદ અને મસ્તકમાં નાક સુધી લાંબુ તિલક હોય તેવા અશ્વને'પંચ કલ્યાણી'કહેછે.
2. અષ્ટમંગળ : જે અશ્વનાં આઠ અંગો સફેદ હોય જેમ કે ચાર પગ, કપાળ, મુખ, પૂંછડું અને છાતી તેને અષ્ટમંગળ કહેવાય છે.
3. મુશળ : જે અશ્વનો ડાબો પગ સફેદ હોય તેને 'મુશળ' કહેવાય છે.
4. અર્જુન : જે અશ્વનો પાછલો જમણો પગ સફેદ હોય તે 'અર્જુન' કહેવાય.

કાઠીયાવાડી અશ્વનાં મોઢા ઉપરની નિશાનીઓની ઓળખ :

સામાન્ય વ્યવહારમાં અશ્વો રંગ તેમજ મોઢા અને પગ ઉપરની નિશાનીઓથી ઓળખાય છે. અશ્વોની વિગતવાર ઓળખ માટે માથા તથા પગ ઉપરની નિશાનીઓની જાણકારી મહત્ત્વનો દસ્તાવેજ છે.
1. સ્ટાર : બે આંખ વચ્ચેનાં ભાગમાં આવેલ સફેદ નિશાની ટીલું કહેવાય.
2. સ્ટ્રીપ : બે આંખ વચ્ચે અને નસકોરાની ઉપરનાં ભાગમાં નાકનાં હાડકાં ઉપર આવેલ સફેદ નિશાનીને પટ્ટો કહેવાય.
3. બ્લેઝ : બે આંખ વચ્ચે અને નસકોરાની ઉપરનાં ભાગમાં નાકનાં હાડકાંની બન્ને બાજુ ફેલાયેલ નિશાનીને પહોળો પટ્ટો અથવા અજવાળી કહેવાય છે.
4. સ્નીપ : નશકોરાની નીચેના ભાગમાં નાક ઉપર આવેલ સફેદ નિશાનીને તિલક કહેવાય છે.

કાઠીયાવાડી અશ્વોનાં સરેરાશ માપ :

1. 18 ઈંચ મોખલીની ગોળાઈ **2.** 16 ઈંચ માથાનાં છેડાથી હોઠ સુધીનું અંતર **3.** 6 ઈંચ બે આંખ વચ્ચેનું અંતર **4.** 6 ઈંચ માથાની કાંધથી છાછરાની શરૂઆત સુધી **5.** 3 ઈંચ કાનનું અંતર. **6.** 3 ઈંચ કાનની લંબાઈ, **7.** 5 ઈંચ કાનથી આંખ સુધીનું અંતર **8.** ઉંચાઈ 14. 5 હાથ 58 ઈંચ **9.** તંગ ફરતી ગોળાઈ 63 ઈંચ **10.** છાતીથી થાપા સુધીની લંબાઈ 60 ઈંચ.

કાઠીયાવાડી અશ્વોનાં બાર બાબ :

કાઠીયાવાડી ઘોડાઓ પરંપરાગત રીતે બાર મુખ્ય અને બત્રીશ વિશેષ લક્ષણો ધરાવતાં હોય છે. કાઠીયાવાડી અશ્વોની શુદ્ધતા તેમજ બાહ્ય દેખાવ બાબ વડે અંકાય છે. બાબ અને લક્ષણો અશ્વનાં આનુવંશિક ગુણોની પરખ કરે છે.
બાર બાબ : બાર બાબને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યાં છે.
અ. લાંબા બાબ : 1. ડોક 2. કેશવાળી માણેક લટ 3. ઘરૂ નળો 4. તાનીલંબાઈ.
બ. ટૂંકા બાબ : 1. કાન 2. પગનાં ગાળા 3. પીઠ 4. મોઢું.
ક. પહોળા બાબ : 1. છાતી 2. પીઠ 3. કપાળ 4. ડાબલા.

જાતવાન અશ્વ દિવસમાં ક્યારેય જમીન પર બેસતો નથી. આરામ લેવા માટે પોતાનો એક પગ ઉંચો રાખે છે. રાત્રે અશ્વ ઉંઘ પણ ઊભા ઊભા જ કરે છે. ઘોડીઓ ક્યારેય દિવસે થાણ દેતી નથી. ઘોડીનાં ગર્ભધાન સમયે તેની સામે રૂપાળા અશ્વને ઊભો રાખવામાં આવે તો જન્મનાર વછેરૂ તેનાં જેવા જ રંગ રૂપ અને તાસીર લઈને જન્મે છે. અશ્વમાં ચાર જાતિ હોય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. બ્રાહ્મણ જાતિનો 'દેવાંગી' અશ્વ રાજાની યજ્ઞશાળા કે દેવસ્થાનોમાં રહેતો હોય છે. ક્ષત્રિય જાતિનાં અશ્વનો લડાઈમાં ખાસ ઉપયોગ થાય છે. આ અશ્વ વાંજીત્રોથી ડરતો નથી. વેગીલો, તાકાતવર અને



પીડા સહન કરનારો હોય છે. વૈશ્ય જાતિનો અશ્વ સવારીનાં કામમાં આવે છે, તે રેવાળ ચાલ માટે ખૂબ વખણાતો અશ્વ છે. શુદ્ર જાતિનો અશ્વ માલ વહન માટે ઉપયોગમાં લેવાય છે. કાઠીયાવાડી ઘોડાનાં મોઢામાં દાતરડી જેવો ગાલ બીજા કોઈ અશ્વમાં જોવા મળતો નથી. કાઠીયાવાડી અશ્વને સમજી શકનારા માણસો પણ જૂજ છે. સારા અશ્વો સૌરાષ્ટ્રમાં માંડ ચારસોથી પાંચસો જેટલા હશે. કિંમત જાતિ પરથી અંકાય છે. કાઠીયાવાડી અશ્વો સુદ્રઢ પાતળા પરંતુ મજબૂત પગવાળા, પ્રમાણમાં સુંદર બાંધાવાળા, સારી સ્ફૂર્તિવાળા, ચંચળ અને ચપળ હોય છે. કાઠીયાવાડી તથા અરબી અશ્વોમાં કરોડનાં મણકા તેમજ પાંસળીઓ અન્ય અશ્વ કરતાં ઓછાં હોય છે. આ નસ્લનાં અશ્વો નાની ઉંમરે તાલીમ ગ્રહણ કરે છે. પ્રેમાળ અને પોતાના માલિકને અત્યંત વફાદાર હોવાનું જણાય છે. સમય આવ્યે માલિકની સાથે રહી દુશ્મન ઉપર હુમલો કરતાં પાછા પડતા નથી. પરદેશમાં આ નસ્લનાં અશ્વો તાલીમ ગ્રહણ કરવામાં થોડા આકરા હોવાનું મનાય છે. કાઠીયાવાડી અશ્વોનો ઉપયોગ જુદી જુદી રીતે કરવામાં આવે છે.

1. લડાયક 2. માંગલિક 3. નાની મુસાફરી અને 4. લાંબી મુસાફરી માટે ઉપયોગમાં લેવાય છે. ઉપરનાં ચાર કાર્યો માટે સાહસિક, માંગલિક, સામાજીક અને શ્રમિક એવા શબ્દ પ્રયોગ કરી શકાય. અગાઉનાં સમયમાં કાઠીયાવાડી અશ્વોનું સંવર્ધન તથા ઉછેર કાઠી જ્ઞાતિ વિશેષ કરતી હતી. કાઠી જ્ઞાતિનાં દરબારો તાજણ, સમઢીયાળ, પટ્ટી, વાંગળી વગેરે જાતિનાં અશ્વોનો ખાસ ઉપયોગ કરતા હતાં. જે જાતિનાં અશ્વો કુદી શકે છે તે અશ્વો માંગલિક પ્રસંગો માટે ઉપયોગમાં લેવાય છે. કાઠીયાવાડી અશ્વો તેના કાનની વિશેષતાઓનાં કારણે વિશ્વનાં તમામ અશ્વોમાં ચઢિયાતા ગણાય છે. કાઠીયાવાડી અશ્વની જાતિમાં સાવ કાળા રંગનો અશ્વ જોવા મળતો નથી. ઘણી વખત જાંબુડિયો જોવા મળે છે. સામાન્ય રીતે કાઠીયાવાડી અશ્વ 14 હાથનાં એટલે કે 58 ઈંચની ઉંચાઈ ધરાવતા હોય છે. ભાગ્યે જ આ નસ્લનાં ઘોડા 15 હાથ ઉપરનાં જોવા મળે. આ અશ્વો ઘણી ચપળતાથી કાનને આગળ પાછળ લગભગ કાટખૂણા સુધી ફેરવવાની ક્ષમતા ધરાવે છે. કાન ઉંચા કરી આગળ પાછળ કરે ત્યારે કાનની ટીશીઓ એક બીજાને અડી જાય છે. આ તેની આગવી લાક્ષણિકતા છે. પહોળું કપાળ, ટૂંકી મોખલી, મોટી આંખો, પહોળા નસકોરા, મોરની ડોક જેવી ગરદન એ કાઠીયાવાડી અશ્વનું અનોખુ રૂપ ગણાય છે. અન્ય અશ્વોનાં પ્રમાણમાં કાઠીયાવાડી અશ્વો નાના કદનાં ગણાય છે. સારી વંશાવેલી વાળા અશ્વો સુંદર, સુદ્રઢ, જુસ્સાદાર અને સહેલાઈથી તાલીમ ગ્રહણ કરે છે. કઠણ પગ વાળા માલિકને વફાદાર હોય છે. કાઠીયાવાડી અશ્વોની જાતિ અલગ અલગ નામે ઓળખાય છે.

માણકી ઢસા, ચમરઢાલ ગઢડા, ફૂલમાળ ભાડલા, ચાંગી ચોટીલા, વાંગડી ભાલ, હિરલ પાળીયાદ, જાંજણ ભડલી, રેડી જશદણ, ભૂતડી કાઠી, જાબાદ જેતપુર, કેસર ભીમોરા, મોરન આણંદપર, અખડીયેલ મૂળી, મેવાસા બેરી, વંથલી સોરઠ, બોદલી ટુડા, ફૂલમાળ ગોસલ, રેશમ સોમાસર, વાંદરી ધુંધકા, ખેરવા પાટડી, દળવા ગોંડલ, ઢેલ બાબરા, હિરલ જૂનાગઢ, રામપાસ હળવદ, લાલ લીંબડી, મણી ભાવનગર, ભાડલા જેસર, શીંગાળી લખતર, લખમી ધાંધલપુર. સૌરાષ્ટ્રમાં અલગ અલગ વિસ્તારમાં કાઠીયાવાડી અશ્વોની પેટા જાતિનો વિકાસ કરવામાં આવતો, દરેક જગ્યાએ ઉછેરાતા અશ્વોનો સ્વભાવ, દેખાવ, ગુણ, ચંચળતા અને વફાદારીનાં ગુણો અલગ હોય છે.

અશ્વની અશ્વારી માટેનો અગત્યનો સામાન :

લગામ, મોવડ, કાટીઉ, સરક, કાઠું દળી, ઘાંસીયો અથવા ગાદલી, ડુમણી, પછાડી, જોરબંધ, આગેવાળ, પેગડાં, તંગ વગેરે... અશ્વ 30 થી 32 વર્ષનું આયુષ્ય ભોગવે છે.

કાઠીયાવાડી અશ્વોનાં 32 લક્ષણો :

કાઠીયાવાડી અશ્વોની સુંદરતાનાં 32 લક્ષણો હોય છે.

1. ચાર દીર્ઘ : 1. મુખ કેશ 2. પૂંછ 3. ભુજ 4. ડોક
2. ચાર ઉન્નત : 5. પગ 6. નાસિકા 7. આંખો 8. કાન
3. ચાર અરૂણ : 9. હોઠ 10. તાળવું 11. લિંગ 12. જીભ
4. ચાર સુક્ષ્મ : 13. વાળની ચોટી 14. રૂંવાટી 15. પૂંછવાળ 16. ગુપ્ત અંગ
5. ચાર લઘુ : 17. કાન 18. નાક 19. કમરનો પાછળનો ભાગ 20. મોખલી
6. ચાર આયુત : 21. પીઠ 22. કપાળ 23. ડોક 24. છાતીનો આગલો ભાગ
7. ચાર અર્ધગોળ : 25. ઉદર 26. દાઢી 27. કમર 28. જાંઘ
8. ચાર બીન : 29. મુખ 30. તાળવું 31. પાંસળી 32. પાછલા પગની ફીશ.

ઉપરનાં તમામ લક્ષણો હોય તે સારી ઓલાદનો અશ્વ ગણાય છે.


કાઠીયાવાડી અશ્વોની 51 પેટા જાતિઓ છે :

માણકી, કુંટાળી, હીરાળ, પ્રવાલ, પારવી, જળાદ, ટીલાત, રેડી, વીજળી, કેસર, માછલી, મારૂત, હિરણ્ય, ઝડપી, રેશમ, સોનાની, વાંગળી, બગી, વાંદરી, વાઘણ, તાજણ, મની, ખેંગ, ઢેલ, શિંગાળી, દેવમણી, લાડી, સપનાશ, લખી, ભૂતડી, બોદલી, ચરમઢાળ, મુગટ, માતંગી, બાઝ, વલઈ, ફૂલમાળ, સિયણ, હેમન, રીમી, નોરાળ, દાહુલી, બેરી, મુંગલી, અટારી, છોગાળી, પાંખાળ, લોહી, બાંય, પિયુડી વગેરે જાતિઓ પ્રખ્યાત છે.

અશ્વોની ચાલ : વિશ્વની દરેક નસ્લમાં અશ્વોની આગવી ચાલ તેની લાક્ષણિકતા છે. કાઠીયાવાડી અશ્વોની પરંપરાગત રેવાળ ચાલ, નાની ખદ તથા મોટી ખદ અલગ તરી આવે છે. જે અશ્વ અશ્વારને ઓછામાં ઓછો થડકો આપે તે ચાલ અને અશ્વ સારા ગણાય છે. રેવાળ ચાલ ચાલવા માટે અશ્વએ ઘણું સહન કરવું પડે છે. કોઈ અશ્વમાં નબળા લક્ષણો દેખાય એટલે અપશુકનિયાળ માનવું એ એક મુંગા પ્રાણી પ્રત્યે નિર્દયતા કહેવાય. બધાં જ અશ્વો સારા હોય છે. દેખાવ, કલર, વિશે આપણે બાંધછોડ કરી શકીએ, પણ ક્યારેય કોઈ અશ્વ ખરાબ છે તેવું માનવું એક અંધશ્રદ્ધા છે.

જામનગર ગ્રામ્ય FPS એસોસિયેશન

જય દ્વારકાધીશ



મનજીભાઈ નારણભાઈ વાઘેલા : ઉપપ્રમુખ લાખાબાવળ

સુરેશગીરી કિશોરગીરી : પ્રમુખ ચંગા



રાજપૂત કી શાન પર જૌહર કી આન પર

બનવીર પન્ના ધાઇ

મહારાણા સાંગાનો ભાઈ હતો પૃથ્વીરાજ. તેને દાસીથી થયેલો એક પુત્ર હતો, જેનું નામ હતું બનવીર. દાસીપુત્ર હોવાથી તે ગાદીનો વારસદાર થઈ શકયો નહીં. એટલે તેણે દગો કરીને વિક્રમાદિત્યની હત્યા કરી નાંખી. હવે સૂર્યવંશી એક જ બાળક બચ્યું હતું. જો તેની હત્યા કરી નખાય તો સૂર્યવંશ સમાપ્ત થઈ જાય. પછી બનવીર ગાદીએ બેસી જાય. આવી કુટિલ ધારણાથી બાળક ઉદયસિંહને મારી નાખવા તે પન્ના ધાઈ પાસે પહોંચ્યો. પન્ના સમજી ગઈ કે ઉદયસિંહને મારી નાખવા બનવીર આવ્યો છે. તેણે ઝટ દઈને રાજકુમારનાં વસ્ત્રો પોતાના દીકરાને પહેરાવીને પારણામાં સુવડાવી દીધો. ઉદયસિંહને સંતાડી દીધો. બનવીરે પારણાનાં બાળકને ઉદયસિંહ સમજીને તરત જ તેના ટુકડા કરી નાંખ્યા. પન્ના ચૂપચાપ હૃદય ઉપર પથ્થર મૂકીને એ દ્રશ્ય જોતી રહી. બનવીરનાં ગયાં પછી પન્નાએ ઉદયસિંહને બહાર મોકલી દીધો. પન્ના ધાઈ બાળકને ધવડાવવાનું કાર્ય કરનારી રાજપૂત દાસી હતી, પણ તેનું બલિદાન સૌથી મહાન હતું. ચિતોડમાં એક વિજયસ્તંભ છે.આ વિજયસ્તંભને પન્નાનું નામ આપવું જોઈએ. ઉદયસિંહને કુંભલગઢમાં સુરક્ષિત પહોંચાડનારી પન્નાનો ત્યાગ હજારો ત્યાગીઓ કરતાં પણ મહાન છે. બનવીર કિલ્લાનો રાજા બની ગયો. તેણે કિલ્લાનાં બે ભાગ કરી નાંખ્યા. ઉદયસિંહ મોટો થયો અને કિલ્લા ઉપર ચઢી આવ્યો. બનવીરને મારીને ફરીથી સૂર્યવંશી રાજ્યની સ્થાપના કરી. આ જ ઉદયસિંહે અરવલ્લીનાં પર્વતો વચ્ચે ઉદયપુર વસાવ્યું. ખરેખર તો ઉદયસિંહે વસાવેલા નગરનું નામ ''પન્નાનગર'' રાખવું જોઈતું હતું.

બાપા રાવલનાં વંશમાં રતનસિંહજી રાણા થઈ ગયાં, તેમના લગ્ન પદ્મિની સાથે થયાં હતાં. કહેવાય છે કે પદ્મિની શ્રીલંકાની રાજકુંવરી હતી. તે રૂપરૂપનો અંબાર હતી. તેના રૂપની પ્રશંસા છેક દિલ્હી અલાઉદ્દીન સુધી પહોંચી. અલાઉદ્દીન ખીલજી મોટું લશ્કર લઈને ચિતોડ પહોંચી ગયો. કિલ્લાને ઘેરી લઈ પદ્મિનીની માંગણી કરી, પણ રાજપૂતો માન્યા નહીં. છ મહિનાનાં ઘેરાથી કિલ્લાની અંદર ખોરાક પાણી ખૂટવા માંડયાં. બીજી તરફ અલાઉદ્દીન પણ મોટું લશ્કર લઈને પડયો હતો. ઘેરાનાં કારણે તેને પણ નુકસાન થઈ રહ્યું હતું. આમ બન્ને પક્ષે નિરાશા હતી. છેવટે અલાઉદ્દીને દૂત મોકલ્યો અને રતનસિંહજીને કહેવડાવ્યું કે પદ્મિની ન આપો તો કાંઈ નહીં, માત્ર તેનો ચહેરો તો બતાવી દો. પ્રસ્તાવ ઉપર વિચાર કરી રાણા રતનસિંહજીએ જવાબ આપ્યો કે અમે રાજપૂત છીએ. અમારી રાણીનો ચહેરો તો શું કોઈ અંગ પણ જોઈ શકતું નથી. જો તમે દિલ્હી પાછા ચાલ્યાં જતાં હો તો દર્પણમાં રાણીનું પ્રતિબિંબ બતાવી શકાય. પ્રતિબિંબ જોવા અલાઉદ્દીન રાજી થયો. ગોઠવણ પ્રમાણે અલાઉદ્દીન પ્રતિબિંબ જોવા માટે નિર્ધારીત મહેલમાં આવ્યો, તેને પ્રતિબિંબ બતાવવામાં આવ્યું. રાજી થઈને તે પાછો ચાલ્યો ગયો. રતનસિંહ તેને વળાવવા દરવાજા સુધી ગયાં. છળકપટથી અલાઉદ્દીને રતનસિંહને પકડી લીધાં અને પોતાના કેમ્પમાં લઈ ગયાં. ફરી પાછી તેને પદ્મિની માંગણી કરી. જો પદ્મિની નહીં મળે તો રતનસિંહની હત્યા કરી નાખવામાં આવશે. રાણી રૂપાળી હતી અને બુદ્ધિમાન પણ હતી. તેણે અલાઉદ્દીનને કહેવડાવ્યું કે હું મારી સખીઓ અને દાસીઓ સાથે આવું છું. ખીલજી રાજી થઈ ગયો. 700 પાલખીઓમાં રાણી રવાના થઈ. દગાનો જવાબ દગાથી આપવા પ્રત્યેક પાલખીમાં સૈનિકો અને શસ્ત્રો સાથે પાલખીઓ વિદાય થઈ. પદ્મિનીનાં ચહેરાવાળા ગોરા નામના તરૂણને પદ્મિનીનો શણગાર સજાવીને પાલખીમાં બેસાડી દીધો. ખીલજીની છાવણીમાં જઈને રાણીએ (ગોરાએ) રતનસિંહજીને મળવાંની ઈચ્છા વ્યક્ત કરી. રતનસિંહજી અને સૈનિકો હથિયારો લઈને કૂદી પડયાં. ભંયકર ઘમસાણ યુદ્ધ થયું. ગોરા અને બાદલ બન્ને ભાઈઓ માટે આ યુદ્ધ એક ઈતિહાસ બની ગયું. લોકગીતોમાં ઘેરઘેર પ્રચલિત થઈ ગયું. ગોરા અને બાદલ બન્ને વીરગતિને શરણ પામ્યાં. બીજી તરફ રાણી પદ્મિનીએ વિચાર્યું કે હવે મારું શિયળ રક્ષિત રહેશે નહીં.કામાંધ બાદશાહ મારા શરીરને હાથ અડાડે તે પહેલાં જ આ શરીરની આહુતિ આપી દેવી ઉચિત છે. લાકડાનો ઢગલો કરી ચિતા જલાવી અને સોળ હજાર રાજપૂતાણીઓ ''હર હર મહાદેવ'' કહેતી ચિતામાં કૂદી પડી. તેમાં કિશોરીઓ, યુવતીઓ, પ્રૌઢાઓ અને વૃદ્ધાઓ પણ હતી. જોતજોતમાં સોળ હજાર વીરાંગનાઓએ પોતાનું બલિદાન આપી દીધું. આ દ્રશ્ય જોવા માટે સૂર્યએ પણ પોતાનો રથ ઊભો રાખી દીધો હતો. બાદશાહ જ્યારે કિલ્લામાં આવ્યો ત્યારે રાખનો ઢગલો જોઈને લજ્જિત થઈ ગયો. ઘગધગતા અંગારા સિવાય કાંઈ ન હતું. તે ક્રોધે ભરાયો અને કત્લે આમનો હુકમ કર્યો. એક જ દિવસમાં 30 હજાર હિન્દુઓ મારી નાખવામાં આવ્યાં. હાહાકાર મચી ગયો. મડદા ઉપર રાજ કરવા બાદશાહે પોતાના પુત્ર ખિજખાનને સત્તા સોંપી, પણ રાજપૂતો જંપીને બેઠા નહીં. હેરાન પરેશાન થઈને ખિજખાન પાછો દિલ્હી ચાલ્યો ગયો. તેણે આ કિલ્લાનું નામ ખિજરાબાદ પાડયું હતું. 2 વર્ષમાં જ ફરી પાછું તેનું નામ ચિતોડગઢ થઈ ગયું. જે જગ્યાએ 16 હજાર રાજપૂતાણીઓએ જૌહર કર્યું હતું તે સ્થાનને નમન કરીને આહુતિની ભસ્મ માથે લગાવવાનું કવિ કહે છે :

''ઈસ ધરતી કો નમન કરો, યહ ધરતી હૈ બલિદાન કી.''

ઈ.સ. 1536માં ગુજરાતનો સુલતાન બહાદુરશાહ ચઢી આવ્યો. બહાદુરશાહને મહારાણા સાંગાએ હરાવ્યો હતો, તેનો બદલો લેવા તે આવ્યો. આ વખતે મહારાણા કમજોર હતાં. મહારાણી કર્ણાવતી સમજી ગઈ કે મારું રક્ષણ થવાનું નથી. તેણે દિલ્હીનાં બાદશાહ હુમાયુંને રક્ષા માટે રાખડી મોકલી, પણ હુમાયુ સમયસર આવી શક્યો નહીં. મહારાણી કર્ણાવતી 13000 રાજપૂતાણીઓ સાથે ભડભડતી ચિતામાં કૂદી પડી. કિલ્લા ઉપર બહાદુરશાહનો કબજો થઈ ગયો, પછી હુમાયુએ બહાદુરશાહને ભગાડી દીધો. જૌહરની રાખ આગળ ઘૂંટણિયે પડીને, મોડા આવવા બદલ બહેન કર્ણાવતીની ક્ષમા માગીને, ફરી પાછો વિક્રમાદિત્યને કિલ્લો સોંપીને દિલ્હી ચાલ્યો ગયો.

વલસાડનો વૈભવ


વિલ્સન હિલ : ધરમપુરથી 27 કિમીનાં અંતરે 2300 ફૂટની ઉંચાઈએ પંગારબારી ગામ ખાતે આવેલ ટેકરી હવા ખાવાનાં સ્થળ તરીકે ઓળખાય છે. ધરમપુરનાં રાજવીએ ટોચ સુધીનો રસ્તો બંધાવી ટેકરી ઉપર સુંદર છત્રી બનાવીને, તેમાં તે વખતનાં ગવર્નર વિલ્સનની આરસનાં પથ્થરમાંથી કંડારેલ સુંદર પ્રતિમા મૂકી હતી. વિલ્સન હીલ પરની આ છત્રીની ડિઝાઈન મુંબઈનાં એક પ્રખ્યાત શિલ્પી મેસર્સ ડબલ્યુ એ ચેમ્બર્સ એન્ડ કંપનીનાં દિરબેર્ને બનાવી હતી. ખડગપુર કોન્ટ્રાકટરે તેનું બાંધકામ કર્યું હતું. સર વિલ્સનની આરસની પ્રતિમા ભારતનાં પ્રખ્યાત શિલ્પી બી વી તાલીમે બનાવી હતી. ઈ.સ. 1928માં ગવર્નર વિલ્સનની ધરમપુર રાજયની મુલાકાત વખતે તેના હસ્તે તે ખુલ્લી મૂકવામાં આવી હતી. તેમની સ્મૃતિ માટે પાછળથી આ સ્થળને વિલ્સન હીલ નામ આપવામાં આવ્યું. હાલ અહીં ફક્ત છત્રી છે અને તેની અંદરની પ્રતિમા લેડી વિલ્સન મ્યુઝિયમમાં મૂકવામાં આવી છે. ત્રણ બાજુએ ટેકરીઓ અને ચોથી દિશામાં સમુદ્ર હોઈ આસપાસનું દ્રશ્ય રમણીય લાગે છે.

ઉદવાડા : પરીઆરી નદી ઉપર વસેલું ઉદવાડા પારસીઓનું પવિત્ર તિર્થધામ છે. બાજુમાં અરબી સમુદ્ર છે. અમદાવાદ મુંબઈ રેલ્વે લાઈન ઉપરનું એ અગત્યનું સ્ટેશન છે. એસ ટી બસની સેવાઓથી અન્ય શહેરો સાથે સંકળાયેલું છે. તાલુકા મથકથી 15 કિમી અને જિલ્લા મથકથી એ 30 કિમીનાં અંતરે છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ અહીંથી 8 કિમીનાં અંતરે પસાર થાય છે. અહીં પારસીઓની વસ્તી ગણનાપાત્ર છે. ઈ.સ. 1742માં નવસારીથી પારસીઓનાં પવિત્ર આતશ બહેરામ છૂપી રીતે અહીં લાવવામાં આવ્યાં, ત્યારથી આ સ્થળ પારસીઓનું પવિત્ર યાત્રાધામ બની ગયું છે. પતેતીનાં દિવસોમાં દૂર દૂરથી પારસીઓ આ પવિત્ર સ્થળની મુલાકાત લે છે.

સંજાણ : ઈરાનમાં સર્વસ્વ છોડીને આવેલા પારસીઓને હિંદમાં વસવાટની ઈ.સ. 716માં પરવાનગી અપાઈ હતી. પારસીઓ માટે તો આ 'ગેટ વે ઓફ ઈન્ડિયા' કહી શકાય. પારસીઓએ અહીંથી જ 1300 વર્ષ પૂર્વે દૂધમાં સાકરની જેમ ભળી જવાનો કૉલ આપ્યો હતો. જાદીરાણાએ પારસીઓનો સત્કાર કર્યો તે વિશેનો શિલાલેખ પારસી અગિયારીનાં ચોગાનમાં કીર્તિસ્તંભ પર જડેલો છે. સ્તંભ ઉપર ફરોહરનું પ્રતીક છે. સંજાણમાં થયેલા પુરાતત્ત્વીય અન્વેષણમાં એ પણ સાબિત થયું છે કે, આ 'સિલ્કરૂટ' પરનું એક અતિ મહત્ત્વનું બંદર હતું. અહીંનો "ચાલતો આંબો" પણ એક અજાયબી જેવો છે. સંજાણ જિલ્લા મથકથી 56 કિમી અને રાષ્ટ્રીય ધોરી માર્ગ થી 12 કિમી દૂર અમદાવાદ મુંબઈ રેલ્વે લાઈન પર છે.

તિથલ : વલસાડથી આશરે ચાર કિમીનાં અંતરે અરબી સમુદ્રનાં કાંઠે 'તિથલ' હવા ખાવાનાં સ્થળ તરીકે જાણીતું છે. સમુદ્ર કિનારે દર સોમવતી અમાસે ભવ્ય મેળો ભરાય છે. તિથલ ખાતે સ્વામિનારાયણ મંદિર અને બંધુ ત્રિપુટીનો આશ્રમ આવેલા છે. પ્રવાસન નિગમની તિથલ તોરણ હોટલ તથા ખાનગી હોટલો અને રેસ્ટોરા પણ શરૂ થયાં છે. તિથલ બીચની નજીક બોમ્બે ગ્રેઈન મરચંટ એસોસિયેશન દ્વારા રહેવા, જમવાની સગવડતા ધરાવતા બંગલોઝ પણ છે. તિથલનું હવામાન ખુશનુમાં હોવાથી ઉનાળામાં પ્રવાસીઓનો ધસારો રહે છે. અહીંની ચોપાટીએ પ્રવાસીઓમાં સારું એવું આકર્ષણ જમાવ્યું છે. દરિયા કિનારે બેસી સાંજનાં સૂર્યાસ્તનું દ્રશ્ય નિહાળવું લ્હાવો છે. તિથલનાં દરિયા કિનારે સહેલાણીઓને સહેલગાહ કરવાની મજા પડે તેવો બિનજોખમી સમુદ્ર હોવાને કારણે લોકો પેટ ભરીને મજા માણે છે.

સ્વામિનારાયણ મંદિર, તિથલ : વલસાડથી માત્ર 6 કિમીનાં અંતરે આવેલ સ્વામિનારાયણ મંદિર તિથલનાં રમ્ય સમુદ્ર કિનારે હજારો પ્રવાસીઓનું આકર્ષણ બની ચૂક્યું છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી નિર્માણ થયેલા આ ધામમાં પ્રવાસીઓ માટે રહેવાની વ્યવસ્થા તેમજ "શાયોના" હોટલ ખાતે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા સાથે સાત્વિક અને સ્વાદિષ્ટ વાનગીઓ મળે છે. આ જગ્યાએથી સૂર્યાસ્ત દર્શન પણ થાય છે. ગુજરાત અને દેશની પ્રાચીન સંસ્કૃતિની ઝલક આપતું પ્રદર્શન પણ અહીં છે.



વલસાડ : વલસાડ એ જિલ્લાનું વડું મથક છે. બધી મહત્ત્વની કચેરીઓ અહીં આવેલી છે. વલસાડ ખુદ એક ઐતિહાસિક નગરી છે. એનુ મૂળ નામ ન્યગ્રોધપૂર હતું અને મધ્ય યુગમાં એ એક મહત્ત્વનાં બંદર તરીકે જાણીતું હતું. વલસાડ મુગલો, મરાઠા, પેશ્વા અને અંગ્રેજોનાં તાબામાં રહ્યું હતું, એ એક પરગણું હતું. પેશ્વા બાલાજી બાજીરાવે અહીં બાળેશ્વર મહાદેવનું મંદિર અને સિદ્ધરાજ જયસિંહે જ્યોતિ હોલ પાસેનું સિદ્ધનાથ મહાદેવ મંદિર બનાવ્યું હતું. વલસાડમાં જોવાલાયક સ્થળોમાં સતીમાતાનું મંદિર, કલ્યાણબાગનો જ્યોતિ મિનારો, રેલ્વે RPF કેમ્પસ, શ્રી પશુપતિનાથ મંદિર, BDCA સ્ટેડિયમ, વિદ્યામૃતવર્ષિણી પાઠશાળા, મોટાં બજારનું જૈન મંદિર, પેશ્વા કાળનું ગણેશ મંદિર, પંઢરપુરની પ્રતિકૃતિ જેવું વિઠ્ઠલ મંદિર, અંબામાતાનું મંદિર, બે પારસી જરથોસ્તી અગિયારી વગેરે જોવાલાયક સ્થળો છે.

ધરાસણા : ગાંધીજીનાં મીઠા સત્યાગ્રહને કારણે વિશ્વ વિખ્યાત થયેલું આ સ્થળ જિલ્લાનું ગૌરવશાળી પ્રવાસ ધામ છે. 1930માં દાંડીકૂચ વખતે અહીં 21 દિવસ લાંબો અહિંસક સત્યાગ્રહ ચાલ્યો હતો. ગાંધીજીએ ધરાસણાનાં અગરો લૂટવા આપેલા જલદ કાર્યક્રમને લોકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો અને પ્રજાનાં સાચા ખમીરનું વિશ્વને દર્શન થયું હતું. આ સત્યાગ્રહ દરમિયાન અબ્બાસ સાહેબ અને સરોજિની નાયડુએ આગેવાની કરી હતી. 'ધરાસણાની ધાડ'નાં નામે જાણીતા આ પ્રસંગમાં અંગ્રેજોએ અહિંસક, નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ પર ગુજારેલા જુલમને કારણે ચરોતરનાં સ્વયંસેવક ભાઈલાલભાઈ અહીં શહીદ થયાં હતાં. જેમનો અગ્નિ સંસ્કાર વલસાડનાં સ્મશાનગૃહમાં કસ્તૂરબાની હાજરીમાં થયો હતો. આજે પણ વલસાડનાં સ્મશાનગૃહમાં એમનું સ્મારક ઊભું છે. ધરાસણાનાં સત્યાગ્રહની યાદમાં 26 મે 1978નાં રોજ તત્કાલીન વડાપ્રધાન મોરારજી દેસાઈનાં હાથે એ સ્મારક ખુલ્લું મુકાયું હતું. ઐતિહાસિક અને શૈક્ષણિક પ્રવાસ સ્થળ છે. અહીંના મીઠાનાં અગરો પણ જોવાલાયક છે.

વોટર વર્લ્ડ પાર્ક કુંતા : વલસાડ જીલ્લામાં પારડી તાલુકાનાં કુંતા ગામે એક સાથે 36 વોટર રાઈડસ ધરાવતો વોટર પાર્ક છે. આ વોટર પાર્ક ડુંગરાળ તથા કુદરતી વાતાવરણની સાથે નાળિયેરી, ચીકુ અને આંબાની વાડી ધરાવતો હોઈ પિકનિક માટે અનેરું આકર્ષણ ધરાવે છે. વાપી દમણ એરપોર્ટ રોડ પર વાપીથી માત્ર 8 કિમીનાં અંતરે આવેલ છે.

ભદેલી : પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન મોરારજી દેસાઈનું જન્મ સ્થળ વલસાડ નજીક ભદેલીમાં આવેલું છે. અહીં એમના જન્મ સ્થળનું મકાન ઉપરાંત એમણે જ્યાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું એ વખતની શાળા જોવાલાયક છે. ભદેલી ખાતે હીંગળાજ માતાનું મંદિર અને વિશાળ તળાવ છે.

વેકરીયા હનુમાન : વલસાડ તાલુકાનાં ભદેલી અને કોસંબા ગામના દરિયા કિનારે આવેલ વેકરીયા હનુમાનજીનું ઘણું જૂનું મંદિર છે. આ મંદિરમાં બિરાજેલ હનુમાનદાદા સાગરખેડુઓ માટે શ્રદ્ધાનાં પ્રતિક સમાન છે. વલસાડ શહેરથી પશ્ચિમે માંડ બે કિલોમીટરનાં અંતરે આવેલ આ મંદિરે વલસાડથી રિક્ષામાં અને કોસંબાથી હોડીમાં બેસીને જઈ શકાય છે. મૂર્તિ વેકરામાંથી મળી હોવાથી વેકરીયા હનુમાન તરીકે ઓળખાય છે. આ સ્થળે ચૈત્રી પૂનમે હનુમાન જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે તેમજ દરિયાખેડુઓ દ્વારા ભાવિકજનોને મંદિરે આવવા જવા માટે મફત હોડીની સુવિધા આપવામાં આવે છે.





પારનેરા : વલસાડથી આશરે 6 કિલોમીટર દૂર આવેલો 500 ફુટ ઉંચો પારનેરા ડુંગર ઐતિહાસિક અને ધાર્મિક પ્રવાસ સ્થળ તરીકેનું મહત્ત્વ ધરાવે છે. પારનેરામાં લગભગ 15મી સદીમાં બનાવાયેલો વિશાળ કિલ્લો જોવાલાયક છે. પારનેરા ડુંગર પર શ્રી ચંદ્રિકા, શ્રી અંબિકા, શ્રી નવદુર્ગા અને હનુમાનજીનાં મંદિર આવેલા છે. અહીંનું કાલિકા માતાનું મંદિર ખૂબજ જાણીતું છે. દર વર્ષે આસો માસની નવરાત્રિમાં આઠમે પારનેરામાં વિશાળ મેળો ભરાય છે. ડુંગર ઉપર જૂની વાવ છે.

તાડકેશ્વર મહાદેવ : વલસાડથી વાપી જતા સ્ટેટ હાઈવે પર માત્ર બે કિમીનાં અંતરે અબ્રામા ગામે વાંકી નદીનાં કિનારે અતિ પ્રાચીન તાડકેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિરનું શિખર અનેકવાર બનાવવા છતાં તૂટી જવાને કારણે તાડકેશ્વર મહાદેવ નામ પડયું હોવાની માન્યતા છે. મહાશિવરાત્રીએ ભવ્ય મેળો ભરાય છે.

ધરમપુર : આ શહેર ધરમપુર રાજ્યનું મુખ્ય મથક હતું. ધરમપુર રાજય પહેલાં રામનગર તરીકે જાણીતું હતું. મેવાડનાં રાજા કે જેઓ ચિતોડનાં સિસોદિયા રાજા રાહપનાં વંશજ હતાં, તેમણે રામનગર રાજ્યની સ્થાપના ઈ.સ. 1262માં કરી હતી. ઈ.સ. 1360માં રાણા ધરમશાહે આ રાજ્યનો વિસ્તાર દમણગંગા અને ઔરંગા નદીઓ સુધી વિસ્તારી તેને પોતાના નામ ઉપરથી ધરમપુર પરગણા એવું નામ આપ્યું. ધરમપુરમાં જૂનો કોટ અને રાજમહેલ હતાં જે નામશેષ થઈ ગયા છે. રજવાડા વખતની ઝલક આપતી ઘણી ઈમારતો હજી મોજૂદ છે. અહીંના રાધાકૃષ્ણ તથા અગ્નિનારાયણ, લક્ષ્મીનારાયણ તથા કાળા રામજીનાં મંદિરો વિશેષ ઉલ્લેખનીય છે. રાધાકૃષ્ણ મંદિર તો પુરાતત્ત્વીય દષ્ટિએ આરક્ષિત સ્મારક જાહેર કરાયેલું છે. ધરમપુરમાં પ્રવેશદ્વારનાં ત્રણ દરવાજા, લેડી વિલ્સન મ્યુઝિયમ ઉપરાંત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર આકર્ષણનાં સ્થળો છે. અહીં જૂની લાયબ્રેરી, સ્ટેટ હોસ્પિટલ, હાઈસ્કૂલ, વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વગેરે આવેલ છે. નજીકમાં મોહનગઢમાં રાજવીનાં જૂના મહેલને નવનિર્મિત કરી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ બનાવ્યો છે. રંગ અવધૂત વાડી પણ જોવા જેવી છે.

લેડી વિલ્સન મ્યૂઝિયમ, ધરમપુર : ધરમપુરનાં ભૂતપૂર્વ રાજવી મોહનદેવજી એ પોતાના શાસનકાળની રજતજયંતીની સ્મૃતિ જાળવવા જ્યુબિલી હોલ બંધાવ્યો. મોહનદેવજીનાં પુત્ર અને અંતિમ રાજવી વિજયદેવજીએ તે સમયનાં મુંબઈનાં ગવર્નર વિલ્સનની યાદમાં તેને સંગ્રહાલયમાં ફેરવી લેડી વિલ્સનનાં હસ્તે 31 જાન્યુઆરી 1928નાં દિવસે ખુલ્લું મુકવામાં આવ્યું. આ સંગ્રહાલય લેડી વિલ્સન મ્યુઝિયમ તરીકે પ્રખ્યાત બન્યું. લોકસંસ્કૃતિનો પરિચય આપવા મ્યુઝિયમનાં પહેલા માળે માનવશાસ્ત્ર વિભાગની ખાસ રચના કરવામાં આવી. આ સંગ્રહાલય માનવ સંગ્રહાલય તરીકે પણ પ્રસિદ્ધ પામ્યું છે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર : ગુજરાત રાજયમાં સૌપ્રથમ રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય દ્વારા સંચાલિત ધરમપુર ખાતે 27 એપ્રિલ 1984નાં રોજ ભારત સરકારનાં સાંસ્કૃતિક અને પ્રવાસન મંત્રાલય દ્વારા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ કેન્દ્ર દ્વારા કુદરતી અને પર્યાવરણ વિષયક તથા સાંસ્કૃતિક વારસો સાચવવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ વિસ્તારનાં આદિવાસીઓની સેવામાં કેન્દ્ર સતત કાર્યશીલ છે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુરની મુલાકાત લેવા માટે અમદાવાદથી મુંબઈની વચ્ચે વલસાડ રેલ્વે સ્ટેશને ઉતરી વલસાડથી એસટી બસ દ્વારા જઈ શકાય છે. ધરમપુર વિજ્ઞાન કેન્દ્રએ બારમાસી વિજ્ઞાન કેન્દ્ર તરીકે ખ્યાતિ મેળવી છે. વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર વર્ષમાં માત્ર બે દિવસ દિવાળી અને ધૂળેટીનાં તહેવારોમાં બંધ રહે છે.

બરુમાળ : વલસાડ જિલ્લા મથકથી 37 કિમી અને ધરમપુર તાલુકા મથકથી 7 કિમીનાં અંતરે બરુમાળ ખાતે શ્રી ભાવભાવેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ભાવભાવેશ્વર મહાદેવનું શિવલિંગ અષ્ટધાતુથી નિર્મિત 6 ટન વજન ધરાવતું એકાદશમુખી વિશાળ શિવલિંગ છે. મંદિરમાં અન્ય હિન્દુ ધાર્મિક દેવી દેવતાઓનાં પણ મંદિરો આવેલા છે. બરુમાળ ખાતે ગૌશાળા તથા આદિવાસી વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધા સાથે શિક્ષણ અપાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર : ધરમપુર તાલુકા મથકથી વાંસદા જવાના રસ્તે માત્ર 2 કિમીનાં અંતરે મોહનગઢ ડુંગર ઉપર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ આવેલો છે. આ આશ્રમ ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને સાધના શિબિરો યોજાય છે. આશ્રમનાં સ્થાપક રાકેશભાઈ ઝવેરીનાં માર્ગદર્શન અને પ્રેરણાથી આ વિસ્તારનાં લોકોને મદદરૂપ થવા શિબિરો યોજી સહાય કરવામાં આવે છે. મૂંગાં અબોલ પશુઓની રક્ષા કાજે ગૌશાળા પણ શરૂ કરવામાં આવી છે. આદિવાસી લોકોને આધુનિક શહેરમાં મળતી તબીબી સેવાઓ ધરમપુર ખાતે નજીવા દરે મળી રહે તે માટે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ કાર્યરત છે.

પલસાણા, રામેશ્વર મહાદેવ : પારડી પાસે પલસાણાનું રામેશ્વર મહાદેવનું મંદિર એના કુદરતી પાણીનાં કુંડને કારણે પ્રખ્યાત છે. આ મંદિર સાથે સંકળાયેલી લોકવાયકા એવી છે કે, ભગવાન શ્રીરામે અહીં તીર મારીને પાણીનું ઝરણું કાઢી શિવલિંગની પૂજા કરી હતી. શિવરાત્રિનાં દિવસે મોટો મેળો ભરાય છે. મંદિર પાસે આવેલ નદી ખાતે ગ્રામજનો શ્રાદ્ધ ક્રિયા કરે છે.

પાનસ દાબખલ ઔષધિય ઉદ્યાન : ગુજરાતનાં વનવાસી વિસ્તારમાં ઉપલબ્ધ ઔષધિય વનસ્પતિઓના સંવર્ધન, સુધારણા અને સંરક્ષણ થકી રોજગારીની વ્યાપક તકો ઉભી કરવા કપરાડા તાલુકાનાં પાનસ ખાતે દેશનો સૌપ્રથમ ઔષધિય ઉદ્યાન બનાવવામાં આવ્યો છે. પાનસ સેન્ટર એક કુદરતી અહલાદક વાતાવરણમાં ઊંભુ કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક માહિતી સભર કેન્દ્ર અને વનરાજીથી શોભતા દાબખલ ગામે સહ્યાદ્રિ સૃષ્ટિ સેન્ટર શરૂ કરાયું છે. દાબખલ ગામ ધરમપુરથી નાસિક જતા રોડ ઉપર કપરાડાથી 10 કિમીનાં અંતરે આવેલ છે.

ધૌમ્ય વૃક્ષ મંદિર, પાનસ : પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીની પ્રેરણાથી શરૂ કરેલ સ્વાધ્યાય પરિવાર દ્વારા કપરાડા તાલુકાનાં પાનસ ગામે પાર નદીનાં કિનારે કુદરતી સૌંદર્યની વચ્ચે ધૌમ્ય વૃક્ષમંદિરની સ્થાપના કરવામાં આવી છે. અહીં સ્વાધ્યાય પરિવારનાં કૃતિશીલો અનેક વૃક્ષોનું જતન કરી રહ્યાં છે. અહીં આવતા પૂજારી 24 કલાક વૃક્ષમંદિર ખાતે રહી અભિષેક અને પૂજા કરે છે. આવું જ વૃક્ષ મંદિર વલસાડ તાલુકામાં અરબી સમુદ્રનાં સંગમ પાસે પાર નદીનાં કિનારે ભગોદ ગામે પણ અગસ્ત વૃક્ષ મંદિરનું નિર્માણ થયું છે.







ગરમ પાણીનાં કુંડ, અરણાઈ : કપરાડા તાલુકાનું અરણાઈ ગામ વલસાડ નાસિક ધોરી માર્ગ પર પાનસ ગામનાં પાટીયાથી આશરે 12 કિમીનાં અંતરે આવેલ છે. અરણાઈ ગામ નજીક પાર નદીનાં કિનારે ડુંગરનાં કોતરમાંથી જે પાણી નદીમાં આવે છે તે ગરમ પાણી છે. આ જગ્યાએ ગરમ પાણીનાં ઐતિહાસિક કુંડો બનાવવામાં આવ્યાં છે. આ જગ્યાએ શિવજી અને માતાનું મંદિર છે. ગરમ પાણીથી નહાવા માટે આડશરૂપ બાથરૂમો પણ બનાવવામાં આવ્યાં છે.

દમણ ગંગા બંધ, મધુવન : વલસાડ થી 55 કિમીનાં અંતરે દાદરાનગર હવેલીને અડીને મધુવન ખાતે આવેલ દમણ ગંગા બંધ સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળતી દમણગંગા નદી પર જૂન 1989માં બાંધવામાં આવેલ છે. આ નદીની કુલ લંબાઈ 131 કિમી છે. દમણ ગંગા બંધનો કુલ સ્ત્રાવ વિસ્તાર 1813 ચોકિમી છે. ડેમનું પાણી ગુજરાત, દાદરા નગર હવેલી અને દમણ વિસ્તારને ખેતી અને ઔદ્યોગિક હેતુસર પૂરું પાડવામાં આવે છે.

પારડી : આઝાદી પછી ખેડ સત્યાગ્રહને કારણે ભારતભરમાં ચમકેલું પારડી એક ઐતિહાસિક સ્થળ છે. સુરત પર ચઢાઈ કરતાં પહેલા શિવાજી મહારાજે અહીંના શિવ મંદિરમાં પૂજા કરી હતી. પારડીનું સાચું નામ કિલ્લા પારડી છે. જે 16મી સદીમાં બનેલા કિલ્લાને કારણે પ્રખ્યાત છે. નજીકનાં દમણમાં પોર્ટુગીઝોનાં વખતમાં પારડી એક મહત્ત્વનું લશ્કરી થાણું હતું. પારડીની બીજી ઓળખ પંડિત સાતવળેકરનાં સ્વાધ્યાય મંડળથી છે. અહીં વિશાળ તળાવ અને GIDC છે.

બગવાડા : પ્રાચીન ઈતિહાસની દૃષ્ટિએ બગવાડા વલસાડ જિલ્લાનું એક પુરાતન અને ધાર્મિક સ્થળ છે. અહીં નાનાંમોટાં 20 મંદિરોમાં અલ્લશક્તિએ બનાવેલું સિદ્ધનાથનું શિવમંદિર અત્યંત પુરાણું છે. બગવાડા પેશ્વાઓનાં સમયનું એક મહત્ત્વનું પરગણું હતું. અહીં ટેકરી પર અર્જુનગઢ નામનો કિલ્લો છે. જેના પર મહાલક્ષ્મી માતાનું મંદિર છે. બગવાડા એના પ્રાચીન જૈન દેરાસરથી પણ વિખ્યાત છે, જે દક્ષિણ ગુજરાતનું સૌથી ભવ્ય અને સૌરાષ્ટ્રનાં પાલિતાણાની માફક મહત્ત્વનું જૈન તીર્થ છે. શિખરબંધ ભવ્ય મંદિર વીસમી સદીની શરૂઆતમાં બનાવવામાં આવ્યું હતું. નાનકડા ગામમાં એક સાથે આટલા મંદિરો હોવા એક વિરલ ઘટના કહી શકાય. પ્રવાસન સ્થળની દૃષ્ટિએ બગવાડા જોવાલાયક છે.

શ્રી રામેશ્વર મહાદેવ, લવાછા : પુરાણ પ્રસિદ્ધ ધોમ્યઋષિનાં નામે 'ધૌમ્યગંગા' પરથી અપભ્રંશ 'દમણગંગા' તરીકે નામાભિધાન પામેલી નદીનાં કિનારે લવાછામાં આ સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. મંદિર પરિસરમાં પીપળાનાં વૃક્ષ નીચે જૂના શિલાલેખનાં ઘસાઈ ગયેલા અવશેષો પડયાં છે. જેના પર 1310 કે 1317 જેવો આંકડો વંચાય છે. લવાછા ખાતે હોળી ધૂળેટીમાં ત્રણ દિવસનો મોટો મેળો ભરાય છે. ગુજરાત અને દાદરાનગર હવેલીનાં લોકો બહોળી સંખ્યામાં આવે છે.

ઉમરગામ : વલસાડ જિલ્લાનાં પાંચ તાલુકા પૈકી ઉમર ગામ તાલુકો મહારાષ્ટ્રની સરહદે આવેલો છે. તાલુકાનું મુખ્ય મથક ઉમર ગામ એક જોવાલાયક સ્થળથી પ્રચલિત છે. ઉમર ગામ ખાતે આવેલા વૃંદાવન સ્ટુડિયોમાં રામાયણ સિરિયલનું શુટિંગ થવાથી ઉમરગામનું નામ સમગ્ર દેશમાં જાણીતું બન્યું હતું. ઉમર ગામનો રમણીય અને શાંત દરિયા કિનારો તેમજ દીવાદાંડી પણ જોવાલાયક છે. ઉમર ગામ તાલુકાનાં નારગોલ ખાતે શાંત અને રમણીય સૌંદર્ય ધરાવતો અરબી સમુદ્રનો દરિયા કિનારો, ફાઈન આર્ટ કોલેજ તથા નવસર્જન હાઈસ્કૂલ ખાતે આવેલ મહર્ષિઅરવિંદની સમાધિ પણ પ્રવાસીઓનાં આકર્ષણનું કેન્દ્ર છે.

રાયણીવાળા દાદા, કલગામ : ઉમરગામ તાલુકાનાં કલગામ ખાતે આશરે 500 વર્ષ જૂના રાયણનાં ઝાડનાં થડમાં હનુમાનજીની મૂર્તિ પ્રગટ થયેલ છે. તેથી આ મંદિર રાયણીવાળા દાદા તરીકે ઓળખાય છે. ભીલાડ રેલ્વે સ્ટેશનથી 14 કિમીનાં અંતરે અને કલગામ બસ સ્ટેશનથી 1 કિમીનાં અંતરે આ જગા આવેલી છે. શ્રાવણ માસનાં ચોથા શનિવારે આ જગ્યાએ મેળો ભરાય છે.

સીમન્ધર સ્વામી જીન મંદિર, નંદિ ગ્રામ : આ તીર્થભૂમિ નેશનલ હાઈવે ઉપર ભીલાડથી 4 કિમીનાં અંતરે અંદાજે 18 એકર ભૂમિમાં નિર્માણ પામેલ છે. અહીં શ્રી સીમન્ધર સ્વામી ભગવાન મૂળ નાયક તરીકે 81" ની ભવ્ય પ્રતિમા સ્વરૂપે બિરાજમાન છે. યાત્રિકોની સુવિધા માટે ત્રણ ધર્મશાળામાં 114 રૂમ અને 6 હોલ, વાત્સલ્ય ભવન, ભોજનશાળા માટે હોલ તથા શેડ, જનરલ હોલ, પુરુષ તથા મહિલાઓ માટે અલગ સ્નાન ગૃહ, અલ્પાહાર ગૃહ, તીર્થ સંચાલિત ઉપકરણ ભંડાર, મહાલક્ષ્મી ઉદ્યાન, ગૌશાળા તથા નાના બાળકો માટે રમત ગમતનાં સાધનો ઉપલબ્ધ છે.

નંદિ ગ્રામ વલસાડ : વલસાડનાં મૂર્ધન્ય કવિ અને આધ્યાત્મક ચેતનાનાં સાધક શ્રી મકરંદભાઈ દવે અને લેખિકા કુંદનીકાબેન કાપડીયાનું નિવાસસ્થાન નંદિ ગ્રામ. એમણે જીવનનો મોટો સમય મહાનગરીઓમાં વિતાવ્યો હોવા છતાં ગ્રામ્યપદ એમની રગેરગમાં વ્યાપ્ત હતાં અને દોઢેક દાયકાથી એમણે આદિવાસી વિસ્તારમાં ધરમપુર રોડ પર વાંકલ નજીક એક નાનકડું આદર્શ સેવાધામ નંદિગ્રામ વિકસાવ્યું છે. મકરંદભાઈની સ્મૃતિમાં કલાત્મક સમાધિ સ્થળ વિકસાવવામાં આવ્યું છે.

મહાલક્ષ્મી માતાજી મંદિર, ભૃતસર : વલસાડ તાલુકાનાં ભૃતસર ખાતે મહાલક્ષ્મી માતાજીનું હજારો વર્ષ પુરાણું મંદિર આવેલું છે. આ મંદિરમાં માતાજી સ્વયં પ્રગટ થયાની લોકવાયકા છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ઈ.સ. 1973 થી 1975માં કરવામાં આવ્યો ત્યારે પાયાનાં ખોદકામમાં વર્ષો પુરાણા છ ફુટ પહોળા અવશેષો મળી આવ્યાં હતાં. માતાજીનાં મંદિરે નવરાત્રિમાં હજ્જારોની માનવ મેદની ગરબે ઘૂમે છે. અહીં ચૈત્રી પૂનમે ભવ્ય મેળો ભરાય છે.

જલારામ મંદિર ફલધરા : વલસાડથી ધરમપુર જતા માર્ગ ઉપર વાંકલથી 4 કિમી અને વલસાડથી આશરે 25 કિમીનાં અંતરે આવેલ ફલધરા ખાતે જલારામ મંદિર છે. વીરપુરનાં જલારામ મંદિરની જેમ અહીં શરૂ કરાયેલ અન્નક્ષેત્રમાં દર્શનાર્થીઓ માટે દરરોજ ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. આ મંદિર ખાતે દરરોજ જુદા જુદા રોગનાં ડૉકટરો દ્વારા વિનામૂલ્યે સારવાર અપાય છે.



ફતેહસિંહજી મોહનસિંહજી ચૌહાણ
દિલાવર અને દરિયાદિલી

શૈશવકાળથી જ સાહસિક બની, કુતુહલને શમાવ્યું સહજ થઇ.
પગરણ માંડ્યા પ્રૌઢતા પ્રતિ ને વર્ષોનાં વૈભવે ગાંભીર્યને વર્યાં.
ધગશ હૃદયે રહી સદૈવ, નવીન કઇંક કરતા રહેવાની. પડકારને ઝીલતા રહી પુરુષાર્થ સદા કરતા રહ્યાં.
પામ્યા મંજિલ ખુદ, બતાવી અનેકને મંજિલ તમે. નામને સાર્થક કર્યું, જીતને જીતી લીધી તમે !

સમયની ક્ષિતિજ પર કેટલાક મહાનુભાવોનાં પદ્ચિહનોની છાપ અમીટ રહેતી હોય છે. જેમની કંડારેલી કેડીએ ચાલવાનું મન થાય એવી સફળ વ્યક્તિઓ બહુ જૂજ હોય છે. રાજપૂત સમાજ અને દાદરા નગર હવેલી સંઘપ્રદેશની જનતામાં "બાપુ સાહેબ"નાં હુલામણાં નામે ઓળખાતા શ્રી ફતેહસિંહજી મોહનસિંહજી ચૌહાણ આવી વ્યક્તિઓમાંના એક છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ, મિલનસાર, મુદુભાષી અને દ્રઢતા જેમનું આભુષણ છે, એવા સફળ ઉદ્યોગપતિ, લોકલાગણીને વાચા આપવા સદૈવ તત્પર એવા નીડર રાજકારણી, રાજપૂતોનાં મહારાજા પૃથ્વીરાજ ચૌહાણનાં વંશજ અને હવેલી પરિવારનાં આધાર સ્તંભ એટલે ફતેહસિંહજી ચૌહાણ !

પૂર્વજોનો ઇતિહાસ : જેમનાં પૂર્વજો વિ.સ. 1516 [ઈ.સ. 1470] દરમ્યાન રાજસ્થાનનાં અજમેરથી પાવાગઢ અને ધરમપૂર થઈ નગર હવેલીમાં નરોલી ગામે સ્થાયી રૂપથી વસ્યા તે દરમ્યાન 16મી સદીનાં પૂર્વાધમાં પહેલા રામનગર [ધરમપુર]નાં સિસોદિયા રાજપૂત રિયાસતે અને પછી પેશ્વા શાસનકાળમાં ચૌહાણોને નગર હવેલી પરગણાની કરવસુલાત અને પટલાઈનું કામકાજ સોંપવામાં આવ્યું હતું. તે માટે ચૌહાણ પરિવારને વહીવટી સનદ તામ્રપત્ર પર અંકિત કરીને આપી હતી. ચૌહાણોએ નરોલી ગામ ખાતે હવેલીનું નિર્માણ કરીને ત્યાંથી નગર હવેલીનો વહીવટ કર્યો. આવા ગૌરવપૂર્ણ ક્ષત્રિય વંશનાં વંશજ ફતેહસિંહજી ચૌહાણ નીડર રાજનેતા છે. તેઓ નગર હવેલીનાં પાટનગર સેલવાસ ખાતે પોતાની હવેલીમાં પરિવાર સાથે નિવાસ કરે છે. રામનગરની રિયાસત દરમ્યાન નગર હવેલી પરગણામાં ઘણાં રાજપૂત પરિવારો જેવા કે રાઠોડ, સોલંકી, પરમાર, ચૌહાણ અને ગોહિલ આવીને વસ્યા હતાં.

જન્મ, શૈશવ અને અભ્યાસ : ગરવી ગિરિકંદરાઓ અને ઘનઘોર વનરાજીઓથી શોભતી, સૌદંર્યસભર એવા સંઘપ્રદેશની લાડલી રાજપૂતનગરી નરોલીમાં 17 જૂન 1954નાં દિવસે વાત્સલ્યસભર માતા દેવકીબાની પાવનકૂખે જન્મ ધારણ કરનાર તેઓ પાંચમાં સંતાન છે. તેમણે પિતાશ્રી મોહનસિંહજી વીરસિંહજી ચૌહાણની છત્રછાયા હેઠળ નિર્દોષ શૈશવનો આનંદ માણ્યો. પ્રાથમિક શિક્ષણ માતૃભૂમિ નરોલીમાં લીધું, ત્યારબાદ માધ્યમિક શિક્ષણની શરૂઆત મુંબઈમાં કરી. મુંબઈની ચિનોઈ કોલેજમાં વાણિજ્યનાં અભ્યાસની સાથે જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ખેલકૂદ અને સાહિત્યનાં ક્ષેત્રે ખૂબજ લોકપ્રિયતા મેળવી. શિક્ષણનાં અણમોલ ભાથાની સાથે જ તેઓ જયેષ્ઠ બંધુ બળવંતસિંહજી ચૌહાણની છત્રછાયામાં સંસ્કારોનું સંવર્ધન, માવજત અને વ્યાપારની કૂનેહ શીખ્યાં. શિક્ષણ દરમ્યાન તેઓએ પોતાના મોટાભાઈ બળવંતસિંહજીનાં મુંબઈનાં ગોરેગામમાં વિદ્યુત ઉપકરણ બનાવવાનાં વ્યવસાયમાં મદદ કરવી શરૂ કરી. મુંબઈ જેવી માયાનગરીમાં સફળ વ્યવસાય ચાલતો હોવા છતાં ફતેહસિંહજીનું મન દ્વિધા અનુભવતું હતું, જાણે કે માતૃભૂમિ તેમને સાદ કરી રહી હતી. તેઓએ નિર્ણય લીધો મોહમયી મુંબઈને અલવિદા કરી માદરે વતન પાછા ફરવાનો !

ઔદ્યોગિક ક્ષેત્રે : માતૃભૂમિ નરોલીમાં પાછા આવ્યા બાદ તેઓ સેલવાસ ખાતે એમનાં ગુરૂબંધુ બળવંતસિંહજીનાં વિદ્યુત ઉપરકરણ બનાવવાનાં વ્યવસાયમાં જોડાયાં બાદ નવું કરવાની અને નવાં પડકારોનો સામનો કરવાની તીવ્ર ધગશને કારણે જ તેઓ અનેક સિધ્ધિ પ્રાપ્ત કરતા ગયાં. 25 વર્ષની યુવા વયે 1979માં તેઓએ શાલીમાર સિમેન્ટ પ્રોડકટનાં નામથી ફલોરિંગ ટાઈલ્સ બનાવવાનો ઉદ્યોગ સેલવાસમાં શરૂ કર્યો. સરદાર પટેલ જેવી સંકલ્પશક્તિ ધરાવનાર સાહસિક ફતેહસિંહજીએ 1982માં હવેલી ગ્રુપ અંતર્ગત ભવન નિર્માણ અને ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ જેવાં નિર્માણનાં કામો શરૂ કર્યાં. કુશાગ્ર બુધ્ધિ અને વિરાસતમાં મળેલ વ્યાપારની કૂનેહનાં સુભગ સમન્વયને કારણે તેઓ 1985માં પ્રદેશનાં મુખ ઉદ્યોગનગર "દાન ઉદ્યોગ સહકારી સંઘ લી."નાં ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યાં. સફળતાની સીડીઓ ચઢતા તેમની વિકાસયાત્રામાં અવરાધો તો ઘણાં આવ્યાં, પરંતુ તેમનો જીવનમંત્ર હતો...

"કદમ અસ્થિર હોય જેનાં તેને રસ્તો નથી જડતો,
અડગ મનનાં મુસાફરને હિમાલય પણ નથી નડતો."

કાર્યક્ષેત્રમાં આવતા તમામ અવરોધોને તેઓ દ્રઢમનોબળથી દૂર કરતા ગયાં. 1995માં તેઓએ હવેલી પરિવારની બે કંપનીઓ હવેલી એન્ટરટેઈનમેન્ટ પ્રા.લી. અને હવેલી હેરીટેઝ રિસોર્ટસ પ્રા.લી. શરૂ કરી.

નગર હવેલીમાં સેલવાસ ખાતે પૃથ્વીરાજ ચૌહાણ માર્ગ પર તેઓએ પ્રથમ EDIFICE THE MALL અને મલ્ટીપ્લેક્ષ સિનેમાનું નિર્માણ કર્યું. હવેલીની વિરાસતને આગળ વધારવા અથાલ ગામે દમણ ગંગા નદીનાં કાંઠે હોસ્પિટાલીટીઝ ઉદ્યોગને ઉજાગર કરવાનાં આસયથી હવેલી હેરિટેઝ રિસોર્ટનાં નામથી ફાઈવસ્ટાર હોટેલ/રિસોર્ટનો પ્રોજેક્ટ નિર્માણાધીન છે.



હવેલી પરિવારનાં રાજવીકુંવરબા [CA], અભિષેકસિંહ [એડવોકેટ], ફતેહસિંહજી [બાપુ સાહેબ] તથા ગીતાબા રાજવી પોશાકમાં...

રાજકીય ક્ષેત્રે : શૈશવકાળથી જ નેતૃત્વનાં ગુણો ધરાવનાર ફતેહસિંહજીને પોતાની માતૃભૂમિ નરોલી અને કર્મભૂમિ માટે વિશિષ્ટ લગાવ રહ્યો છે. પરિણામે સફળ ઉદ્યોગપતિ હોવાની સાથે જ તેમને રાજનીતિ પ્રત્યે પણ અદમ્ય ખેંચાણ રહ્યું. 1985માં તેઓ પંચાયતનું પ્રથમ ઈલેકશન લડ્યાં. 32 વર્ષની યુવાન વયે તેઓ દાદરા નગર હવેલી વરિષ્ઠ પંચાયતનાં અધ્યક્ષ બની પ્રદેશનાં પ્રથમ નાગરિક બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. આ ગૌરવવંતા પદને પામનારા દા.ન.હ. પ્રદેશનાં રાજપૂત સમાજનાં તેઓ પ્રથમ રાજપૂત હતાં, જે સમગ્ર રાજપૂત સમાજ માટે ગૌરવની બાબત છે. 1986માં ભારત સરકારનાં ગૃહમંત્રીની સલાહકાર સમિતિનાં તેઓ સભ્ય રહ્યાં. 1986માં તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસીંગજીનાં નાગરિક સન્માનનાં ભવ્ય સમારંભમાં તેમનું અભિવાદન કરવામાં આવ્યું. 1989માં ગોવાનાં રાજ્યપાલ તથા દાદરાનગર હવેલીનાં પ્રશાસક ખુરશીદ આલમખાનનાં કાઉન્સેલરનું પદ પણ તેઓએ શોભાવ્યું. આ પદ પર તેઓ 1989થી 1993 સુધી રહ્યાં. દાદરા નગર હવેલી વરિષ્ઠ પંચાયતનાં અધ્યક્ષ અને પ્રશાસકશ્રીનાં કાઉન્સેલર જેવા ગૌરવવંતા પદને પામનારા તેઓ રાજપૂત સમાજનાં આજ સુધીનાં એકમાત્ર પ્રથમ રાજપૂત છે, જે તેમની નોંધપાત્ર રાજકીય સિધ્ધિ છે. ઈ.સ. 1995માં વિકાસ પાર્ટીની સ્થાપના કરી તેનાં અધ્યક્ષ બન્યાં. 1995 થી 2000 સુધી તેઓએ જીલ્લા પંચાયતમાં વિપક્ષનાં નેતા તરીકેની ભૂમિકા અદા કરી. 2000માં તેઓ સમતા પાર્ટીનાં અધ્યક્ષ બન્યાં, જેનું પાછળથી જનતાદળ [યુ] માં વિલિનીકરણ થયું. ઈ.સ. 2002માં દેશનાં તત્કાલીન રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝને સેલવાસમાં આમંત્રિત કરી "Sea frontier security from kutch to kochi" નાં વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન હોટલ રાસ રિસોર્ટમાં સેલવાસ ખાતે થયું હતું. આ કોન્ફરન્સમાં સમતા પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જ્યોર્જ ફર્નાન્ડીઝ તથા ગુજરાત રાજયનાં પૂર્વ મંત્રી અને ક્ષત્રિય આગેવાન પ્રવિણસિંહજી જાડેજા તથા દેશભરમાંથી પધારેલા આગેવાનો સાથે ફતેહસિંહજીએ ચર્ચા વિચારણામાં સક્રિય પણે ભાગ લીધો. એટલું જ નહીં હવેલી પરિવાર વતી યજમાન બની તેમનાં દ્વારા કરવામાં આવેલ રજવાડી મહેમાનગતિથી સૌ પ્રભાવિત થયાં હતાં. આ કોન્ફરન્સમાં જે રાજકીય ઠરાવોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેનું ભારત સરકાર દ્વારા અમલીકરણ થયું હોત તો મુંબઈની મહાભયાનક 26/11 જેવી દુર્ઘટના કદાચ ન સર્જાઈ હોત !

1985થી આજપર્યંત તેઓ રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યાં છે. દાદરા નગર હવેલીનાં વિકાસમાં પાયારૂપ યોગદાન આપ્યું છે. પડોશી ગુજરાત રાજયમાંથી નગર હવેલીમાં પ્રવેશતા નરોલી ગામમાં આવેલ સુંદર પ્રવેશદ્વારને 'મહારાણા પ્રતાપ દ્વાર' જેવું ઐતિહાસિક નામકરણ કરાવી રાજપૂતોને ગૌરવ અપાવ્યું. તેમજ ત્યાંથી શરૂ થતા માર્ગને પૃથ્વીરાજ ચૌહાણ માર્ગથી નામાંકિત કરાવી રાજપૂત નગરી નરોલીને સન્માનિત કરી. હાલમાં સેલવાસ નગરપાલિકાનાં વિપક્ષનાં નેતા તરીકે સકારાત્મક ભૂમિકા અદા કરી રહ્યાં છે. તેઓ ભાજપાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહજીનાં નેતૃત્વમાં સ્થાનિક તથા રાષ્ટ્રીય સ્તરે પોતાનું રાજકીય દાયિત્વ અદા કરી રહ્યાં છે. ફતેહસિંહજીની સૂઝબૂઝ, નીડરતા, ખેલદિલી અને ચાણક્યનીતિ જેવા પ્રશંશનીય ગુણોને કારણે વિશિષ્ટ રાજનીતિજ્ઞ તરીકેની પોતાની અગલ છાપ ઊભી કરી શક્યા છે. જનમાનસને પારખવાની કૂનેહ તથા અદ્‌ભૂત વાણીચાતુર્યનાં કારણે દાદરા નગર હવેલીનાં લોકપ્રિય રાજકારણી છે. પ્રદેશમાં તેઓનો વિશાળ ચાહક સમૂદાય છે.

સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે : લોખંડી મિજાજ પરંતુ ઋજુ હૃદય ધરાવનારા ફતેહસિંહજીને રાજપૂત સમાજનાં ગૌરવશાળી હવેલી પરિવારનાં વંશજ હોવાનું ગૌરવ છે. રાજપૂત સમાજની સંસ્કૃતિ અને વૈવિધ્યનાં વારસાનું જતન કરવા તત્પર રહેનારા ફતેહસિંહજીએ સમાજનાં વિકાસ અને ઉત્થાન માટે તન મન અને ધનથી ભગીરથ પ્રયત્નો કર્યા છે. અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈને તેઓ વિકાસ અને શિક્ષણમાં પરિવર્તન લાવવા પ્રયત્નશીલ રહ્યાં છે. 1995 પછી વલસાડ ખાતે પોતાનાં પિતાશ્રી મોહનસિંહજી વી. ચૌહાણ [હવેલી પરિવાર] મેમોરીયલ હોલનાં નામથી રાજપૂત ભવનનું નિર્માણ થયું, જેમાં તેઓનું આર્થિક યોગદાન ઉત્કૃષ્ટ રહ્યું હતું. આ ભવન આજે દક્ષિણ ગુજરાતનાં રાજપૂત સમાજ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. શ્રી ચૌહાણ વલસાડ વિભાગ રાજપૂત સમાજ સેવા સંઘનાં સ્થાપક ટ્રસ્ટી છે. ઉત્તર પ્રદેશનાં અમેઠીનાં મહારાજા તથા ભારત સરકારનાં પૂર્વ મંત્રી તથા સાંસદ ડો. સંજયસિંહની અધ્યક્ષતામાં અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા [રાજપૂતોનું એક માત્ર રાષ્ટ્રીય સંગઠન] માં ઉપાધ્યક્ષની જવાબદારી પણ નિભાવી. 1983માં સ્થાપિત લાયન્સ કલબ ઓફ ચેરિટેબલ ટ્રસ્ટનાં સ્થાપક ટ્રસ્ટી અને ચેરમેન છે. સિલવાસા હોટલ & રેસ્ટોરન્ટ એસોસિયેશનનાં અધ્યક્ષ, દા.ન.હ. પેટ્રોલિયમ ડીલર્સ એસોશિએશનનાં અધ્યક્ષ અને નેશનલ રાઈફલ એસોસિયેશન ઓફ ઈન્ડિયાનાં આજીવન સભ્ય તરીકે સેવા કરી રાજપૂત સમાજને ગૌરવ અપાવ્યું છે. ક્ષમાં વીરસ્ય ભૂષણમ્‌માં માનતા ફતેહસિંહજી કહે છે કે ઉદારતા એ પુરુષનાં કવચ અને કુંડળ સમાન છે. સમાજનાં નાનાં મોટાં અનેક સંગઠનોને આર્થિક યોગદાન આપી તેઓએ આ સાબિત કરી



દીધું છે. જરૂરિયાતમંદ વ્યક્તિઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓની પડખે ઊભા રહી તેમનાં વિકાસ માટે મદદ કરી છે. રાજપૂત સમાજ જ નહિં, પ્રદેશનાં અન્ય સમાજની વ્યક્તિઓ, વિદ્યાર્થીઓ કે સંસ્થાને પણ ટેકો આપી સમાજને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. શૌર્ય, તેજસ્વિતા, દાન અને શાસનનું પ્રભુત્વ, યુધ્ધમાં પીછેહઠ ન કરવી એ ક્ષત્રિયોનો સ્વભાવજન્ય ગુણ છે. શ્રી ફતેહસિંહજીએ તેમનાં જીવનમાં આ ક્ષાત્રત્વ ગુણોને અપનાવ્યા છે. 22 માર્ચ 2010નાં રોજ વાપી વિભાગ રાજપૂત સમાજ સેવા સંઘ દ્વારા તેઓને સમાજરત્નથી વિભૂષિત કરવામાં આવ્યાં. આ સિધ્ધિ હવેલી પરિવાર અને મિત્રો માટે ગૌરવ સમાન છે. નૃપ : પૂજ્યતે દેશે, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે. પ્રતિભાવંત ફતેહસિંહજીને હમેંશા પ્રતિભાશાળી અને બુધ્ધિજીવીઓ પ્રત્યે વિશિષ્ટ સ્નેહ અને સન્માનની લાગણી છે. શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન અને પ્રતિભાશાળી બાળકોને પ્રોત્સાહન આપવું એ તેમનો ઉદ્દેશ્ય છે. ઈ.સ. 2010માં લાયન્સ કલબ ઓફ સિલ્વાસા ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન પદે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યાં બાદ ટ્રસ્ટ સંચાલિત સેલવાસની લાઈન્સ ઈંગ્લિસ સ્કૂલની જાણે કે કાયાપલટ જ થઈ ગઈ છે. પ્રદેશની જનતા, વિદ્યાર્થીઓ અને અભિભાવકો એમનાં પ્રશંશનીય કાર્યોથી અત્યંત પ્રભાવિત છે. ઉત્તરોતર શાળાની પ્રગતિ થઈ રહી છે. હાલે 5000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. શ્રી ફતેહસિંહજીનું સ્વપ્ન આ પ્રદેશમાં વિવિધ શાખાની કોલેજો લાવી પ્રદેશમાં શિક્ષણ ક્ષેત્રે આકાશી ઉંચાઈ હાંસિલ કરવાનું છે.

પારિવારિક ક્ષેત્રે : બહુ ઓછા લોકો એવાં હોય છે કે જે દિવસનાં ચૌદથી પંદર કલાક થાકયા વિના કામમાં વ્યસ્ત રહી શકે. શ્રી ફતેહસિંહજી આવા વ્યસ્ત જીવનમાંથી પણ પોતાનાં પરિવારજનો સ્વજનો અને મિત્રો માટે અચૂક સમય ફાળવે છે. પૂરા હવેલી પરિવારને મા દેવકીબાનાં આશીર્વાદની શીતળ છત્ર છાયા છે. તેઓ પોતાની પ્રગતિમાં હવેલી પરિવારનાં જયેષ્ઠબંધુઓ શ્રી બળવંતસિંહજી અને ડોક્ટર છત્રસિંહજીનાં યોગદાનનો ઋણસ્વીકાર કરે છે. નાનાભાઈ રાકેશસિંહજીનું તેઓને હંમેશા સમર્થન મળતું રહ્યું છે. હવેલી પરિવારનાં બાળકોએ વકીલ, CA, તબીબી અને ઈજનેરી શાખામાં અભ્યાસ કર્યો છે. આ સુશિક્ષિત પરિવારનાં પ્રેમ થકી તેમનું પારિવારિક જીવન સુમધુર બન્યું છે. શ્રી ચૌહાણની વિકાસ યાત્રા દરમ્યાન સંઘર્ષોનાં સાક્ષી એવાં પ્રેરણા મૂર્તિને કેમ ભૂલાય? શૈશવનાં સાથી અને પછી જીવનસંગિની બનેલાં ગીતાબાનાં સાથ અને સહકાર તેમનાં જીવનમાં અવિસ્મરણીય છે.એવું કબૂલતા ફતેહસિંહજી પોતાનાં મિત્રોને કહે છે કે પ્રત્યેક સફળ પુરુષની પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે તે મારા જીવનમાં સિધ્ધ થયું છે. ધીરગંભીર અને મિતભાષી ગીતાબાએ BCom સાથે લોનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. પતિનાં વ્યવસાયમાં કાર્યેષું મંત્રીની ભૂમિકા અદા કરે છે. ફતેહસિંહજીએ પોતાનાં ભાઈ બહેનો, સ્વજનો અને સ્નેહીજનોનાં હૃદયને મધુર સ્વભાવથી જીતી લઈ પારિવારિક જીવનની સમતુલાને પણ પ્રશંસનીય રીતે નિભાવી ! પુત્ર એડવોકેટ અભિષેકસિંહ તથા પુત્રી CA રાજવી કુંવરબાનાં શિક્ષણ અને સંસ્કારનાં જતન, સંવર્ધન તેમજ માવજત સુચારું સ્વરૂપે કર્યા છે. તેમનાં બંને સંતાનોમાં પિતા ફતેહસિંહજીની નમ્રતા અને માતાની સૌમ્યતા આબેહૂબ તરી આવે છે. કુશાગ્ર બુધ્ધિ, મિલનસાર સ્વભાવ અને વાકપટૂતાનો વારસો બંને સંતાનોમાં સ્પષ્ટ વર્તાય છે. કુંવર અભિષેકસિંહજીનાં લગ્ન ભરૂચનાં સામાજીક અને રાજકીય ક્ષેત્ર નામનાં ધરાવતા પરિવારમાં ગુજરાતનાં પૂર્વમંત્રી શ્રી ખુમાનસિંહ વાંસિયાનાં સુપુત્રી એકતાબા સાથે થયાં. ઉચ્ચ શિક્ષણ ધરાવતા એકતાબા હવેલી પરિવારમાં દુધમાં સાકરની જેમ ભળી ગયાં અને પરિવારમાં



આદર્શ વહુરાણી પૂરવાર થયાં છે. શ્રી ફતેહસિંહજી હવેલી પરિવારમાં જ નહીં, તેમનાં મિત્ર મંડળમાં પણ સૌનાં સ્નેહી છે. દેશનાં ઘણાં રાજ્યોમાં બહોળું મિત્ર મંડળ ધરાવનાર ફતેહસિંહજી સંબંધોને સન્માન આપનારા વિરલ વ્યક્તિ છે.


મહાત્વકાંક્ષા : સફળતાનાં સોપાનો સર કર્યા પછી પણ અત્યંત મહાત્વકાંક્ષી એવા ફતેહસિંહજી સાથે તેમના કાર્યક્ષેત્ર વિશે ચર્ચા કરતા કોઈ પૂછે કે, હવે પછી આપની આકાંક્ષા શું છે ? તો કવિહૃદય ધરાવતા આ લોખંડી મિજાજનાં માનવીનો નિખાલસ જવાબ જરૂર કંઈક આવો જ હોય...

"મારી અભિલાષા, આકાંક્ષાનો કોઈ અંત નથી.
છું રાજપૂત સમાજનો વંશજ ને તેથી જ વિરાટને પામવાની તમન્ના ઘણી.
પ્રેરણામૂર્તિ ગુરુજનોનાં ગુણોને મુજ જીવનમાં ઉતારી શકું.
ક્ષમા, દાન, દયાને ધારણ કરી ક્ષાત્રધર્મને અનુસરતો રહું.
કાર્યક્ષેત્રે દીવાદાંડી બની પથદર્શક બની રહું.
પામ્યો છું મંજિલ ખુદ પણ મંજિલ કોઈને બતાવી શકું.
પિડીતોની પીડાને વહેચીં, જીવનને સાર્થક કરી શકું.
છું વત્સલ પુત્ર રાજપૂત તણો સમય આવ્યે બસ એટલું સાબિત કરી શકું !"

જીવનમંત્ર : ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરતા રહો, પરિણામની પરવા કર્યા વિના પુરુષાર્થ કરનારાને ફતેહ પ્રાપ્ત થાય છે.
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

શુભેચ્છા સંદેશ : ગૌરવશાળી રાજપૂત સમાજની સંસ્કૃતિનું જતન અને સંવર્ધનની નૈતિક જવાબદારી આપણાં સૌની છે. વૈવિધ્ય પૂર્ણ વારસાનું પરિવહન આપણે સૌ ભેગા મળીને કરીએ. સમાજનાં વિકાસ માટે આપણી અભિલાષા સમૃધ્ધ હશે તો જ સંઘર્ષ યાત્રા સરળ બનશે. હવેલી પરિવારનાં વંશજ તરીકે સૌને શુભેચ્છા કે, ભૂલશો નહિં ક્યારેય કે સર્જન કરતાં વર્ષો વીતી જાય છે કિન્તુ સંહાર ક્ષણમાં થાય છે. માટે આપણે સૌ સંપ, સ્નેહ અને સહકારથી ક્ષત્રિય ધર્મને અનુસરીએ !

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન





દિપાવલી પ્રકાશનું પર્વ છે.
નવું વર્ષ આપને, આપના પરિવારને તથા સમગ્ર ગુજરાતને સુખરૂપી ઉજાસ તરફ લઈ જાય તેમજ સુખ સંપત્તિસભર, આરોગ્યપ્રદ અને પ્રગતિકારક નીવડે તેવી અંત:કરણની શુભેચ્છાઓ... સૌ નગરજનોને શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન...

ભૂપેન્દ્ર પટેલ : ચેરમેન [સ્ટેન્ડીંગ કમિટી]

રિલાયન્સને નવા યુગાબ્દમાં ભારતનું સૌથી સુંદર મુખારવિંદ કહી શકાય.

- મૂકેશ ડી. અંબાણી



રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃધ્ધિ એ જ જીવન

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : અમદાવાદ

સ્થાપના : 1948 ✦ સરદાર પટેલ માર્કેટ, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ : 22 ✦ **Tel. :** 2532 3634, 2532 4577 ✦ **Fax :** 2539 6507
Website : www.apmcahmedabad.com ✦ **Email :** apmc-ahm-guj-@nic.in
મુખ્ય માર્કેટ યાર્ડ : શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ માર્કેટયાર્ડ, સરખેજ હાઈવે, અમદાવાદ 380 055. ✦ **Tel.:** 26810473
સબમાર્કેટ યાર્ડ : 1. સરદાર પટેલ માર્કેટયાર્ડ 2. પંડિત દિનદયાળ દસ્કોઈ અનાજ માર્કેટયાર્ડ : જેતલપુર 3. નરોડા ફ્રૂટ માર્કેટયાર્ડ. 4. ફુલબજાર 5. ભગુભાઈવંડા માર્કેટયાર્ડ : રાજનગર 6. મ્યુનિ. માણેકચોક માર્કેટયાર્ડ.

સામાજીક કાર્યો : ₹ 93,32,295 ✦ બજાર વિસ્તારનાં ગામોમાં પ્રવેશ દ્વાર ✦ વડીલો તથા વૃધ્ધો માટે બાંકડાની સુવિધા ✦ દર્દી સહાયક પુસ્તીકા તથા પ્રાથમિક સારવાર બોક્ષ ✦ સંરક્ષણ દિવાલ બનાવવા સહાય ✦ APL / BPL લાભાર્થીઓને શૌચાલય બનાવવા માટે સહાય **સિંચાઈ લગતાં કાર્યો :** ₹ 1,01,54,777 ✦ તળાવ ઉંડા કરવાનું કામ ✦ કેનાલ રીપેરીંગ તથા વરસાદી પાણીનાં નિકાલ માટે સહાય ✦ સાબરમતી નદીમાંથી સિંચાઈ ક્ષેત્રે સહાય ✦ સ્વજલધારા યોજના અતંર્ગત સહાય તથા ચેક ડેમ માટે 20% લોકફાળો **કિસાન અકસ્માત મૃત્યુ સહાય :** ₹ 97,38,000 ✦ બજાર વર્ષ 2005/06 થી વર્ષ 2013/14 [31/8/2013 સુધી] **કુદરતી આપત્તિ સહાય :** ₹ 27,18,203 ✦ અતિવૃષ્ટિ સમયે કરીયાણા કીટની તથા બટાકા ડુંગળીની સહાય ✦ "સુનામી" મુખ્યમંત્રી રાહત ફંડ તથા જનરેટરની સહાય **શૈક્ષણિક કાર્ય :** ₹ 37,09,408 ✦ કન્યા કેળવણી નિધી [મુખ્યમંત્રીનાં ફંડમાં] ✦ ધોરણ 10 અને 12નાં વિદ્યાર્થીઓનું મોમેન્ટોથી સન્માન ✦ "વાંચે ગુજરાત" અભિયાન હેઠળ ગ્રંથાલય બનાવવા માટે અનુદાન ✦ કુપોષીત બાળકો માટે પૌષ્ટિક આહારની સહાય ✦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે નોટબુકોનું વિતરણ **સેવાકિય પ્રવૃત્તિ :** ₹ 63,95,716 ✦ કોમ્પ્યુટર તથા પ્રિન્ટર સહાય ✦ બજાર વિસ્તારનાં ખેડુતોને 7/12 નાં ઉતારા મળી રહે તે માટે મામલતદાર કચેરી, દસ્કોઈમાં વ્યવસ્થા ✦ ખેડૂતો માટે ભોજનલાયની સહાય ✦ પંચવટી યોજના અંતર્ગત ગ્રામફાળાની સહાય ✦ પાણીનાં બોર તથા વીજ કનેકશનમાં 50% સહાય ✦ આરોગ્યલક્ષી સહાય ✦ એગ્રો સંદેશ લવાજમ **કુલ સહાય :** ₹ 4,20,48,399

બોર્ડ ઓફ ડિરેકટર્સ : રોહિતભાઈ આર. પટેલ ✦ કેતનકુમાર ડી. પટેલ ✦ વિષ્ણુભાઈ એન. પટેલ ✦ પંકજકુમાર સી. પટેલ ✦ રામાભાઈ કે. પટેલ ✦ ગોબરજી એમ. ઠાકોર ✦ જશવંતકુમાર આર. પ્રજાપતિ ✦ લક્ષ્મણદાસ એચ. રોહરા ✦ સાકેતકુમાર આર. ઠક્કર ✦ મુકેશભાઈ વી. મોદી ✦ શંકરભાઈ પટેલ ✦ ભવાનભાઈ બી. ભરવાડ ✦ બિપીનભાઈ કે. પટેલ ✦ જિ. રજી. સ.મં. [શહેર] અમદાવાદ ✦ જિલ્લા ખેતીવાડી અધિકારી, જી.પં. અમદાવાદ.

દિપકભાઈ એમ. પટેલ : સેક્રેટરી **હિતેશભાઈ કે. બારોટ :** વાઈસ ચેરમેન **બાબુભાઈ જમનાદાસ પટેલ** [BJP] : ચેરમેન [ધારાસભ્ય, દસ્ક્રોઈ]







દિલાવરસિંહ અનુપસિંહ વાઘેલા


રાજપૂત સમાજનાં રાહબર

જન્મ અમદાવાદમાં થયો. વતન સાણંદ અને કોમર્સમાં સ્નાતક છે. વારસાગત વ્યવસાય ખેતી છે. પેટ્રોલ અને પ્રકાશનનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજપૂત સમાજની ડિરેકટરી પ્રકાશિત કરે છે. સ્નેહમિલનનાં કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. પરિવારમાં માતા, પિતા, પત્ની, પુત્ર અને પુત્રી છે. તેઓ કહે છે કે કુરિવાજો, અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્તિ મળશે તો સમાજ અવશ્ય આગળ વધશે. અહમ છોડી સંગઠિત થવું જરૂરી છે. શિક્ષણ અને કેળવણી બાબતે સમાજનાં અગ્રણીઓએ સકારાત્મક નિર્ણયો લેવા જોઈએ.

જીવન સંદેશ

સંકલ્પ : દૃઢ સંકલ્પનું મહત્વ કેટલુ છે તે દૃઢ સંકલ્પ કરનાર જ જાણે છે. જેણે જીવનનાં ઉચ્ચ માર્ગે પ્રયાણ કરવું છે તે વ્યકતિએ દૃઢ સંકલ્પ કરવો જરૂરી છે. આપણે જે નવું નિર્માણ કરવા માંગીએ છીએ તેમાં સંકલ્પનું બળ જન્માવતાં રહીશું તો બધું સાર્થક થશે. કોઈ પણ વિચાર કે લાગણી સંકલ્પ વિના સંભવિત નથી એટલે સંકલ્પ શુદ્ધિ એક મહાન સાધના છે.

સંસ્કાર : જે પ્રકારનાં વિચારો, વૃત્તિઓ અને વલણો આપણા મનમાં ઉદ્‌ભવશે તેવા સંસ્કાર આવશે. જેવા સંસ્કાર તેવું પરિણામ નક્કી છે. સંત સમાગમનાં સંસ્કારો આજે નહિં તો કાલે આવ્યાં વિના રહેશે નહીં. ચિત્ત ઓપન કેમેરા છે, એમાં બધું કેદ થઈ જાય છે.







ભરૂચ જિલ્લામાં આવેલ વાલિયા ગામનાં વતની છે. અભ્યાસ LLB સુધી કર્યો. 1988 થી વકીલાતની પ્રેકટીસ કરે છે. પિતાજી પણ વકીલ હતાં. પત્ની નયનાબા સુરતમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હોવાથી શહેરમાં જ કાયમી સ્થાયી થયાં. નયનાબાએ MCom, BEd સુધી અભ્યાસ કર્યો છે. પુત્ર રાજદીપસિંહ એન્જીનીયર છે. આમ આખો પરિવાર એજ્યુકેટેડ છે. કિશોરસિંહ કહે છે કે ભગવાન પરશુરામ જન્મથી બ્રાહ્મણ હોવા છતાં કર્મથી ક્ષત્રિય હતાં. રાજપૂત સમાજ દરેક ક્ષેત્રે આગળ વધે તે જરૂરી છે.



કિશોરસિંહ એસ. માટીએડા

જન સેવા એજ પ્રભુ સેવા

જીવન સંદેશ

પ્રાણ : બુદ્ધિ અને પ્રાણ આ બે તત્ત્વ આપણામાં કામ કરે છે. વિચારવાનું કામ જે કરે તે બુદ્ધિ અને જે ક્રિયા થાય તે પ્રાણ છે. આપણું મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ જે છે એમાં પ્રાણ મોખરે છે. પ્રાણ તત્ત્વમાં જ આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, લોભ અને મોહ છે. કામ, ક્રોધ, મોહ, મદ, ખાવું પીવું, ગમા અણગમા, રાગ દ્વેષ આ બધું પ્રાણ તત્ત્વને લીધે છે. સંસાર વ્યવહારમાં બુદ્ધિ કરતાં પ્રાણ તત્ત્વ આગળ છે. જીવનમાં પ્રાણ મોખરે હોય છે. ભજન અને સ્મરણમાં દિવસનાં અમુક કલાક એકનાં એક વિષયમાં રોકાયેલાં રહીએ તો પ્રાણ ભળે છે. પ્રાણ ભળ્યા પછી મનનમાં રસ પડે. ઊર્ધ્વ બાજુનાં પ્રાણથી કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે ઘટે. માલિકી ભાવ ઓછો થતો જાય છે. સાહસ, હિંમત અને તટસ્થતા વધે. ગુણોનો વિકાસ થાય. આપણામાં જે પૂર્વગ્રહ બંધાય છે તે પ્રાણ તત્ત્વને લીધે છે. બુદ્ધિ પછી આવે છે. જુદા જુદા પ્રકારનાં માણસો વિશે જુદી જુદી લાગણી થાય એ પ્રાણ તત્ત્વને આભારી છે.

Kishorsinh S. Matieda [BA, LLB @ Advocate]
Ex. Additional Dist. & Season Judge @ Fast Track Court
205, Gopal Complex, Parvat Patia, Surat 10





જીવન સંદેશ

રાજપૂત સમાજ પ્રગતિનાં સર્વોત્તમ શિખરો સર કરવા પ્રયત્નશીલ છે. પોતાના સંતાનોને જીવન ઘડતર માટે સુવર્ણ તક આપી પરિશ્રમ ખેડે છે. ઈજનેર, ડોકટર, શિક્ષક, વકીલ વગેરે વ્યવસાય પ્રત્યે વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. મુલ્કી સેવા તરફ આપણું ધ્યાન ઓછું હોવાની પ્રતિતી થાય છે. રાષ્ટ્ર સેવામાં રાજપૂત સમાજ હંમેશા અગ્રેસર રહ્યો છે. સિવિલ સર્વિસ પરીક્ષામાં સફળ રહેનાર વ્યક્તિ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, સચિવ અને જાહેર સાહસોમાં MD તરીકે લોકોનાં કામો કરીને અદ્‌ભૂત ચાહના મેળવી શકે છે. જો કામ જ કરવું છે તો મોભાદાર હોદ્દો મેળવવા ઉચ્ચ લાયકાત કેમ પ્રાપ્ત કરી ન શકાય ? દૃઢ સંકલ્પ સાથે આગે કદમ માંડો તો સિધ્ધિ તમારા હાથમાં છે. રાજપૂતો સાહસિક અને હિમ્મતવાન પ્રજા છે. સાહસને હંમેશા સિધ્ધિ વરે છે.

સૂર્યા ટ્રાવેલ્સ


કેશુભા પરમાર

મહામંત્રી [ભાજપ : વાસણા વોર્ડ]

ઓફિસ : 4, અનિલકુંજ શોપિંગ સેન્ટર,
પાલડી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ 380007.

રહેઠાણ : E/1, નીલહર્ષ એપાર્ટમેન્ટ,
જવાહરનગર બસ સ્ટોપ પાસે, વાસણા, અમદાવાદ 380007.

INDIA








કિશોરસિંહ જી. મહિડા

સફળ ધારાશાસ્ત્રી

જન્મ 2 સપ્ટેમ્બર 1953માં થયો. કાયદામાં સ્નાતક અને પોલિટિકલ સાયન્સમાં અનુસ્નાતક છે. પિતાજી ગેમલસિંહ મહિડા IPS ઓફિસર હતાં. સ્કૂલ અને કોલેજ લાઈફ અમદાવાદમાં પસાર કરી. 1980માં સુરતમાં સ્થાયી થયાં. સુરતમાં વકીલાત કર્યા પછી છેલ્લા 2 વર્ષથી અમદાવાદમાં પ્રેકટીસ કરે છે. પુત્ર વિરેન્દ્રસિંહએ લંડનમાં માસ્ટર ઓફ આર્કિટેકટ ઈન ડિઝાઈનની ડિગ્રી મેળવી છે. પરિચય મેળો અને સમૂહ લગ્નમાં કિશોરસિંહનું યોગદાન પ્રંશનીય હોય છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજનાં વિકાસ માટે કુરિવાજો અને વ્યસનનો છોડવા જોઈએ. કન્યા કેળવણીથી સમાજનો વિકાસ એકસપ્રેસ ગતિથી થશે.

જીવન સંદેશ

- ઉછળતા સાગરનો ઘુઘવાટ કિનારે આવી શકે છે.
- ફુલોની મહેંક ચોતરફ વાતાવરણ બદલી શકે છે.
- ઈશનું સર્જન અવનવા વિચારોમાં મથામણ લાવી શકે છે.
- ઝબૂકતી વીજળી અને મેઘગર્જના વર્ષાની ધાર વહાવી શકે છે.
- વૃક્ષોની શીતળ છાયામાં પંખી ટહુકાર કરી શકે છે.
- જિંદગીમાં સત્કાર્યો કરી માનવ અમર બની શકે છે.
- પ્રભાતનાં કિરણો ઘડીભરમાં અંધકાર દૂર કરી શકે છે.
- ભૂલોનો સ્વીકાર કરી માર્ગ બદલી શકાય છે.
- માનવ ઉદારતાનાં સહારે દિલનાં દ્વાર ખોલી શકે છે.
- પ્રભુનાં ઉપકારો યાદ કરી માણસ "કિશોર" બની શકે છે.





ગેમલસિંહ એમ. ઠાકોર

માનવતાવાદી વિચારધારા

જીવન સંદેશ

વિચારોમાં એટલી સર્જન શક્તિ છે કે ધાર્યું પરિણામ લાવવા અનુકૂળ પરિસ્થિત ઉપજાવી શકાય છે. વિચારોમાં એવી પ્રબળતા છે કે તે જીવનમાં ઘણો ફેરફાર કરે છે. આપણે જ વિશ્વ છીએ ને આપણામાં જ આખું વિશ્વ વસેલું છે. આપણે જે વિચાર કરીએ છીએ તે ફરીને પાછા આવે છે. નકારાત્મક વિચારો જેટલા ઓછા આવે તેટલું વધારે સારું, નહિં તો પાછા એ વિચારો બેવડી ગતિથી આપણામાં આવે છે. વિચારથી પ્રગટેલી સમજણ જુદી છે, ભાવનાથી પ્રગટેલી સમજણ જુદી છે ને વર્તનમાં મુકાયેલી સમજણ જુદી છે. વિચાર, ભાવના અને વર્તન એ ત્રણેનો સુમેળ આપણે કરવાનો છે. વિચાર કંઈક હોય, ભાવના કંઈક હોય અને વર્તન કંઈક હોય એવું બેહૂદું જીવન લોકો જીવી રહ્યાં છે. ગમે તેટલા જોરથી કોઈ વિચારો આવતા હોય તો પણ એને વધારે જોરથી અટકાવાનો પ્રયત્ન કરવો નહિ. આપણે વિચારોનાં ઘસારાને અટકાવીશું તો એ તાત્કાલિક કદાચ અટકી જાય, પરંતુ આપણું કામ સુધરશે નહિ. તમે માત્ર વિચારોને જોયા કરો, એની સાંકળ ન જોડો. વિચારોથી બળ પ્રાપ્ત થાય છે. કોઈ આપણા વિશે ગમે તેવું વિચારે, તેમ છતાં આપણે તેના વિશે ઉત્તમ વિચારીએ તો જીવનનો વિકાસ ઉત્તમ થશે.


Gemalsinh M. Thakor

BA, LLB [Advocate & Notary]

Office : 111/ Saint Park,
Opp. Gujarat Gas Circle,
Nr. Water Tank, Adajan Road, Surat.



જન્મ 1964માં થયો. વતન સુરત જિલ્લામાં આવેલ ઓલપાડ તાલુકાનું બલકશ ગામ. તેઓ આર્ટસ અને કાનૂનમાં સ્નાતક છે. સુરતમાં એડ્વોકેટ અને નોટરી તરીકે નિષ્ઠા પૂર્વક કામ કરે છે. પરિવારમાં પત્ની કામિનીબા અને બે બાળકો સાથે ખુશખુશાલ છે. સામાજીક પ્રવૃત્તિઓમાં આગળ રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજનો ઈતિહાસ સમૃધ્ધ છે. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, બુધ્ધ, મહાવીર અને જૈન ધર્મનાં 23 તીર્થકરો પણ ક્ષત્રિય હતાં. રાજપૂતોએ પોતાની શક્તિ સદકાર્યોમાં વાપરવી જોઈએ. હવે સમય તલવારનો નહિ, કલમનો છે. યુવાવર્ગે ઈન્ટરનેટનો દૂરઉપયોગ નહીં, પણ સદ્ઉપયોગ કરવો જોઈએ. ખેતરને જીવંત રાખવા ખેડવું પડે તેમ સમાજને જીવંત રાખવા બાળકોને શિક્ષણ આપવું જોઈએ.



પ્રવિણસિંહ એન. મહિડા

સમાજ સેવાનું અભિન્ન અંગ

જન્મ 28 જુલાઈ 1962માં થયો. ઓલપાડ તાલુકાનાં વતની છે. પિતાજી ખેડૂત હતાં. આર્ટસ અને કાનૂનમાં સ્નાતક છે. સુરતમાં 1976થી વકીલાતની પ્રેકટીસ કરે છે. સુરતમાં આવેલ અન્નપૂર્ણા માતાજી મંદિરનાં તેઓ સફળ વહીવટકર્તા છે. તેઓ કહે છે કે દક્ષિણ ગુજરાતમાં રાજપૂત સમાજ મોટે ભાગે ગામની અંદર રહે છે. ધીરે ધીરે સમાજ શહેરમાં સ્થાયી થયો છે. હવે શિક્ષિત રાજપૂત સમાજમાં બિઝનેસમેન, ડોકટર, એન્જીનિયર, વકીલ અને અધિકારીઓ ઘણાં છે. સામાજીક, રાજકીય અને આર્થિક રીતે પણ સમાજનો વિકાસ થયો છે.

જીવન સંદેશ

શક્તિનાં છોરૂઓને...

છોરૂ શક્તિ તણા બાળ હરપાળના, કુળ ઉજવળ થયું રાજપૂતાના.
વાત વિસરાય ના કદી અંતર થકી, માત રીઝયે કરે બોલબાલા.
બાચકા અવાળે કયાંઈ ભરવા નહિ, માત શક્તિ તણું ધામ ધામા.
મા કને જઈ માતને રિઝવો, દયાળું દેવી છે જાવ સામા.
મૂંઝવણ તમારી માત જાણે બધી, અંતરની વાત સદા સૂણે.
કામ કાળા કદી કોઈ કરવાં નહિં, છૂટી ના શકે કોઈ માતૃ ઋણે.
જનેતા જેમની માત શક્તિ બની, વધાર્યો કુળનો વંશ વેલો.
શક્તિ સંતાન શું રાંક થૈ કરગરે?, ખુમારી સહિત રંગ રાખે રેલો.
રામનો વારસો ને કુળ છે સૂર્યનું, માત પિતા તણું નામ મોટું.
પ્રબળ પુરૂષાર્થથી ખૂબ પેદા કરો, કામ કરશો નહિં કોઈ ખોટું.
બાપ દાદા તણી આબરૂ જાળવો, શક્તિની સદાયે ભક્તિ કરવી.
આશ ઈશ્વર અને નિજ ભુજબળ તણી, ભગ્ન હૈયે સદા હામ ભરવી.
હતો બળવાન બહુ ભૂત શો બાબરો, વશ કર્યો એને હરપાળ દેવે.
શક્તિ શૂરવીરને વરે છે કાયમી, લ્હાવ જીવ્યા તણો એજ લેવે.
આદ્ય શક્તિ તણા અંશ સૌ શક્તિઓ, પાટડી જાવ કે જાવ ધામા.
ભવ્ય ભૂતકાળ એ 'પ્રવિણ' ભૂલાય નહિં, રહ્યાં ઈતિહાસમાં અમર કામા.

Pravinsinh N. Mahida

BA, LLB [Advocate]

માનદમંત્રી : સુરત જીલ્લા મરોઠ વિભાગ રાજપૂત કેળવણી સંઘ
માજી અધ્યક્ષ : ખારલેન્ડ સમિતિ, જીલ્લા પંચાયત સુરત
ઉપપ્રમુખ : સુરત જીલ્લા કોંગ્રેસ સમિતિ, સુરત
અધ્યક્ષ : સુરત જીલ્લા લીગલ સેલ કમિટી, સુરત

Office : A/1, Nandan Apt., Nr. Sardar Bridge,
B/h. Water Tank, Adajan Road, Surat 395 009










ડૉ. મહેન્દ્રસિંહ ચાવડા

અર્જુન જેવી દૃષ્ટિ

અભ્યાસ BHMS સુધી કર્યો. ગાંધીનગર જિલ્લાનાં રહેવાસી છે. ડૉક્ટર હોવા છતાં ફેમેલી બિઝનેસ બાંધકામ સાથે સંકળાયેલા છે. પિતાજી પોલીસ ડિપાર્ટમેન્ટમાં PSI હતાં. 1975માં સુરત આવીને સ્થાયી થયાં. પરિવારમાં મમ્મી ભાઈઓ, બહેનો, પત્ની અને પુત્ર સાથે રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજનો વિકાસ અન્ય સમાજ જેટલો થયો નથી. રાજપૂત સમાજનો વિકાસ કરવો હોય તો બાપુગીરી છોડવી જોઈએ. વ્યક્તિ જાતિથી નહિં, પરંતુ સદ્‌કર્મથી ઓળખાવો જોઈએ. વ્યવસાયમાં રાજપૂત તરીકેની ઓળખ આપવાથી નેગેટીવ ઈમેજ ઊભી થાય છે. રાજપૂત સમાજે અન્ય સમાજ સાથે નમ્ર વલણ રાખવું જોઈએ. સમાજમાં શિક્ષણ વધશે તો માનસિકતા અવશ્ય બદલાશે. રાજપૂતોએ વિકાસ કરવો હોય તો પટેલોનાં વિકાસને અનુસરવું જોઈએ. કુરિવાજો, અંધશ્રધ્ધા અને વ્યસન મુક્તિથી સમાજનો વિકાસ શક્ય છે.





જસુભા ઓધુભા ગોહિલ

લોકસેવા માટે હરપલ તૈયાર

અભ્યાસ BSc સુધી કર્યો. પરિવારમાં ચાર ભાઈઓ છે. બધાંજ એજ્યુકેટેડ છે. વર્ષોથી ઉમરગામમાં બાંધકામનો વ્યવસાય છે. જસુભા ગોહિલ લાયન્સ કલબ અને રાજપૂત સમાજ ઉમરગામનાં પ્રમુખ છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોશિયેશનનાં પણ પ્રમુખ રહી ચૂક્યાં છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં એકતા હોવી જરૂરી છે. રાજપૂતો પોતાની શક્તિ વ્યવસાયમાં વાપરે તો ઘણો વિકાસ કરી શકે. કુરિવાજો અને વ્યસનો છોડવા જોઈએ. વિધવા પુનઃલગ્નને સમર્થન આપવું જોઈએ. કન્યા કેળવણી બાબતે જાગૃત થવું જોઈએ. શિક્ષણનો વ્યાપ વધે તે દિશામાં સમાજે પ્રત્યનશીલ રહેવું જોઈએ. બાપુગીરી છોડવાથી જ દરેક ક્ષેત્રે વિકાસ સંભવ છે.

જીવન સંદેશ

विश्व में हम फलक पे हों... हर तरफ हरीयाली हों... घर घर में खुशहाली हों... विश्वास आपका... जिम्मेदारी हमारी... प्रगति भारत की...

खतरनाक है कोल्ड ड्रिंक : बाजार में विभिन्न नामों से बिकने वाले कोल्ड ड्रिंक शरीर के लिए खतरनाक है, उनमें वे सभी एसिडिक वैल्यू होते हैं जो टायलेट क्लीनर में होते है । शरीर की सबसे मजबूत हड्डी दांत होती है । उसे आग में डालने से भी नुकशान नहीं होता, लेकिन कोल्ड ड्रिंक से पुरुषों में नपुसंकता आती है और महिलाओं में बांझपन । उसके बजाए नींबू शर्बत, दही, छाछ, नारियल पानी आदि पीना चाहिए।

Western Food:बरगर:बर्बादी का घर, ब्रेड:बासी भोजन, पीजा:जो सेहत पी जाए, चाकलेट : स्लो पाईजन, संडे हो या मंडे : कभी न खाओ अंडे ।

- परिवर्तन का चक्र चल रहा है,सभी बदल जायेंगे । जो न बदल पायेंगे,अपने आफ कुचल जायेंगे ।
- मंदिर, मस्जिद, गुरुद्वारोंने बांट दिया भगवान को, घर भी बांटा, सागर बांटा, मत बांटो ईन्सान को ।

Priyanka Intercity
Priyanka City Pulse
Aakar Constructions
Aakar Builders
Aakar Developers
Aakar Tiles



Dr. Mahendra B. Chavda
Opp. Bhaktidham Temple, Puna Kumbharia Road, Magob, Surat.



જીવન સંદેશ

પુણ્યશાળી બનવાના પાંચ દ્વાર... એક આસ્થા...

- ગાયને ઘાસ ખવડાવવાથી, લક્ષ્મી આવે...
- પંખીને દાણાં નાંખવાથી, વ્યવસાય સારો ચાલે...
- ઘર આંગણે તુલસી રોપવાથી, આરોગ્ય વધે...
- આસોપાલવ રોપવાથી, સમૃધ્ધિ આવે...
- નાળયેરી રોપવાથી, દુશ્મનો ભાગે...


જસુભા ઓધુભા ગોહિલ

પ્રમુખ : ઉમરગામ ઔધોગિક વસાહત
પ્રમુખ : ઉમરગામ રાજપૂત સમાજ
કારોબારી સભ્ય : FIA
સભ્ય : FIC નોટીફાઈડ
ડિસ્ટ્રીક્ટ ચેરમેન : લાયન્સ કલબ ઓફ ઉમરગામ



જય ખોડિયાર કન્સ્ટ્રકશન ✦ ગાયત્રી ઈન્ડસ્ટ્રીઝ
ઓર્ગેનિક ઓરિજનલ ✦ હિન્દુસ્તાન એન્ટરપ્રાઈઝ





મહેન્દ્રસિંહ એ. સોલંકી

ગૌરવશાળી વ્યક્તિત્વ

આઓ અંદાજે સફર સબકો સિરવાતે જાયેં ।
રાહ મેં નકસે કદમ અપના બનાતે જાયેં ॥

જીવનમાં ઘણાં ઉમદા વ્યક્તિઓ જોવા મળે છે. તેઓ મુશ્કેલીઓનો સામનો કરી સફળતાનાં શિખરો સર કરે છે. સાથે સાથે સમાજને પ્રગતિનાં પંથે લઈ જાય છે. ઉમદા વ્યક્તિત્વવાળા લોકો સમાજમાં ઉચ્ચ સ્થાન મેળવે છે ત્યારે લોકકલ્યાણનાં કામો અવિરત પણે કરતા રહે છે. આવું ગૌરવશાળી વ્યક્તિત્વ એટલે મહેન્દ્રસિંહ સોલંકી. જન્મ 30 જાન્યુઆરી 1964માં થયો. સુરત જિલ્લામાં આવેલ અલથાણ ગામનાં રહેવાસી છે. આર્ટસમાં સ્નાતક છે. પિતાજી ફાર્મર હતાં. બાંધકામનો વ્યવસાય છે. પરિવારમાં પત્ની પ્રતિમાબા હાઉસ વાઈફ છે. બે પુત્રી અને એક પુત્ર શિક્ષિત અને સંસ્કારી છે. મહેન્દ્રસિંહ સોલંકી વ્યવસાયની સાથે સામાજીક કાર્યોમાં પણ સક્રિય રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું, પરંતુ સંગઠનનો અભાવ છે. અહમ અને ઈર્ષાને કારણે સમાજનો વિકાસ રુંધાય છે. હવે સમય તલવાર મૂકી કલમ પકડવાનો છે. સ્ત્રી શિક્ષણ અને કેળવણી વિકાસ માટે જરૂરી છે. દેશનાં નિર્માણ માટે સ્ત્રી શક્તિનો ઉપયોગ થવો જોઈએ.





યુવા સંદેશ

- મન ભરીને જીવો એ છે સફળતાનું રહસ્ય.
- બધાથી આગળ વિચારો એ છે સફળતાનો સ્ત્રોત.
- રમો, દોડો અને કસરત કરો એ છે ચિર યુવાનીનું રહસ્ય.
- મિત્રો બનાવો અને મિત્રતા કેળવો એ છે આનંદનો સ્ત્રોત.
- સ્વપ્નિલ બનશો તો તમારા આત્માને મળશે આકાશી ઊંચાઈ.
- ખડખડાટ હસશો તો ચિંતાઓ દૂર થશે.
- ધ્યાન ધરશો તો તમારું હૃદય શાંતિ પામશે.
- પ્રાર્થના કરશો તો ભગવાનને પામશો. પ્રેમ કરશો તો ચાહના મેળવશો.
- કુશળતા પૂર્વક કાર્ય કરશો તો સફળતા પામશો.



God is Eternal. His teachings are Eternal.













અનિશસિંહ તખ્તસિંહ દેસાઇ

સેવાકિય પ્રવૃત્તિનો પ્રાણ


તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હોં પચાસ હજાર...

જન્મ 1 જુલાઈ 1969માં થયો. ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશનમાં અભ્યાસ કર્યો. પિતાજી ફાર્મર હતાં. પિતાજી તખ્તસિંહ દેસાઈ વિજ્ઞાનમાં સ્નાતક થયાં પછી સામાજીક કાર્યોમાં સક્રિય થયાં. તેઓ સોમનાથનાં પ્રમુખ છે. રાજપૂત સમાજ ભવનનું નિર્માણ પણ કર્યું છે. અનિશસિંહ દેસાઈએ અભ્યાસ પૂરો કર્યા પછી કૃષિ અને બાંધકામનાં વ્યવસાયમાં સક્રિય થયાં. તેઓ પરિવારમાં માતા સુમનબા, પિતા તખ્તસિંહ, પત્ની સંગીતાબા, પુત્રી કોમલ અને પુત્ર ચિંરજીવી સાથે રહે છે. ગામનાં સહકારી ક્ષેત્રે જોડાઈને રાજકીય કારકિર્દીની શરૂઆત કરી. તેઓ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સમાજ ઉત્થાનનાં કાર્યમાં સક્રિય છે. કોંગ્રેસની વિચારધારાથી પ્રભાવિત છે. અનિશસિંહ દેસાઈ સોમનાથ ટ્રસ્ટનાં સેક્રેટરી છે. સુરત જિલ્લા કોંગ્રેસનાં મહામંત્રી અને ઓલપાડ તાલુકા યુથ કોંગ્રેસનાં પ્રમુખ છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. તેઓ કહે છે કે રાજકરણમાં સફળ થવું હોય તો સમાજનું પીઠબળ હોવું જોઈએ. સમાજમાં એકતા અને સમરસતા હોવી જરૂરી છે. સમાજનાં વિકાસમાં અ,આ અને ઈ છોડી ઉનો સ્વીકાર કરવો જોઈએ. અ એટલે અહમ, આ એટલે આરામ અને ઈ એટલે ઈર્ષાથી મુક્તિ. ઊ એટલે ઉદારીકરણનો સ્વીકાર કરવો જોઈએ. અન્ય સમાજ સાથે કદમ મિલાવી શિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ. કુરિવાજો અને વ્યસનનો ત્યાગ કરવો જરૂરી છે.

જીવન સંદેશ

- માગો અને કોઈક આપે તે મદદ કહેવાય.
- માગ્યા વિના જો કોઈ સામેથી આપે તે દાન કહેવાય.
- અનાયાસ અકલપ્ય મળે તે દૈવી વરદાન કહેવાય.
- કોઈ પણ વ્યક્તિ માટે કટુભાવ રાખશો નહિં.
- સમાજની અનેક વ્યક્તિઓએ આપેલ દાન સંઘ માટે દૈવી વરદાન છે !
- કોઈ તમારી ટીકા કરે તો એ ટીકા તમને વધુ સક્ષમ બનવા પ્રેરિત કરશે, તમને વધુ કાર્યક્ષમ બનાવશે. આથી ટીકાકારોનો આભાર માનો અને બોલવા દો, તમે યોગ્યતા પુરવાર કરો તમારી વાણી અને વ્યવહારથી...





કૃણાલસિંહ હરેન્દ્રસિંહ મહારાઉલ

રાજપૂત સમાજનાં હિતચિંતક

જીવો એવું કે મોતને મરી જવું પડે, ખીલો એવું કે કંટકને ખરી જવું પડે.


જન્મ 8 જૂન 1978માં થયો. વડોદરા જિલ્લામાં આવેલ સંખેડા તાલુકાનાં વતની છે. રસાયણ વિજ્ઞાન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક છે. 1970 થી ભરૂચમાં સ્થાયી થયાં. પિતાજી કોમર્સમાં સ્નાતક છે પરિવારમાં માતા પિતા સર્વિસ કરે છે. પત્ની હાઉસ વાઈફ છે. સંસ્કારી પુત્ર અને પુત્રી છે. કેરિઅરની શરૂઆત 1995માં સુરત મુકામે કરી. અભ્યાસ પુરો કર્યા પછી પિતાજીનાં મિત્રનાં વ્યવસાયમાં જોડાયા. ફાઉન્ડ્રી અને કેમિકલનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભરૂચમાં ફાઈનાન્સનો વ્યવસાય પણ સંભાળે છે. કોંગ્રેસ અને હિન્દુત્વની વિચારધારાને વરેલા છે. કોંગ્રેસનાં સક્રિય કાર્યકર છે. પાર્ટીનું સંગઠન મજબૂત કરવાની ખેવના છે. સામાજીક કાર્યોમાં પણ પોતાનું યોગદાન અવશ્ય આપે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસ થવો જરૂરી છે. કુરિવાજો અને વ્યસન મુક્તિ પ્રગતિ માટે જરૂરી છે. સ્ત્રી શિક્ષણ અને કન્યા કેળવણીને મહત્ત્વ આપવું જોઈએ.





જીવન સંદેશ

અઠવાડિએ આવે છે જુદા જુદા વાર, મળતા રહે છે નવા નવા સમાચાર.
રહેજો હંમેશા બનીને જીગરીયાર, આપતા રહેજો હંમેશા સહકાર.
કરતા રહેજો એકને જ પ્યાર, પુરા કરજો એના સ્વપ્ન સાકાર.
ના કરજો કોઈનાં ઉપર ખાર, હંમેશા રાખજો બધા પ્રત્યે સદાચાર.
મદદ કરી કરજો લોકોનો બેડો પાર, હરપળ કરજો માતા પિતાની સારવાર.
જીંદગીનાં દિવસો છે ત્રણ ચાર, બનાવજો એ પળોને હંમેશા યાદગાર.
રહેજો લોકોનાં થઈને દિલદાર, તો થાશે તમારા જીવનનો ઉધ્ધાર.
જીવનમાં હંમેશા સારા કર્મો કર, જેથી લોકો કરે તને નમસ્કાર.
માણસો તો પહેરાવે એવાને હાર, જે જીવનમાં કરે છે હરપળ ચમત્કાર.
સાંભળજો ગરીબ લોકોનો પોકાર, કોઈ દે કે ન દે પણ ભગવાન દેશે પુરસ્કાર.
આ જમાનામાં માણસો મળશે મક્કાર, કરજો એવા માણસોનો બહિષ્કાર.
ન રહો કોઈનાં પર ભાર, તો આ જગતમાં થશે તમારો સત્કાર.
ભલે ફરો તમે લઈને મોંઘી કાર, પરંતુ દેજો જરૂર દુઃખીયાને આવકાર.
કરતા રહેજો હંમેશા સારા વિચાર, જગતમાં ફેલાવતાં રહેજો સુવાસ.
સમાજમાં ઘણા લોકો બન્યા છે બેકાર, બની શકે તો આપજો એને સહકાર.
જીંદગી જીવવાનાં ઘણા છે પ્રકાર, પણ ન રાખજો એકેય વાતનો અહંકાર.
ભગવાન કરે ખરાબ માણસોનો સંહાર,સારા માણસોની જીંદગી ઉગારે ૐકાર.







સુબેસિંગ જી. યાદવ

સમાજ સેવાનાં ભેખધારી

જન્મ 25 એપ્રિલ 1955માં થયો. હરિયાણાનાં વતની છે. આર્ટસ અને કાયદામાં સ્નાતક છે. પિતાજી આર્મીમાં મેજર હતાં. પરિવારમાં પત્ની પન્નાબેન, પુત્રી પૂનમબેન અને પુત્ર નરેશસિંગ સાથે રહે છે. સુરત તેમનું મનગમતું શહેર છે. 1977માં ગુજરાત આવીને પોલિસ ડિપાર્ટમેન્ટમાં કારકિર્દીની શરૂઆત કરી. પોલિસ કારકિર્દી દરમિયાન ઘણાં એવોર્ડ મેળવી ચૂક્યાં છે. 2011માં પોલિસ ખાતામાંથી VRS લઈ કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. અત્યારે સુરતમાં વકીલાતની પ્રેકટીસ કરે છે. સફળ વકીલ તરીકે તેમની ગણના થાય છે. એક ગ્લોબલ સ્કૂલનું નિર્માણ પણ કર્યું છે. સામાજીક કાર્યોમાં સક્રિય રહે છે. યાદવ સમાજની ડિરેકટરી અને હોલ બનાવાની ઈચ્છા ધરાવે છે. તેઓ કહે છે કે સમાજનાં વિકાસ માટે શિક્ષણનો વ્યાપ વધવો જરૂરી છે. કુરિવાજો, અંધશ્રદ્ધા, અહમ અને વ્યસનોથી મુક્તિ મેળવવી જોઈએ.








જીવન સંદેશ

- માણસને પૈસાથી મપાય નહિં, પરંતુ ઘણી વખત પૈસા દ્વારા જ માણસ કેટલો "નાનો" છે તે જાણી શકાય છે. એટલે મળેલા પૈસા "નાના" ન બનાવી દે તે માટે જાગૃત રહેજો.
- તમે જેટલું બીજાને આપશો તેટલું તમે પામશો, કારણ કે જે આપણે આપીએ છીએ તેજ હંમેશા પામીએ છીએ.
- હૃદય આપણને મળેલું છે. સદ્‌ભાવ આપણે ઉમેરવાનો છે.

જીવન આપણને મળેલું છે. સેવાકાર્યથી તેને સાર્થક કરવાનું છે.

રાજપૂત સમાજમાં ઉપરોક્ત તમામ વિચારોની સમજણ છે. આજે સત્તા પ્રાપ્તિ અને સૌથી શ્રેષ્ઠ બનવા માટે સમાજનાં દરેક ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા, ગંદા દાવપેચ તેમજ સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવવામાં આવે છે ત્યારે રાજપૂત સમાજનાં ઉદારદિલ દાનવીરો હોંશે હોંશે રૂપિયા વાપરે છે તેમજ ગાંઠનું ગોપીચંદ કરી સમાજનાં વિકાસ માટે અવિરત કાર્ય કરે છે. તેમાંથી પ્રેરણા લઈ સમાજનાં યુવક યુવતીઓ ચીલાચાલુ અભ્યાસક્રમ છોડી સિવિલ સર્વિસમાં સર્વોતમ દેખાવ કરી સરકારી ક્ષેત્રે પાવરદાર હોદ્દાઓ મેળવી સમાજને ઉપયોગી બનવા કટિબદ્ધ બને તે જરૂરી છે.









મહેન્દ્રસિંહ બી. સોલંકી

સફળ આર્કિટેકટ એન્જીનિયર

નિરાશા તો નજરની ફક્ત ખામી અને પગની થકાવટ છે,
જુઓ મંજિલ ઝળકતી સાવ સામી છે.

બાળપણમાં વિદ્યાભ્યાસ દરમ્યાન આપણે વાંચ્યું હશે કે આજનો વિધાર્થી ભવિષ્યનો નાગરિક છે. બાળપણનાં સંસ્કાર અને ઉછેરને કારણે બાળકનાં મનમાં તીવ્ર ઝંખના પેદા થાય છે. આ ઝંખના મોટા થતા સાકાર પામે છે. આથી બાળપણનાં લક્ષણો અને સંસ્કાર મનુષ્યનાં જીવન ઘડતરમાં ખૂબ જ ઉપયોગી છે. બાળપણથી જ સફળ વ્યવસાયિકનાં ગુણો વિકસ્યા છે તેવા મહેન્દ્રસિંહ સોલંકીનો જન્મ 26 ઓકટોબર 1976માં થયો. સિવિલ એન્જીનિયરીંગમાં સ્નાતક છે. પિતાજીને ડાયમન્ડનો વ્યવસાય હતો. માતાનાં સંસ્કાર વારસામાં મળ્યા છે. મહેન્દ્રસિંહ સોલંકી સફળ આર્કિટેકટ છે. સામાજીક કાર્યોમાં સક્રિય રહે છે. તેઓ કહે છે કે સંસ્કૃતિને સ્વીકારો, પરંતુ કુરિવાજો થી દૂર રહો. સ્ત્રી શિક્ષણ અને કન્યા કેળવણી ખૂબ જરૂરી છે.



જીવન સંદેશ

ગુસ્સો કરતાં પહેલા આટલું જરૂર વિચારો :


- જયારે ગુસ્સો આવે ત્યારે તેના પરિણામનો વિચાર કરજો.
- ગુસ્સાનાં કારણ કરતા તેનું પરિણામ વધુ દુ:ખદાયક હોય છે.
- ક્રોધમાં મોટું મગજ કરતા નાનું મગજ વધુ કાર્ય કરે છે.
- મનુષ્ય જેટલું વધારે બોલે, એટલો જ ઓછો વિચાર કરે છે.
- ગુસ્સો બુધ્ધિશાળી વ્યક્તિને પણ મૂર્ખ બનાવી દે છે.
- ક્રોધને જીતવામાં મૌન શ્રેષ્ઠ ઈલાજ છે.
- જતું કરવામાં જે મજા છે, તે છતું કરવામાં નથી.
- વાણી અને પાણી જરૂર મુજબ વાપરો.
- બોલ્યા પછી વિચારવું પડે તેના કરતાં વિચારીને બોલો.
- થોડું વાંચવું, વધુ વિચારવું.
  ઓછું બોલવું અને વધુ સાંભળવું એ 'બુધ્ધિશાળી' નાં લક્ષણ છે.

ARCHITECT
ENGINEER

Mahendrasinh B. Solanki
Civil Project Consultant
BE [Civil : Architect]

Service Offered :
- Local Authority Approval & NA
- Architectural Designing
- Structural Designing
- Project Management
- Project Design & Development

A/303, Swapna Shrushti, Puna Kumbharia Road,
Parvat Patia, Dumbhal, Surat 395010.
Email : mbsoffice2011@gmail.com



દેવુભા નારૂભા પઢિયાર

રોયલ રાજપૂત

હસમુખાને હેતાળવાં, મરકીને કાઢે વેણ.
તમને કાંટોય કદી ના વાગજો, ભલે પારકાં હોય શેણ.

અભ્યાસ મેટ્રિક સુધી કર્યો. પિતાજી ફાર્મર હતાં. વ્યવસાય અર્થે રાજકોટ આવ્યાં. શરૂઆતમાં નોકરી કર્યા પછી ચશ્માની ફ્રેમનું મેન્યુફેકચરીંગ શરૂ કર્યું. તેઓ આઈ ગ્લોબ ઈન્ડસ્ટ્રીઝ, નેત્રપ્રભા ઈન્ડસ્ટ્રીઝ, યુવરાજ ઈન્ડસ્ટ્રીઝ, મિલેનિયમ સ્પેકટસ ઈન્ડસ્ટ્રીઝ અને યુવરાજ ઓપ્ટીકલ રિટેલ શોપનું સફળતાપૂર્વક સંચાલન કરે છે. પરિવારમાં પત્ની, પુત્ર, પુત્રવધુ અને પૌત્રો સાથે સુખી જીવન જીવી રહ્યાં છે. સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેઓ કહે છે કે સદ્કર્મો કરવાથી જ સારું પરિણામ મળે છે.



પ્રવિણસિંહ નારૂભા પઢિયાર

અભ્યાસ 12 સાયન્સ સુધી કર્યો. ચશ્મા ફ્રેમ ઉત્પાદનનાં પારિવારીક વ્યવસાયમાં પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે છે. પરિવારમાં પુત્ર અને પુત્રી છે. સામાજિક કાર્યમાં સક્રિય રહે છે.



હેંમતસિંહ દેવુભા પઢિયાર

અભ્યાસ SSC સુધી કર્યો. ચશ્માનાં ફેમેલી બિઝનેસનું સંચાલન કરે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજ કુરિવાજો, વ્યસન અને અહમ છોડશે તેમજ શિક્ષણ અને વ્યવસાય અપનાવશે તો સફળતા જરૂર મળશે.

જીવન સંદેશ : ગામડામાં વિકાસ ખૂબ જરૂરી છે. આજે આર્થિક વિકાસ ઉપર બધાનું ધ્યાન કેન્દ્રિત થયું છે. ગામડાનો પ્રશ્ન માત્ર આર્થિક નથી. જ્ઞાન અને સંસ્કારની ગરીબી એ આર્થિક ગરીબી કરતાં પણ ભયંકર છે. જયાં જુઓ ત્યાં જડતા, વહેમ, ખોટી માન્યતાઓ, અજ્ઞાનતા વગેરે પારાવાર છે. જડતાનાં આવરણો ગામડાની પ્રજાનાં આત્મા ઉપર ચઢી ગયાં છે. આર્થિક દ્રષ્ટિએ ગામડાનાં લોકો સમૃધ્ધ બને તે જરૂરી છે. પૈસો આવે પણ સંસ્કાર ન આવે તો પ્રજાનું રહ્યું સહ્યું સત્વ પણ હણાઈ જાય. સંસ્કારનો વિકાસ ગામડાઓમાં સાચી દિશામાં થાય તે ખૂબ જરૂરી છે. સંગઠનમાંજ શક્તિ રહેલી છે. મહાભારતમાં ભગવાન વેદ વ્યાસે કૌરવ પાંડવનાં યુદ્ધ પછી ભવિષ્યની પ્રજાનાં ક્ષેમકુશળ માટે આર્ષવાણી ઉચ્ચારતા સચોટ અને હૃદયસ્પર્શી વાત કરી હતી. કોઈપણ પરિવાર, સમાજ કે સંસ્થા માટે સંપ, સંગઠન અને એકતાનું ખૂબ જ મહત્ત્વ છે. આજે સંપત્તિ પાછળ આંધળી દોટ મુકતાં માનવીઓ દરેક સંબંધો ભૂલી પોતાને વધુ પ્રાપ્ત થાય તે માટે કાવાદાવા કરતા થઈ ગયાં છે. સંસ્થાનાં વિકાસમાં સંગઠન જરૂરી છે. રાજપૂત ભાઈ બહેનો, દાતાઓ, શુભેચ્છકો અને કાર્યકરો વચ્ચે સંપ, સંગઠન અને એકતા અતૂટ રહે તે જરૂરી છે. સંઘમાં સંપ વધે, સંગઠન મજબૂત બને અને પ્રગતિનાં નવાં સોપાનો સર કરે એવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના.





દિપસિંહ બચુભા ભટ્ટી

અભ્યાસ 12 સાયન્સ સુધી કર્યો. રાજકીય ક્ષેત્રે કોંગ્રેસ સાથે જોડાયેલા છે. રાજકોટનાં પૂર્વ કોર્પોરેટર છે. બાંધકામનાં વ્યવસાયમાં તેઓ સફળ રહ્યાં છે. સામાજિક અને ધાર્મિક સેવા અર્થે છેલ્લા 15 વર્ષથી આશ્રમનું સફળ સંચાલન કરી રહ્યાં છે. રાજસ્થાનની નારાયણ સેવા સંસ્થા દ્વારા તેમનું ત્રણ વખત સન્માન થયું છે. પરિવારમાં ત્રણ પુત્રો અને નાનો ભાઈ તેમના માર્ગદર્શન હેઠળ સફળ રહ્યાં છે. શિક્ષિત સમાજનાં નિર્માણ માટે સતત પ્રત્યનશીલ રહે છે.


પઢિયાર ક્ષત્રિયની ઉત્પતિ : ભગવાન શિવજી અને અત્રિત મુનિએ અગ્નિમાંથી ઉત્પન્ન કરેલા પ્રતિહાર પઢિયાર અજન્મેય કહેવાય છે.
✦ શાખા : અશ્વાલય ✦ વંશ : ચન્દ્રવંશી ✦ પર્વ : 3 ✦ ગોત્ર: અત્રિત
✦ વેદ : યજુર્વેદ ✦ ગાદી : પૂર્વમાં ✦ નિશાન : નવરંગી ધજા
✦ ચાંદલો : ત્રિપુળનો ✦ દંડ : ખાખરો ✦ ઉપમા : મહેશ
✦ દશેરાનું પૂજન : કમળ ✦ ગોત્રદેવી : મહાલક્ષ્મીજી
✦ હથિયાર : તલવાર ✦ ગઢ : મંડોળ અને પીંગળ ગઢ ✦ કુળદેવી : બ્રહ્માણી મા
✦ અધિકાર : ભશ્મ, રૂદ્રાક્ષ, ગાયત્રી મંત્ર અને 90 તારની જનોઈ.

મારવાડનાં મંડોળગઢમાં 84 ગામની રાજધાની હતી. મંડોળગઢમાં લખધિરસિંહ પઢિયાર રાજ કરતાં હતાં. શાલી વાહન શ.સં. 872માં મંડોળગઢનું રાજ હતું. શાલી વાહન શ.સં. 872માં ગુજરાતનાં પાટણમાં 24 ગામની રાજધાની પઢિયારની હતી. પાટણમાં અગરસિંહ પઢિયાર રાજ કરતાં હતાં. અગરસિંહનાં પિતાનું નામ એડસીસિંહ હતું. ચાવડાઓનું કટક આવતા અગરસિંહ પઢિયારે મંડોળગઢ સંદેશો મોકલી લખધિરસિંહને બોલાવ્યાં, ત્યારે લખધિરસિંહ પઢિયાર મંડોળગઢ થી 300 ઘોડા લઈને પાટણ આવ્યાં અને ચાવડાઓ સાથે ધીંગાણું થયું. અગરસિંહ ધીંગાણામાં આવ્યાં અને પાટણનું રાજ ગયું. તેમણે પાટણમાં પાંચ પેઢી રાજ કર્યું હતું. અગરસિંહ પઢિયારનાં પરિવારે ઈડરગઢનાં સામડીયા ભીલને મારી 84 ગામ લીધાં. વિ.સં. 1054માં કડોદરામાં તોરણ અને ગઢ બંધાવ્યો. કડોદરામાં મદારસિંહ પઢિયાર રાજ કરતા હતાં. મદારસિંહનાં પુત્ર જાલમસિંહ પઢિયાર અને તેમની ચાર પેઢીએ કડોદરામાં રાજ કર્યું. દિલ્હીનાં બાદશાહ સાથે ધિંગાણુ થતાં કડોદરાનું રાજ ગયું. કડોદરાનું રાજ વિ.સં. 1230 અને ઈ.સ. 1025માં હતું ત્યારે સોરઠમાં રા નવઘણનું રાજ હતું. રા નવઘણે કડોદરા પત્ર લખીને ભીમસિંહ પઢિયારને બોલાવેલ. કડોદરાથી ભીમસિંહ પઢિયાર બે ભાઈઓ સાથે જુનાગઢ આવ્યાં. સિંધમાં જાહલને છોડાવવા જવાનું હતું ત્યારે ભીમસિંહ પઢિયાર પણ રા નવઘણ સાથે હતાં. જાહલને છોડાવી રા નવઘણે ભીમસિંહ પઢિયારને ચાર ગામ આપ્યાં હતાં. સાતોદડ, રાજપરા, વાવડી અને ચોકી. વિ.સં. 1232 અને ઈ.સ. 1025નાં મહાસુદ બીજનાં દિવસે ભીમસિંહનાં પુત્ર કલોજી પઢિયારે સાતોદડમાં તોરણ બાંધ્યુ હતું. જેઠવાઓ સાથે ધીંગાણું થયું ત્યારે ઠાકોર કલોજી પઢિયાર આવ્યાં. સાતોદડમાં નરસિંહ પઢિયાર અને અમરસિંહનાં સમય દરમિયાન કાઠી લોકોનું બહુ જોર હતું. નરસિંહ પઢિયાર એ અમરસિંહ જાડેજાનાં ભાણેજ હતાં. કાઠી લોકોનું જોર હોવાથી નરસિંહ અને અમરસિંહ પોતાના મોસાળ શિકારીથી કાના જાડેજાને વિ.સં 1542માં સાતોદડ લાવેલા. કાના જાડેજાને સાતોદડમાં અડધો ભાગ અને ખેડુ વેરો પણ આપ્યો. અમરસિંહની પેઢી સાતોદડમાં છે. કચ્છમાંથી જાડેજા વિ.સં. 1696માં આવ્યાં અને વિ.સં. 1696માં નવાનગરનું તોરણ પેથલજી જાડેજાએ બાધ્યું. વિ.સં. 1596માં જામ રાવલજીએ જામનગરનું તોરણ અને ગઢ બંધાવ્યો. વિ.સં. 1803માં અમરસિંહ પઢિયાર આવ્યાં તેમનો પાળિયો ગામ ખીરસરામાં બોડાણા પૂંજાજીની દેરી પાસે છે. અમરસિંહ પઢિયારનાં ઘરેથી શામબા સતિ હતાં. સતિમાનું પિયર ગામ ખીરસરા અને અટક બોડાણા છે. સતિમા બોડાણા પુંજાજીની દીકરી છે. સતિમાનો પાળિયો સાતોદડમાં છે. સાતોદડમાં મહાદેવ શિવજીનું મંદિર પઢિયારે બંધાવ્યું ત્યારે ગાયોને અવેડો ભરીને ઘી પીવડાવ્યું હતું. સાતોદડથી દ્વારકાની યાત્રા અને બ્રાહ્મણની ચોરાશી દરમિયાન દ્વારકામાં માકડી ઘોડીનું દાન કર્યું હતું.

ભાવાજંલિ લેખ.....

સ્વ. શ્રી કેસરીસિંહ બાપુસિંહ યાદવ

ભા સાહેબ @ જીવનયાત્રા : સને 1913 થી 2006



સફેદ ધોતી, ઝભ્ભા પર બંડી, મસ્તક પર સહેજ તીરછી ઓઢેલી ટોપી, વ્યવસ્થિત અને સ્વચ્છ વસ્ત્રોથી સજ્જ, તમને અણસાર ન આવે કે આ વ્યક્તિ ગામડામાંથી આવે છે. હાથમાં મૂઠવાળી ઘેરા રંગની લાકડી, કાંઈક બેઠી દડીનાં, પરંતુ ગૌરવર્ણનાં, ભરાવદાર મુખ, ઉમરનો તેમજ ક્ષત્રિયવટનો એમ બેવડો અણસાર આપતી ધવલ થોભિયાવાળી મૂછો છતાં વિનમ્ર વ્યક્તિ એટલે કાળની ગોદમાં 18 મે 2006નાં રોજ 93 વર્ષે પોઢી ગયેલાં પખાજણનાં લોકસેવક, સ્વાતંત્ર્ય સૈનિક, ભરૂચ જિલ્લા સહકારી ક્ષેત્રનાં અગ્રણી એવા મુરબ્બી શ્રી કેસરીસિંહ બાપુસિંહ યાદવ.

બ્રહ્મલીન સ્વામીશ્રી કૃષ્ણાનંદજીનાં વિશ્વજ્યોતિ આશ્રમની બેઠક હોય કે શાંતિગ્રામ નિર્માણ મંડળ તણછાનાં કાર્યક્રમો હોય કે ખેડૂતોની સમસ્યા હોય, પરંતુ તેમની હાજરી હોય. જૈફ વય હતી છતાં જ્યાં સુધી આવી શકાયું ત્યાં સુધી કાર્યક્રમો / બેઠકોમાં હાજરીથી ઉષ્મા આપતા રહ્યાં. સ્વતંત્રતાની રજતજયંતી નિમિત્તે સને 1972માં ભારત સરકાર તરફથી આઝાદી જંગના લડવૈયાનું તામ્રપત્ર અને 1997માં ગુજરાત સરકારે આઝાદીની સ્વર્ણજયંતી નિમિત્તે સ્મૃતિચિન્હ અર્પણ કરેલ છે. પૂર્વ પશ્ચિમ લંબાઈ 36 કિમી અને ઉત્તર દક્ષિણની પહોળાઈ પણ 36 કિમીવાળો વાગરા તાલુકો ભરૂચ જિલ્લાનાં એક છેડે આવ્યો છે, જેની એક તરફ પશ્ચિમે ઢાઢર નદી અને ખંભાતનો અખાત છે. છેવાડે આવેલો તાલુકો અમુક અંશે જમીનની ફળદ્રુપતા અને આર્થિક સમૃધ્ધિથી આઘેરો રહ્યો છે. જ્યાં શિક્ષણ ઓછું ને ગરીબાઈ વધુ હોય, ઉબડ ખાબડ રસ્તાઓ, સંદેશા વ્યવહારનાં સાધનોનો અભાવ હોય એવા વિસ્તારોમાં લોકસેવકોની કામગીરી મહત્ત્વની બની રહે છે. આજે તો 'સબ અપની અપની સમાલિયો' એવો સ્વકેંદ્રી સ્વાર્થવાદ ચાલે છે તો બીજી તરફ 'મેવા માટે સેવા' નું વર્તન જોવા મળે છે ત્યારે આવી પરિસ્થિતિ વચ્ચે વાગરા તાલુકાનાં પખાજણ ગામે રહીને લોકસેવાનું ઉજળું ભાથું બાંધી જનાર સ્વ. શ્રી કેસરીસિંહ બાપુસિંહ યાદવ પ્રત્યે મસ્તક આપોઆપ નમી જાય છે. અરે ! આ તો 'મૂઠ્ઠી ઉંચેરો માનવી' હતો કે જેણે ચરિતાર્થ કર્યું : 'ડૂબો તો ઐસે ડૂબો કે સ્વયં શોધે કિનારો તમને અને મરો તો ઐસે મરો કે સ્વયં જીવન ઝંખે તમને !' પણ આપણી એક મોટી મર્યાદા છે, જ્યાં સુધી આવી ઘર દીવડા સમી વ્યક્તિ સમીપમાં હોય ત્યાં સુધી આપણને તેમની કિંમત સમજાતી નથી. દીવો ઓલવાયા પછી પ્રકાશની મહત્તા સમજાય છે. ગેરહાજરી સાલે છે. આવું જ કહી શકાય સ્વ. કેસરીસિંહ બાપુસિંહ યાદવ માટે...

કેસરીસિંહ યાદવનો જન્મ 22 ઓક્ટોબર 1913નાં રોજ ક્ષત્રિય કુટુંબમાં થયો, પણ તેમણે ક્ષાત્રતેજનો ઉપયોગ સંગઠન અને ગ્રામીણ વિસ્તારનાં ઉત્થાન માટે કર્યો, તેથી સ્વ. કેસરીસિંહ યાદવ 'ભા સાહેબ'નાં હુલામણા નામે લોકહૃયમાં બિરાજ્યા, પરંતુ માન આદર કાંઈ રાતોરાત મળતા નથી, એ પણ સુદીર્ઘ તપશ્ચર્યા માંગી લે છે, જેથી કેટલીક પૂર્વભૂમિકા તપાસવી અહીં ઉપયોગી બનશે. ગાંધી બાપુનાં પાવન પગલાથી દાંડીકૂચ વખતે ભરૂચ જિલ્લાની ધરતી પણ આળસ ખંખેરી અંગ્રેજ સલ્તનત સામે ખોંખારી ઉઠી. 1930નાં વર્ષની આ વાત. સત્તર વર્ષનાં કેસરીસિંહ કેસરિયા કરીને 1930નાં મીઠા સત્યાગ્રહ વખતે ભરૂચનાં દારૂ તાડીનાં આંદોલનમાં જોડાયા. ત્યાર પછી તો 1942ની 'કરેંગે યા મરેગે' નાં નાદવાળી 'હિંદ છોડો' ચળવળની હાકલ ગાંધીજીએ અંગ્રેજો સામે આદરી તેમાં પણ ભા સાહેબ વાગરા તાલુકામાં મોખરે રહ્યાં. લાઠીમાર, જપ્તી, દંડ અને ચાબૂકની પણ પરવા ન કરી. લાજપતરાય વર્મા જેવા ક્રાંતિકારીનાં પીઠબળ સમા બની રહ્યાં. દેશ આઝાદ થયો. વાગરામાં પણ પંદરમી ઓગસ્ટ 1947નાં રોજ અંગ્રેજોનો 'યુનિયન ઝેક' ઉતર્યો, તેનું સ્થાન ત્રિરંગાએ લીધું. બસ ! ભા સાહેબને રસ્તો મળી ગયો. તેઓ સહકારી પ્રવૃત્તિમાં આગળ વધ્યાં. સને 1962-63માં ધી ભરૂચ ડિસ્ટ્રિકટ સેન્ટ્રલ કો ઓ. બેંક લિમિટેડનાં ચેરમેન બન્યાં તે જ રીતે સને 1963-64માં ભરૂચ જિલ્લા સહકારી સંઘમાં ચેરમેન અને ત્યાર પછી ડિરેકટર તરીકે સેવાઓ આપી હતી. આપણે ત્યાં સહકારીક્ષેત્રની કેટલીક સળગતી સમસ્યાઓ છે જે પૈકી સહકારી સંસ્થાઓને ચલાવવા તાલીમ પામેલા સ્ટાફની તંગી છે. તેમજ સહકારનું ક્ષેત્ર પણ એક પ્રકારની સમજ માગી લે, જે માટે તેનું શિક્ષણ જરૂરી છે. ભરૂચ જિલ્લા સહકારી સંઘનાં ઉપક્રમે શ્રી કેસરીસિંહ યાદવે સહકારી તાલીમ અને શિક્ષણને વેગ આપેલો. સહકારી ક્ષેત્ર દ્વારા સેવાનો સિધ્ધાંત,'એક બધાને માટે, બધા એકને માટે' સૂત્ર તથા સહકારી પ્રવૃત્તિનાં સિધ્ધાંતમાં 'નફો' નહીં પણ પરસ્પર મદદ દ્વારા માનવ ઘડતર મહત્ત્વનું છે. આથી ભા સાહેબનાં જીવનમાં સ્વાતંત્ર્ય સૈનિક પછી બીજું મહત્ત્વનું પાસું સહકારી ક્ષેત્ર છે. જ્યારે સહકારી ક્ષેત્રની વાત આવે ત્યારે ગદું રાજકારણ, પક્ષાપક્ષી, પરસ્પરની ટાંટિયાખેંચ, ગોટાળા આ બધું જાણે કે એન્જીન પાછળ ડબ્બા જોડાયેલા હોય તેમ લાગે ! પરંતુ ભા સાહેબની કાર્યપધ્ધતિ તંદુરસ્ત અને પારદર્શક રહી, તેથી ભરૂચ જિલ્લામાં સહકારી પ્રવૃત્તિને વિકસાવી લીલીછમ રાખનારા જે કુશળ માળીઓની નામાવલિ છે તેમાં ભા સાહેબનું નામ મૂકી શકાય. સામેની વ્યક્તિ પોતાના કોંગ્રેસ પક્ષની ન હોય અથવા વિચારોમાં સામ્યતા ન હોય તો પણ, તેમના વિવેકમાં ફેર ન પડતો. 'ખેડૂત જગતનો તાત' તેવું રૂપાળું સંબોધન રોટલાની થાળી વખતે અને કવિતામાં બરાબર લાગે, પણ એરકન્ડિશન્ડ હોટેલોમાં ઉતારા કરીને વૈભવી ટેબલ ખુરશી પર બેસીને પિત્ઝા ને જંક ફૂડ ખાનારને ધરતીપુત્ર ખેડૂતની ખરી વેદના નહીં સમજાય, તે તો ધરાતલ રહેનારને જ સમજાય એ ન્યાયે ભા સાહેબ કૃષિ પ્રશ્નોની વાસ્તવિક્તાથી પરિચિત હતાં.

ખેડૂતોનાં આર્થિક વિકાસમાં તેમજ ખેડૂતોનાં પ્રશ્નોને વાચા આપવામાં પોતાના વિસ્તારમાં અગ્રેસર રહેતાં. જીવદયાનાં હિમાયતી હતાં. આ નાનકડા અંજલિ લેખમાં તેમની જીવનયાત્રાનાં બધા પડાવો અને તે વખતની પ્રવૃત્તિની બધી છબી ઝીલી શકાય તેમ નથી, છતાં અહીં યાદ કરાવી શકાય કે તાલુકા અને જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં પણ તેમણે સેવાઓ આપેલી. 'સેવાશ્રમ' ભરૂચ જેવી જાણીતી સંસ્થાનાં ટ્રસ્ટી એક વેળાએ રહ્યાં હતાં, તો ગુજરાત રાજ્ય સહકારી ફાઉન્ડેશનનાં સભ્ય તરીકે પણ રહી ચૂકયા હતાં. સહકારી ક્ષેત્ર સહિત સેવાક્ષેત્રની એ કમનસીબી છે કે જૂની પેઢીનાં અનુભવી કાર્યકરો એક પછી એક વિદાય થતાં જાય છે, જનારની 'ખુરશી' તો ભરાઈ જાય છે પણ સ્થાનની લાયકાત સચવાતી નથી. વાગરા તાલુકાનાં સ્વ. પ્રભાતસિંહ મકવાણા, સ્વ. નવલચંદ કંસારા... જેવા અગ્રણીઓ પછી આ એક વધુ ફટકો ભા સાહેબનાં અવસાનથી પડ્યો હતો. દુષ્કાળ સો વર્ષે પડે તો ય આકરો લાગે એ ન્યાયે 93 વર્ષે ભર્યું ભાદર્યું કુટુંબ જેમા ચાર પુત્રો પ્રતાપસિંહ, છત્રસિંહ, અજીતસિંહ, સ્વ. રણજિતસિંહ અને પુત્રી શાંતાબહેનની બાળગોપાળરૂપ વડવાઈઓ છોડી જનાર આ મોભીને વંદન... પ્રભુ ભા સાહેબનાં આત્માને શાંતિ અર્પે એ પ્રાર્થના સાથે સ્વ. શ્રી કેસરીસિંહ યાદવનાં જીવનની મોંઘી ઉપલબ્ધિને મૂલવતાં કવિશ્રી ગની દહીંવાલાનો એક શેર અનાયાસે યાદ આવે છે.

એ જ છે ગની સાચા જીવનનો પડઘો, કે હોય ના વ્યક્તિ ને નામ એનું બોલાયા કરે!



Kripalsinh Ajitsinh Yadav
Rupaba Kripalsinh Yadav
Himaliba Kripalsinh Yadav
Devrajsinh Kripalsinh Yadav









મહિપતસિંહ કિશોરસિંહ જોડજા

રાષ્ટ્રીય વિચારધારા

જન્મ : 22 એપ્રિલ 1945
શિક્ષણ : BCom
સામાજીક પ્રવૃતિ : વર્ષ 2003માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયાં બાદ સમાજીક અને શૈક્ષણિક પ્રવૃતિમાં કાર્યરત થયાં.

- 38 વર્ષનો સરકારી કામનો વહીવટી અનુભવ.
- નોકરી દરમ્યાન પૂર્વમંત્રી મોહનસિંહ રાઠવા, પૂર્વમંત્રી દોલતભાઈ પરમાર, પૂર્વમંત્રી સુશીલાબેન શેઠ અને પૂર્વ ગર્વનર મહેંદી નવાઝજંગ ધ્વારા સારી પ્રવૃતિ બદલ શિલ્ડ, પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર મળેલ છે.
- લાયન્સ કલબ ઈડરનાં પૂર્વ ચેરમેન અને કારોબારી સભ્ય છે.
- સિનિયર સિટીઝન ગૃપમાં પ્રમુખ તરીકે સેવા આપે છે.
- ઈડર રાજપૂત કન્યા છાત્રાલયમાં પ્રમુખ તરીકે ફરજ બજાવે છે.
- ઈડર નાગરિક સહકારી બેંકમાં ડિરેકટર તરીકે 3 વર્ષ સેવા આપેલ છે.
- લોક અદાલતમાં સભ્ય તરીકે સેવા આપે છે.
- ઈડર આટર્સ એન્ડ કોમર્સ કોલેજમાં કારોબારી સભ્ય છે.
- ઈડર મહિલા કોલેજમાં સભ્ય છે.
- સાબરકાંઠા જીલ્લા રાજપૂત સમાજમાં સહમંત્રી તરીકે કાર્યરત છે.
- મહિલા ઉપર થતા અત્યાચાર નિવારણ, દહેજ, છૂટાછેડા, ભરણપોષણ અને માનસિક કે શારિરીક ત્રાસનાં નિવારણ અર્થે રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડમાં મંત્રી તરીકે સેવા આપે છે.
- સાબરકાંઠા જીલ્લામાં મહિલા બાળકલ્યાણની પ્રવૃતિ, મહિલા મંડળો, મહિલાઓને રોજગારી મળે તે માટે વિવિધ ટ્રેનીંગ વર્ગો, નેત્રદાન અને આરોગ્ય કેમ્પોનું આયોજન કરી સરકારી યોજનાનો પ્રચાર કરે છે.
- પછાત વર્ગનાં કુટુંબોને નાના ઉદ્યોગો ધ્વારા અને સરકારી યોજનામાં કામ આપી 119 જેટલા ભાઈબહેનોને રોજગારી આપવામાં આવી.
- છેલ્લા 15 વર્ષ સાબરકાંઠા વન વિભાગ સાથે રહી પર્યાવરણની જાળવણીમાં સહકાર આપે છે. વનીકરણ કમિટીમાં સભ્ય છે.
- સાબરકાંઠા જીલ્લામાં 16 ડિસેમ્બર 2005 થી 15 ડિસેમ્બર 2007 સુધી પોલિસ મિત્ર તરીકે સેવા આપી. ટ્રાફિક સમસ્યા અને કોમી રમખાણો સમયે પોલીસ અને પ્રજાને સાથે રાખી ભોગ બનેલી વ્યક્તિ માટે આશ્રય સ્થાન અને ભોજન વ્યવસ્થા કરાવી હતી. જીલ્લા ટ્રાફિક બ્રિગ્રેડ કમિટીમાં સભ્ય તરીકે સેવા આપી રહ્યાં છે.
- સાબરકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં ગુજરાત શહેરી વિકાસ મિશનની ટ્રેનિંગો ચલાવે છે. 4600 ભાઈ બહેનોને તાલીમ આપી જે પૈકી 2448 લાભાર્થીઓને રોજગારી મળેલ છે.
- બિનરાજકીય સંગઠનો અને સરકારી કર્મચારીઓને સાથે રાખી નેત્ર યજ્ઞ, બ્લડ કેમ્પ, રોગ ચિકિત્સા કેમ્પ, અંપગોને સહાય, ગરીબ કલ્યાણ મેળો, વાંચે ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત વગેરે પ્રવૃતિમાં ફરજ બજાવે છે.
- ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા તાલુકાનાં 33 ગામોમાં નાના બાળકો માટે કેન્દ્રો ચલાવી તેઓને પૂરક પોષણ આપી જ્ઞાનનાં કેન્દ્રો ચલાવે છે.
- 33 ગામોમાં મહિલા મંડળોની સ્થાપના કરી મહિલાઓને કેળવણી, આરોગ્ય, સરકારી યોજનાની જાણકારી, લીડરશીપ, પશુપાલન, ખેતીનો વિકાસ વગેરે વિષયો ઉપર જાણકારી આપવામાં આવે છે.
- ઈડર ખાતે વૂડહાઉસ લાઈબ્રેરી ચલાવી રહ્યાં છે.
- ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગ્રામ્ય ટેકનોલોજી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ બોર્ડ, વૂડહાઉસ ગ્રંથાલય નિયામકની કચેરી, કેન્દ્રિય સમાજ ક્લ્યાણ બોર્ડ, સાબરકાંઠા વન વિભાગ અને ઈડરની સામાજીક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે.
- કુદરતી આપતિ કે માનવસર્જિત આપતિઓમાં જીલ્લા કલેકટરની સૂચના અનુસાર માનદસેવા પણ આપે છે.
- વર્ષ 2012-13માં શ્રેષ્ઠ વનીકરણ માટે વનીકરણ વિભાગ તરફથી રોકડ પુરસ્કાર પણ મળેલ છે.





જીવન સંદેશ

- લાયસન્સ અને હેલ્મેટ વિના વાહન ચલાવવું ગુનો છે.
- એક હાથે તેમજ રાત્રે લાઈટ વિના વાહન ચલાવવું જોખમી છે.
- માર્ગો ઉપર રેસ લગાવવી તેમજ નશો કરી વાહન ચલાવવું જોખમી છે.
- પ્રતિબંધિત વિસ્તામાં હોર્ન વાગડવો તથા વાહન પાર્ક કરવું ગુનો છે.
- બીજા વાહનને ડાબી બાજુએથી ઓવરટેક કરવા કે વાહન ચલાવતી વખતે સેલફોનનો ઉપયોગ કરવો જીવલેણ બની શકે.
- નિયત કરાયેલી સ્પીડ લિમિટ કરતા વધુ ઝડપે વાહન ચલાવવું કે થાકી ગયા હો ત્યારે લાંબો સમય વાહન ચલાવવું જોખમી છે.
- રાહદારીઓ માટેનાં ક્રોસીંગ, સાંકડા પુલો તથા આગળ દેખાતા ન હોય તેવા વળાંકોમાં બીજા વાહનને ઓવરટેક કરવા જોખમી છે.
- ટુ વ્હીલર્સ માત્ર બે વ્યક્તિ માટે છે. વધુ પડતો બોજ લાદવો જોખમી છે.
- તમે પોતાની સાથે જેવા વ્યવહારની અપેક્ષા રાખતા હોવ તેવો જ વ્યવહાર અન્ય વાહન ચાલકો સાથે રાખશો.

Kuldeepsinh Jadeja

CARE AUTO

Ambaji Highway, Idar : 383430.
Email : Care.auto@rediffmail.com







નરેન્દ્રસિંહ પી. રાણા

ધર્મપરાયણ વ્યક્તિત્વ


જન્મ 19 એપ્રિલ 1946માં થયો. કર્મભૂમિ દહેજ. અભ્યાસ ઓલ્ડ SSC સુધી કર્યો પિતાજીનું અવસાન થવાથી 13 વર્ષની નાની વયે જવાબદારી આવી ગઈ. મીઠાનાં વ્યાપારી છે. ભાજપનાં સ્થાપના કાળથી પાર્ટીનાં કાર્યકર છે. તાલુકા પંચાયત વાગરાનાં કારોબારી અધ્યક્ષ, દહેજ કેળવણી મંડળનાં પ્રમુખ અને ભાજપ ભરૂચ પ્રદેશનાં ડેલીગેટ છે. સાર્વજનિક મંડળનાં ટ્રસ્ટી તથા સદાવ્રત ચલાવે છે. છેલ્લાં 20 વર્ષથી હાઈસ્કૂલમાં પ્રમુખ છે. હાઈસ્કૂલમાં કન્યાઓ માટે વિજ્ઞાન પ્રવાહ શરૂ કરાવ્યો. મંદિરનાં નિર્માણમાં કે ધાર્મિક કાર્યોમાં પોતાનું યોગદાન અવશ્ય આપે છે. દરેક સમાજનાં લોકોને શિક્ષણ અને મેડિકલમાં મદદરૂપ થાય છે. ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં રોજગારીની તકો વધે તથા પરિવહન સરળ બને તે હેતુસર રસ્તાઓનો વિકાસ કર્યો. તેઓ કહે છે કે રાજપૂત સમાજનાં વિકાસ અર્થે કુરિતીઓ, અંધશ્રદ્ધા અને વ્યસનોથી મુક્તિ મેળવવી જોઈએ. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે જરૂરી છે.

જીવન સંદેશ

- ઈર્ષા ધર્મનો નાશ કરે છે.
- ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે.
- મૃત્યુ પ્રાણનો નાશ કરે છે.
- ઘડપણ રૂપનો નાશ કરે છે.
- લાંચ ન્યાયનો નાશ કરે છે.
- પસ્તાવો પાપનો નાશ કરે છે.
- ચિંતા આયુષ્યનો નાશ કરે છે.
- અભિમાન જ્ઞાનનો નાશ કરે છે.
- લાલચ પ્રમાણિકતાનો નાશ કરે છે.

શૈલેન્દ્રસિંહ ગંભીરસિંહ સોલંકી

જન વિકાસ એજ નિર્ધાર





જન્મ 14 જાન્યુઆરીનાં રોજ સુરત જિલ્લામાં આવેલ ઓલપાડ તાલુકાનાં કિમ ગામમાં થયો. હોમ ટાઉન સુરતમાં આવેલ ઉતરાણ છે. કર્મભૂમિ ભરૂચ છે. સુરતમાં અભ્યાસ કરી BCom અને LLB ની પદવી મેળવી ભરૂચમાં 1995થી સત્યમ ફાઈનાન્સ નામની પેઢી ચલાવે છે. પરિવારમાં પત્ની જયશ્રીબા હાઉસ વાઈફ છે.પુત્ર દેવરાજસિંહ કોમ્પ્યુટર એન્જીનિયરીંગનો અભ્યાસ કરે છે. વર્લ્ડ ટૂરનો શોખ ધરાવતા શૈલેન્દ્રસિંહ સોલંકી મળવા જેવા માણસ છે.

જીવન સંદેશ

પ્રેમનાં હોય છે અનેક રંગ, હળી મળીને બતાવીએ દેશ પ્રેમનો રંગ...

કોઈ પણ સાંપ્રદાયિક તાકાત જે ધર્મ નિરપેક્ષતાનો વિરોધ કરતી હોય અથવા રાજનીતિક તાકાત જે સાંપ્રદાયિક અથવા ધાર્મિક હિતોનો આશરો લેતી હોય તેને કોઈપણ ભોગે રાષ્ટ્રને કમજોર બનાવવાની છૂટ આપવી ન જોઈએ.

Shailendrasinh Solanki



Satyam
Finance
22/23, Navarang Shopping,
Panch Batti, Bharuch.







મહેન્દ્રસિંહ એચ. મહિડા

સેવાપરાયણ અને સત્યનિષ્ઠ લોકસેવક

જન્મ 28 માર્ચ 1964માં થયો. ભરૂચ જિલ્લામાં આવેલા વાલિયા તાલુકાનાં વતની છે. વાણિજ્ય અને કાયદામાં સ્નાતક છે. મહેન્દ્રસિંહ મહિડા સુરતમાં 22 વર્ષથી કન્સ્ટ્રકશનનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. પરિવારમાં પત્ની અને બે બાળકો સાથે સુરતમાં રહે છે. પિતાજી હરિસિંહજી મહિડા ગુજરાત સરકારમાં રેવેન્યુ મિનિસ્ટર હતાં. તેમણે ઘણી સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓનો પાયો નાંખ્યો છે. રાજપીપળામાં રતનસિંહ મહિડા કોમર્સ કોલેજ અને સૂરજ રતનસિંહ મહિડા કન્યા વિદ્યાલયની સ્થાપના કરી. આદિવાસીઓનાં ઉત્થાન માટે આશ્રમશાળા અને સ્કૂલો બનાવી. વાલિયામાં નવચેતન વિદ્યામંદિર અને ગણેશ સુગર ફેકટરીની સ્થાપના કરી. ગણેશ સુગર ફેકટરીની બિલ્ડીંગને હરિસિંહ મહિડાનાં નામ સાથે જોડી પ્રાંગણમાં તેમનું સ્ટેચ્યુ મૂકવામાં આવ્યું છે. આમ, મહેન્દ્રસિંહનાં પિતાજી હરિસિંહ મહિડાનાં કાર્યો આજે પણ જીવંત છે. મહેન્દ્રસિંહ મહિડા કહે છે કે રાજપૂત સમાજમાં સ્ત્રી શિક્ષણ ખૂબજ જરૂરી છે. સમાજનાં વિકાસ માટે કુરિવાજો, વ્યસન અને વટ છોડવો જોઈએ.



જીવન સંદેશ

દૂષણોને છોડો, નવી દુનિયા બનાવો : બાળપણથી લઈને આજ સુધી ક્યારેય વિચાર્યું જ નહીં કે સમાજનાં નાનાં નાનાં દૂષણો આપણને આટલા નાનાં બનાવી દેશે. આવો, એક જીદ કરીએ, દૂષણોને ખતમ કરવાની...

મહિલાઓની છેડછાડ અને બાળ મજદૂરી એક સામાજિક દૂષણ છે

Mahendrasinh H. Mahida

Pancham Builder's

01/11, Amizara Apt. Nr. Surat Tennis Club, Athwalines, Surat.

Email : mmahida28@yahoo.in



મહેન્દ્રસિંહ ટી. રાઠોડ

સાચાબોલા રાજપૂત

મૂળ રાજસ્થાનનાં વતની, પણ વર્ષો પહેલાં એમના પૂર્વજો ગુજરાતમાં આવ્યાં હતાં. સિલ્વાસને પોતાની કર્મભૂમિ બનાવનાર મહેન્દ્રસિંહ રાઠોડ હોટલ અને બાંધકામનાં વ્યવસાયમાં સફળ રહ્યાં છે. પરિવારમાં તેમના પત્ની નિપૂર્ણાબા BA, LLB ની પદવી મેળવ્યાં પછી વકીલાતની પ્રેકટીસ કરે છે. મહેન્દ્રસિંહ રાઠોડ કહે છે કે રાજપૂત સમાજમાં સ્ત્રી કેળવણીની આવશ્યકતા વધુ છે.સ્ત્રી શિક્ષિત હશે તો ત્રણ પેઢીને કેળવશે. સમાજમાં યુનિટી હશે તો જ વિકાસ શક્ય છે.



જીવન સંદેશ

એક ભારત, શ્રેષ્ઠ ભારત : ચાલો આપણે સમૃધ્ધ ભારતનું નિર્માણ કરીએ...

ગુજરાતે અપનાવ્યો છે સર્વાંગી વિકાસનો માર્ગ...
આ માર્ગ છે સર્વ સમાવેશક વિકાસનો...
સમાજનાં દરેક વર્ગનો ઉત્કર્ષ અને દરેક વિસ્તારમાં પ્રગતિ થાય.
સૌને શિક્ષણ, આવાસ, આરોગ્ય અને રોજગાર મળે એ જ દેશનું લક્ષ છે.

HOTEL

VISHWANATH

Mahendrasinh T Rathod

Ex. President [D&NH Pradesh]


Nipurna M Rathod

BA, LLB [Advocate]

Office : 4, Hotel Vishvnath, Sahid Chowk, PC Marg, Silvassa

Resi. : OM Sai Villa, Naroli Road, Silvassa 396 230, D & NH.

Email : hotelvishwanath@gmail.com



અશોકસિંહ એમ. વાઘેલા

આપણા મલકનાં માયાળું માનવી

આર્ટસ અને કાયદામાં સ્નાતક તેમજ પત્રકારત્વમાં અનુસ્તાનક છે. પિતાજી ફાર્મર હતાં. શિક્ષણ અર્થે 1984માં રાજકોટ આવ્યાં. વ્યવસાયે સફળ વકીલ છે. રાજકોટમાં સ્થાયી થયા પછી પોલિટિકલ કેરિઅરની શરૂઆત કરી. વિદ્યાર્થી મંડળનાં પ્રમુખ તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી. 1990 દરમ્યાન યુથ કોંગ્રેસમાં GS તરીકે સેવા આપી. 1993માં NSUIનાં સેક્રેટરી અને પ્રેસિડન્ટ બન્યાં. 2003માં કોંગ્રેસ યુથનાં પ્રેસિડન્ટ તરીકે જવાબદારી સંભાળી. 2003 થી 2012 દરમિયાન કાઉન્સીલ ઓફ રાજકોટ એક્ઝિકયુટીવ મેમ્બર તરીકે સતત ચૂંટાતા રહાાં છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં કારોબારી સભ્ય છે. રાજકોટ જિલ્લા લીગલ સેલ, મેલડી માતાજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટી લિમિટેડનાં ચેરમેન છે. રાજકોટ જિલ્લા જેલ સેલનાં પૂર્વ સદસ્ય છે. જામનગર શહેરનાં પ્રભારી છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આરોગ્ય કેમ્પોનું અયોજન કરતા રહે છે. પુત્ર યશરાજસિંહ તથા દિવ્યરાજસિંહ શિક્ષિત અને સંસ્કારી છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. સંગઠન મજબૂત બન્યું છે. દૂષણો ઉપર કન્ટ્રોલ રાખવાથી વિકાસ જળવાઈ રહેશે.

ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા

જન્મ રાજકોટમાં થયો. શિક્ષણ અને કાનૂનમાં સ્નાતક છે. પિતાજી સેલ્સટેક્ષ ઓફિસર હતાં. લગ્ન પછી અભ્યાસ ચાલુ રાખી શિક્ષિકા તરીકે કારકિર્દીની શરૂઆત કરી. 6 વર્ષ શિક્ષિકા તરીકે સેવા આપ્યા પછી રાજકારણમાં ઝંપલાવ્યું. RMCની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી પ્રતિનિધિત્વ કર્યું. ઈલેકશન જીતીને કોર્પોરેટર બન્યાં. RMCમાં વિરોધ પક્ષનાં ઉપનેતા તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી રહાાં છે. રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ સમિતિનાં સભ્ય પણ છે. શહેરીજનોની સમસ્યાઓનો ઉકેલ સત્વરે લાવવા પ્રત્યનશીલ રહે છે. તેઓ કહે છે કે ભારત નિર્માણ માટે સ્ત્રી શક્તિએ જાગૃત થવું જોઈએ. સ્ત્રીએ શિક્ષણ મેળવી નેતૃત્વ સ્વીકારવું જોઈએ. સમાજનાં વિકાસ માટે કુરિવાજો અને વ્યસન મુક્તિ મેળવી ટેકનોલોજીનો સ્વીકાર કરવો જોઈએ.

જીવન સંદેશ

દરેક પ્રસંગે ભેટ આપો જિંદગીની : આપણે સ્વજનોને શુભ પ્રસંગે ખાસ ભેટ આપવા માંગીએ છીએ, પરંતુ સમય વિતતા તેનું મહત્વ ઓછું થઈ જાય છે. તેથી સ્નેહીઓ અને મિત્રોને એક એવી ભેટ આપો જે જિંદગીભર તેમનો સાથ નિભાવે.

આવો નવી પ્રાણાલીનું સર્જન કરીએ,
છોડને ભેટ તરીકે આપીને ધરતી પર ખુશીઓ લાવીએ...
છોડનાં સ્વરૂપે ભેટ આપો જિંદગીની...

Ashoksinh M. Vaghela



MJMC [Journalist] BA, LLB [Advocate]

Additional Standing Counsel : Government Of India

Gayatriba A. Vaghela



BA, LLB, BEd, DCS

Corporator & Opposition Deputy Leader of congress

105, Business Terminal, Dr. Yagnik Road,
Opp. Ramkrishna Ashram , Rajkot 360 001.



જીવન સંદેશ

વૃક્ષારોપણ ડે : જો ફાધર્સ ડે હોય, મધર્સ ડે હોય, વેલેન્ટાઈન ડે હોય, ફ્રેન્ડશીપ ડે હોય તો વૃક્ષારોપણ ડે કેમ ન હોય ? આમ જુઓ તો આ વૃક્ષો જ આપણું જતન કરે છે. એ ફાધર છે, મધર છે, વેલેન્ટાઈન છે અને ફ્રેન્ડ પણ છે. વૃક્ષો નિઃસ્વાર્થ છે. લેતાં કાંઈ નથી, માત્ર ને માત્ર આપે જ છે. તો એમના આદરમાં "વૃક્ષારોપણ ડે" મનાવવો જોઈએ ! અને એથીય આગળ એ દિવસે ઉત્સવ મનાવવો જાઈએ ! ગુજરાત આમેય લીડ કરવામાં માને છે, ઈતિહાસ સાક્ષી છે. આવો, આપણે સૌ સાથે મળી ગુજરાત અને ભારત સરકારને અપીલ કરીએ...

ઘનશ્યામસિંહ એચ. વાઘેલા

ગુરૂકૃપા ટ્રાન્સપોર્ટ

સ્વસ્તીક કોમ્પલેક્ષ, રાજપીપળા ચોકડી,
માંતગી એસ્ટેટની બાજુમાં, ને.હા.નં. 8, અંકલેશ્વર.

ગુરૂકૃપા આઈસ ઈન્ડસ્ટ્રીઝ
ગુરૂકૃપા ટ્રેડીંગ

પ્લોટ નં. 110/7,8, GIDC, પાનોલી, ભરૂચ.
ઘર : પ્લોટ નં. 2201-2, A/3 આશ્રય બંગ્લોઝ,
રામેશ્વરની બાજુમાં, જલધારા ચોકડી, અંકલેશ્વર.





Natvarsinh B. Mahida

જ્ઞાનની પરબ

Ex. Principal : Shri M.R. Arts & Science College,
Ex. Dean : Faculty of Science, Member : Academic Council :
Veer Narmad South Gujarat University, Surat.
Date of Birth : 20th April, 1946.
Educational Qualification : MSc, MPhil.
Academic and Administrative Experience :

- Lecturer in Physics for 23 years at Shri M.R. Arts & Science College, Rajpipla. June 1971 to Dec. 1993
- Principal : Shri M.R. Arts & Science College, Rajpipla. Since Dec. 1993 on words.
- Recognized as PG Teacher in Physics
- Working as an Honorary Director of College Computer center.

Co Curricular Activities :

- Dean : Faculty Of Science : Veer Narmad South Gujarat University,
- Senate member : Veer Narmad South Gujarat University, Surat.
- Member, Acdemic Council : Veer Narmad South Gujarat University.
- Member, Board of University Teaching : VNSGU, Surat.
- Member, Examiners Committee : VNSGU, Surat.
- Member, Board of University, Publications : VNSGU, Surat.
- Member, Library Committee : VNSGU, Surat.
- Member, Vigilance Committee : VNSGU, Surat.
- Organized two youth Festivals : VNSGU, Surat.

જીવન સંદેશ

- શિક્ષક કદી શીખવતો નથી, શિક્ષક તો સંજોગો પેદા કરે છે. જેમાં વિદ્યાર્થી શીખે છે. શિક્ષક પરિવર્તનનો વાહક છે.
- શિક્ષકનો દેહ ભલે પુરુષનો હોય, પણ હૃદય તો માનું જ હોય છે.
- ગુરુ શિષ્યનો સંબંધ ત્યારે જ શરૂ થાય છે, જયારે બાળકનું નામ શિક્ષકનાં હૃદયરૂપી રજિસ્ટરમાં નોંધાય છે. શિક્ષક પ્રેરણાનો સ્ત્રોત છે.
- શિક્ષકનું કામ બાળકની આંતરિક પ્રતિભાઓને બહાર પ્રગટાવવાનું છે.
- શિક્ષક નિર્માણનો આધાર, આકાંક્ષાઓનો સથવારો, સપનાઓનો સાથી અને પથિકનો પથદર્શક છે. શિક્ષકની નિષ્ઠા એ જ શાળાની પ્રતિષ્ઠા.
- કલ્પનાનો વિષય વાસ્તવિકતામાં બદલે તે શિક્ષક.
- ઘુઘવાતા સાગરનાં મોજા સામે બાથ ભીડીને કિનારો હાંસલ કરવાની ક્ષમતા વધારે તે શિક્ષક. ક્ષણ ક્ષણ વાવે તે શિક્ષક.
- બાળકને ઉપદેશ નહીં, પણ ઉદાહરણ આપે અને વિવિધ રૂપોમાં એકરૂપ બની જવાની ક્ષમતા ધરાવે તે શિક્ષક.
- ભૂલકાઓનાં ભાવથી ભીંજાવાનું સદ્‌ભાગ્ય માત્ર શિક્ષકોનાં ભાગ્યમાં જ હોય છે. શિક્ષક એટલે હરતી ફરતી લાઈબ્રેરી.

Natvarsinh B. Mahida [Msc, MPhil]
Former Dean Faculty of Science : VNSG Uni., Surat
Former Principal : MR Arts & Science College, Rajpipala
Chairman [Indian Red Cross Society : Narmada District Branch]

Sabargam College Campus
At. : Sabargam, Po. : Niyol,
Tal. : Choryasi, Dist. : Surat 394 325
Email : ambabacollege@yahoo.co.in
Website : www.sabargamcollege.org






નાથુસિંહ મોહનસિંહ દોડિયા





ડિરેક્ટર : કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, સુરત
ડિરેક્ટર : આસ્તિક ઋષિ કેળવણી મંડળ, ગોડાદરા
ડિરેક્ટર : ઓલપાડ તાલુકા આઝાદ કેળવણી મંડળ
ડિરેક્ટર : તળાદ વિભાગ માધ્યમિક શાળા

જન્મ 9 મે 1946માં થયો. અભ્યાસ મેટ્રિક સુધી કર્યો. 1950માં મોસાળ બલકશમાં સ્થાયી થયાં. માતાએ મહેનત કરીને ભણાવ્યાં. તેમની માતાએ એક શીખ આપી હતી કે કોઈને આંગળી પકડીને ઊભો ન કરીએ તો ચાલશે, પણ પાટું મારીને નુકસાન ન કરવું જોઈએ. તેઓ 1970 થી સોશિયલ વર્કર છે. ખેતી તેમનો વારસાગત વ્યવસાય છે. તેઓ કહે છે કે વ્યસનનું પ્રમાણ ઘટે અને શિક્ષણનું સ્તર ઊંચુ આવે તો સમાજનો વિકાસ નિશ્ચિત છે.





મુ. : બલકશ, તા. : ઓલપાડ, જી. : સુરત

નટવરસિંહ બી. ગોહિલ [પ્રતિક કન્સ્ટ્રકશન]

જન્મ 9 ફેબ્રુઆરી 1972માં થયો. અભ્યાસ SSC સુધી કર્યો. ભરૂચ જિલ્લાનાં વતની છે. ગામનાં સરપંચ હોવા ઉપરાંત બાંધકામનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ કહે છે કે સમાજે દરેક ક્ષેત્રમાં વિકાસ કરવો જાઈએ.

જીવન સંદેશ

ધ્યેય : તમારી પાસે એક ધ્યેય હોવું જોઈએ. એ ધ્યેય દૃઢતાપૂર્વકનું, મક્કમતા પૂર્વકનું અને નિશ્ચય પૂર્વકનું હોવું જોઈએ. ગમે તે થાય પણ આ તો કરવું જ છે એવું પાકું ધ્યેય રાખવું. ધ્યેય બહુ ઓછા માણસોમાં હોય છે. ધ્યેય વિનાનું જીવન નકામું છે. ધ્યેયને કારણે જે એકાગ્રતા આવશે તે તમને ઊર્ધ્વમાં લઈ જશે. એ એકાગ્રતા પછી સ્ટેટિક નથી રહેતી, પ્રસરે છે. ઊર્ધ્વ જીવન તરફ એકાગ્રતા જ્યારે વળવા લાગે ત્યારે સભાનતા જાગે છે. જીવન કોઈ ધ્યેયવાળું જીવીએ છીએ તેનું પ્રત્યક્ષ લક્ષણ પ્રસન્નતા છે. પ્રસન્નતા પ્રગટે ત્યારે મુશ્કેલી સરળતાથી ઉકેલી શકાય છે.







Harendrasinh Jadav
[Chairman & MD]



Hotel President
Where Hospitality Speaks...

મૂળ પંચમહાલ જિલ્લાનાં વતની. કર્મભૂમિ ગાંધીનગર. કોમર્સ અને કાનૂનમાં સ્નાતક છે. 1979માં ગાંધીનગર આવ્યાં. અભ્યાસ અને વ્યવસાયિક અનુભવ પૂરો કર્યો પછી હોટલ તથા થિયેટરનાં વ્યવસાયમાં ઝંપલાવ્યું. ગાંધીનગરની રાજશ્રી સિનેમાં, હોટલ પ્રેસિડેન્ટ અને રાજશક્તિ હોટલનાં તેઓ માલિક છે. પિતાજી રવિન્દ્રસિંહ છત્રસિંહ જાદવનાં નામથી આશ્રમશાળા છે. તેઓ કહે છે કે કુરિવાજો અને વ્યસનોથી મુક્તિ મળે તો સમાજને સાચી દિશા મળે. સમાજનાં વિકાસ માટે સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ.

જીવન સંદેશ

પ્રાર્થના : મનને સ્વચ્છ રાખવા માટે પ્રાર્થના એક ઉત્તમ સાધન છે, જેમ પાણીમાં કપડાં અને શરીર ધોવાથી મેલ જતો રહે તેમ ઈશ્વરને અંતઃકરણથી પ્રાર્થના કરવાથી મનનો મેલ જતો રહે છે. પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. જગતને સ્વપ્ને પણ ખ્યાલ નથી તેના કરતાં ઘણું બધું પ્રાર્થનાથી મેળવી શકાય છે. પ્રાર્થના કરતી વખતે ચિત્ત કે લક્ષ હૃદય પર રાખવું.

Raj Shakti Hotels Pvt. Ltd.
Plot No. 1, Sector 11, B/h Petrol Pump, Gandhinagar 382 010
Email : presidenthti@yahoo.com

Dr. Mahendra D. Chauhan







જન્મ 24 ડિસેમ્બર 1964માં થયો. આંખનાં સર્જન ડોકટર છે. મેડિકલની ડિગ્રી મેળવ્યાં પછી ગર્વમેન્ટ મેડિકલ કોલેજમાં 5 વર્ષ આસિસટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી. તેમના પત્ની ડો. વિનોદીની ચૌહાણ ગાયનેક છે. તેમની પુત્રી કેશવી પણ મેડિકલ સાયન્સમાં અભ્યાસ કરે છે. આમ આખો પરિવાર મેડિકલ સાથે સંકળાયેલો છે. 1997માં કેશવી આઈ હોસ્પિટલની સ્થાપના કરી. ડો. મહેન્દ્રસિંહ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. 1992થી દક્ષિણ ગુજરાત રાજપૂત એસોશિયેશનનાં સ્થાપક અને સેક્રેટરી છે. એસોશિયેશન દ્વારા વિવિધ પ્રકારનાં મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. કોલેજ કાળ દરમિયાન સેનેટ સભ્ય તરીકે ચાર વાર ચૂંટાયા હતાં. ગુજરાત મેડિકલ કાઉન્સીલમાં પણ સેવા આપી ચૂક્યાં છે. સત્ય સાંઈ ઓર્ગોનાઈઝેશનમાં ઘણા સફળ ઓપરેશન કરી ચૂક્યાં છે.





ધી સાબરકાંઠા જિલ્લા સહકારી દિવેલા તેલીબિયા ઉત્પાદક સંઘ લિ.

મુ.: મોહનપુરા, પો.: ગંભીરપુરા તા.: ઈડર, જિ.: સાબરકાંઠા, ગુજરાત


વિના સહકાર નહીં ઉધ્ધાર

સંચાલક મંડળ સને 2012-15

ડિરેક્ટરનું નામ	પ્રતિનિધિ મંડળીનું નામ	હોદ્દો
ખેમાભાઈ હીરાભાઈ પટેલ	નવા ગામ સેવા સ. મં. લી. ઈડર	ચેરમેન
પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલ	મોડાસા ફળ અને શાક મં લી.	સભ્ય
લીલાચંદદાસ બેચરદાસ પટેલ	સુદ્રાસણા ગૃપ સેવા સહ. મં. લી.	સભ્ય
મણીભાઈ મેઘજીભાઈ પટેલ	ધનસુરા ગૃપ કો. ઓ. એગ્રી. પ્રો. સો. લી.	સભ્ય
ભગવાનદાસ મગનલાલ પટેલ	માધવકંપા સેવા સહ. મંડળી લી. બાયડ	સભ્ય
જયંતિભાઈ ધુળાભાઈ પટેલ	રામપુર ગૃપ તેલી. ઉ.સ.મં.લી. હિંમતનગર	સભ્ય
ગોપાળભાઈ પ્રેમજીભાઈ પટેલ	સા. જિ. ખ. વે. સંઘ લિ. હિંમતનગર	સભ્ય
કાન્તિભાઈ મંછાભાઈ પટેલ	માલપુર સેવા સહકારી મંડળી લી. વડાલી	સભ્ય
કાળાભાઈ સાંકાભાઈ પટેલ	સેવા મંડળી વિભાગ : પ્રાંતિજ	સભ્ય
જસુભાઈ મોહનભાઈ પટેલ	સરકારી પ્રતિનિધિ : ઈડર	સભ્ય
પ્રવિણભાઈ ત્રિભોવનદાસ પટેલ	સરકારી પ્રતિનિધિ : ખેડબ્રહ્મા	સભ્ય
ગુલાબચંદ ધીરૂભાઈ પટેલ	સરકારી પ્રતિનિધિ : ભિલોડા	સભ્ય
જીલ્લા રજી. સ. મં. સાબરકાંઠા	સહકાર ખાતાના પ્રતિનિધિ : હિંમતનગર	સભ્ય

ખેમાભાઈ હીરાભાઈ પટેલ : ચેરમેન
પોપટભાઈ આર. પટેલ : મેનેજર
ભગવતભાઈ ડી. પટેલ : એકા./આસી. મેનેજર
ગૌરવભાઈ જે. પટેલ : ઓફિસ કલાર્ક

તાલુકા પંચાયત : કડી



નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...
નૂતન વર્ષ આપને સર્વ પ્રકારે પ્રગતિકારક, સુખદાયી,
ફળદાયી તથા વેપારમાં વૃધ્ધિ કરનારૂ નીવડે તેવી હાર્દિક શુભેચ્છાઓ...

અજેન્દ્રકુમાર લાલજીભાઈ પટેલ : પ્રમુખ
ચંદનસિંહ અર્જુનસિંહ ડાભી : ઉપપ્રમુખ
કરશનભાઈ પૂંજાભાઈ સોંલકી : [ચેરમેન : સામાજિક ન્યાય સમિતિ]
અશ્વિનભાઈ ઈશ્વરભાઈ પટેલ : [ચેરમેન : કારોબારી સમિતિ]

ભારતસિંહ ભીમસિંહ ગોહિલ






નિવૃત્ત બેંક મેનેજર : ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. સુરત
માજી પ્રમુખ : લાયન્સ કલબ ઓફ સુરત
ડિસ્ટ્રીકટ ચેરમેન : લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ 323 F 2
ટ્રસ્ટી : દક્ષિણ ગુજરાત ક્ષત્રિય સંઘ, મગોબ, સુરત.
ટ્રસ્ટી : શ્રીમતી અંબાબા કોલેજ ઓફ કોમર્સ, સાબરગામ
સલાહકાર : ધી ચોર્યાસી તાલુકા વિદ્યાર્થી સહાયક મંડળ લી.
રૂરલ ઈન્ડસ્ટ્રીઝ : ઈન્ટરનેશન એવોર્ડ વિજેતા 2009-2010

જીવન સંદેશ

આત્મવિશ્વાસ ન હોય તેવો વ્યક્તિ કશું કરી શકતો નથી, જેણે ઊર્ધ્વ માર્ગે જવું છે તે વ્યક્તિ જો લાચારીની વાત કરે તો જાણવું કે એમાં આત્મવિશ્વાસ પ્રગટ્યો નથી. આત્મવિશ્વાસ તો લાચારીને કયાંય ફગાવી દે છે. લાચાર જીવન એ તો એક પ્રકારની છેતરામણ છે. આત્મવિશ્વાસ કે શ્રદ્ધા પ્રગટતા લાચારી ટકી શકતી નથી. શ્રદ્ધા અને શક્તિ વડે જ જીવનનો વિકાસ શક્ય છે. આત્મવિશ્વાસનાં બળથી જ માણસ વિકાસ કરી શકે છે, જ્યાં સુધી આત્મવિશ્વાસ ન પ્રગટે ત્યાં સુધી અભ્યાસ ઘણો જરૂરી છે.

મુ. : મગોબ, દરબારનગર, તા. : ચોર્યાસી, જિ. : સુરત

Arjunsinh V. Mangrola [BE Civil]
Vijay Construction



Office : Pooja Industries, 5313/A, GIDC Industrial Estate,
Ankleshwar 393 002, Dist. : Bharuch
Email : vijaycon.arj@gmail.com
Website : www.vijayconstruction.co.in

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : હળવદ

ધ્રાંગધ્રા રોડ, GIDC પાસે, તા.: હળવદ, જી.: મોરબી
Tel. / Fax : [02758] 260957 ✦ **Email :** apmchalvad@gmail.com

કૃષિ લક્ષ્મીનો વૈભવ પ્રગટે...

પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર રૂપ,
બજારમાં તેજી મંદીનાં ચક્રવ્યૂહ,
સુખ દુખ વચ્ચે ચડતી અને પડતીનો અનુભવ આપતી
આ સાંસારિક રચનાની વચ્ચે હે પરમતત્ત્વ;
વિક્રમસવંત 2070નાં નૂતન પ્રભાતે અમે તમારી આરાધના સાથે
પ્રાર્થના કરીએ છીએ કે અમારા ખેતરોને હરિયાળા રાખજો...
કૃષિ લક્ષ્મીની કૃપા સહુ ઉપર વરસતી રહેજો...
ઘર પરિવાર અને સમાજમાં શાંતિ સ્થાપજો...
પરસ્પર પ્રેમ અને વિશ્વાસ દ્વારા હેત જાળવજો...
અમારા વિનમ્ર હસ્તે સંપત્તિનું સર્જન કરાવજો...
અને જાણ્યા અજાણ્યાનાં આંસૂ લુછવાની ત્રેવડ આપજો...
સહુને ઝાઝા વહાલથી નૂતન વર્ષાભિનંદન...

જયંતીભાઈ આર. કવાડીયા : મંત્રી : ગુજરાત રાજય પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામીણ પ્રધાન
જશુભાઈ વી. પટેલ : ચેરમેન ✦ **વિઠ્ઠલભાઈ ટી. દલવાડી :** વાઈસ ચેરમેન
વી.એ. એરવાડીયા : સેક્રેટરી ✦ તથા તમામ **કારોબારી સભ્યો**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : નડિઆદ

મુખ્ય ઓફિસ : સલુણ દરવાજા માર્કેટ યાર્ડ, નડિઆદ Tel.: 2561760
સબ ઓફિસ : ✦ સંતરામરોડ, સબયાર્ડ, નડિઆદ Tel.: 2567570
✦ સરદાર પટેલ સબયાર્ડ, પીપલગ Tel.: 2531155
✦ ચકલાસી સબયાર્ડ, ચકલાસી Tel.: 2580692

ત્રિલોકય કૃષિ લક્ષ્મીનો વૈભવ પ્રગટે...

દૂર પૂર્વની ક્ષિતિજે ઉદયમાન સવંત 2070નું નૂતન પ્રભાત
આપ સહુનાં જીવનમાં ત્રિલોકય કૃષિ લક્ષ્મીનું આગમન
નિશ્ચિત અને સ્થિર બનાવે.
આપના આર્થિક સંબંધો અને વ્યવહારો
પરિવારનાં ભવિષ્યની આધારશીલા બને,
દ્રષ્ટિ સંપન્ન નિર્ણયો દ્વારા આપની સાર્વત્રિક સુખાકારીમાં વૃદ્ધિ થાય,
આયોજન અને કૃષિ દ્વારા આપ જીવનનાં ઉજવળ
નૂતન શિખરો સર કરો અને પારસ્પરિક લાગણીનો હર્ષ જળવાય
એવી પરમતત્ત્વને અમારી અંતઃકરણપૂર્વકની નમ્ર પ્રાર્થના છે...

સભ્ય : જીવાભાઈ ભુલાભાઈ ઝાલા ✦ ભીમાભાઈ ભીખાભાઈ રાઠોડ ✦ ધનજીભાઈ વાઘજીભાઈ સોલંકી ✦ ધીરજસિંહ મોતીસિંહ પરમાર ✦ ગોરધનભાઈ પરષોત્તમભાઈ પટેલ ✦ ઘનશ્યામભાઈ મંગળભાઈ પટેલ ✦ બળવંતસિંહ ધુળાભાઈ વાઘેલા ✦ યાકૂબભાઈ ઉસ્માનભાઈ ઘૂપેલી ✦ હરિવદન ચંદુલાલ શાહ ✦ શાંતિલાલ મણીભાઈ પટેલ ✦ મહેશભાઈ કાશીભાઈ પટેલ ✦ વિજયભાઈ મધુસુદનભાઈ રાવ ✦ ભારધ્વાજ હરિકૃષ્ણ બારોટ ✦ જીલ્લા રજીસ્ટ્રાર : સ.મં ✦ જીલ્લા ખેતીવાડી અધિકારી : જી.પં.

ધીરેન દેસાઈ સેક્રેટરી
યોગેશભાઈ સી.કા. પટેલ વાઈસ ચેરમેન
વિપુલભાઈ કે. પટેલ ચેરમેન

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. : આલીપુર



સૌને અમારા નૂતન વર્ષાભિનંદન...

- વસુધારા ડેરી સંયોજિત મંડળીનાં પ્રમુખશ્રીઓ, કમિટી સભ્યો, દૂધ ઉત્પાદક બહેનો અને ભાઈઓ
- "અમૂલ" અને "વસુધારા" બ્રાન્ડનાં અમારા માનવંતા ગ્રાહકો
- વસુધારા ડેરીનાં અધિકારીઓ, કર્મચારીઓ અને કામદારો
- અમૂલ દૂધનાં ડીસ્ટ્રીબ્યુટરો અને એજન્ટો
- વસુધારા ડેરીનાં ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો
- વસુધારા ડેરીનાં શુભચિંતકો

સહકારી પ્રવૃત્તિથી સર્વેનું કલ્યાણનાં મંત્ર દ્વારા બજારની તીવ્ર હરિફાઈનાં પડકારને સહિયારા પુરુષાર્થથી સામનો કરવાનો નવા વર્ષનાં મંગળ પ્રભાતે સંકલ્પ કરીએ. નવું વર્ષ સર્વેને સુખ સમૃધ્ધિ આપનારું નિવડો તેવી શુભેચ્છા...

નેવજીભાઈ દેવજીભાઈ માહલા : વાઈસ ચેરમેન
મોંઘાભાઈ મણીભાઈ દેસાઈ : ચેરમેન
કારોબારી મંડળનાં તમામ સભ્યશ્રીઓ

Amul
The Taste of India


The Naroda Nagrik Co. Opreative Bank Ltd.


Naroda Bank Bhavan, Gurukul Memnagar Road, Ahmedbad : 380052
Tel.: 079 27483206, 27481408 ✦ **Fax :** 079 27482958
Website : www.narodabank.com ✦ **Email :** narodabank@rediffmail.com

An on 30 Sep. 2013

DEPOSIT	:	₹ 119.42 Crore
ADVANCES	:	₹ 53.05 Crore
RESERVES	:	₹ 1445.89 Lack
GROSS PROFIT	:	₹ 93.61 Lack

- Audit Ranking "A"
- Fully Computerized Five Branches with CBS [Core Banking System]
- With Safe Deposit Locker Facility available without Deposits
- Attractive Rates of Interest on Deposits
- Stamp Franking at our Naroda / Gurukul Branch
- RTGS / NEFT / ECS facility Available
- Easy Loan Procedure for all Types of Loans & Advances
- Branches : Naroda, Gurukul, New Cloth, Jodhpur, Naranpura







મહારાણા પ્રતાપ પ્રવેશદ્વારેથી દાદરા નગર હવેલીનો ઈતિહાસ

ત્ર્યંબકેશ્વરથી નીકળીને પશ્ચિમ સાગરમાં મળતી દમણગંગા નદીને કિનારે આજનાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોની સીમાપાર આવેલો 72 ગામોનો પ્રદેશ દાદરા નગર હવેલી તરીકે ઓળખાય છે. વૈદિક સંસ્કૃતિથી સિંચાયેલા પ્રત્યેક પ્રદેશમાં કોઈ પણ નદી 'ગંગા' તરીકે જ ઓળખાય છે. શ્રીલંકાનાં શબ્દ કોશમાં તો 'નદી' માટે જુદો શબ્દ નથી. બ્રહ્મદેશથી ઈન્ડોનેશિયા સુધી સર્વત્ર નદીનો સંબંધ 'ગંગા' સાથે જ જોડવામાં આવે છે. આમ આ નદીનું 'દમણગંગા' નામ જ વૈદિક સંસ્કૃતિમાં રહેલી આ પ્રદેશની ભૂમિકા સ્પષ્ટ કરે છે, તેમજ આ પ્રદેશને બૃહદ્‌ભારત સાથે જોડે છે. તેને ત્ર્યંબકેશ્વરથી નીકળીને પૂર્વમાં જતી ગોદાવરી, તપશ્ચર્યા માટે પ્રખ્યાત નર્મદા અને સૂર્યપુત્રી તાપી તથા ઔરંગા તેમજ પૂર્ણા નદીનો પાડોશ મળેલો છે. તો પ્રાચીન ઋષિઓએ જે નદીને કિનારે વેદ અને ઉપનિષદોની સંહિતાનું ગાન કર્યું છે એ સરસ્વતી નદી સાથે તેની સાંસ્કૃતિક એકાત્મતા છે. છેલ્લાં બે અઢી હજાર વર્ષોથી એટલે કે સમ્રાટ અશોકના સમયથી આ પ્રદેશ પરાંત અને અપરાંત નામોથી ઓળખાય છે. પરાંત એટલે ગુજરાત તરફનો ભાગ અને અપરાંત એટલે મહારાષ્ટ્ર કે કોંકણપટ્ટીનો પ્રદેશ. સમ્રાટ અશોકનાં સમયમાં અપરાંત પ્રદેશની રાજધાની સુપર્ણક હતી. લગભગ બે હજાર વર્ષ પહેલાં મૌર્યયુગના અંતની શરૂઆત થઈ. તે પછી ત્યાં શક આવ્યા અને તેમની પાછળ સાતવાહન આવ્યાં. ઈ.સ. 145માં અપરાંત ભાગમાં સાતવાહન વંશના ગૌતમીપુત્ર સાતકરણીએ સત્તા પ્રાપ્ત કરી, જે બીજી શતાબ્દીના અંત સુધીમાં ઉત્તરમાં કાઠિયાવાડથી શરૂ કરીને દક્ષિણમાં કૃષ્ણા નદીના પ્રદેશ સુધી વિસ્તરી. આ સમયની વધુ માહિતી તો ઉપલબ્ધ નથી, પરંતુ કાન્હેરી અને નવસારીમાંથી મળી આવેલા શિલાલેખો તેમજ સુરત અને પારડી નજીકથી મળી આવેલાં નાણાં પરથી એ સ્પષ્ટ થાય છે કે ઈ.સ. 1262 થી 1779 સુધી સાતકરણી, ત્રિકુટક, વાકાટક, કલચુરી, ચૌલુક્ય, રાષ્ટ્રકૂટ, યાદવ, ચૌલુક્ય અને હોયસલ વગેરે અનેક વંશોએ આ પ્રદેશ પર રાજ કર્યું છે.

ઈ.સ. 1262 થી આ પ્રદેશનો વ્યવસ્થિત ઈતિહાસ ઉપલબ્ધ છે. રાજસ્થાનનાં એક રાજવંશમાંથી હદપાર કરાયેલા રામસિંગ નામના રાજકુમારે સ્થાનિક કોળી રાજાઓ સાથે લાંબો સંઘર્ષ કર્યા બાદ આ પ્રદેશનું રાજ્ય મેળવ્યું. ઈ.સ. 1262માં પોતાને મહારાજા કે મહારાણા ઘોષિત કરીને પોતાનું પ્રશાસન સ્થાપ્યું અને આ પ્રદેશને પોતાનું નામ આપ્યું, ત્યારથી આ પ્રદેશ રામનગર તરીકે ઓળખાવા લાગ્યો. રામસિંગનાં હાથ નીચે લગભગ અઢી હજાર કિમીનો જે પ્રદેશ હતો તેમાંનું એક પરગણું એટલે દાદરા નગર હવેલી. ઈ.સ. 1432 સુધી અહીં એક વંશના ચાર રાજાઓ થઈ ગયાં. તે દરમિયાન ઈ.સ. 1360માં રાજધાનીને ફતેહપુર લઈ જવામાં આવી. ઈ.સ.1432માં આ રાજ્યની સીમા દક્ષિણે જવ્હાર તાલુકો, પૂર્વમાં નાશિક જિલ્લાનું પેઠ અને સુરગણા પ્રદેશ તથા ઉત્તરમાં વલસાડની ઔરંગા નદી સુધી હતી. પશ્ચિમ કિનારે આવેલું દમણ બંદર તે સમયે ગુજરાતનાં સુલતાન પાસે હતું. આ પ્રદેશ ત્રણેય દિશાએ મુસ્લિમ રાજ્યોથી ઘેરાયેલો હતો, પણ રામનગરનાં રાજ્યકર્તાઓએ તેમી સાથે કોઈ પણ પ્રકારે સંઘર્ષ થવા દીધો નહીં. ઈ.સ. 1523માં આ પ્રદેશમાં પોર્ટુગીઝોનો પ્રવેશ થયો અને ત્રીસ પાંત્રીસ વર્ષના પ્રયત્નો અને સંઘર્ષ પછી ઈ.સ. 1556માં જ્યારે તેમણે ગુજરાતનાં સુલતાન પાસેથી દમણબંદર મેળવી લીધું ત્યારે રામનગરનાં તત્કાલીન રાજા જયદેવે ક્યારેક સંધિ તો ક્યારેક યુદ્ધ એવો વ્યવહાર રાખીને બંદર પર ચોથ વસૂલ કરવાનો પોતાનો હક પ્રસ્થાપિત કર્યો. ચોથના આ હકની માંગણી ગુજરાત સુલતાન અને પોર્ટુગીઝોએ રામસિંગ સાથે યુદ્ધ ટાળવાના હેતુથી સ્વીકારી લીધી. ઈ.સ. 1664 સુધીનો સમય આ રીતે જ પસાર થયો, તે દરમિયાન પ્રદેશનો વિકાસ પણ થયો.

ઈ.સ. 1664માં મોગલ અને અન્ય પરદેશી આક્રમકોએ લૂટેલી સંપત્તિ પાછી મેળવવાના હેતુથી છત્રપતિ શિવાજી મહારાજે જ્યારે સુરત પર ચઢાઈ કરી ત્યારે તેમનો માર્ગ રામનગર અને જવ્હાર પ્રદેશમાંથી જતો હતો, પરંતુ સુરત પહોંચતાં પહેલાં ત્યાં કોઈ પણ પ્રકારનો સંઘર્ષ ન થાય તેની સાવચેતી તેમણે રાખી હતી. ગુજરાતના સુલતાનની હદમાં લગભગ 170 કિમી સુધી અંદર ઘૂસીને સુરતમાં આઠ દિવસ સુધી તેમણે લૂંટ કરી. આ લૂંટ લઈને પાછા ફરતી વખતે ગુજરાતનો સુલતાન તેમનો પીછો કરશે તેવી આશંકાથી તેમણે માર્ગ બદલ્યો. પોર્ટુગીઝોની હદમાંથી તેઓ પસાર થયાં. પોર્ટુગીઝો તરફથી પણ તેમને કોઈ અવરોધ નડ્યો નહીં. તે સમયે મોગલો સૌથી વધુ શક્તિશાળી હતાં, તેથી પોર્ટુગીઝો તેમની સાથે તો સુમેળ રાખીને રહેતાં, પરંતુ મોગલોની સરખામણીમાં શિવાજી મહારાજનું રાજ્ય ઘણું નાનું હોવા છતાં તેમની શક્તિથી પોર્ટુગીઝો પૂરા વાકેફ હતાં. તત્કાલીન પોર્ટુગીઝ વાઈસરૉય એન્ટોનિયો ડી મેલો ડી કેસ્ટ્રોએ ઈ.સ. 1665માં પોર્ટુગીઝ સરકારને પાઠવેલી માહિતીમાં લખે છે, 'શિવાજીએ પોતાના રાજ્યથી લગભગ 100 કિમી કરતા પણ વધુ દૂર આવેલા સુરત જેવા શહેર પર અચાનક હુમલો કર્યો. અંધકારને ચીરતા પ્રકાશ કિરણ જેવા પ્રચંડ વેગથી તેઓ આઠ દસ હજારના સૈન્ય સાથે સુરત પહોંચ્યા. માર્ગમાં આવતા રાજ્યોના જાસૂસોને પણ તેમના આક્રમણની માહિતી મળી શકી નહીં. તેમનું આક્રમણ એટલું તો ઓચિંતું હતું કે મોગલો તેનો પ્રતિકાર પણ કરી શક્યા નહીં.'

ઈ.સ. 1670માં જવ્હારનાં રાજાએ રામનગરનાં રાણાનો પરાજય કરીને દમણ પ્રદેશમાં ચોથ ઉઘરાવાનો પોતાનો હક પ્રસ્થાપિત કર્યો. એક રીતે પોર્ટુગીઝો પરનું આ અપ્રત્યક્ષ આક્રમણ જ હતું. એટલે શરૂઆતમાં તો તેઓ આ માગણી સામે મક્કમ રહ્યાં, પરંતુ વારલી સરદારે તે પ્રદેશમાં અનેક મિલકતોને આગ લગાડીને નુકશાન પહોંચાડવાની શરૂઆત કરતાં જ તેમને મજબૂરીથી તે હક માન્ય રાખવો





**બળવંતસિંહ,
ડો. છત્રસિંહ,
કુંવર અભિષેકસિંહ,
ફતેહસિંહ તથા
રાકેશસિંહ
રજવાડી મુદ્રામાં...**

પડ્યો. ઈ.સ. 1670માં જ શિવાજી મહારાજે સુરત પર બીજી વાર ચઢાઈ કરી. આ વખતે 'પોતાના પ્રદેશ'માંથી તેમને પસાર થવું પડ્યું એ એકમાત્ર કારણથી કે જવ્હારનાં રાજાને તેમની લૂંટમાં પોતાને પણ ભાગ મળવો જોઈએ એવી અપેક્ષા જાગી. શિવાજી મહારાજની શક્તિથી પૂર્ણ પરિચિત હોવાને લીધે તે સીધી રીતે તો આ માગણી કરી શક્યો નહીં, પરંતુ પાછા ફરતી વખતે તેમના માર્ગમાં શક્ય તેટલી તમામ અડચણો ઉભી કરી. તેની આ કૃતિને કારણે શિવાજી મહારાજને સલામત રીતે પોતાના રાજ્યમાં પહોંચવા માટે સંઘર્ષ તો ઘણો કરવો પડયો, પણ તેને લીધે જ આ પ્રદેશનું યુદ્ધવિષયક મહત્ત્વ તેમના ધ્યાનમાં આવી ગયું. ઉપરાંત જળગાંવ અને નાશિકની મોગલ છાવણીઓ પર હુમલો કરવા માટે આ જગ્યા એકદમ મોકાની છે તેવું તેઓ સમજી ગયાં.

આ હેતુ મનમાં રાખીને ઈ.સ. 1672માં તેમણે જવ્યહાર અને રામનગર પર ચઢાઈ કરી. આ બેમાંથી એકેય પાસે શિવાજી મહારાજનાં સૈન્યનો સામનો કરવાની શક્તિ નહોતી, તેમજ દમણ પર ચોથ વસૂલ કરવાના મામલે પોર્ટુગીઝો પણ જવ્હાર કે રામનગરને સહકાર આપવા કે મદદ આપવા રાજી ન હતાં. તેથી આ બન્ને સ્થાનો પર સહેલાઈથી કબજો મેળવી શિવાજી મહારાજે પોતાના વિશ્વાસુ સહાયક મોરોપંત પિંગળેને ત્યાંનો વહીવટ સોંપ્યો. ઈ.સ. 1672માં જ રામનગરનાં રાણાએ રામનગર ફરી જીતી લેવાના હેતુથી પોર્ટુગીઝો સાથે સુલેહ કરી લીધી. તાત્કાલિક આ સુલેહથી કોઈ લાભ ન થયો, પરંતુ ઈ.સ. 1680માં શ્રી મોરોપંતનાં મૃત્યુને કારણે મરાઠા રાજ્યની પકડ થોડી ઢીલી થતાં જ તેણે પોતાનો પ્રદેશ પાછો મેળવી લીધો. એટલું જ નહીં જવ્હારનાં રાજાને પણ તેનો પ્રદેશ પાછો મેળવવામાં મદદ કરી. જવ્હારનાં રાજાને મદદ કરવામાં પણ એક રીતે તેનો સ્વાર્થ જ હતો. જવ્હાર પ્રદેશ રામનગર અને શિવાજી મહારાજનાં રાજ્યની વચ્ચે હોવાથી તેનો ઉપયોગ બફર રાજ્ય તરીકે થઈ શકે તેમ હતો. ઈ.સ. 1680માં શિવાજી મહારાજ અને ઈ.સ. 1687માં સંભાજી મહારાજનાં નિધન પછીનો સમય મરાઠી રાજ્ય માટે અત્યંત વિકટ રહ્યો. ઈ.સ. 1707 સુધી મરાઠા રાજ્ય ઔરંગઝેબ સામેના યુદ્ધમાં એટલું તો ગળાડૂબ રહ્યું કે જવ્યહાર અને રામનગર જેવાં નાના સ્થાનો તરફ ધ્યાન આપવાનો તેમની પાસે સમય જ રહ્યો નહીં. આ તકનો રામનગરનાં રાણાએ પૂરો લાભ લીધો અને પોતાની સત્તાનો સમુદ્ર સુધી વિસ્તાર કર્યો. બીજી બાજુ ઈ.સ. 1733 થી 1735 દરમિયાન પોર્ટુગીઝોએ વસઈ તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને વિદેશી આક્રમકોની ચીલાચાલુ રીત પ્રમાણે રાજ્ય વ્યવસ્થાને બદલે ધર્મના પ્રચાર પ્રસારને જ મહત્ત્વનું કાર્ય ગણીને મુખ્યત્વે ધાર્મિક અત્યાચાર કરવાની શરૂઆત કરી. પોર્ટુગીઝ સૈનિકો સાથે અનેક કેથલિક પાદરીઓ પણ ભારતમાં આવ્યાં હતાં. વિજયનગરના સામ્રાજ્યનો અંત થયા પછી હિંદુઓનો કોઈ સંરક્ષક બચ્યો ન હતો. આ પરિસ્થિતિનો લાભ લઈને પોર્ટુગીઝ પાદરીઓએ લશ્કરની મદદથી મુંબઈ, ગોવા, દીવ, દમણ અને વસઈમાં હિંદુઓ પર અત્યાચાર કરવામાં કોઈ મણા રાખી ન હતી. તેમાંયે હિંદુઓનું ધર્માંતરણ કરાવવા માટે તેમનો વિશેષ પ્રયત્ન રહેતો. સરળતાથી ખ્રિસ્તી ધર્મ ન સ્વીકારનારને લાચાર બનાવવા માટે તેઓ હિંદુ મંદિરો તોડતા, તેની જમીન જાગીર અને માલમિલકત લૂંટી લેતા, નાનામોટા ખેડૂતો પાસેથી પણ જમીન આંચકી લઈને ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારને આપી દેતાં, તેમજ ત્યાંના ખેડૂતોને નિરાધાર બનાવી દેતાં. પોર્ટુગીઝોનાં આ ધાર્મિક અત્યાચારની ફરિયાદ કરવા માટે સ્થાનિક આગેવાન ગણાજી નાઈક પુણે પહોંચ્યાં. તે સમયે પેશ્વા આ પ્રદેશ પર આક્રમણ કરવા માટે કોઈ યોગ્ય કારણની શોધમાં જ હતાં. ઈ.સ. 1732માં પોર્ટુગીઝ અને મરાઠા રાજ્ય વચ્ચે પરસ્પર સહકાર માટે થયેલા કરારનો પોર્ટુગીઝો તરફથી અવારનવાર હેતુપૂર્વક ભંગ થતો હતો. ઈ.સ. 1736માં આ કરારનાં આધારે એકબીજાની અડચણો અને મુશ્કેલીઓ સમજવા તથા તેની ચર્ચા વિચારણા કરવા માટે જે બેઠક થઈ તેમાં પણ વસઈનાં પોર્ટુગીઝ પ્રતિનિધિએ પેશ્વાને ઉદ્દેશીને ખૂબ અપમાનજનક શબ્દો કહ્યાં હતાં. આ વાત પેશ્વાનાં મનમાં ખૂંચતી હતી. ભિવંડી અને કલ્યાણનાં વેપારીઓને પણ વસઈમાં વેપારી થાણાં સ્થાપવાની જરૂરિયાત હતી. આ બધી વાતો ધ્યાનમાં લઈને ગણાજી નાઈકની ફરિયાદને આધારે બાજીરાવ પેશ્વાએ તેમના નાનાભાઈ ચિમાજી આપ્પાને વસઈ જીતવા મોકલ્યા. આ યુદ્ધ ઈ.સ. 1737માં થયું. એક જ અઠવાડિયામાં મરાઠા સૈન્યે બાંદ્રા, વરસોવા, ઉરણ અને વસઈ પ્રદેશ જીતી લીધાં, પરંતુ વસઈનો કિલ્લો તેમના હાથમાં આવ્યો નહીં. આ કિલ્લો જીતવાનો મરાઠાઓએ ઘણો પ્રયત્ન કર્યો, પણ પોર્ટુગીઝોને સમુદ્રમાર્ગે ગોવા અને દમણ તરફથી સૈનિકો તથા દારૂગોળાની મળતી મદદ અટકાવવાની ક્ષમતા તે સમયે મરાઠા સૈન્ય પાસે ન હોવાથી તેમાં તે સફળ થઈ શક્યા નહીં. આમાંથી કોઈ રસ્તો શોધવા બાજીરાવે બીજે મોરચે પોર્ટુગીઝોને હરાવીને તેમનું નાક દબાવવાના હેતુથી ગોવા અને દમણ પર હુમલો કરવાનો નિર્ણય કર્યો. તેમની આ યુક્તિ એકદમ સફળ રહી. પોર્ટુગીઝો પાસે ગોવામાં પૂરતું સૈન્ય ન હતું અને સ્થાનિક લોકોની મદદ પણ મરાઠાઓને મળતી હતી. તેથી મરાઠાઓએ રચેલો, માર્માગોવા તથા ફોંડા પોર્ટુગીઝો પાસેથી જીતી લીધાં અને કુડાળનાં રામચંદ્ર સાવંતે પેશ્વાની મદદથી બારડોઝ થાણું જીતી લીધું. દમણની આસપાસનાં અનેક ગામો પણ મરાઠાઓએ જીતી લીધાં અને બહારથી આવતો પુરવઠો ખેરવી નાખ્યો, આમ બન્ને બાજુથી માર ખાધા પછી પોર્ટુગીઝ થાકીને શરણે આવ્યા અને વસઈનો કિલ્લો મરાઠાઓને સોંપવા માટે કબૂલ થયાં. બે વર્ષ સુધી ચાલેલા આ યુદ્ધની સમાપ્તી બે કરાર દ્વારા થઈ. પહેલો કરાર 2 મે 1739નાં દિવસે ગોવામાં થયો. બીજો કરાર 6 મે 1739નાં દિવસે વસઈમાં થયો. આ કરાર અનુસાર વસઈનાં કિલ્લા સહિત સંપૂર્ણ વસઈ પ્રદેશ તથા દમણની આસપાસનો પ્રદેશ મરાઠાઓ પાસે રહ્યો અને દમણ પોર્ટુગીઝ સરકાર પાસે રહ્યું. આ લડાઈમાં પાંચ હજાર મરાઠા અને ચાર હજાર પોર્ટુગીઝ સૈનિકો મરાયા. સેંટ એસ્ટેવા બુરજ પર છેલ્લી લડાઈ થઈ તે પછી ચર્ચમાં પોર્ટુગીઝોની સભા થઈ. તે સમયનું પોર્ટુગીઝ ગવર્નરનું ભાષણ યાદ રાખવા જેવું છે. તેણે કહ્યું હતું 'થોડા



રાષ્ટ્રનાં પૂર્વ રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝ સાથે ફતેહસિંહ ચૌહાણ વિચાર વિમર્શમાં...

સમય માટે વસઈ છોડી દેવાની પરમપિતાની આજ્ઞા છે. આપણે પુનઃ અહીં આવવાના છીએ.' ત્યાંથી નીકળતી વખતે તેઓ ઢોલ નગારા વગાડતા ગયાં. આમ પરાજયમાં પણ તેમણે આક્રમણ વૃત્તિ જાળવી રાખી હતી. આવી માનસિકતામાંથી જ રાષ્ટ્રો ઉભા થતાં હોય છે. જો કે પોર્ટુગીઝોને વસઈ ફરી કયારેય મળ્યું નહીં. ચિમાજી આપ્પાએ પણ પછી વસઈનાં કિલ્લામાં વજ્રેશ્વરી દેવી અને હનુમાનજીની સ્થાપના કરી. આમ આખું અભિયાન મરાઠાઓને મોંઘુ તો પડયું, પરંતુ આ લડાઈને લીધે જ પોર્ટુગીઝ અને બ્રિટિશ બન્નેને મરાઠી સેનાનાં યુદ્ધ કૌશલ્ય અને શક્તિનો પરિચય થયો. બીજી બાજુ ઈ.સ. 1740 પછી અનેકવાર યુદ્ધ કરીને મરાઠાઓએ રામનગરનાં રાણાનો પણ પૂરેપૂરો પરાજય કર્યો. ત્યારથી નગર હવેલી પરગણું મરાઠા રાજ્યનો એક ભાગ બની ગયું જે ઈ.સ. 1779 સુધી તેમની પાસે રહ્યું.

ઈ.સ. 1772માં જાનોજી ઘુળપના મરાઠી નૌકા કાફલાએ પોર્ટુગીઝોનું 40 તોપો અને 120 ખલાસી સૈનિકો સાથેનું 'સંતાના' જહાજ જપ્ત કરી લીધું. ગોવા સરકારે મરાઠાઓ સાથેની મૈત્રીનો સંબંધ યાદ કરાવીને આ જહાજ પરત કરવાની વિનંતી પેશ્વાને અનેક વાર કરી. પરંતુ પોર્ટુગીઝોએ વારંવાર કરેલો મૈત્રીકરારનો ભંગ યાદ દેવડાવીને પેશ્વાએ તેમની વિનંતી માન્ય રાખી નહીં. એ પછી મરાઠા સામ્રાજ્યને હાનિ પહોંચાડતી અનેક ઘટનાઓ ઘટતી ગઈ અને સન 1779માં તેમને 'સંતાના' જહાજની નુકશાન ભરપાઈ કરવી પડી. 18 નવેમ્બર 1772નાં દિવસે માધવરાવ પેશ્વા નિઃસંતાન મૃત્યુ પામ્યા, તે પછી માધવરાવના કાકા રઘુનાથરાવ અને નાનાભાઈ નારાયણરાવ વચ્ચે સત્તા માટે થયેલા સંઘર્ષમાં 30 ઓગસ્ટ 1773નાં દિવસે નારાયણરાવનું ખૂન થયું. નારાયણરાવનાં પુત્ર સવાઈ માધવરાવ તે સમયે સગીરવયનાં હોવાથી નારાયણરાવનાં વિશ્વાસુ એવા બાર સરદારોએ બારભાઈની સ્થાપના કરીને સગીર પેશ્વા વતી કારભાર શરૂ કર્યો, આ લડાઈ ઝઘડા અને મારામારીનાં સમયમાં રઘુનાથરાવે ભત્રીજાની ગાદી મેળવવા માટે અંગ્રેજોની મદદ લીધી, પરંતુ વડગાવ પાસે મરાઠાઓ સામેના યુદ્ધમાં આ અંગ્રેજી કુમકનો પણ પરાજય થયો અને ઈ.સ. 1776માં 'પુરંદર'ની સંધિ થઈ. આ સંધિની કલમ મુજબ રઘુનાથરાવની સોંપણી મહાદજી શિંદેને કરવામાં આવી અને ભવિષ્યમાં પુણેનાં રાજકારણમાં ભાગ ન લેતાં શેષ આયુષ્ય દિલ્હીની આસપાસનાં પ્રદેશમાં ગાળવાનું વચન તેમની પાસેથી લેવામાં આવ્યું. આ દરમિયાન મરાઠાઓની કેદમાં પૂર્ણ આદરમાન સાથે રાખવામાં આવ્યા હોવા છતાં રઘુનાથરાવ ગમે તે રીતે એ કેદમાંથી નાસી છૂટયા અને દમણ જઈને તેમણે પોર્ટુગીઝોનો આશ્રય માગ્યો. આ તકનો લાભ લઈને મરાઠાઓએ લૂટેલા 'સંતાના' જહાજની નુકશાન ભરપાઈ મેળવી લેવાના હેતુથી પોર્ટુગીઝોએ નારાયણ વિઠ્ઠલ ઘુમે નામના વકીલને મરાઠાઓ પાસે મોકલ્યો. રઘુનાથરાવને પોર્ટુગીઝો પાસેથી કોઈ સહાય મળે તેવું મરાઠા રાજ્યકર્તાઓ ઈચ્છતા ન હતાં, તો બીજી બાજુ વડગાવનાં યુદ્ધમાં અંગ્રેજોનો પરાજય થયો હોવા છતાં કલકત્તાથી વધારે કુમક મેળવીને મુંબઈનો ગવર્નર મરાઠાઓ પર ફરીથી ચઢાઈ કરવાની યોજના કરે છે એવી ખબર પુણે સુધી પહોંચી હતી. આ સમયે પોર્ટુગીઝો અને અંગ્રેજો ભેગા થઈ જાય તે પણ મરાઠાઓને પોસાય તેમ ન હતું. આ બધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાના હેતુથી મરાઠાઓએ પોર્ટુગીઝો સાથે મૈત્રી કરાર કર્યો. આ કરાર અનુસાર 'સંતાના'ની નુકસાન ભરપાઈ તરીકે દમણનાં ચંદ્રગડ અને ઈંદ્રગડ નામના બે કિલ્લા અને દાદરા નગર હવેલી પરગણાનાં 72 ગામોનું મહેસૂલ ઉઘરાવવાનો હક પોર્ટુગીઝોએ મેળવ્યો. સાથે જ પોર્ટુગીઝોનાં આ પ્રદેશમાં પગપેસારો થયો. 4 મે 1779નાં દિવસે થયેલો પોર્ટુગીઝ અને મરાઠા વચ્ચેનો આ કરાર મુખ્યત્વે વેપાર અને સમુદ્રના હક્કો પૂરતો સીમિત હતો તેમ તેની મૂળ નકલ પરથી જણાય છે. છતાં 1818માં મરાઠી સામ્રાજ્યના અંત પછી પોર્ટુગીઝો જ આ પ્રદેશના માલિક બની ગયાં. એક મહત્ત્વની વાત અહીં ધ્યાનમાં રાખવી આવશ્યક છે. પેશ્વાએ જયારે આ મહેસૂલ ઉઘરાવવાનો હક પોર્ટુગીઝોને આપ્યો ત્યારે આ જાગીર 'સરંજામ' તરીકે આપી હતી. 'સરંજામ' શબ્દનો અર્થ થાય છે 'ભોગવટો', આ શબ્દનું મહત્ત્વ એ છે કે આગળ જતાં હેગના આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં જ્યારે દાદરા નગર હવેલીનો મુકદ્દમો ચાલ્યો ત્યારે આ 'સરંજામ' શબ્દ જ નિર્ણાયક પુરવાર થયો હતો.

4 મે 1779નો કરાર : પોર્ટુગીઝ રાજ્ય તરફથી હીઝ એક્સલંસી ગવર્નર જોસ પેડ્રો દ કામાએ હજરત નિસાર તરફથી મોકલાયેલા નારાયણ વિઠ્ઠલ ઘુમેને વકીલ તરીકે માધવરાવ પેશ્વા પાસે મોકલ્યા. મૈત્રીપૂર્ણ વાટાઘાટો પછી પોર્ટુગીઝ રાજા અને પેશ્વા વચ્ચે નીચેની કલમો પ્રમાણે કરાર થયો.

01. પોર્ટુગીઝ રાજ્યની નૌસેનાનો પેશ્વા સરકારની નૌસેના સાથે સમુદ્રમાં જ્યાં પણ મેળાપ થાય ત્યાં પરસ્પર મૈત્રીપૂર્ણ વ્યવહાર કરવો.

02. પોર્ટુગીઝ નૌકાદળ અને પેશ્વા સરકારનાં નૌકાદળનો મેળાપ થાય ત્યારે જો કોઈને પણ પાણી કે બળતણની આવશ્યકતા હોય તો બીજા પક્ષે પોતાની પાસેના અતિરિક્ત પુરવઠામાંથી તે આપવું, જો કોઈને અનાજની આવશ્યકતા હોય તો બીજા પક્ષે પોતાની પાસેનું વધારાનું અનાજ વેચાતું આપવું.

03. જો પોર્ટુગીઝ જહાજો અને પેશ્વા સરકારનાં જહાજો વેપાર અર્થે ચીન જતાં હોય કે એકબીજાના બંદરમાં આવ્યાં હોય તો તેમને પકડવાં નહીં.

04. કોઈના પણ સ્ત્રી અગર પુરુષ ગુલામો નાસીને એક બીજાના પ્રદેશમાં જાય તો તેમની પરત સોંપણી કરવી.

05. આ કરાર મુજબ પૂર્વના દાવા પ્રતિદાવા વિચારમાં લેવાશે નહીં.

06. આ મૈત્રીપૂર્ણ કરાર થયાં પછી ઉપર ઉલ્લેખિત નિયમોનો ભંગ થાય તો બન્ને પક્ષોએ વકીલ મારફત કાર્યવાહી કરવી.

07. પોર્ટુગીઝ સરકાર અને પેશ્વા સરકારનાં 'ટ્રાંડી', 'પડગી' અથવા 'બતેલા'



ગુજરાતનાં મુખ્યમંત્રી અને દેશનાં ભાવિ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ પ્રદેશનાં સાંસદ નટુભાઈ પટેલ સાથે ફતેહસિંહ ચૌહાણ એક સમારંભમાં...

પ્રકારનાં વેપારી જહાજો એકબીજાના બંદરમાં જઈને આવશ્યક જકાત તથા કર આપીને જરૂરિયાત પ્રમાણે માલની લે વેચ કરી શકશે. આ કાર્યમાં કોઈ પણ પ્રકારની અડચણ ઊભી કર્યા સિવાય તેમને જવા દેવામાં આવશે.

08. બન્ને રાજ્યોનાં જહાજ સમુદ્રમાં કોઈપણ પ્રદેશની મુલાકાત લઈ શકશે. જો એક પક્ષનું વેપારી જહાજ બીજા પક્ષની નૌસેનાની હદમાં આવી જાય ત્યારે આવશ્યક કાગળપત્રો ન હોય તો પણ તેની જપ્તી ન કરતાં તેને સુરક્ષિત જવા દેવું. જો બન્નેમાંથી કોઈનું પણ વેપારી જહાજ શત્રુના હાથમાં સપડાય તો બીજા પક્ષે તેને શત્રુના સંકજામાંથી છોડવવા માટે શક્ય તેટલી બધી મદદ કરવી અને આવું કાર્ય કરનારા જહાજના કપ્તાનને કદરદાની તરીકે યોગ્ય ઈનામ આપવું.

09. પેશ્વા સરકાર યુદ્ધમાં વ્યસ્ત હોય ત્યારે પોર્ટુગીઝ જહાજો આવે તો તેમણે અન્ય ધાન્ય કે બીજી કોઈ પણ જરૂરિયાત માટે થઈ શકે એટલી મદદ કરવી. પેશ્વાનાં શત્રુ સાથે મિત્રતા રાખવી નહીં. પેશ્વાએ પણ મૈત્રીપૂર્ણ હાથ લંબાવવો.

10. પોર્ટુગીઝ રાજ્ય અને પેશ્વા સરકારે આ કરારના અમલ માટે પોતપોતાના સીમા અધિકારી અને સેનાને યોગ્ય આજ્ઞા આપવી. જો કોઈ અધિકારી તેનું ઉલ્લંઘન કરે તો બન્ને પક્ષે તે બદલ આવશ્યક પગલાં લેવાં.

11. પોર્ટુગીઝ અથવા પેશ્વા સરકારનાં જૂના જમીનદારો કે અન્ય ગુનેગારોને એક બીજાના રાજ્યમાં આશ્રય આપવો નહીં, કે સરહદ પર રહેવા દેવા નહીં.

12. બન્નેમાંથી કોઈપણ પક્ષે પરસ્પરનાં શત્રુને અનાજ, પાણી કે કોઈ આવશ્યક વસ્તુની મદદ કરવી નહીં.

13. જો બન્નેમાંથી કોઈપણ એક રાજ્યસત્તા નિર્બળ થાય તો બીજાએ તેનો ગેરલાભ ન લેતાં તેની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખવો.

14. પોર્ટુગીઝ રાજ્યમાંથી આવેલા પોર્ટુગીઝ અથવા અન્ય કોઈપણ ઘૂસણખોરોને પેશ્વા સરકારે આશ્રય ન આપતાં પોર્ટુગીઝ સરકારને સોંપી દેવા. તે જ રીતે પેશ્વા સરકારના વિદ્રોહી સૈનિકો જો પોર્ટુગીઝ રાજ્યમાં જાય તો તેમને પણ પેશ્વા સરકારને પાછા સોંપી દેવા.

15. પેશ્વા સરકારને હસ્તક રહેલા ગુજરાત, કાઠિયાવાડ અને સુરત પ્રદેશમાં હવે પછી પોતાનું કોઈ થાણું કે ચોકી ઉભી ન કરી પોર્ટુગીઝ સરકારે પેશ્વા સરકારની ચોકી મારફતે જ સંપર્ક રાખવો.

16. પરસ્પરના બંદરમાં આશ્રય લેતાં બન્ને પક્ષનાં વેપારી જહાજોને કોઈ પણ પ્રકારે અડચણ ઉભી કર્યા વિના માલ સહિત પરત ફરવા દેવાં.

17. પોર્ટુગીઝ સરકાર પેશ્વા સરકારને મિત્ર ગણે છે. પેશ્વા સરકારે દમણ પ્રદેશની મહેસૂલવાળી જાગીર પોર્ટુગીઝોને આપવી તથા તે ગામોની યાદી કરીને તેની સનદ પોર્ટુગીઝ સરકારને આપવી.

18. યુદ્ધ જહાજની ભરપાઈ પેટે પેશ્વા સરકારે નીચે પ્રમાણે રકમ આપવી.

₹ 66454 રોકડા એક વર્ષની અંદર + ₹ 3000 સાગનાં લાકડા સ્વરૂપે = કુલ ₹ 69454

[આ પ્રમાણે પેશ્વા સરકારે પોર્ટુગીઝ સરકારને ભરપાઈ આપવાનું માન્ય કર્યું.]

4 મે 1779ના દિવસે ગોવા મુકામે લખી આપ્યું.

[સંદર્ભ : પોર્ટુગીઝ શાસન સન 1779 થી 1954]

ઉપરોક્ત કરાર થયા પછી પોર્ટુગીઝો દ્વારા દાદરા નગર હવેલીનો પ્રત્યક્ષ કબજો ઈ.સ. 1783માં લેવાયો અને તેને ત્રીજા જિલ્લા તરીકે દમણ ગવર્નરનાં અધિકાર નીચે સોપવામાં આવ્યો. તેમા એક નાઈક પરગણું હતું. શરૂઆતમાં પોર્ટુગીઝ સરકારે પેશ્વા સરકાર દ્વારા નિમાયેલા પટેલો મારફતે જ કર વસૂલાત ચાલુ રાખી હતી. ત્યારબાદ પ્રદેશનાં પટેલ તરીકે ઓળખાતા રૂપજી સુરજી ચૌહાણ દ્વારા કર વસુલાત ચાલુ રાખી. ચૌહાણ પરિવારનાં પૂર્વજો વિ.સં. 1516માં [ઈ.સ. 1470] રાજસ્થાનનાં અજમેરથી પાવાગઢ થઈ ધરમપુરમાં રહ્યાં, ત્યાર પછી નગર હવેલી પરગણામાં આવી સ્થાયી રૂપથી વસ્યા. પેશ્વા શાસનકાળમાં ચૌહાણોને કર વસુલાતનું કામ સોંપવામાં આવ્યું તેમજ વહિવટી સનદ ચૌહાણોનાં વડવાઓને તામ્રપત્ર પર લખીને આપી હતી. ત્યારે છેલ્લા પટેલ વરસનજી અને સુરજી ચૌહાણ હતાં. તેઓએ નરોલી ગામમાં સાત માળની હવેલીનું નિર્માણ કરી નગર હવેલી સંઘ પ્રદેશનો વહીવટ કર્યો. ગામનાં પટેલ ઉપજની જે કિંમત નક્કી કરતા તે પ્રમાણે જ મહેસૂલ ઉઘરાવાતી, પરિણામે પોર્ટુગીઝ સરકાર અને કરદાતા વચ્ચે સીધો સંપર્ક ન રહ્યો. પોર્ટુગીઝ સરકારને માત્ર જમીન મહેસૂલ અને જંગલ સંપત્તિમાં જ રસ હોવાથી સામાન્ય ખેડૂત વર્ગ કે મજુરોના હિતની કોઈ ચિંતા કરી નહીં કે આ પ્રદેશના વિકાસ તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. આ પ્રદેશ દુલર્ક્ષિત થવાનું બીજું એક કારણ પોર્ટુગીઝોનો ઈસ્ટ આફ્રિકા સાથેનો મોટો વેપાર. દમણમાંથી મોટા પાયા પર કપાસની નિર્યાત થતી અને કરાંચી બંદરેથી મુખ્યત્વે અફીણની આયાત થતી. સરકારનું બધું ધ્યાન આ વેપારમાંથી થતી આવક પર જ કેન્દ્રિત રહેતું. આ વેપાર પર સરકારનું નિયંત્રણ હતું. છતા કેટલોક ખાનગી વ્યવહાર પણ ચાલતો. પગારની આવક ઓછી રહેવાથી ખલાસીઓ તથા તેમના અધિકારીઓ પણ આવા વ્યવહારમાંથી મળતી આવક પર જ આધાર રાખતા. નગર હવેલીમાં આવા કોઈ વ્યવહારની શક્યતા ન હોવાથી ઉપરી અધિકારીઓ દમણમાં જ રહેવાનું પસંદ કરતા અને ક્યારેક જ નગર હવેલીની મુલાકાત લેતા. ફ્રેંચ રાજ્યક્રાંતિનો પડઘો સ્પેન અને પોર્ટુગલમાં પડ્યો. મુઠ્ઠીભર લોકોનાં હાથમાં રહેલી સત્તા ઈ.સ. 1820માં પોર્ટુગલની સંસદનાં હાથમાં આવી. પરિણામે ગોવાના લોકોને પણ પોતાનો પ્રતિનિધિ પોર્ટુગલની સંસદમાં મોકલવાની તક પ્રાપ્ત થઈ. ગોવામાં સ્થાયી થયેલા ગોરા લોકોએ રાજકીય સત્તા અને સૈન્યબળનો ઉપયોગ કરીને ચૂંટણીમાં ઘણી ગેરરીતિ આચરી, છતાં તેમનો ઉમેદવાર ગોવાનાં સ્થાનિક ડૉકટર બર્નાડો પેરેસ ડી સિલ્વા સામે ઈ.સ. 1822 થી



ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહજી સાથે ફતેહસિંહ ચૌહાણની શુભેચ્છા મુલાકાત...

1832 સુધી સતત હારતો રહ્યો. બર્નાડો ડી સિલ્વા પોર્ટુગલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ તરફથી લડ્યો હતો. પોર્ટુગીઝ સૈન્યમાં સેવા આપતો તેનો પુત્ર રાજકુમાર રીજન્ટ પેડ્રોનો અનુયાયી હતો, તેમજ તેર બેટોમાંથી એક જૂથ બનેલા સ્વાતંત્ર્યસેનાનીઓએ 1834માં પોર્ટુગલ સામે લડત આપીને જે વિજય મેળવ્યો હતો તેમાં તેનો મોટો ફાળો હતો. તે અરસામાં રાજકુમાર પેડ્રોએ બર્નાડો પેરેસ ડી સિલ્વાની પોર્ટુગીઝ રાજ્યમાં ભારતનાં સર્વોચ્ચ અધિકારી તરીકે નિમણૂક કરી. આ સ્થાન તે સમયના વાઈસરોયની સમકક્ષ હતું. ગોવામાં રહેતા પોર્ટુગીઝ અને અન્ય યુરોપીય લોકોને આ બાબાત માન્ય ન હતી. બર્નાડો ડી સિલ્વાએ પદગ્રહણ કર્યા પછી 18 માં દિવસે જ તેમણે બળવો કરીને તેને કેદ કર્યો. તેના અનુયાયીઓ પણ લશ્કરી તાકાત સામે કંઈ કરી શક્યા નહીં. તેથી બર્નાર્ડો ડી પેરેસને નાસી જઈ અંગ્રેજોનાં આધિપત્ય હેઠળના ભારતીય પ્રદેશમાં આશ્રય લેવો પડ્યો. અંગ્રેજોની સહાય મેળવીને થોડા જ સમયમાં તેણે પોતાના અનુયાયીઓની મદદથી દીવ અને દમણમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. સ્વાભાવિક રીતે જ અંગ્રેજોએ તેને તત્કાળ માન્યતા આપી. બે વર્ષમાં જ તેણે દમણ અને દાદરાનગર હવેલીનું સાર્વભૌમત્વ ઘોષિત કર્યું તથા ગોવાથી નાસીને બેલગામ, ધારવાડ અને મુંબઈમાં ભૂમિગત રહેલા પોતાના જૂના સૈનિકોને એકત્ર કરીને ગોવાના પોર્ટુગીઝો સામે યુદ્ધ આદર્યું. ડચ અને અંગ્રેજોની મદદથી ડૉ. ડી. સિલ્વાએ પાંચ યુદ્ધ જહાજો ધરાવતું નૌકાદળ પણ ઉભું કર્યું. તેનો કપ્તાન એડમિરલ હિબ્રુ હતો તથા તેના ખલાસીઓ દમણ, રત્નાગિરી અને મુંબઈના હતાં. આ નાનકડું નૌકાદળ ગોવાને જીતવા માટે મોકલવામાં આવ્યું, પરંતુ દુર્ભાગ્યે અધવચ્ચે નડેલા ભયંકર દરિયાઈ તોફાનમાં આ પાંચેય જહાજોએ જળસમાધિ લીધી અને ડી સિલ્વાનું ગોવા જીતવાનું સ્વપ્ન અધૂરું જ રહ્યું. થોડા સમય પછી ગોવાના ગવર્નર ડી સિલ્વાને કેદ કરીને લિસ્બન રવાના કરી દીધો. આમ દમણ અને દાદરા નગર હવેલીનું સ્વાતંત્ર્ય અલ્પાયુષી રહ્યું. ઈ.સ. 1838માં બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીએ કરાંચી બંદર પર કબજો મેળવ્યા પછી પોર્ટુગીઝ અને અંગ્રેજો વચ્ચે બ્રિટન, પોર્ટુગલ અને સ્પેનમાંથી થતી આયાત નિર્યાત માટે સ્પર્ધા શરૂ થઈ. કરાંચી બંદર અંગ્રેજોના હાથમાં જતાં સૌથી વધુ આવક મેળવી આપતી અફીણની નિર્યાત અટકી જવાથી દમણમાં પોર્ટુગીઝો માટે મોટો અવરોધ ઉભો થયો. જે વેપારમાંથી હજારો સ્થાનિક લોકોને રોજગાર મળતો હતો તે બંધ પડવાથી સ્થાનિક લોકોનું અન્ય પ્રદેશોમાં સ્થળાંતર શરૂ થયું. દમણ ખરેખર તો મલબાર કિનારા પરનું એક ઉત્કૃષ્ટ બંદર હતું. ત્યાં માલ ચઢાવવાનો અને ઉતારવાનો ખર્ચ ખૂબ ઓછો રહેતો. વળી દરેક મોસમમાં તે સુરક્ષિત હતું. વિશેષ કરીને ચોમાસામાં તો અનેક જહાજો એ બંદરનો આશ્રય લેતાં, પરંતુ ઈસ્ટ ઈંડિયા કંપનીએ મુંબઈ કરાંચી અને કંઈક અંશે સુરતનાં બંદરો વિકસાવતાં દમણનું મહત્ત્વ ધીમે ધીમે ઓછું થતું ગયું. ઈ.સ. 1860માં મુંબઈથી વડોદરા રેલ્વે લાઈન શરૂ થઈ ત્યારે લિસ્બને અંગ્રેજ સરકારની પાછળ પડીને દમણથી શક્ય તેટલી નજીક રેલ્વે લાઈન નંખાવી, પરંતુ લિસ્બન સરકારનો આ પ્રયત્ન પણ અલ્પજીવી જ રહ્યો. મુત્સદ્દી અંગ્રેજ સરકાર દમણને રેલ્વેની સગવડ આપીને તેનું મહત્ત્વ ફરીથી વધારવા ઈચ્છતી ન હતી. સુરત બંદર પણ લગભગ નિરુપયોગી થઈ ગયું હતું. મુંબઈ બંદર આયાત નિર્યાતનો સંપૂર્ણ ભાર ઉઠાવવા માટે સક્ષમ હોવાથી અંગ્રેજ સરકારે મુંબઈ અને કરાંચી બંદરના વિકાસ તરફ જ બધું ધ્યાન કેંદ્રિત કરીને દમણ બંદર અને દાદરા નગર હવેલીની પીછેહઠ કરાવી. બીજી બાજુ પટેલોને મહેસૂલ ઉઘરાવવાની સ્વતંત્રતા મળેલી હોવાથી તેમણે મજૂર અને કરદાતાઓનું શોષણ ચાલુ રાખ્યું હતું. પટેલોએ પોતાની આવક વધારવામાં કોઈ કસર છોડી નહીં. નક્કી કરાયેલી મહેસૂલ ભરી ન શકનારા ખેડૂતો પાસેથી તેમની જમીન આંચકી લેવામાં આવતી. મહેસૂલ ઉપરાંત અનાજ, બળતણ વગેરેની માગણી કરતા રહીને મામૂલી કારણસર ખેડૂતો અને મજૂરોને દંડ કરવામાં આવતો. આ બધાનું પરિણામ એ આવ્યું કે 1859માં જયારે દુકાળ પડયો ત્યારે બધા જ ખેડૂતો અને મજૂરો ઘરબાર છોડીને જતા રહ્યાં અને આખો પ્રદેશ ખેડયા વિનાનો વેરાન બની ગયો. આના એકાદ વર્ષ પહેલાં એટલે કે 1857-58 માં ભારતીયોએ અંગ્રેજો વિરુદ્ધ સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ કર્યો. અનેક કારણોસર તેમાં સફળતા મળી નહીં, પરંતુ પરિણામ એ આવ્યું કે ઈસ્ટ ઈંડિયા કંપનીને બરખાસ્ત કરીને ભારતમાં બ્રિટિશ સરકારના શાસનની સ્થાપના થતાં અનેક અન્યાયકારક નિયમો લાગુ કરવામાં આવ્યાં. પોર્ટુગીઝ સરકારને આ બધી માહિતી ગોવાના ગવર્નર તરફથી મળી. તેમણે પણ ગોવામાં પોર્ટુગીઝ સરકારની સ્થાપના કરી. પટેલોનાં મહેસૂલ ઉઘરાવવાનાં હક્કો રદ કરવામાં આવ્યાં. સરકારનાં 1870નાં હુકમનં.38 અન્વયે નગર હવેલીનાં જ્યેષ્ઠ પટેલ, એક સ્થાનિક અધિકારી અને ગોવા સમિતિનો એક સભ્ય એમ ત્રિસદસ્ય સમિતિ બનાવવામાં આવી. આ સમિતિ દ્વારા જમીનના માલિકી હક્કો અને પ્રતવારીના કાર્યમાં ઘણી સુધારણા કરવામાં આવી. ઈ.સ. 1878માં આ પ્રકારની અન્ય સમિતિની રચના કરવામાં આવી હતી. પહેલી સમિતિએ કરેલાં કાર્યોમાં સુધારણા કરીને આ નવી સમિતિએ બિનઉપજાઉ જમીન અને જંગલોની મોજણી કરી દરેક ગામનો દસ્તાવેજ તૈયાર કર્યો. ઈ.સ. 1886માં પ્રકાશિત થયેલા 'પોર્ટુગીઝોનું ભારત' પુસ્તકમાં ખેતી તજજ્ઞ શ્રી મેંડિસે નોંધ્યું છે કે 'આ રીતે દમણમાં એકંદર મહેસૂલમાંથી બે તૃતીયાંશ મહેસૂલ દાદરાનગર હવેલીમાંથી મળવા લાગ્યો. રોજબરોજની જરૂરિયાતની પ્રત્યેક વસ્તુ નગર હવેલીમાંથી જ દમણમાં આવતી.' તે આગળ નોંધે છે કે, 'આમ છતાં આ પ્રદેશ નૈતિક સુધારા અને કાયદા કાનૂનથી દૂર જ રહ્યો.' આ બન્ને




રાજેન્દ્રસિંહ



દિવ્યાંગસિંહ



અભિષેકસિંહ



અવધેશસિંહ



કર્તવ્યસિંહ

સમિતિનાં કામકાજની માહિતી દાદરા નગર હવેલી નગર પ્રશાસનની તારીખમાં નોંધાયેલી છે. ઉપરોક્ત માહિતી ઈ.સ. 1885 થી 1890 સુધી નિયુક્ત ગવર્નર જૈન પરેશ ડી સેંપિઓ, ફોર્ઝા ડી ડરપાયી મેટલનાં પોર્ટુગીઝ ભાષામાં લખાયેલા પુસ્તકમાંથી મળી રહે છે. 5 ઓક્ટોબર 1910ના દિવસે પોર્ટુગલ લોકશાહી દેશ બન્યો અને તેની કાયાપલટ થઈ. તેનો પડઘો પોર્ટુગીઝોનાં તાબા હેઠળના ભારતીય પ્રદેશો પર પડ્યો. અહીં પણ નવા અધ્યાયનો પ્રારંભ થયો. 27 જુલાઈ 1917ના દિવસે જાહેર થયેલા નવા પ્રશાસન અનુસાર 'એસ્ટાડો ધી ઈંડિયા' લિસ્બનનાં આધિપત્ય હેઠળ આવ્યો અને સ્વાયત્ત પોર્ટુગીઝ ઈંડિયાની સ્થાપના થઈ. 1920માં એક કારોબારી નીમવામાં આવી જે 'કોન્સલ્હો ડી ગવર્નો' નામથી ઓળખાતી. સાલાઝારની આપખુદશાહીની શરૂઆતમાં 28 મે 1926 સુધી આ કારોબારી અસ્તિત્વમાં હતી. [સંદર્ભ : 'આજનો અને ગઈકાલનો ગોમાંતક']

ઈ.સ. 1920 થી 1926 દરમિયાન ગોવાના લોકોમાં જાગૃતિ આવી. તે સાથે જ ભારતમાં ચાલી રહેલી સુધારણાવાદી ચળવળોની અસર પણ ત્યાં થવા લાગી. આ અસરમાંથી દાદરા અને નગર હવેલી પણ મુક્ત રહી શક્યાં નહીં. ઈ.સ. 1930માં સિલવાસાની શાળામાં કાર્લાસ ડી કુઝ નામના શિક્ષકની નિમણૂક થઈ. ગોવામાં થઈ રહેલું પરિવર્તન તેણે જોયું અને અનુભવ્યું પણ હતું. સિલવાસામાં તેની નિમણૂક થયા પછી તેણે 'સંડાલકાલો' નામનું રાજકીય મુખપત્ર શરૂ કર્યું. દમણગંગા નદીને પોર્ટુગીઝ ભાષામાં 'સંડાલકાલો'કહે છે. આ મુખપત્રમાં તે ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ સરકાર પર ટીકાત્મક લેખો લખતો. તેનાં આ લખાણોને કારણે 29 સપ્ટેમ્બર 1932ના રોજ તેને દેશદ્રોહી જાહેર કરીને તેની હાકલપટ્ટી કરવામાં આવી. છતાં ગોવાનાં દેશપ્રેમી લોકોનાં સહકારથી તેણે તેની ચળવળ ચાલુ રાખી. નગર હવેલીમાં પોર્ટુગીઝ સૈનિકો, પ્રશાસન અધિકારીઓ મળીને વારલી સમાજનું અને બીજા અન્ય વનવાસીઓનું જે શોષણ કરતા હતાં તેની વિરુદ્ધ તેણે ઘણા લેખો લખ્યાં, સ્થાનીય સમાજનો સહકાર મેળવ્યો. પૂરતા અનુયાયીઓનાં અભાવને કારણે આ ચળવળ ધીમે ધીમે બંધ પડી અને 1932માં જ કાર્સાસ ડી. ક્રુઝને હદપાર થવું પડ્યું. તે પછી 1954 સુધી દાદરા નગર હવેલીનાં સ્વાતંત્ર્ય માટે પોર્ટુગીઝ સત્તાને પડકારરૂપ થાય તેવો કોઈ મોટો પ્રયત્ન થયો નહીં. પ્રજાની આ સંરક્ષણાત્મક અવસ્થા માટે મહદંશે પોર્ટુગીઝોનાં ભયંકર અત્યાચારો કારણરૂપ હતાં. આ અત્યાચારોની વિશેષતા એ હતી કે તેમણે પોતાના આધિપત્ય હેઠળનાં લોકોને હંમેશા દહેશતમાં રહેવા માટે મજબૂર કર્યા, તે માટે આક્રમક ભૂમિકા લેવાની કોઈ શક્યતા જ નિર્માણ થવા દીધી નહીં. મિશનરીઓની મદદથી ધાર્મિક, સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક એમ દરેક ક્ષેત્રે તેમણે આચરેલા અત્યાચોરોનાં પરિણામોનો વિચાર કરીએ તો પંદરમી સદીમાં શરૂ થયેલું આ આક્રમણ આજે પણ ચાલુ જ છે તેમ કહી શકાય. દાદરા નગર હવેલી મુક્તિસંગ્રામનો ભારતીય સ્વાતંત્ર્ય યુદ્ધમાં વિચાર કરતી વખતે જ દાદરા નગર હવેલીનાં રાજકીય ઈતિહાસની સાથે જ 15 મી સદીમાં યુરોપમાંથી શરૂ થયેલા વૈશ્વિક આક્રમણનાં સંદર્ભનો વિચાર થવો આવશ્યક છે.

હવેલીનો ઇતિહાસ : દાદરા નગર હવેલીનાં પાટનગર સેલવાસની પશ્ચિમે પૃથ્વીરાજ માર્ગે આગળ વધતાં થોડેક અંતરે વહી રહી છે દમણગંગા સરિતા... અને સોહામણી આ સરિતાનાં કાંઠે ગિરિકંદરાઓથી ઘેરાયેલી નાનકડી નગરી છે નરોલી ! રાજપૂતોની લાડલી નગરી નરોલીનું નગર હવેલીનાં ઈતિહાસમાં અનોખું સ્થાન છે. આ રાજપૂતનગરી નરોલીમાં વસી રહ્યાં છે ખમીરવંતા રાજપૂતો. પૂર્વમાં નગર અને પશ્ચિમમાં નરોલીમાં આવેલ 'હવેલી' આ બે શબ્દો પરથી પ્રદેશનું નામ પડ્યું નગર હવેલી. હવેલીનો ઈતિહાસ જોઈશું તો જણાશે કે પ્રદેશમાં ચિરસ્મરણીય બનેલ હવેલીનું નિર્માણ મહાન શૂરવીર પૃથ્વીરાજ ચૌહાણનાં વંશજ એવા ચૌહાણનાં વડવાઓએ કર્યું હતું. રાજસ્થાનનાં અજમેરથી પાવાગઢ થઈ વાયા ધરમપુર પ્રદેશનાં નરોલી ગામમાં સ્થાયી રૂપથી વસનારા ચૌહાણોને તે સમયમાં ધરમપૂરની રિયાસતે પટેલની ઉપાધિ [પદવી] આપી પટલાઈનું કામ સોંપવામાં આવ્યું. તે પછી પેશ્વા શાસન કાળમાં કર વસૂલાત અને પટલાઈનું કામ કરવા માટે ચૌહાણોને તામ્રપત્ર પર અંકિત વહીવટી સનદ્ પણ આપવામાં આવી હતી. ચૌહાણોનાં વડવાઓએ હવેલીમાં રહીને પૂર્વમાં નગર અને પશ્ચિમમાં હવેલી [નરોલી] સુધીનાં વિસ્તારની કરવસૂલાત તથા પટલાઈનું કામ કર્યું હતું. તેથી આ પ્રદેશ નગર હવેલી તરીકે ઓળખાયો. લાંબા સમય સુધી પટલાઈનું કામ કરનારા ચૌહાણ પરિવાર ઈ.સ. 1760 થી 1775 દરમ્યાન પટલાઈ કરનારા છેલ્લા પટેલો ચૌહાણોનાં વડવા વરસનજી અને સુરસિંહ ચૌહાણ હતાં. સમયાંતરે નરોલી હવેલી ફળિયાનાં ચૌહાણો અને મોરી ફળિયામાં વસતા મોરીઓ વચ્ચે નિકટતા વધતી ગઈ અને રૂપસિંહ સુરસિંહ ચૌહાણનાં દીકરી દેવબાનાં લગ્ન નાથુ ગોસાઈ મોરી પરિવારમાં થયાં. કાળક્રમે દીકરી વ્યવહાર દરમ્યાન પટલાઈ હક માટેની તામ્રપત્ર પર અંકિત વહીવટી સનદ્ ચૌહાણોની હવેલીમાંથી હસ્તાંતર થઈ અને મોરીઓનાં કબજામાં ચાલી ગઈ. આ પ્રમાણે પટલાઈનો હક ચૌહાણો પાસેથી છીનવાઈ ગયો અને નગર હવેલી પ્રદેશમાં કરવસૂલાત અને પટલાઈનું કામ મોરીઓનાં વંશજો કરવા લાગ્યાં. નરોલી ગામમાં મોરીઓનાં વંશજોમાં 1783માં નાથુસિંહ ગોસાઈ મોરી પરિવારનાં પ્રથમ અને 1892માં ભાણાસિંહ નિછાસિંહ મોરી આ પ્રદેશનાં છેલ્લા પટેલ હતાં. દુર્ભાગ્યવશ સમય જતાં ચૌહાણોનાં વડવા આર્થિક સંકટમાં ઘેરાયા અને આર્થિક હાલત કથળવાથી પ્રદેશનાં ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવતી હવેલી તરફ બેદરકારી સેવાઈ. ઐતિહાસિક હવેલીની ઈમારત જર્જરિત થવા માંડી અને ભગ્ન અવશેષો માત્ર રહી ગયાં. જ્યાં આ ઈમારત હતી તે વિસ્તાર પ્રદેશમાં હવેલી ફળિયાનાં નામે ઓળખાય છે. સત્તા, સંપતિ અને સમૃધ્ધિનો વૈભવ ભોગવનારા ચૌહાણો પોતાનાં વંશજોને વારસામાં સત્તા અને સમૃધ્ધિ ભલે ન આપી શક્યાં, પરંતુ શૌર્ય અને સાહસ કદી ન ગુમાવનારા ચૌહાણોનાં વડવાઓનાં લોહીમાં પરાક્રમ, પ્રશાસન, રાજનીતિ અને સામાજીક કૂનેહની જે અણમોલ વિરાસત વહી રહી હતી તે જરૂર આપી. આ અણમોલ વિરાસતનાં કારણે ચૌહાણોનાં વંશજોએ પરિશ્રમ કરીને પ્રારબ્ધને પલટનારા ચૌહાણોએ પોતાનાં પૂર્વજોનાં ગૌરવને પૂનઃસ્થાપિત કર્યું અને સાબિત કરી દીધું કે "પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે." આજે ભલે હવેલીની ઈમારતનાં અવશેષો નામશેષ થઈ ગયાં હોય, પરંતુ શૂરવીર અને પરાક્રમી પ્રજા ચૌહાણોનાં થોડા વંશજો હાલમાં ત્યાં રહે છે. ચૌહાણોનાં વડવાઓની હવેલીવાળો વિસ્તાર આજે પણ હવેલી ફળિયાનાં નામે રેવન્યુરેકર્ડ પ્રમાણે નગર હવેલીમાં સ્થાન ધરાવે છે. નગર હવેલીનાં ઈતિહાસમાં સ્થાન ધરાવતી 'હવેલી' જેવી ઐતિહાસિક વિરાસત જાળવણીનાં અભાવે નષ્ટ થઈ ગઈ તેનો વસવસો રાજપૂત સંસ્કૃતિનાં કર્ણધારોને અને રક્ષણકારોને સદીઓ પર્યંત રહેશે. પ્રદેશનાં નાગરિકોને રંજ રહેશે, પરંતુ હવેલી પરિવારનાં હૃદયમાં પોતાનાં વડવાઓની હવેલી અજર અમર બની સદૈવ અણનમ તથા અડીખમ રહી જીવંત રહેશે !

[સંદર્ભ : દાદરા નગર હવેલી મુક્તિ સંગ્રામ]



પ્રાચીન કાળથી આજ સુધી સ્ત્રીની સ્થિતિ

રાજપૂત સમાજમાં કન્યા કેળવણી શા માટે ?

પહેલાનાં સમયમાં કન્યા કેળવણી નહિવત હતી. આજે કોલેજ કક્ષા સુધી શહેર અને ગ્રામ્ય વિસ્તારનાં વાલીઓ દીકરીઓને ભણાવતા થયા છે. હજુપણ ગ્રામ્ય વિસ્તારનાં વાલીઓ દીકરીને ક્યાં નોકરી કરાવવી છે ? તેમ કહી દીકરીની ઈચ્છા હોવા છતાં ભણાવવાનું માનસ ધરાવતા નથી. વર્ષો પહેલાં ગોંડલ વિસ્તારમાં જ્યારે સર ભગવતસિંહજી રાજ્યકર્તા હતાં, ત્યારે તેમના વિસ્તારમાં કન્યા કેળવણી ફરજિયાત હતી, જેનો લાભ ગોંડલ અને આજુબાજુનાં તાલુકાઓનાં ગામડામાં ખૂબ મળ્યો હતો. સરકારી આંકડા જોતાં કન્યા કેળવણી ક્ષેત્રે રાજપૂત સમાજ ઘણો પાછળ છે. આજનાં સમયમા દીકરીઓ મોટી થાય અને લગ્ન સંબંધની વાત આવે ત્યારે પહેલો પ્રશ્ન કેટલું ભણેલા છો ? તે પૂછવામાં આવે છે. ઘણાં પરિવારોને સારા કુટુંબમાં સંબંધ જોડવામાં નિષ્ફળતા મળે છે. છેલ્લા પાંચ વર્ષથી રાજપૂત સમાજમાં જે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેના સારા પરિણામ જોવા મળ્યાં છે. અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા રાજકોટ અને જામનગર ખાતે જે નવા કન્યા છાત્રાલયો ચાલુ કરવામાં આવ્યાં. તેમાં પ્રથમ વર્ષથી જ છાત્રાલય ફૂલ થવા લાગ્યાં છે. ગ્રામ્ય કક્ષાનાં રાજપૂત પરિવારો હવે શિક્ષણની જરૂરિયાતને સમજી પોતાની દીકરીઓને શહેરમાં ભણવા માટે મોકલી રહ્યાં છે. હવે રાજપૂત સમાજમાં શિક્ષણની ભૂખ ઉઘડી છે. આજનાં સમયમાં ફકત શિક્ષણથી જ સમાજનો ઉધ્ધાર થઈ શકશે. રાજપૂત પરિવારો હવે જમીન જાગીર ઉપર નભી શકે તેમ નથી ? આજનાં સમયમાં ખેતી માણસોનાં અભાવે કરી શકાય તેમ નથી, આથી દીકરી ભણેલી હશે તો ખૂબજ ઉપયોગી બની રહેશે. રાજપૂત સમાજની પ્રગતિ માટે દીકરીને ફરજિયાત અભ્યાસ કરાવી સમાજનાં વિકાસ કાર્યોમાં હરણફાળ ભરી શકાય છે.


વેદકાલીન સમાજ વ્યવસ્થા : આ સમાજની વ્યવસ્થા પિતૃસત્તાક હતી. વડીલ પુરૂષ વડા તરીકેની જવાબદારી સંભાળતા હતાં. શિક્ષણ, ધાર્મિક, જાહેર જીવન, ગૃહજીવન અને લગ્નજીવન વગેરેમાં સ્ત્રીઓ ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. વેદોમાં નારી જ્ઞાન વિજ્ઞાનમાં નિપુણ હોવાને કારણે બ્રહ્મા બતાવવામાં આવી છે. સુશીલ પત્ની ગૃહલક્ષ્મી છે, નારી કુટુંબની પાલનહાર છે. સ્ત્રી અબળા નહિં, સબળા છે. નારીને સરસ્વતીની જેમ પ્રતિષ્ઠિત કરો. નારી રાષ્ટ્રીય રક્ષા અને કર્તવ્યની ખાણ છે, વૈદિક યુગમાં સ્ત્રી પુરૂષ સમાનતા પ્રવર્તતી હતી. સમાજમાં સ્ત્રી માનભર્યું અને ગૌરવભર્યું સ્થાન ધરાવતી હતી.બ્રાહ્મણ ગ્રંથોમાં કહ્યું છે નારી સાવિત્રી છે. જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. જ્યાં સ્ત્રીનો આદર નથી થતો ત્યાં બધાં જ ધર્મ અને કર્મ નિષ્ફળ જાય છે. જે પોતાના કુટુંબ કબીલાનું કલ્યાણ ઈચ્છતા હોય તેઓએ હંમેશા સ્ત્રીઓનું સન્માન કરવું જોઈએ. માતા બાળકની શિક્ષા, દીક્ષા અને સંસ્કારની ગુરૂ છે. માતા મનુષ્યનું ગંગાજળ છે. સાચું સુખ અને સ્વર્ગ માતાનાં ચરણોમાં છે.

મધ્યકાલીન સમાજની વ્યવસ્થા : આ સમયમાં સ્ત્રી પુરૂષ અસમાનતા ઉદ્‌ભવતી હતી. સ્ત્રીનાં હક્કો ઉપર વિવિધ પ્રકારનાં નિયંત્રણો મુકાવા લાગ્યાં. સ્ત્રી પ્રત્યે ભેદભાવ રાખવા લાગ્યાં. આમ વૈદિકયુગની તુલામાં આ યુગમાં સ્ત્રીનું સ્થાન નીચું ગયું. છતાં તે સંપૂર્ણ રીતે અસંતોષકારક નહોતું. સ્ત્રી પ્રત્યે પૂર્વગ્રહો હોવા છતાં પુત્રી, પત્ની અને માતા તરીકે સ્ત્રીને યોગ્ય સ્થાન મળ્યું હતું. ચુસ્ત આતંરવર્તુળનાં નિયમો અને કડક બનતી જતી જ્ઞાતિ પ્રથાથી શિક્ષણનાં દ્વાર સ્ત્રીઓ માટે બંધ થયાં.

પ્રાચીન યુગની સમાજ વ્યવસ્થા : આ સમયમાં સ્ત્રીનું સ્થાન એકદંરે બહુ નીચું ન હતું. પ્રાચીનયુગનાં અંત સુધીમાં સ્ત્રી પુરુષ અસમાનતા પરાકાષ્ટાએ પહોંચી. સ્ત્રી જીવનની યોગ્યતાઓ કે અસમર્થતાઓ પણ પરાકાષ્ટાએ પહોંચી. સ્ત્રીનું જીવન ઘરની ચાર દિવાલો પૂરંતુ સિમિત બની ગયું. તાબેદારી અને પરાધીનતા સ્ત્રી જીવનનું અંગ બની ગયાં. સંયુક્ત કુટુંબની સભ્ય તરીકે સ્ત્રીનાં દરજ્જામાં ખાસ મહત્ત્વ હતું નહિ. પરણીને આવનાર સ્ત્રીનું કોઈ વિશિષ્ટ સ્થાન હોતુ નથી, તેની જવાબદારી તેમજ ભૂમિકા સમગ્ર કુટુંબ પ્રત્યે હોય છે. સ્ત્રીની ઓળખ 'ઘરની વહુ' તરીકેની હોય છે. કુટુંબનો વ્યવહાર કરવો, દેવ દેવીઓની સેવા કરવી, બાળઉછેર તેમજ માંદા ઘરડાની સેવા ચાકરીનું કામ સ્ત્રીને ભાગે નિશ્ચિત હતું. પતિ કે પિતા સાથે સ્ત્રીની બૌધિક ભાગીદારી તથા વ્યવસાયમાં રસ લેવાનો સવાલ ભાગ્યેજ ઉભો થતો. પતિ સાથે તેનું જીવન મર્યાદિત હતું. ઘર અને બહારનાં કામનું ચુસ્ત વિભાજન આ વ્યવસ્થાને ચાલુ રાખવામાં મુખ્ય કારણ હતું.

બ્રિટીશ યુગની સમાજ વ્યવસ્થા : રૂઢિ ચુસ્ત સમાજમાં સ્ત્રીઓને ઘણું સહન કરવું પડતું હતું. નાની વયે લગ્ન અને બાળ વિધવા જેવી નાજુક સમસ્યાઓ પ્રવર્તતી હતી. બાળ વિધવા સમાજને બોજા રૂપ લાગતી, આથી સતિપ્રથાનો રિવાજ શરૂ થયો. ભારતમાં સ્ત્રીઓનાં દરજ્જાની ખાસિયત એ રહી છે કે અઢારમી સદી સુધી અસમાનતામાંથી સમાનતા તરફ તેનું વહન થયું હતું. 19મી સદીથી સ્ત્રીઓના દરજ્જામાં અસમાનતામાંથી સમાનતા તરફનાં પરિવર્તનનો પ્રવાહ શરૂ થયો. બાલિકા હત્યા અને દેવદાસીની પ્રથાનાં સંદર્ભમાં ફોજદારી કાયદાથી બાલિકા હત્યા અને બાળલગ્ન પ્રથા દૂર થઈ. લગ્નની વય ઊંચી લઈ જવામાં આવી. રાજારામ મોહનરાયનાં પ્રયાસોથી સતિપ્રથા 1829માં નાબૂદ થઈ. 1856માં વિધવા પુનઃ લગ્નની કાનૂની માન્યતા મળી. બહુ પત્ની પ્રથાનો વિરોધ થયો. સ્ત્રીને શિક્ષણની તક મળી. પડદા પ્રથામાંથી મુક્તિ મળી. મતાધિકાર અને જાહેરજીવનમાં અધિકાર મળ્યાં. મિલ્કતમાં અધિકારણી બની.

સ્વતંત્ર ભારતની સમાજ વ્યવસ્થા : આઝાદી બાદ સ્ત્રી શિક્ષણને સ્વીકૃતિ મળી. સામાજીક અને રાજકીય અધિકારો મળ્યાં. લગ્ન અને છૂટાછેડાનો સમાન અધિકાર મળ્યો. દહેજ પ્રતિબંધક કાનૂન આવ્યો. મિલ્કત અને વારસાનો સમાજ અધિકાર મળ્યો. આજીવિકાની તક મળી. ભારતીય સમાજની સ્ત્રીઓમાં સમયની સાથે જીવનમાં ઘણાં પરિવર્તન આવ્યાં.



ભારતની સમસ્યાઓ

01 વ્યાપક આર્થિક ભ્રષ્ટાચાર : દેશનાં લોકોની નસેનસમાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે. દરેક વ્યક્તિ કોઈપણ ભોગે પૈસા કમાવા માંગે છે. એક રીતે ભ્રષ્ટાચારનાં વિષચક્રમાં દેશ ફસાઈ ગયો છે. આથી પ્રામાણિક અને ગરીબ લોકોને હળાહળ અન્યાય થઈ રહ્યો છે.

02 કાળું નાણું : દેશનાં અર્થતંત્રમાં કાળું નાણું કદાચ સફેદ નાણાંથી પણ વિશેષ હોઈ શકે. કાળા નાણાંનું એક સમાંતર તંત્ર ચાલે છે. જેના કારણે સરકારી આવકમાં ભારે નુકસાન થાય છે.

03 આંતકવાદ અને નકસલવાદ : રાષ્ટ્રદ્રોહનાં ગુનાઓનું અસ્તિત્વ પણ ભારત માટે મોટી સમસ્યા છે. તે કાબૂમાં ન આવે તો અણુંબોંબ જેવા ખતરનાખ હથિયારો ત્રાસવાદીઓના હાથમાં જઈ શકે છે.

04 નૈતિક ભ્રષ્ટાચાર : જાતિવાદ અને ધર્મવાદ મુજબ સરકારી નીતિઓનું નિર્માણ તેમજ સરકારી વોટબેંકોનું તથા અનામતનું રાષ્ટ્રદ્રોહી રાજકરણ.

05 કરોડો લોકોમાં વ્યાપ્ત ગરીબી : રોટી, કપડા અને મકાન આજે કરોડો લોકોની સમસ્યા છે. જેને દરરોજ બે વખત ખાવાનું નસીબ નથી !

06 ન્યાય પ્રણાલીની સમસ્યાઓ : વ્યક્તિગત ગુનાખોરીનું પ્રમાણ ઘણું વધારે છે. ન્યાય મેળવવાનાં કરોડો કેસો ભારતની કોર્ટોમાં પેન્ડીંગ છે. ભારતની કોર્ટોમાં કુલ 2 કરોડ, 56 લાખ કેસો પડતર છે! જેમાં 25 કરોડથી વધુ લોકો ફસાયેલા છે ! જેનો તાત્કાલિક ઉકેલ લાવવો જરૂરી છે. પોલીસ વિભાગમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે, જેને કાબૂમાં લેવાની જરૂર છે.

07 કરોડો લોકોને રહેવા યોગ્ય મકાનો નથી.

08 પાયાની જરૂરીયાતો પાણી, વીજળી તથા શિક્ષણને લગતી સમસ્યાઓ.

09 ખેડૂતો માટે સિંચાઈનાં પાણીની અપૂરતી સુવિધાઓ.

10 કરોડો લોકોમાં વ્યાપ્ત શિક્ષિત તથા અર્ધબેરોજગારીની સમસ્યા.

11 માળખાકીય સુવિધાઓ અપૂરતી છે. રોડ, ટ્રાન્સપોર્ટ અને પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધાઓ અપૂરતી છે.

12 વિધવા, ત્યકતા મહિલાઓ, વૃદ્ધો, અપંગો અને નિરાધાર વ્યક્તિઓની આર્થિક સમસ્યાઓ.

13 આરોગ્યની સેવાઓ ખૂબ જ મોંઘી બની છે. જેને કારણે આમ આદમી તકલીફ ભોગવી રહ્યો છે. સરકારી આરોગ્ય સેવાઓનું કથળતું સ્તર લોકો માટે તકલીફદાયક છે.

14 આત્મહત્યાનું વધી રહેલું પ્રમાણ ચિંતાજનક છે.

15 નવા મકાનો બનાવવા માટે જમીનની ઉપલબ્ધી એક સમસ્યા બની છે.

16 સૌથી મોટી સમસ્યા ફૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારી છે. મધ્યમવર્ગ અને ગરીબોનું જીવન મુશ્કેલ બની રહ્યું છે.

દેશની સૌથી વિકરાળ સમસ્યા
ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની ખુલ્લી ઓફર

ભ્રષ્ટાચાર કઇ રીતે નાથી શકાય ?

ડો. જયેન્દ્રસિંહ જાડેજા બતાવે છે ઉકેલ :

સમગ્ર દેશમાંથી રોકડા રૂપિયા નાબૂદ કરો. તો વહેવાર કઈ રીતે કરવો ? દરેક કુટુંબ / વ્યક્તિનાં ઓછામાં ઓછા 2 બેંક એકાઉન્ટ ખોલી નાખો. ATM CARD આપી દો ! જેથી સોએ સો ટકા સફેદ નાણું જ વપરાશે !

રોકડા રૂપિયા નાબૂદ કરવાથી નીચે મુજબ ફાયદાઓ થશે :

01 બ્લેક મની તરત જ શૂન્ય થઈ જશે.

02 સરકારની આવક બમણી થઈ જશે.

03 90% લાંચરૂશ્વત તુરંત બંધ થઈ જશે, કારણ કે કોઈ સરકારી અધિકારી કામ કરવા માટે ચેકથી પૈસા નહિં સ્વીકારે ATM CARD થી પણ પૈસા નહિં સ્વીકારે. સ્વીકારશે તો કાયમી રેકર્ડ રહેશે અને પકડાઈ જશે.

04 ચોરી અને લૂંટફાટ બંધ થઈ જશે.

05 અપહરણ જેવા ભયંકર ગુનાઓ બંધ થઈ જશે.

06 બેંક લૂંટનાં તમામ ગુનાઓ બંધ થઈ જશે.

07 બહારનાં દેશોમાંથી થતી ગેરકાયદેસર ઘૂસણખોરી બંધ થશે.

08 ત્રાસવાદ પર 99.99% કાબૂમાં આવશે.

09 સૌથી મોટો ફાયદો : ગરીબ વ્યક્તિની ચોક્કસ ઓળખ થશે, જેથી સરકારી કાયદાઓ / નોકરી / શિક્ષણ વગેરે ભેદભાવ મટી જશે. અનામતની જરૂરત જ નથી ! આજે દેશમાં કરોડો એવા ગરીબ લોકો છે, જેઓની વ્યક્તિદીઠ માસિક આવક ₹ 1000 નથી ! પરંતુ સરકારને ખબર નથી કે ખરેખર ગરીબ કોણ છે ? ''ડો. જયેન્દ્રસિંહ જાડેજાની થિયરી'' નો અમલ કરવાથી રોકડા રૂપિયા દેશમાંથી નાબૂદ થતાં અને 100% વહેવાર બેંક દ્વારા થવાથી, જેમની આવક ₹ 1000 માસિક પણ નથી ? આવા સાચા ગરીબોને સરકાર મદદ કરી શકશે. કાળા નાણાં નાબૂદ થવાથી સરકારી આવક ડબલ થશે, ગરીબોનાં બેંક ખાતામાં સબસીડી કે અન્ય મદદ સીધી જ પહોંચશે.

10 ચૂંટણીમાં થતો ખોટો ખર્ચ અને ભ્રષ્ટાચાર બંધ થશે, કારણકે રોકડા પૈસા નહિં હોવાથી ઉમેદવારો મતદારોને કે સ્થાનિક આગેવાનોને લાંચ નહીં આપી શકે !

11 શિક્ષણમાં થતો ભ્રષ્ટાચાર બંધ થશે.

12 મહિલાઓનું શોષણ તથા ગેરકાયદેસરનાં ધંધા કાબૂમાં આવશે.

13 હવાલા દ્વારા ગેરકાયદેસર પૈસાની લેતીદેતી બંધ થશે.

14 વિદેશી બેંકોમાં રહેલા કાળા નાણાંને ફરીથી દેશમાં લાવવા મુશ્કેલ બનશે. સફેદ કરીને કાયદેસર જ લાવવા પડશે. અબજોનું કાળું ધન વિદેશી બેંકોમાં છે, તે શૂન્ય થઈ જશે !

15 નાત જાત કે ધર્મનાં ભેદભાવ બંધ થશે, કારણકે ગરીબોની ઓળખ 100% ચોકસાઈથી થવાથી જાતિ આધારિત અનામત આપવાની જરૂરત રહેશે નહિં. આ રીતે રાષ્ટ્રની એકતા મજબૂત થશે.

બીજા શું પગલાં લેવા ? અને તેનાં ફાયદાઓ :

દરેક વ્યક્તિને એક યુનિક આઈડેન્ટી નંબર આપો. દરેકે વ્યક્તિની માહિતી સરકારે રાખવી જોઈએ.

01 બાળકોનાં અપહરણ બંધ થશે, કોઈપણ વ્યક્તિને છુપાવી શકાશે નહિં.

02 ચોરી, લૂંટફાટ અને ધાડ સંપૂર્ણ નાબૂદ થશે.

03 ઓળખ છુપાવવી શક્ય ન હોવાથી ત્રાસવાદ પણ કાબૂમાં આવી જશે.

04 છેતરપિંડી બંધ થઈ જશે, કારણકે પૈસાની લેતી દેતીનો રેકોર્ડ રહેશે એટલે છેતરપિંડી કરનાર વ્યક્તિ તુરંત પકડાઈ જશે. ડો. જયેન્દ્રસિંહ જાડેજા કહે છે કે તીવ્ર બુદ્ધિશક્તિથી તેમજ પ્રમાણિકતાથી વિશ્વની કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે !



પ્રશાસન વિજ્ઞાન @ ડો. જયેન્દ્રસિંહ

ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી નાંખવાની ગેરંટી

ભારત સરકારને જાહેર પડકાર... કાયદેસરનાં સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ

આ થી હું ડો. જયેન્દ્રસિંહ માધવસિંહ જાડેજા મૂળગામ જાબીડા, તા. ધ્રોલ, જી. જામનગર, રહેઠાણ : H 501, વંદે માતરમ્, સિટી, ગોતા, અમદાવાદ. ઉ.વ. 54, વ્યવસાય નોકરી, આથી સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે, જો મને પૂરતી સત્તાઓ આપવામાં આવે તો એક વર્ષનાં અંતે હું સમગ્ર ભારત દેશની નીચે મુજબની ભયંકર સમસ્યાઓ ઉકેલી શકું છું.

01 એક વર્ષમાં ભારતીય અર્થતંત્રમાંથી કાળાનાણાંની નાબૂદી કરી શકું છું.

02 ભારતનાં પ્રવર્તમાન કાયદાઓ મુજબ જ લોકપાલ વગર સમગ્ર દેશમાંથી સરકારી તથા પ્રાઈવેટ ભ્રષ્ટાચાર એક જ વર્ષમાં ઘટાડી શકું છું.

03 એક વર્ષમાં વિવિધ કાયદાકીય અને અન્ય પગલાઓના અમલીકરણથી ત્રાસવાદને 99 ટકા જેટલો કાબૂમાં લઈ શકું છું. કોઈપણ મોટા હુમલા સામે રક્ષણ આપી શકું છું.

04 ગુનાહીત પ્રવૃતિમાં 70 ટકા જેટલો ઘટાડો કરી શકું છું.

05 સમગ્ર દેશમાં કોણ ગરીબ છે, તેની 100 ટકા ચોક્સાઈ પૂર્વકની માહિતી આપી શકું છું, જેથી સાચા ગરીબને સીધી મદદ કરી શકાય.

મારી શુદ્ધ બુદ્ધિથી અને સભાન રીતે હું કાયદાકીય રીતે સોગંદપૂર્વક જણાવું છું કે ઉપર મુજબનાં પરિણામો હું એક જ વર્ષમાં મેળવી શકું છું. જો મારી ઉપરની ખાત્રી મુજબનાં પરિણામો મને પૂરતી સત્તાઓ આપ્યાં છતાં પણ ન મેળવી શકું તો સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા જે સજા નક્કી થાય તે ભોગવવા હું તૈયાર છું. તેની ખાત્રી બદલ આ સોગંદનામું કરૂં છું.

@ ડો. જયેન્દ્રસિંહ જાડેજા

ડો. જયેન્દ્રસિંહ જાડેજા 100 ટકા આત્મવિશ્વાસથી કહે છે કે આતંકવાદ, ગુનાખોરી, ભ્રષ્ટાચાર અને ગરીબી તમામ સમસ્યાઓ એક જ વર્ષમાં ઉકેલી શકાય છે. માત્ર બેજ બાબત જરૂરી છે.

01 તીવ્ર બુદ્ધિશક્તિ

02 અમલ માટેની પ્રામાણિકતા

અમલ કરનાર ખુદ સપૂર્ણ પ્રમાણિક હોવો જોઈએ. બુદ્ધિશક્તિથી વિશ્વની કોઈપણ સમસ્યા ઉકેલી શકાય છે.

ડો. જયેન્દ્રસિંહ જાડેજા એ સમગ્ર વિશ્વમાં એક નવું જ વિજ્ઞાન ''પ્રશાસન વિજ્ઞાન'' નો વિકાસ કરેલ છે. તેઓએ વિશ્વનાં તમામ દેશોનાં પ્રમુખ/વડાપ્રધાનને પત્ર લખીને પ્રશાસનને લગતી કોઈપણ સમસ્યાને પોતે ખાત્રીપૂર્વક લેખિત ગેરંટી સાથે ઉકેલી શકે છે એવું જણાવેલ છે. દા.ત. ભારતમાંથી ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે બનાવેલ ''ડો. જયેન્દ્રસિંહ જાડેજા થિયરી''નાં સિદ્ધાતો લોકપાલ કરતાં ઓછામાં ઓછા 10 ગણા વધુ અસરકારક છે. એક રાજપૂતે દેશનાં વડાપ્રધાન તથા સમગ્ર વિશ્વને પડકાર ફેંકીને રાજપૂતોમાં કેટલી તીવ્ર બુદ્ધિશક્તિ, હિંમત અને પ્રમાણિકતા હોઈ શકે તે સાબિત કરેલ છે.

પ્રશાસન વિજ્ઞાન પર આધારિત ડો. જયેન્દ્રસિંહ જાડેજાનું જાદુઈ પુસ્તક **I can gurantee worldwide control of Terrorism, Crimes, Couruptions and Poverty** નાં વિવિધ પ્રકરણો નીચે મુજબ છે.

01 પ્રશાસન વિજ્ઞાનની વ્યાખ્યા.
02 વિકાસશીલ દેશોની વિવિધ સમસ્યાઓ.
03 વિશ્વની સૌથી ગંભીર આતંકવાદની ઘટના 9/11નો હુમલો.
04 મુંબઈમાં 26/11નો હુમલો.
05 2011 માં 16 સપ્ટેમ્બર સુધી થયેલ 138 આતંકવાદી હુમલાઓ.
06 આતંકવાદી હુમલોઓનું વિશ્લેષણ.
07 સમસ્યાઓના ઉકેલ માટેનો જાદુઈ વિચાર અને તેની ઉપયોગિતા.
08 રોકડા રૂપિયા નાબૂદી.
09 દરેકને એક નંબર આપવો.
10 આતંકવાદ નાબૂદ કરવા આદર્શ એકશન પ્લાન
11 ભ્રષ્ટાચાર નાબૂદી માટે એકશન પ્લાન.
12 ગરીબી નાબૂદી માટે 100% ચોકસાઈપૂર્વકની વિગતો કઈ રીતે મળે ?
13 જાતિ આધારિત ''ભાગલા પાડો અને રાજ કરો'' નીતિનો મુકાબલો
14 મુદ્દા આધારિત ''રેફરેન્ડમ'' એ આખરી સત્તા હોવી જોઈએ.
15 અધિકારીઓની ભરતી પ્રક્રિયામાં ઘરમૂળથી ફેરફાર જરૂરી.
16 પોલીસ અને કાયદાકીય ફેરફારો જરૂરી.
17 રાજકીય પક્ષોમાં ''આંતરિક લોકશાહી''નાં અભાવની ગંભીર સમસ્યા.
18 ચૂંટણી સુધારો ખૂબ જ જરૂરી.
19 જમીનોનાં સોદાઓમાં છેતરપિંડી અટકાવવી કઈ રીતે ?
20 રાષ્ટ્રમાં રોટી, કપડા અને મકાનની સમસ્યા કંઈ રીતે નાબૂદ થઈ શકે?
21 પ્રમાણિક કરદાતાઓની કદર કરવી જરૂરી.
22 ઉત્તમ આરોગ્ય સેવાઓ સસ્તી અને વિનામૂલ્યે કરવી જરૂરી.
23 શિક્ષણમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ડોનેશન પ્રથા નાબૂદ કરવી જરૂરી.
24 દેશની વિવિધ સંસ્કૃતિને સન્માન આપવું.
25 મોંઘવારીને તુરંત કાબૂમાં લઈ શકાય છે !



વ્યસનથી બચ્યા એટલે જિંદગીનો અડધો જંગ જીતી ગયાં...

ક્ષત્રિય સમાજમાં જો પ્રથમ કામ કરવું હોય તો વ્યસનોને હટાવવા પડશે. 'અંધકાર ભલે ગાઢ હોય, દીપકની એક જ્યોત તેને ડરાવી શકે છે. વાતાવરણમાં હવા ભલે હિંસાની હોય, આપણો પ્રયાસ હવાને બદલી શકે છે.' સમાજમાં અફીણ અને બીડીનું વ્યસન ઘટયું છે. તેની સામે દારૂ, જુગાર, મસાલા, ગુટકા અને સીગારેટનું વ્યસન વધ્યું છે. તેમાંય ગુટકાનું વ્યસન તો ખૂબ જ વધ્યું છે. તમાકુનાં કારણે ભારતમાં લગભગ 12 લાખ લોકોને જડબા, ગળા અને જીભનાં કેન્સર થાય છે. દરરોજનાં 2800 માણસો કેન્સરનાં કારણે મૃત્યુનાં મુખમાં હોમાય રહ્યાં છે. આજનો યુવાન હિંમત, જુસ્સો અને ખુમારી ખોઈ બેઠો છે. પડકારોને ઝીલવાની હામ રહી નથી. પગ ઢસરડીને ચાલે છે. જ્યાં ત્યાં થૂંક અને પાનની પિચકારીઓ ઉડાડતો જોવા મળે છે. વ્યસનીઓની રોગ પ્રતિકારક શક્તિ સાવ ઓછી થઈ જાય છે. આંખો નિસ્તેજ થાય છે. જે કમાણી કરી હોય તે પોતાની જ સારવારમાં ખર્ચાય જાય છે. પરિવારની પાછળ તો માત્ર ને માત્ર ચિંતા જ વધે છે. તમાકુનાં વ્યસનનીઓ કુદરતી ભૂખ, પાચનશક્તિ અને ઉંઘ ખોઈ બેસે છે. પોતાના બાળકોનાં ભરણપોષણ અને શિક્ષણ વગેરે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. ક્ષત્રિય સમાજની ઉજળી પરંપરાનું આપણે ગૌરવ લઈ શકીએ. આ સમાજમાં અનેક વીર પુરૂષો, પર દુ:ખભંજન રાજા વીર વિક્રમ, બલિરાજા, શીબિરાજા જેવા ન્યાયપ્રિય અને એકવચની રાજાઓનો તોટો નથી. જૈન ધર્મનાં તમામ 24 તીર્થકારો ક્ષત્રિય હતાં. શ્રી રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર, હરિશ્ચંદ્ર જેવા અનેક રાજ્યપુરૂષો થઈ ગયાં. ગામ, ગાય અને પ્રજાનાં રક્ષણ માટે પોતાના બલિદાનોથી ગામનાં પાદરો પાળીયાથી શોભે છે. આમ છતાં છેલ્લા ઘણા વર્ષોથી વ્યસન આવ્યા પછી સમાજ નબળો પુરવાર થયો છે. આથી વ્યસનથી દૂર રહીએ. જીવો અને જીવવા દો ની ભાવના જીવનમાં અપનાવી એ. સંપ અને સહકારથી જીવન જીવીએ. સહનશીલતા, શિક્ષણ, સમજણ અને સ્વયંશિસ્ત જાળવીએ. અંતમાં આ બાબતે એટલું જ કહેવાનું કે 'કદમ હોય અસ્થિર તેને રાહ કદી નથી જડતો, અડગ મનનાં માનવીને હિમાલય પણ નથી નડતો.'



લગ્ન પ્રસંગમાં થોડો ફેરફાર કરવો જરૂરી છે...

આ જે સમાજનાં કોઈ પણ કુટુંબમાં દીકરા કે દીકરીનો લગ્ન પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. સમાજમાં આર્થિક સમૃધ્ધિ વધી છે ત્યારે આનંદનો આ પ્રસંગ યાદગાર રીતે ઉજવાય તેમાં કાંઈ ખોટું નથી, પરંતુ પ્રસંગમાં ત્રણેક બાબતોમાં ફેરફાર કરવો અત્યંત જરૂરી છે.

ભોજન સમારંભ : લગ્ન પ્રસંગમાં પૈસાની બોલબાલા હોવાથી અનેક પ્રકારનાં વ્યંજનો વાળો ભોજન સમારંભ હોય છે. મોટા ભાગે બુફે હોય છે. બુફે સિસ્ટમ સારી છે, પણ તેનો જે હેતુ છે તે જળવાતો નથી. બુફેનો હેતુ સમયનો બચાવ અને ભોજનનો બગાડ ન થાય તે જળવાતો નથી. આપણો સમાજ પુરુષ પ્રધાન હોવાથી જમવાનું પુરુષ વર્ગથી શરૂ થાય છે. તેઓ કંકોત્રીમાં છપાયેલા સમયથી અડધો કલાક મોડું જમે છે. પરિણામે બહેનો અને બાળકોને જમવાનું ખૂબ મોડું થાય છે. બપોરનાં ત્રણ વાગ્યે વારો આવે. આમાં જે બહેનો સાથે નાના બાળકો હોય તેની સ્થિતિ દયનીય હોય છે. લગ્ન પ્રસંગનાં સમારંભમાં બાળકોને પ્રથમ જમાડી પછી પુરૂષ વર્ગનો જમણવાર શરૂ થાય અથવા ભાઈઓ બહેનો બન્નેનું સાથે જમવાનું શરૂ થાય તે અત્યંત જરૂરી છે. ભલે કાઉન્ટર અલગ હોય, મર્યાદા માટે વચ્ચે પાર્ટીશન બાંધી શકાય. આ ફેરફાર અત્યંત જરૂરી છે.

હસ્ત મેળાપનો સમય : લગ્નનું નક્કી થાય એટલે ઘરનાં વડીલ વર્ગ સૌથી પહેલું કામ કરે છે ભૂદેવ પાસે જઈને લગ્નનું મુહૂર્ત કઢાવવાનું. કંકોત્રીમાં આ બધાં મુહૂર્ત જેમ કે મંડપ મુહૂર્ત, ગૃહશાંતિ અને હસ્તમેળાપ વગેરેનો સમય પ્રિન્ટ થાય છે. જેથી કંકોત્રી વાંચનારને બધા જ સમયની ખબર પડે. પરંતુ એક પણ મુહૂર્ત સચવાતું નથી. બધું અનુકૂળતા પ્રમાણે ચાલે છે. બીજું તો ઠીક પણ હસ્ત મેળાપનો મુખ્ય પ્રસંગ પણ સમય પ્રમાણે થતો નથી. રાત્રે 10.30 હસ્ત મેળાપનું મુહૂર્ત હોય અને કંકોત્રીમાં પણ છપાયું હોય છતાં મિત્રો દ્વારા ડિસ્કો કરીને ગાડીને આગળ ન ચાલવા દેતા વર કન્યા મંડપમાં જ 11 વાગે આવે અને 12.30નાં સમયે હસ્ત મેળાપ થાય. દિવસ, તિથિ, વાર અને ચોઘડીયું પણ ફરી ગયું હોય ! જો આમ જ કરવાનું હોય તો મહારાજ પાસે મુહૂર્ત જોવડાવવાનો અર્થ શું ? સમાજમાં ભાગ્યે જ હસ્ત મેળાપનો સમય સચવાતો હોય છે. કોઈ પણ લગ્નમાં ટાઈમસર હસ્ત મેળાપ થતો જ નથી. જો મુહૂર્તમાં શ્રધ્ધા રાખતા હોઈએ તો સમય પ્રમાણે જ હસ્ત મેળાપ થવો જોઈએ.

દાંડિયા રાસ : લગ્ન પ્રસંગ આનંદનો પ્રસંગ છે. તેમાં મનોરંજન હોય તે સ્વાભાવિક છે. પહેલાનાં વખતમાં બહેનો સાંજનાં સમયે ઢોલે રમતા, હવે આજનાં યુગમાં અદ્યતન વાંજીત્રો દ્વારા 'દાંડિયા રાસ' રમાય તે જરૂરી છે. દાંડિયા રાસ હોય તે દિવસે જમણવાર થોડો વહેલો પૂરો કરી 10 વાગ્યે દાંડિયા શરૂ થઈ જવા જોઈએ. તેમજ રાત્રે 12.30 થી 1.00 વાગે બંધ થઈ જવા જોઈએ, પણ આમ થતું નથી. 12 વાગે શરૂ થાય છે. પરોઢીયે 5 વાગે પુરૂ કરે. પછી સૂવાનો ટાઈમ રહે નહિં. ઘરધણીને મહેમાનોને સાચવવાનાં હોય છે. નાસ્તા વગેરે અપસેટ થાય છે. દીકરીનાં લગ્ન હોય તો બહેનપણીઓ કન્યાને પણ દાંડિયા રાસમાં લઈ આવે એટલે ઉજાગરો થાય. વરપક્ષવાળા પણ હવે દાંડિયા રાસમાં વર કન્યાને જોડે રમાડે છે જેથી કન્યાને બીજા દિવસનો ઉજાગરો થાય. ત્રીજા દિવસે હસ્ત મેળાપ રાત્રે 11 વાગ્યે હોય આથી ત્રણ દિવસનાં ઉજાગરા કન્યાને થાય છે. આમા લગ્નનો આનંદ શું રહે, આથી દરેક લગ્નમાં દાંડિયા રાસ 10 થી 12 બે કલાકજ રાખવા જોઈએ. દીકરીની અગવડતાનો વિચાર કરીને કન્યાને બન્ને જગ્યાએ દાંડિયા રાસમાં હાજર ન રાખવામાં આવે તેમ કરવું જરૂરી છે.

નેત્રદાન



નેત્રદાન એટલે શું ?

માણસનાં મૃત્યુબાદ અમુક સમય માટે આંખનાં અવયવો કાર્યરત હોય છે. આવા સમયે દ્રષ્ટિહીન વ્યક્તિને આંખ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે આંખનું દાન કરવું તેને નેત્રદાન કહેવાય છે.

નેત્રદાન શા માટે ?

એક વ્યક્તિનાં નેત્રદાનથી બે વ્યક્તિઓનાં નેત્રદીપ પ્રગટાવી અંધજનની જીંદગીમાં પ્રકાશ લાવી શકાય છે.

નેત્રદાન ક્યારે કરી શકાય ?

@ વ્યક્તિનું મૃત્યુ થયાં બાદ તરત જ નજીકનાં સગાઓ દ્વારા સરકારી હોસ્પિટલમાં અથવા આઈ બેંકમાં નેત્રદાન અંગે જાણ કરી શકાય.
@ મૃત્યુનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ 6 કલાકમાં નેત્રદાન કરી શકાય.

નેત્રદાન ક્યાં કરી શકાય ?

સરકારી હોસ્પિટલમાં અથવા આઈ બેંકમાં જાણ કરીને નેત્રદાન કરી શકાય.

ક્યાં પ્રકારનું નેત્રદાન સ્વીકારી ન શકાય ?

@ અકસ્માતથી મૃત્યુ પામેલ હોય તથા આંખનાં અવયવો તૂટી ગયેલ હોય તો ડોકટરને બતાવીને નેત્રદાન કરી શકાય.
@ પોસ્ટ મોર્ટમ થયેલ હોય તો પોલીસ ખાતાની મંજૂરી લેવી જરૂરી છે.
@ એઈડ્સ, કેન્સર, કમળો, ધનુર્વા અને હડકવાનાં દર્દી નેત્રદાન ન કરી શકે.

નેત્રદાન માટે ક્યા કાગળની જરૂર પડે ?

@ ફેમીલી કે અન્ય કોઈ ડોકટરે આપેલ મૃત્યુ અંગેનું પ્રમાણપત્ર.
@ નજીકનાં સગાઓનો સંમતિપત્ર તથા એક સાક્ષીની સહી.

નેત્રદાનનો ઉપયોગ કેવી રીતે થાય છે ?

@ આંખની કીકી પરનું પાતળું પારદર્શક પડ જેને કોર્નિયા કહે છે, તે માત્ર ટ્રાન્સપ્લાન્ટ માટે વપરાય છે.
@ આંખો કાઢી લીધા બાદ તેનાં પર યોગ્ય પ્રક્રિયા કરી, તેની ગુણવત્તા આંકી દ્રષ્ટિહીન વ્યક્તિને આંખનાં સર્જન ટ્રાન્સપ્લાન્ટ કરી આપે છે.

નેત્રદાન કરનાર વ્યક્તિનું મૃત્યુ થાય તો આટલું કરો.

@ મૃત્યુનું પ્રમાણપત્ર ફેમીલી કે સરકારી ડોકટર પાસેથી તરત જ મેળવવું.
@ નજીકની સરકારી હોસ્પિટલ કે આઈ બેંકનો તાત્કાલિક સંપર્ક કરો.
@ મૃત્યુ પામનાર વ્યક્તિનાં આંખનાં પોપચાં તરત જ બંધ કરવા.
@ આંખનાં પોપચાં ઉપર ભીનું રૂ અથવા કપડું મૂકવું.
@ પંખો બંધ કરવો, ACની સગવડ હોય તો ચાલુ કરવું.
@ મૃત્યુ પામેલ વ્યક્તિનાં માથા નીચે બે ઓશીકાં મૂકીને માથુ ઊંચુ રાખવું.
@ મૃત્યુ બાદ નેત્રદાન માટે આઈ બેંક તરફથી નિયુક્ત વ્યક્તિ દાતાનાં ઘરે આવીને આંખો 30 મિનિટમાં કાઢી દાનની કાર્યવાહી પૂરી કરે છે.
@ જો તમારા કુટુંબમાં કોઈનું અવસાન થાય તો માનસિક સંતુલન ન ગુમાવતાં, તરત જ નજીકની આઈ બેંકને ફોન કરવો, એ જ તમારું પ્રથમ કર્તવ્ય છે.

નેત્રદાન માટે સામાન્ય જાણકારી

1 નેત્રદાન કોઈપણ વ્યક્તિ કરી શકે છે.
2 માનવજીવનમાં નેત્રદાનને ઉત્તેજન આપવું જોઈએ.
3 નેત્રદાન કરવાથી દાતાનાં મુખમાં કોઈ વિકૃતિ સર્જાતી નથી, તેમજ અંતિમ સંસ્કાર વખતે કોઈ મુશ્કેલી પડતી નથી.
4 ડાયાબીટીસ અને BPનાં દર્દીઓ પણ પોતાની આંખોનું દાન કરી શકે.
5 જેમ બને તેમ જલ્દી એટલે કે મૃત્યુબાદ 6 કલાકમાં નેત્રદાન કરી શકાય.
6 દ્રષ્ટિહીન વ્યક્તિને ટ્રાન્સપ્લાન્ટ કરી આપવાની કામગીરી આઈ બેંક કરેછે.

આટલું ચોક્કસ કરો ?

મૃત્યુ બાદ અગ્નિ સંસ્કારમાં આપણી બે આંખો સંપૂર્ણ બળીને ભસ્મ થઈ જાય છે. ઉત્તમ કાર્ય એ છે કે મૃત્યુ બાદ દાનમાં આપેલી બે આંખ, બે અંધજનની જીંદગીમાં પ્રકાશ પાથરે છે, માટે મૃત્યુ બાદ નેત્રદાન અચૂક કરો.

રક્તદાન

યુવાનીમાં રક્તદાન,
મૃત્યુ બાદ નેત્રદાન અને દેહદાન...

રક્તદાન એટલે શું ?

કુદરતની અમૂલ્ય ભેટ એટલે માનવ શરીરમાં બનતું લોહી, જે કૃત્રિમ રીતે બનાવવું અશક્ય છે. આ લોહીનું જરૂરતમંદ વ્યક્તિઓને દાન કરવું એટલે રક્તદાન. રક્તદાનમાં ફક્ત 250 ml થી 300 ml લોહી આપવાનું હોય છે.

રક્તદાન શા માટે ?

આપણા રક્ત દાનથી કોઈપણ વ્યક્તિની અમૂલ્ય જિંદગી બચાવી શકાય છે. જેમકે અકસ્માત, થેલેસેમિયા, નાના મોટાં ઓપરેશન તેમજ અન્ય રોગની સારવાર વખતે લોહીની જરૂર પડે છે. તેથી રક્તદાન ખૂબ જરૂરી છે.

રક્તદાન કોણ કરી શકે ?

કોઈપણ તંદુરસ્ત વ્યક્તિ ઉંમર 18 થી 60 વર્ષની હોય તેમજ વજન ઓછામાં ઓછું 45 કિલો હોય તેવા સ્ત્રી પુરુષ રક્તદાન કરી શકે છે.

રક્તદાન કોણ ન કરી શકે ?

કોઈપણ બીમાર વ્યક્તિ જેમ કે ટીબી, દમ, ડાયાબિટીસ, એઈડ્સ, ચામડીનાં રોગ તથા કમર દર્દનાં રોગી રક્તદાન કરી શકે નહીં. કમળાનો રોગ મટી ગયા પછી 5 વર્ષ સુધી તથા ગર્ભાવસ્થા કે બાળકનાં જન્મ બાદ એક વર્ષ સુધી તેમજ માસિક ધર્મ દરમ્યાન મહિલાઓ રક્તદાન ન કરી શકે. ન્યુમોનિયા, ટાઈફોઈડ, મેલેરિયા કે અન્ય ઓપરેશન પછી 6 મહિના સુધી રક્તદાન ન કરી શકાય. કોઈપણ તાવ કે શરદી મટી ગયા બાદ 1 માસ સુધી રક્તદાન ન કરી શકાય.

લોહીનાં પ્રકાર કેટલાં ?

લોહીનાં મુખ્ય આઠ બ્લડ ગ્રુપ છે.

1. AB+Ve **2.** AB-Ve **3.** A+Ve **4.** A-Ve
5. B+Ve **6.** B-Ve **7.** O+Ve **8.** O-Ve

નોંધ :

@ પતિ પત્ની બંનેનાં લોહી ગ્રુપ નેગેટીવ હોય તો સ્ત્રીઓએ ગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય ડોકટરની સલાહ લેવી જરૂરી છે.
@ રક્તદાન માટે તમે ફાળવેલ 20 મિનિટ બીજાની જીંદગી બની શકે છે.
@ જળ એ જીવન છે, તો લોહી એ નવજીવન છે.



મા તે મા

@ જ્યાં માતા છે ત્યાં બદરીકેદાર, કાશી, કાબા અને જેરૂસલેમ છે. માતા સર્વોતમ તીર્થ છે.
@ દુનિયામાં સૌથી વધુ મહાન છે માતા અને માતૃભૂમિ.
@ મા સંતાનનાં હૃદયમંદિરની આરાધ્યા છે. માની સેવા એજ ધર્મ છે.
@ મા પૂર્ણશબ્દ અને ગ્રંથ છે. મા યુનિવર્સિટી અને મંત્ર બીજ છે. મા પ્રત્યેક સર્જનનો આધાર છે.
@ સંતો, સંન્યાસી કે અવધૂત ઉચ્ચ કોટિનાં હોવા છતાં, તેઓ તેમની જનેતાને ભૂલતા નથી.
@ ઈશ્વર સદેહે બધે પહોંચી શકે નહિં , માટે એણે માતાનું સર્જન કર્યું છે.
@ જગતની માતાઓ સંતાનને એક જ આશીર્વાદ આપે છે. ધર્માત્મા થા.
@ સંસારનાં પાંચ પ્રત્યક્ષ દેવઃ માતા, પિતા, ગુરૂ, પૃથ્વી અને સૂર્ય.
@ માતૃસેવામાં જો દેહ ને કષ્ટ પડે તો દેહનું દિવ્યમાં રૂપાંતર થઈ જાય.
@ જેણે માતાની સેવા કરી નથી, તેનું જીવન વ્યર્થ છે.
@ 'મા'નો અર્થ દુનિયાની બધી જ ભાષાઓમાં એક જ થાય છે.
@ મહાભારત કહે છે કે બધા ગુરૂઓમાં સર્વશ્રેષ્ઠ ગુરૂ મા છે.
@ નાનાં બાળકોનાં હોઠ અને હૃદયમાં માનું જ નામ હોય છે.
@ મા શબ્દમાં મહાકાવ્ય છુંપાયેલું છે.
@ માતા શબ્દ નથી, શબ્દતીર્થ છે.
@ માતાનાં શબ્દેશબ્દમાં ભગવાન પરની અખૂટ શ્રદ્ધા પ્રગટ થતી હોય છે.
@ માતા અને માતૃભૂમિનું સ્થાન સ્વર્ગ કરતાં પણ ઊંચુ છે.
@ ધરતીનું ધૈર્ય, ચંદ્રની શીતળતા અને વહેતા ઝરણાની નજાકત લઈને પ્રથમ વખત'મા'શબ્દ પ્રગટયો હશે, ત્યારે દશે દિશાઓ માધુર્યથી છલકાઈ ગઈ હશે.
@ પુત્રની યશસ્વી કારકિર્દી એ જ માતાની નિરંતર ઝંખના હોય છે.
@ શબ્દકોષનાં શબ્દોમાં જે મીઠાશ નથી, તે મીઠાશ 'મા' શબ્દમાં છે.
@ બાળકની ઉન્નતિનો આધાર તેની માતા ઉપર જ છે.
@ માતા જેવી કોઈ છાયા નથી, માતા જેવી કોઈ ગતિ નથી, માતા જેવું કોઈ રક્ષણ નથી અને માતા જેવી કોઈ પરબ નથી.
@ સહારાનાં કણ કણને ગણી શકાય, સમુદ્રનાં બિન્દુને ગણી શકાય, ફલકનાં સિતારાઓને ગણી શકાય, પરંતુ માના ઉપકારોને કદીયે ગણી શકાય નહીં.
@ ભગવાનને ભજવાથી મા નથી મળી શકતી, પરંતુ મા ને ભજવાથી ભગવાન મળી શકે. સાચું સ્વર્ગ આપણી માતાનાં ચરણામાં છે.



સંતાનોને...

તે જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો, ત્યારે મા તારી પાસે હતી. મા છેલ્લો શ્વાસ લે ત્યારે તું એમની પાસે રહેજે...

@ સંસારની બે કરૂણા : મા વિનાનું ઘર અને ઘર વિનાની મા.
@ જે દિવસે મા બાપ તમારા કારણે રડે છે, ત્યારે તમે કરેલ ધર્મ એ આંસુમાં વહી જાય છે.
@ દોઢ કિલો વજન ઉંચકીને ઉભા રહેતા તારો હાથ થાકી જાય છે, તો તને નવ મહિના મા એ ઉદરમાં કેવી રીતે ઉચક્યો હશે, આટલું તો વિચાર... !

@ જે માતા પોતાના પતિ અને સંતાનોને નિરંતર આનંદમાં રાખે તેની પાસે આખા જગતની સામ્રાજ્ઞીનો વૈભવ તુચ્છ છે.
@ બાળક કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય માતાની ગોદમાં જ શીખે છે.
@ માનવતાનું મહાવિદ્યાલય માતાનાં ચરણોમાં છે.
@ માતાનાં દેહમાંથી જન્મતું શિશુ તેના દૂધથી પોષાય છે, તેના લાડ કોડથી મોટું થાય છે અને તેના પ્રેમથી માનવ બને છે.
@ યૌવન ચાલ્યું જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે, પરંતુ માતાનો પ્રેમ સદા વધતો રહે છે.
@ મા વૃધ્ધ થાય, પરંતુ તેના સંતાન સદા બાળક જ રહે છે.
@ દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય વધે, સો આચાર્ય કરતાં એક પિતા વધે અને સહસ્ત્ર પિતા કરતાં એક માતા વધે.
@ પુત્ર કુપુત્ર થાય, પરંતુ માતા કુમાતા ન થાય.
@ પ્રત્યેક કલાકાર પોતાની કલાકૃતિ નીચે પોતાનું નામ લખે છે, પરંતુ જનેતા પોતાના બાળકને એના પિતાનું નામ આપી દે છે.
@ ઈશ્વરને નહિ માનનારો માતૃત્વનાં મહિમાને નહિં અવગણી શકે.
@ પહેલાં જ્યારે આસું આવતાં ત્યારે બા યાદ આવતી, હવે જ્યારે બા યાદ આવે ત્યારે આસું આવે છે.
@ મા એક એવી ઋતુ છે જેને કદી પાનખર આવતી જ નથી.
@ માતૃભાષા, માતૃભૂમિ અને માનો કોઈ વિકલ્પ નથી.
@ માતાનાં પ્રેમમાં કોઈ ભાગ ન પડાવે તેથી કેટલાય સંતાનોએ આજીવન અવિવાહિત રહેવાનું પસંદ કર્યું.
@ મા થાકયાનો વિસામો છે, હારેલાની હામ છે, શાંતિનું પરમ ધામ છે.
@ ગણ અને ગુણનાં પતિ એવા ગણપતિએ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાને બદલે પોતાની માતા પાર્વતીની પ્રદક્ષિણા કરવાનું ઉચિત માન્યુ હતું.
@ 'ઈશ્વર' સજા કરે, ત્યારે 'મા' માફ કરે છે.
@ જનની ગોદમાં અને ગુરૂની છાયામાં જે જ્ઞાન અને પ્રેમ મળે છે. તે ગ્રંથોમાં ગોથા મારવા છતાં મળતું નથી.
@ માતાની મમતાથી મોટું કોઈ નથી.
@ મા એટલે ગુરૂ, મા એટલે કલ્પવૃક્ષ, મા એટલે સુખનો સાગર, મા એટલે પ્રેમનું પિયર, મા એટલે સર્વ મંગલનો સાર અને મા એટલે અમૃતની ધાર.
@ માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી, ઈશ્વરે માને મોકલી.
@ મા અને ક્ષમા બન્ને એક છે, કેમ કે માફી આપવામાં બન્ને નેક છે.

સ્વર્ગમાંથી દીકરીએ જનેતાને લખેલ પત્ર...

મારી વ્હાલી મમ્મી,

તું હવે દવાખાનેથી ઘરે આવી ગઈ હોઈશ. તારી તબિયતની મને ચિંતા થાય છે. હવે તારી તબિયત સારી હશે. તારી કૂખે મારો અંશ રહ્યો ત્યારે મને વાત્સલ્યથી ઊભરાતો 'મા'નો ચહેરો જોવાની ઝંખના હતી. મારા ગાલ તારી એક વ્હાલભરી ચૂમી માટે તલસતા હતાં, મારે મારી જનેતાનાં હાથમાં ફૂલ બનીને ખીલવું 'તું, મારે મારી માનો ખોળો ખૂંદવો' તો. મારે તારા આંગણામાં પગલી પાડવી'તી અને આપણા ઘરને કિલ્લોલથી ભરી દેવું' તું. મને તારૂં હાલરડું સાંભળતાં સાંભળતા ઊંઘવાની ઝંખના હતી. કુદરતે મને તારો દીકરો બનાવ્યો હોત તો પણ મને કંઈ વાંધો ન હતો. પણ...તને તો કુદરતનો ન્યાય મંજૂર ન હતો, તને તો દીકરાની ઝંખના હતી. તારે માત્ર સંતાનથી ખોળો નો'તો ભરવો. તારે તો ભવિષ્યમાં કમાઉ દીકરાની સંપત્તિથી ઘર ભરી દેવું' તું. તારે કોઈ પારકી થાપણ નો' તી ઉછેરવી, તારે મિલ્કતનો વારસ ઉછેરવો' તો અને ઘડપણમાં દીકરા વહુનાં પ્રેમ, સેવા અને દુઃખમાં આંસુ લૂછવાનો સહારો જોઈતો હતો. તને તારી છાતીમાં ઉભરાતા ધાવણનું કોઈ મૂલ્ય જ નો' તુ. એટલે જ તે દવાખાને જઈને મારાથી છૂટકારો મેળવી હાશકારો અનુભવ્યો હશે. ત્યારે ડોક્ટરનાં ચીપિયા ખાઈને તારું આ ફૂલ આક્રંદ કરતું તરફડતું હતું. મને હતું કે હમણાં મારી મમ્મી વ્હારે આવશે, પણ કદાચ તને દયા નહીં આવી હોય, પણ ઈશ્વરને દયા આવી ગઈ. ધબકતું હૈયું ફટ દઈને ફાટી ગયું અને મને તરત જ ઉપર બોલાવી લીધી. તું ય છોકરી થઈને કોઈક માની કૂખે અવતરેલી એ વાત તુ કેમ ભૂલી ગઈ ? બીજું તો ઠીક છે, પણ તારા પેટને મારી કબર બનાવતા તને જરાયે શરમ ન આવી ? ચિંતા ન કરતી, હવે ભઈલો જ્યારે જન્મ લે ત્યારે તેને આ દીદીની યાદ આપજે. રક્ષાબંધનને દિવસે મને યાદ કરીને ભાઈલાને મારા આશીર્વાદ આપજે અને પપ્પાને મારા પત્રની વાત ન કરતી, એ નાહકનાં આપણા બન્ને પર ચિડાશે, એમને હાર્ટની બીમારી છે.તેમને બરાબર સાચવજે... મમ્મી, મારે બીજી કૂખે જન્મ લેવાની ઉતાવળ છે, એટલે નીકળું છુ... આવજે... !

લિ. તારી લાડકી દીકરી...



ફેશન વર્લ્ડ

▶ Fashion World for Quality Life



ફેશનેબલ બનો, જોકર નહીં. ફેશનનાં નામે ઉત્સાહી સ્ત્રી પુરુષો કેવા કેવા ગોટાળા કરતાં હોય છે ?

સ્ત્રીઓ માટે @ કલર રાયટ : રેડ, પિન્ક, યલો, ગ્રીન અને બ્લુ રંગો ખૂબ જ સારા લાગે, પણ ભડક રંગો એકસાથે ન પહેરતા. આ રંગો મેઘધનુષ્યમાં એકસાથે દેખાવા જોઈએ, ડ્રેસમાં નહીં. એટલે ભૂલેચૂકે ભડક રંગો એકસાથે ન પહેરી લેવાય તે ધ્યાનમાં રાખશો,

મિસ ચમકો ન બનો : બન્ટી ઔર બબલી જેવી ફિલ્મ જોઈને તમારા સલવાર સૂટ પર સિક્વન્સ અને ગોટાપટ્ટી બધું જ એકસાથે ન લગાવો. તમે ફેશનેબલ લાગવાને બદલે જોકર લાગશો, એટલે ઈચ્છા પર કન્ટ્રોલ રાખો. ટ્રેન્ડમાં હોય એ બધું જ પહેરવું જરૂરી નથી. પ્લેન સલવાર સાથે થોડી સિકવન્સ અથવા ગોટાવાળો કુર્તો સારો લાગશે.

પેરોક્સાઈડ બ્લોન્ડ : પાર્ટીમાં તમને ડાર્ક રેડ અને સિલ્વર બ્લોન્ડ દેખાશે. આ રંગો ભારતીય ચહેરા પર કંઈક જુદા લાગશે. ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે બ્લોન્ડ કન્યાનાં આઈબ્રો બ્રાઉન કે બ્લેક છે. વિદેશી રંગો વાળ પર લગાવતા પહેલાં એક્સપર્ટની સલાહ લો.

શરીર ન દેખાડો : આજે શરીર એક્સપોઝ થાય તેવા વસ્ત્રો પહેરવાનું કોમન બની રહ્યું છે. તમારા પેટ પર ચરબીનાં થર હોય તો ટૂકું ટી શર્ટ પહેરતાં દસ વાર વિચારજો. પગ જાડા થાંભલા જેવા હોય તો મિની સ્કર્ટ કે ટૂકું સ્કર્ટ ન પહેરશો. સ્કિન ટાઈટ પેન્ટમાંથી પણ તમારી ચરબી દેખાશે.

આછા રંગ નીચે કલર ફૂલ અંડરવેયર : ગરમીનાં દિવસોમાં સફેદ સલવાર કમીઝ પહેરેલી મહિલાએ કલરફૂલ ડિઝાઈનવાળો અન્ડરવેયર પહેર્યો હોય કે કલરફૂલ બ્રા પહેરી હોય તો એનાથી વરવુ બીજું શું હોઈ શકે ? સફેદ રંગ પ્રકાશમાં ગ્લો થશે એટલે આછા રંગનાં કપડાં સાથે હંમેશા ફલેશ ટોનનાં અન્ડરવેયર પહેરો.

પ્રિન્ટ પીકોક : ફલોરલ પ્રિન્ટ સારી લાગે, ચેક્સ પ્રિન્ટ ફેશનમાં છે. એબસ્ટ્રેક્ટ કાર્ટૂન, ફીગર પ્રિન્ટ લેટેસ્ટ ઈન થિંગ છે. આ બધું એક જ ડ્રેસમાં ન પહેરો. જેમ કે સ્ટ્રાઈપવાળું પેન્ટ અને ડોટેડ પ્રિન્ટવાળું ટી શર્ટ, ફૂલોરલ પ્રિન્ટ અને ચેક્સ પ્રિન્ટનું જેકેટ અથવા એબસ્ટ્રેક્ટ પ્રિન્ટની સલવાર, ફલોરલ કુર્તો અને પ્લેન દુપટ્ટો. ફેશનમાં ય થોડી સ્પેસ રાખો કાબરચીતરાં ન બનો.

બ્રેથલેસ ટ્રાઉઝર : પાતળા દેખાવાની ઈચ્છા ધરાવતી માનુનીઓ નાની સાઈઝનું પેન્ટ તાણીતૂસીને ચઢાવે છે. ટાઈટ પેન્ટમાંથી પેન્ટીની લાઈન દેખાય તો ખૂબ જ ખરાબ લાગે છે. એટલે ફિટ પેન્ટને પરાણે ન પહેરશો. પાતળા દેખાવાને બદલે ખરાબ દેખાશો.

અભી તો મેં જવાન હું : યંગ એટ હાર્ટ હોવું એ સારી વાત છે. તમારી ઉંમરને ધ્યાનમાં રાખીને કપડાં પહેરો. કોલેજ જતી ટીનેજ છોકરીઓની જેમ હિપબોન દેખાતુ જીન્સ, ટાઈટ ટી શર્ટ કે પેન્સિલ હિલ તમને ઉંમર થતાં શોભશે નહીં. મલાઈકા અરોરા જેવું સેક્સી ટોન્ડ બોડી હોય તો પણ એકસાથે આ ત્રણેય ચીજ ન પહેરવી.

ક્લિવેજ શો : લો કટ બ્લાઉઝ : સલવાર કમીઝ કે ટોપ પહેરો ત્યારે તંગ બ્રા પહેરી હશે તો ખરાબ દેખાશે, બહારનાં કપડાંનો ઉઠાવ ત્યારે જ આવે જયારે અંતઃવસ્ત્રો યોગ્ય હોય. યોગ્ય ફિટીંગવાળી બ્રેસિયર્સ તમારા દેખાવને સુંદર બનાવશે. હંમેશા સારી બ્રાન્ડની, યોગ્ય શેપ ધરાવતી બ્રેસિયર્સ ખરીદો.

નો ટુ લો વેસ્ટ : લો વેસ્ટ જીન્સ પહેરો ત્યારે પેન્ટી પણ લો વેસ્ટ પહેરો નહીં, સહેજ નીચે વળશો કે સીટ પર બેસવા જશો તો પાછળથી પેન્ટી ડોકિયું કરશે. જો તમે અન્ડર ગાર્મેન્ટ્સનાં મોડલ હો તો ઠીક છે, બાકી પેન્ટી દેખાય એવા પેન્ટ ન પહેરો અથવા પેન્ટી ન દેખાય એનું ધ્યાન રાખો.

ગંદા ન લાગો : તમારી દશ્યમાન ત્વચા હંમેશા સાફ અને સુંદર હોવી જોઈએ. સ્લીટ કટ સ્કર્ટ પહેરશો અને પગ વેક્સ કરેલા નહીં હોય તો ગંદા દેખાશે. ઉનાળામાં સ્લીવલેસ પહેરો ત્યારે અન્ડર આમર્સ ક્લીન હોવા જોઈએ. કાળા ડાઘા ધરાવતા અન્ડરઆર્મ્સ સાથે સ્લીવલેસ ન પહેરો. પરસેવાનાં રેલા ઊતરતા હોય તે સારું નહીં લાગે. ફેશન કરતાં પહેલા અંગત સ્વચ્છતા અનિવાર્ય છે.

પુરુષો માટે @ રંગોની રેલમછેલ : આ મુદ્દો પુરુષોને પણ લાગુ પડે છે. વધુ પડતાં રંગો ધ્યાન ખેંચશે, પરંતુ કોઈ વખાણ નહીં કરે. તમારાં આઉટફિટમાં ફક્ત ત્રણ રંગનો ઉપયોગ કરો. તમે જેટલા સિમ્પલ હશો તેટલા સારા લાગશો. એકબીજા સાથે જામે એવા કોમ્પિલમેન્ટરી અથવા એનેલોગસ રંગો પસંદ કરો. એક સાદો નિયમ પાળીને ભૂલ કરતાં બચી શકો છો. આછા રંગનાં કપડાં સાથે આછાં રંગનાં શૂઝ અને ડાર્ક રંગનાં કપડાં સાથે ડાર્ક રંગનાં શૂઝ પહેરવાનો નિયમ યાદ રાખો.

બેલ્ટ બોનાન્ઝા : બ્લેક શૂઝ સાથે બ્રાઉન કે બીજા રંગનો બેલ્ટ સારો ન લાગે. બ્લેક પટ્ટો દરેક પેન્ટ શર્ટની સાથે મેચ ન થાય. આછા રંગનાં કપડાં સાથે આછા રંગનો બેલ્ટ પહેરો અને ડાર્ક રંગનાં પેન્ટ સાથે ડાર્ક રંગનો બેલ્ટ પહેરો. બેલ્ટ હંમેશા પેન્ટનાં માપનો જ હોવો જોઈએ. ફોર્મલ પેન્ટ પર બક્કલ ધરાવતાં બેલ્ટ સારા ન લાગે. બકકલનો રંગ ઉતરી ગયેલો હોય કે સ્ક્રેચ પડ્યા હોય તો પણ લોકોનું ધ્યાન ખેંચાશે. પટ્ટા વગર પેન્ટ ન પહેરો.

ટૂ મેની ફેબ્રિક્સ : ઉનાળા અને શિયાળાનાં કપડાં જુદાં જ હોય. શિયાળાનાં કપડાં થોડા જાડાં અને ભારે હોય, જયારે ઉનાળામાં મોટે ભાગે કુદરતી રેસાનાં કપડાં જ વપરાય. સિલ્કનું શર્ટ કે પોલિયેસ્ટર પેન્ટ ન પહેરાય. કોટન શર્ટ સાથે કોટન પેન્ટ પહેરો, લેધર પહેરો તો એની સાથે મિક્સ થતું કપડું જ પહેરી શકાય. નહીં તો લોકો તમારી ડ્રેસ સેન્સ જોયા કરશે.

કપડાંને સંભાળો : કધોણું કે ફેડ થઈ ગયેલું પેન્ટ અને શર્ટ ઓફિસમાં ન પહેરો. ખિસ્સાની કિનારી તથા પેન્ટનું બોટમ જલદી ઘસાઈ જાય એટલે પેન્ટ ઉતારો ત્યારે જોઈ લો. શર્ટનો કોલર અને બાંયનો કફ ઘસાયેલા હોવા નજોઈએ.

મેલાં કપડાં ન પહેરો : ડાઘા ડૂઘીવાળાં કપડાં પહેરાય ન જાય તે માટે કપડાં વોર્ડરોબમાંથી કાઢો ત્યારે બરાબર તપાસો. ડાઘ હોય તો સ્ટેઈન રિમૂવરથી દૂર કરો, પછી ધુઓ. મેલા કે ડાઘાવાળાં કપડાં પર લોકોનું ધ્યાન ખેંચાશે. એ જ રીતે રૂમાલ ચોખ્ખો અને ઈસ્ત્રી કરેલો વાપરો. મેલાઘેલો કે ચોળાયેલો રૂમાલ તમારી પ્રતિભાને ઝાંખી પાડશે.

પેન્ટને માપમાં કાપો : પેન્ટ ખરીદતાં પહેલા તેને માપો. દરેક બ્રાન્ડમાં થોડો ફરક હોય છે. હંમેશા યાદ રાખો પેન્ટની લંબાઈ તમારી શૂ હિલની ઉપર સુધી જ હોય. જીન્સ પેન્ટ લાંબુ હોય તો ચાલે, બીજું કોઈ પેન્ટ લાંબુ કે ટૂકું સારું ન લાગે. તમે ચાલો ત્યારે મોજાં દેખાય તો સમજો કે પેન્ટ ટૂકું છે. તમે બેસો ત્યારે બે ઈંચથી વધુ મોજાં ન દેખાવા જોઈએ.

પેન્ટની સીટ સંભાળો : પેટ ઉપરથી પહેરેલું પેન્ટ તમને આઉટ ઓફ શેપ દર્શાવશે, જો તમારી કમર ટૂંકી હોય તો શોર્ટ વેસ્ટેડ પેન્ટ પહેરો. જીન્સ કે ખાખી પણ લો રાઈઝ પહેરો. ફ્રન્ટ પોકેટનાં પેન્ટ પસંદ કરો.

ટી શર્ટ : ટી શર્ટ બહું લાંબુ કે ટૂકું ન હોવું જોઈએ. કલ્પના કરો તમારા પૂરા હિપ ઢંકાઈ જાય એવું ટી શર્ટ કેવું લાગશે ? જો એને ઈનશર્ટ કરો તો? લાંબુ ટી શર્ટ ખરીદો જ નહીં અને ખરીદો તો ઈનશર્ટ ન કરો. ટી શર્ટ હંમેશા તમારી અડધી ચેન ઢંકાઈ જાય એટલું જ લાંબુ હોવું જોઈએ. એનાથી ટૂકું હશે તો વાંકા વળતાં કે હાથ ઊંચા કરતાં શરીર દેખાશે. ટી શર્ટ સિમ્પલ અને સોબર સારું લાગશે, ગમે તે લખાણવાળું કે મોટાં લોગોવાળું ટી શર્ટ દરેક જગ્યાએ પહેરાય નહીં. સિમ્પલ ટી શર્ટ પર તમે જેકેટ કે સ્વેટર પહેરી શકશો.

મોજાંની મોજ : મોજાંનો રંગ આછો હોવો જોઈએ. બ્લેક પેન્ટ સાથે લાલ કે સફેદ મોજાં ન પહેરો. તે જ રીતે બ્રાઉન રંગનાં પેન્ટ સાથે બ્લેક કે ગ્રે મોજાં ન પહેરો. મોજાં ગંદા કે ફાટેલાં ન હોવાં જોઈએ. મંદિર કે કોઈનાં ઘરમાં બૂટ ઉતારશો તો તમારી કિંમત થશે, મોજાંનુ ઈલાસ્ટિક વધુ પડતું ટાઈટ કે ઢીલું ન હોવું જોઈએ. મોજાંને સેન્ડલ સાથે ન પહેરો.

ગળે ફાંસો ન બાંધો : ટાઈ પહેરો ત્યારે ટાઈનાં રંગ અને ડિઝાઈન ધ્યાનમાં રાખો. શર્ટ અને પેન્ટની સાથે ટાઈ મેચ થવી જોઈએ. બહુ ડાર્ક કે બોલ્ડ ડિઝાઈનની ટાઈ લોકોનું ધ્યાન ખેંચશે. ટાઈ બાંધો ત્યારે તેની ગાંઠ ક્રીઝ વગરની હોવી જોઈએ. બહુ ટાઈટ કે ખૂબ ઢીલી ટાઈ પણ સારી નહીં લાગે. ટાઈની લંબાઈ બેલ્ટનાં બક્કલ સુધી હોવી જોઈએ. લાંબી કે ટૂંકી ટાઈ તમારો દેખાવ બગાડશે. ઘસાઈ ગયેલી કે ફાટી ગયેલી ટાઈ ભૂલમાં પણ ન પહેરો.

ધાનેરા તાલુકા ફ્રૂટ & વેજીટેબલ પ્રોડક્ટસ
ખરીદ વેચાણ & પ્રોસેસીંગ સહકારી મંડળી લિ.

ગંજ બજાર, મુ.પો.તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

- ઓડિટ વર્ગ : અ
- સંસ્થા કૃષિ પ્રોડક્ટ્સનું ખરીદ વેચાણ કરે છે.
- રાસાયણિક ખાતર અને બિયારણ સંસ્થામાંથી લેવાનો આગ્રહ રાખો.

મોહનભાઈ પટેલ : ચેરમેન : **9925638555**

મિત્ર જેવો હોવો જોઈએ જીવનસાથી

છેલ્લાં ઘણા સમયથી જોઈએ તો યુવતીઓ બદલાઈ રહી હોય તેવું લાગે છે. આ વાત કોઈ સિરિયલોમાં દેખાતી સ્ત્રીઓની નથી. વાત છે અમદાવાદ જ નહીં સમગ્ર ભારતમાં રહેતી સ્ત્રીઓની, તેઓ આજે અલગ વિચારો ધરાવતી થઈ ગઈ છે. વુમન્સ ડેનાં દિવસે પ્રતિધ્વનિએ આ વાત સર્વે કરીને જાણી, આજનાં જમાનાની ફાસ્ટ ફોરવર્ડ ગણાતી 21 થી 25 વર્ષની યુવતીઓ તેમના પતિની મિત્ર બનીને રહેવાનું પસંદ કરી રહી છે, તેમનું માનવું છે કે મિત્રતા એક એવો સંબંધ છે, જેમાં ઔપચારિકતા હોતી નથી.

- 21-25 વર્ષ દરમિયાન લગ્ન કરી લેવાં જોઈએ કે નહી? હા 45%, ના 55%
- તમારી જિંદગીને કેવી રીતે પ્લાન કરશો? પહેલાં કરિયર 52%, બંને સાથે 2%, પહેલાં લગ્ન પછી કરિયર 46%
- કરિયર પ્રથમ હોય તો લગ્ન કઈ ઉંમરે કરવાં જોઈએ? 25 વર્ષ પછી 60% 30 વર્ષ પછી 34%, લગ્ન જરૂરી નથી 6%
- તમારા મતે કેટલાં બાળકો હોવા જોઈએ? માત્ર એક જ 34%, બે બાળકો 56%, દત્તક લેવાનું પસંદ કરીશું 10%
- તમે કેવી પત્ની બનવાનું પસંદ કરશો ? ઘરને સમર્પિત 13%, ઘર અને બહાર સંતુલન રાખશો 79%, ફેમિલીને મદદ કરનાર 8%
- તમે કેવી મા બનવા માગો છો ? બાળકો પર પૂરી નજર હોવી જોઈએ 30%, છૂટ આપવી પણ નિયંત્રણ મુજબ 60%, બાળકોને તેમના પ્રમાણે આગળ વધવા દેવા 10%
- પિતા કેવા હોવા જોઈએ? નિયંત્રણ અત્યંત પ્રિય હોય 40%, પિતાનો થોડો ડર હોય 48%, મિત્ર જેવા પિતા 12%
- કેવા પરિવારમાં લગ્ન કરશો ? સંયુક્ત 56%, એકલ 28% મધ્યમ 16%
- કેવી રીતે ઓળખાવાનું પસંદ કરશો ? પતિની ઓળખથી 46%, સ્વતંત્ર ઓળખ 50%, બાળકની ઓળખથી 4%
- લગ્ન બાદ માતા પિતાની જવાબદારી લેવાનું પસંદ કરશો ? હા 24%, ના 74%, નક્કી નથી 2%
- લગ્નનાં 7 વર્ષ પછીની લાઈફ કેવી ? પરિવાર કહે તે મુજબ 2%, દરેક પળ જીવવાની ઈચ્છા 36%, તે સમયે નક્કી કરીશું ? 62%
- તમે મિત્રની જેમ રહેતો પતિ જોયો છે ? ખૂબ જ ઓછો 60%, ના 28%, ભાગ્યે જ હોય 12%
- સાસરીનું માનસ કેવું હોવું જોઈએ? અભ્યાસ કરવા દે 40% નોકરી કરવા દે 44%, પર્સનલ લાઈફમાં ઈન્ટરફિયર ન કરે 16%
- પતિ પત્નીનો વ્યવહાર કેવો હોવો જોઈએ ? પોતાની પસંદથી જીવન જીવે 30%, મિત્રની જેમ રહે 46%, પતિની સલાહ જરૂરી 24%

બેગ પકડવાની સ્ટાઈલથી જાણો તમારૂ વ્યક્તિત્વ...

તમામ મહિલાઓ બેગને અલગ અલગ રીતે પકડવાનું પસંદ કરે છે. બેગ પકડવાની તમારી સ્ટાઈલ પર્સનાલિટી અંગે શું કહે છે તે વિશે જાણો...

અંડર આર્મ : તમને બેગ હાથમાં પકડવી જરાય નથી ગમતી, તેનાથી તમે કંટાળી જાવ છો. બેગને ખભા નીચે દબાવીને હાથ ખાલી રાખવા માગો છો.

ક્રોસ શોલ્ડર બેગ : તમે પોતાની નહીં, પરંતુ એસેસરીઝ અને ખાસ કરીને બેગને આકર્ષણનું કેન્દ્ર બનાવવા માંગો છો. તમે મુક્ત વિચારોનાં છો.

ધ ડ્રેપ પેટર્ન : તમને વધુ સામાન ઊંચકવાનું નથી ગમતું. આપ કોઈ ફેશન સ્ટેટમેન્ટની શોધમાં નથી, પરંતુ મેટલ વર્ક પસંદ કરો છો.

ધ હુક સ્ટાઈલ : સેલેબ્સ મહિલાઓ બેગને આ રીતે જ પકડે છે. તેનાથી વર્ચસ્વ અને બેગની બ્રાન્ડ અંગે ખબર પડે છે. તમે પોતાને આકર્ષણનું કેન્દ્ર બનાવવા માગો છો.

મલ્ટીટાસ્કિંગ : તમારી પસંદગી જાણી શકાય છે. તમે વધારાનો સામાન ઉઠાવવાનું પસંદ કરો છો. એક બેગ શોલ્ડર પર, બીજી હાથમાં.



➤ Fit India for Quality Life

હેલ્થ ડ્રિંકસની A To Z ગાઇડ

બજારમાં વિવિધ ફૂટ, જ્યૂસ અને હેલ્થ ડ્રિંકસ ઉપલબ્ધ છે. કયાં ફૂટથી સ્વાસ્થ્યને વધુ ફાયદો થશે તેની A To Z ગાઈડ તૈયાર કરી છે. તેને દિનચર્યામાં સામેલ કરી શકો છો. આવો જાણીએ તેના ફાયદા અંગે...

A એપલ @ સફરજન : એપલ જ્યૂસ પીવાથી વજન ઝડપથી ઘટે અને કોલેસ્ટ્રોલનું સ્તર ઓછું થાય છે. શ્વાસની તકલીફોમાં રાહત મળે અને ડાયાબિટીસનું જોખમ ઘટે છે. મગજ શક્તિ ઝડપી રહે છે.

B બીટ : મીઠા અને મૂળવાળા બીટનો જ્યૂસ અથવા કંચુબરને ઓરેન્જ જ્યૂસ સાથે મેળવીને પીવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.

C સિલેન્ટ્રો @ કોથમીર : સિલેન્ટ્રોને તરબૂચ સાથે મેળવીને મિશ્ર જ્યૂસ પી શકાય. સિલેન્ટ્રોમાં ડી ટોકિસફાઈગ પ્રોપર્ટીઝ હોય છે, જે ત્વચા માટે ખૂબ લાભદાયી છે.

D ડેન્ડીલિયન ગ્રીન્સ : પાંદડા અને મૂળ બંનેનું જ્યૂસ બની શકે છે. જેમ છોડ વધે તેમ કડવાશમાં વધારો થાય છે. આથી તેને મધ સાથે પીવું જોઈએ. ત્વચાની એલર્જી દૂર થાય છે.

E ઇપાજોટ @ મેક્સિકોમાં મળતી એક જડીબુટ્ટી : જયૂસમાં નાંખવાથી સ્વાદ ખટાશ પકડે છે. રોજ પીવાથી પેટ અને ફેફસાંની બીમારીઓ થતી નથી.

F ફેનલ @ વરિયાળી : ખાવામાં તે મીઠી હોય છે. સુગંધ પણ સરસ હોય છે. જ્યૂસમાં નાંખીને પીવાથી સ્વાદ બદલાઈ જાય છે. ફેનલમાં પાંદડા વધારે હોવાથી સ્વાદમાં ફેરફાર થાય છે.

G જિંજર @ આદું : જ્યૂસમાં નાંખવાથી તીખાશ વધે અને સ્વાદ બહેતર બને છે. આદું હંમેશાં છાલ ઉતારીને ઉપયોગમાં લેવું. તેનું સેવન કરવાથી શરીર માટે ન્યુટ્રિયન્ટ્સને એબ્સોર્બ કરવાનું સરળ થઈ જાય છે. પેટની તકલીફોમાં રાહત થાય છે.

H હની ડ્યૂમેલન @ એક પ્રકારનું તરબૂચ : તેની સુગંધ ફૂલ જેવી હોય છે. તે પીવાથી શરીરમાં શક્તિ વધે છે. તેમાં વિટામિન C અને B 6 હોય છે. પોટેશિયમ અને ફાઈબર અધિક પ્રમાણમાં હોય છે. બ્લડપ્રેશર વધતું નથી.

I ઇટાલિયન સ્વીટ પીપર : કેન્સરનાં દર્દીઓ માટે સ્વીટ પીપર જ્યૂસ લાભદાયી છે. તેમાં 30 પ્રકારનાં કેરેટનોઈટ્સ હોય છે. ડાયેટમાં વિટામિન C નું પ્રમાણ વધારવું હોય તો પરફેકટ ઓપ્શન છે.

J જાલાપીનો @ તીખા કે લીલા મરચાં : તે જ્યૂસમાં નાંખવાથી સ્વાદ સારો થાય છે, પરંતુ નાંખતા પહેલાં બીજ અલગ કરવા. તે પીવાથી માઈગ્રેનની સમસ્યા દૂર થાય છે.

K કેલ @ એક પ્રકારની કોબિજ : કેલનું પ્રમાણ 20 થી 22 ટકા રાખવું, તેની ફલેવર ઘણી તીવ્ર હોય છે. કેલરી ઓછી અને ફાઈબર વધુ હોય છે.

L લેમન @ લીંબુ : તેમાં વિટામિન C નું પ્રમાણ વધારે હોય છે. તે પીવાથી દુનિયાભરની સમસ્યાઓમાં રાહત મળે છે.

M મીન્ટ @ ફુદીનો : જ્યૂસમાં નાંખીને પીવાથી પાચનશક્તિ વધે છે. દર્દમાં અને ઢીંચણમાં રાહત મળે છે.

N નેસટિયમ @ જળકુંભી : આ નેચરલ એન્ટીબાયોટિક છે. તેમાં વિટામિન C નું પ્રમાણ વધારે હોય છે. તેનો જ્યૂસ પીવાથી ફલુ અને કોલ્ડમાં રાહત મળે છે. વધારે લાભ માટે ત્રણ ચાર પાંદડા ખાવા જોઈએ.

O ઓરેન્જ @ નારંગી : એક ગ્લાસ ઓરેન્જ જ્યૂસ પીવાથી કેન્સરનું જોખમ ઘટે છે. કિડનીની બીમારી થતી નથી. હાર્ટ હેલ્થ સારી રહે છે. કોલેસ્ટ્રોલનું સ્તર ઓછું થાય છે.

P પાઇનેપલ @ અનાનસ : આ સ્વીટ ફૂટ છે. જ્યૂસ માટે એવું અનાનસ પસંદ કરવું જે બહારથી કઠણ અને અંદરથી નરમ હોય. તેમાં વિટામિન અને ખનીજ તત્વોનું પ્રમાણ વધુ હોય છે.

Q ક્વેશ્ચપ્લમ @ આલુબુખારા : તેનો સ્વાદ ખાટો હોય છે. પોટેશિયમનું પ્રમાણ 113 mg હોય છે. તેનાથી કિડનીની બીમારી ઓછી થાય છે.

R રાસબેરી : આ ફૂટ એક રિચ ડાયેટ છે. તેમાં વિટામિન C નું પ્રમાણ વધારે હોવાથી ઘા ઝડપથી રૂઝાય છે. તેનાથી હોર્મોન્સનું ઉત્પાદન વધે છે.

S સમર સ્કવેશ : માઈલ્ડ ફલેવર હોવાથી પીવામાં મજા આવે છે. તેમાં વિટામિન A, B 6 અને C, ફાઈબર, ફોલેટ, રિબોફલેવિન, ફોસ્ફરસ અને મેગ્નેશિયમની માત્રા વધુ હોવાના કારણે શરીરમાં કાર્બોહાઈડ્રેટ્સ અને ગ્લૂકોઝને ઝડપથી પ્રોસેસ કરે છે.

T ટર્મરિક રૂટ @ હળદરનાં મૂળ : ટર્મરિક રૂટનો જ્યૂસ પીળા રંગનો હોય છે. સપ્તાહમાં ત્રણ વાર ટર્મરિકવાળો જ્યૂસ પીવાથી હાડકાં મજબૂત બને છે. એન્ટી ઓક્સિડેન્ટ છે. કેન્સરનાં પીડિતો માટે જોરદાર છે.

U અગલી @ ટોમેટો : તેમાં વિટામિન, મિનરલ અને એન્ટીઓક્સિડેન્ટ્સની માત્રા વધુ હોય છે. હૃદયની બીમારી થતી નથી.

V વિયતનામી સિનમન @ દાલચીની : પેટ માટે ખૂબ જ ફાયદાકારક છે. જ્યૂસમાં નાંખીને પીવાથી શરદી અને ખાંસી થવાની શક્યતા ઓછી રહે છે

W વોટરમેલન @ તરબૂચ : તમામ જ્યૂસમાં સૌથી રીફ્રેશિંગ ડ્રિન્ક છે તે રોજ પીવાથી ચહેરા પર તાજગી આવે છે. પેટ સંબંધિત સમસ્યાઓ થતી નથી.

X એક્સ ફેક્ટર : જ્યૂસનાં ટેસ્ટ અને ફલેવરને બદલવા માટે ગોઝી બેરીઝ જેવા સપ્લીમેન્ટ ફાયદાકારક રહેશે. જેનાથી જ્યૂસને અલગ ટેસ્ટ મળશે.

Y યમ @ જામીકંદ : તે સ્વીટ પોટેટોની વેરાયટી છે. જિંજર સિનમન નાંખવાથી તીખો અને ખાટો સ્વાદ આવે છે.

Z જૂકીની @ તુરિયા જેવી એક શાકભાજી : ઓકટોબર મહિના સુધી જુકીનીનું જ્યૂસ પી શકાય છે. તેને પીવાથી શાંતિ અને તાજગીનો અનુભવ થાય છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : કરજણ

મુખ્ય માર્કેટ : શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ મુખ્ય માર્કેટ યાર્ડ
ખુલ્લી હરાજી ✦ સાચો તોલ ✦ રોકડા નાણાં
સ્થાપના : 1958-1959 ✦ બજાર વિસ્તાર : કરજણ તાલુકો

નિયંત્રિત જણસી : કપાસ લોઢેલો અને લોઢયા વગરનો, ઘઉ, જુવાર,બાજરી, તુવેર, મગફળી ફોલેલી તથા ફોલ્યા વગરની, બળદ અને ભેંસ, અનાજ, કઠોળ, તેલીબિયાં, શાકભાજી અને ફળફળાદી.

✦ બજાર સમિતિએ ગેરકાયદેસરનાં લાગાઓ દૂર કરેલ છે. કમિટીએ નક્કી કરેલા ચાર્જીસ લેવામાં આવે છે.

✦ ખેડૂતોનાં સામાજીક અને માંગલિક પ્રસંગો માટે તેઓને અનુકૂળ અને વ્યાજબી દરે કરજણ મુખ્ય માર્કેટ યાર્ડમાં મેરેજ હોલ તથા પાર્ટી હોલ બનાવવામાં આવેલ છે.

✦ ખેડૂતોને ખરો તોલ મળી રહે તે માટે કરજણ તાલુકાની દરેક જીનીંગ ફેકટરીઓનાં વે બ્રીજની વ્યવસ્થા બજાર સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

✦ ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

✦ કરજણ તાલુકાની કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલોમાં બાળકોની શારિરીક તંદુરસ્તી જળવાય તે માટે પાણીનાં RO સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક હાઈસ્કૂલોમાં બાળકોને બેસવા માટે બાકડાઓ આપવામાં આવેલ છે.

✦ કરજણ તાલુકાનાં ખેડૂતોને પોતાના ખેત ઉત્પાદનનો સાચો તોલ મળી રહે તે માટે 200 kg નાં વજનકાંટા 50% સહાયથી આપવામાં આવેલ છે.

યોગેશભાઈ એમ. પટેલ સેક્રેટરી
આનંદભાઈ બી. શાહ ઉપપ્રમુખ
સતીષભાઈ એમ. પટેલ પ્રમુખ

➤ **Health is Wealth for Quality Life**

ઇમ્યુનિટી સિસ્ટમને મજબુત બનાવવાનાં ફાયદા

રોગપ્રતિકારક ક્ષમતા મજબૂત હોવાથી શરીરમાં રોગો સામે લડવાની તાકાત વધી જાય છે. ભોજન દ્વારા શરીરને રોગો સામે લડવા યોગ્ય બનાવી શકાય છે. તે માટે ડાયેટમાં થોડો ફેરફાર કરવાની જરૂરિયાત છે. ખેલાડીઓ, બાળકો અને વધુ વ્યાયામ કરનારા માટે આ ખૂબ જ ફાયદાકારક વિશ્લેષણ છે.

સોમવાર @ ટ્રેનિંગ ડે :
બ્રેક ફાસ્ટ : બે કપ જવનો લોટ, 220 ml દૂધ, એક કપ ગ્રીન ટી અને મધ.
સ્નેકસ : એક સંતરું, 20 gm નટ્સ અને એક કપ ગ્રીન ટી.
લંચ : વેજીટેબલ સલાડ, એક સફરજન અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : પ્રોટીન શેક સાથે કેળા અને બ્લુબેરી.
ડિનર : 300 gm ગ્રિલ્ડ ફૂડ, 75 gm બ્રાઉન રાઈસ, મિકસડ વેજીટેબલ અને એક ગ્લાસ લીંબુ શરબત.
શા માટે ? જવથી બીમારી સામે લડનારા વ્હાઈટ સેલ વધે છે. ફાઈબરની માત્રા વધુ હોય છે. પ્રોટીન માટે સારો સ્ત્રોત છે. સેલ મજબૂત બને છે. ઈન્ફેકશનની સંભાવના ઘટી જાય છે.

મંગળવાર @ ટ્રેનિંગ ડે :
બ્રેકફાસ્ટ : એક મરચુ, હોલમીલ બ્રેડનાં બે ટોસ્ટ અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : 20 gm રોસ્ટેડ નટ્સ, એક કપ ગ્રીન ટી, એક ગ્લાસ આદું કે લીંબુ જયૂસ અને એક કિવી ફૂટ.
લંચ : 60 gm પનીર, ચેરી ટામેટાનો સલાડ તથા એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : કેળા અને રાસબેરી સાથે પ્રોટીન શેક.
ડિનર : મશરૂમ અને નૂડલ્સ સાથે સેમી ફાઈ શાક તથા એક ગ્લાસ શરબત.
શા માટે ? મસાલામાં રોગ પ્રતિકારકતા મજબૂત બનાવવાની ક્ષમતા હોય છે. ન્યૂઝીલેન્ડની ઈન્સ્ટિટ્યુટ ઓફ ફૂટ ન્યુટ્રિશન એન્ડ હ્યુમન હેલ્થ દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં પ્રોટીન શેકથી 79 ટકા ઈમ્યુનિટી વધે છે.

બુધવાર @ રેસ્ટ ડે :
બ્રેકફાસ્ટ:100gm મુસળી,220ml દૂધ,એક કપ ગ્રીન ટી અને એક ગ્રેપ ફૂટ.
સ્નેકસ : 20 gm વોલનટ, એક સંતરુ, એક ગ્લાસ આદું અને લીંબુ જ્યૂસ.
લંચ : 30 gm પનીર, પાંચ ટામેટા, બે સ્લાઈસ હોલ વ્હીટ બ્રેડ કે બે શાક, દહીં, એક રોટલી અને 75 gm ભાત તથા એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : સ્ટ્રોબેરી અને કેળા સાથે પ્રોટીન શેક
ડિનર : 100 gm રોસ્ટેટ પનીર ટીકા, ટામેટા, પાલક, 100 gm બાફેલા શાકમાં વિવિધ મસાલા અને 40 gm બ્રાઉન રાઈસ.
શા માટે ? અમેરિકન જર્નલ ઓફ કિલનિકલ ન્યુટ્રિશન મુજબ ટામેટાનું ભરપૂર ભોજન આરોગવાથી વ્હાઈટ બ્લડ સેલ્સને 38 ટકા ઓછું નુકસાન થાય છે. ટામેટા આરોગવાથી શરીર ફ્રી રેડિકલ ડેમેજથી બચેલું રહે છે.

ગુરુવાર @ ટ્રેનિંગ ડે :
બ્રેક ફાસ્ટ : હોલમીલ બ્રેડનાં બે ટોસ્ટ, 50 gm પનીર, સમારેલા ટામેટા, એક નાસપત્તી અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : એક સંતરું અને એક કપ ગ્રીન ટી.
લંચ : વેજીટેબલ સલાડ સાથે એક વાટકી દાળ, બે મોસમી શાક, દહીં, રોટલી અને થોડા બ્રાઉન રાઈસ તથા એક સફરજન.
સ્નેકસ : બ્લેકબેરી અને કેળા સાથે પ્રોટીન શેક.
ડિનર : પાલક, ગાજર, મશરૂમ, કોબીજ, એક ગ્લાસ લીંબુ શરબત અને એક કપ ગ્રીન ટી.
શા માટે ? ઈમ્યુનિટી સિસ્ટમને મજબૂત બનાવવા મશરૂમ મેજિક ફૂડ કહેવાય છે. ખોટું નથી. તેમાં મોટી માત્રામાં હેલ્થ બુસ્ટિંગ મિનરલ મળે છે. સપ્તાહમાં પાંચ દિવસ ફળ અને બાફેલા શાક આરોગો.



શુક્રવાર @ ટ્રેનિંગ ડે :
બ્રેકફાસ્ટ :220 ml દૂધમાં એક ચમચી મધ નાંખો અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : હોલમીલ બ્રેડ પર બટર, એક સંતરું અને એક કપ ગ્રીન ટી.
લંચ : વેજીટેબલ સૂપ, એક સફરજન, આદું અને લીંબુનો રસ.
સ્નેકસ : પાઈનેપલ અને કેળાની સાથે પ્રોટીન શેક.
ડિનર : બ્રાઉન રાઈસની સાથે ભાજી, પનીર અને એક ચમચી મસાલો.
શા માટે ? સપ્તાહમાં એક દિવસ આ ડાયેટ લેવાથી શરીરમાં એમિનો એસિડની માત્રા વધે છે, ઈન્ફેકશન અને બીમારીઓ સામે લડવાની તાકાત મળે છે. શ્વાસ સંબંધિત રોગો ઓછા થાય છે.

શનિવાર @ રેસ્ટ ડે :
બ્રેક ફાસ્ટ : 60 gm મિકસ્ડ ફૂટ સલાડ અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : 20 gm રોસ્ટેડ નટ્ સાથે ચીઝ અને એક સંતરુ.
લંચ : પોટેટોની સાથે ડુંગળી, એક સફરજન તથા એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : બ્લેકબેરી અને કેળા સાથે પ્રોટીન શેક.
ડિનર : પનીર, મશરૂમ અને મિકસ્ડ ભાજી, એક ચમચી મસાલો અને એક ગ્લાસ લીંબુ શરબત.
શા માટે ? શરીરમાં હેલ્થી બેકટેરિયાનું ઉત્પાદન વધે છે. આ બેકટેરિયા પેટમાં ખૂબજ ફાયદાકારક છે.

રવિવાર @ રેસ્ટ ડે :
બ્રેક ફાસ્ટ : એક મશરૂમ, એક કપ ગ્રેપ ફૂટ અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : 50 gm મિકસ્ડ નટ્સ અને સૂકો મેવો તથા એક સંતરુ.
લંચ : ટામેટા તથા ચીઝ સલાડની બનેલી સેન્ડવીચ, એક સફરજન અને એક કપ ગ્રીન ટી.
સ્નેકસ : બ્લ્યૂબેરી અને સ્ટ્રોબેરી સાથે પ્રોટીન શેક.
ડિનર : હોલવ્હીટ પાસ્તા મિકસની સાથે ચેરી ટામેટા અને બે લસણ કળીમાં ઓલિવ ઓઈલ નાંખો.
શા માટે ? 6 દિવસ આ ડાયેટ ભોજન લેવાથી ઈમ્યુનિટી સિસ્ટમ મજબૂત થાય છે. સ્ટફ પોટેટોથી ઈન્ફેકશન સામે લડવાનાં સેલ્સનું ઉત્પાદન વધે છે.

ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ ફ્રૂટ એન્ડ વેજીટેબલ માર્કેટીંગ ફેડરેશન લિ.

PO. Box No. 43, સરદારબાગ, બારડોલી : 394602
Tel : [02622]221107,220177 Email : gujveg@yahoo.in

✦ ગુજરાત ફેડરેશન બારડોલીનું ઉત્તમ કવોલીટીનું કુદરતી જીપ્સમ "કિસાન જ્યોત" 20-10-10 મિશ્રખાતર તેમજ "કિસાન જયોત" સેન્દ્રીય ખાતર વાપરો અને વધુ ઉત્પાદન મેળવો તથા જમીન બગડતી અટકાવો.
✦ ફેડરેશનની મંડળીનો "અમીધારા" બ્રાન્ડ સ્વાદિષ્ટ કેસર કેરી રસ, મેંગો અને જમરૂખ જયૂસ તેમજ ટોમેટો કેચપ ખરીદો.

સતીષચંદ્ર આર. નાયક પ્રમુખ
મગનભાઈ આર. પટેલ ઉપપ્રમુખ
નરેશકુમાર કે. શાહ મેનેજર



દવા ખરીદતા પહેલા આ લેખ વાંચવો જરૂરી છે !

જાણકારીનાં અભાવને લીધે ઘણી વસ્તુઓની કિંમત આપણે ઊંચી ચૂકવવી પડે છે. અહીં જે વેબસાઈટની વાત કરી છે તેમાં દવાઓની A to Z માહિતી આપવામાં આવી છે. પ્રત્યેક દવાનો ભાવ અને એજ દવાની જેનરીક દવા કઈ તેનો પણ ભાવ આપેલો છે. આટલી સઘન માહિતી વિનોદકુમાર મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા તેમની વેબસાઈટ www.medguideindia.com માં સવિસ્તારથી આપવામાં આવી છે. ઘણા એવા રોગો છે જેમાં દર્દીએ કાયમ માટે દવા લેવી પડે છે. તેમને ઘણી પૈસાની બચત થશે. ભારતમાં મોટાભાગની દવાઓ બનાવતી કંપનીઓનાં ડોકટરો જોડે કનેક્શન હોય છે. આથી ડોકટરો એ કંપનીની જ દવા લખે છે. બદલામાં ડોકટરોને પ્રતિ પ્રિસ્ક્રિપ્શન દીઠ કમિશન, ગીફ્ટ અથવા વર્ષે ઈન્ડિયા કે ફોરેનમાં હવા ખાવાનાં સ્થળોનું પેકેજ આપવામાં આવે છે. હવે પેકેજ એ જૂની વાત થઈ ગઈ. બધું કેશમાં જ સેટલ કરવું પડે છે. ઘણાં ડોકટરોની હોસ્પિટલ નીચે પોતાના જ મેડિકલ સ્ટોરો હોય છે. જે ગ્લુકોઝનાં બાટલા ચઢાવવામાં આવે છે તેની મૂળ કિંમત [Dex trose injection / Solution 5% 500 ml પ્લાસ્ટિક બોટલ] ₹ 17 અને ગ્લાસ બોટલનાં ₹ 21 સરકારી ગેઝેટ પ્રમાણે છે. આજ બોટલ કંપની ₹ 8 થી 10 માં સ્ટોકીસ્ટોને વેંચે છે. દુકાનમાં તમને એ શું ભાવે મળે છે અને ડોકટરો કે હોસ્પિટલો શું ચાર્જ કરે છે તે આંકડા તમને તમ્મર લાવી દેશે. હવે ખ્યાલ આવ્યો કે ઘણાં ડોકટરો દર્દીઓને કેમ ધડાધડ બાટલાઓ ચઢાવે છે? એક કંપનીની દવા Metocard XL 50 mg ની એક ટેબ્લેટનાં ₹ 6.20 અને દશ નંગની સ્ટ્રીપનાં ₹ 62 છે. આ જ દવા સિપ્લા જેવી જાણીતી કંપનીની Metoprolol નામે એક ટેબ્લેટનાં 70 પૈસા લેખે 10 ટેબ્લેટની સ્ટ્રીપનાં ફક્ત ₹ 7 છે. Metoprolol એ દવાનું જેનરીક નામ છે. અંદરનાં કેમિકલમાં કોઈપણ જાતનો ફરક નથી. સિપ્લા ₹ 7 નાં ભાવે આ દવામાં કમાય છે, તો પેલી કંપનીનો ફાયદો કેટલા ટકા ? બધી કંપનીઓ એક બીજા કરતાં ચઢિયાતી હોય છે. જો તમારે કોઈ દવાનો ભાવ કાઢવો હોય તો કઈ રીતે, તે જાણો... પહેલા નીચેની લીંક કલીક કરો.

MEDICINE/DRUG PRICE IN INDIA

www.medguideindia.com/showbrand.php

હવે ડાબી બાજુ ઉપરનાં ખુણામાં જયાં બ્રાન્ડનેમ લખ્યું છે તે ખાનામાં તમારી બ્રાન્ડનેમ વાળી દવાનું નામ લખો. દા.ત. Metocard XL 50 mg. હવે જમણી બાજુ ઉપરનાં ખુણામાં જયાં 'સર્ચ' લખ્યું છે તે કલીક કરો. એટલે બ્રાન્ડ લીસ્ટ આવશે, તેની જમણી બાજુનાં ઉપરનાં ખુણામાં જ્યાં Constituents / Per Unit લખ્યુ છે તેની નીચે Active Ingredients [Generic] લખેલ છે તેના ઉપર કલીક કરો. હવે જે વિન્ડો ખૂલે તેમાં Matched Brands with above constituents ઉપર કલીક કરો. આમ કરવાથી તમને જુદી જુદી કંપનીઓના વિવિધ બ્રાન્ડની સમાંતર જેનરીક દવાનાં ભાવ જોવા મળશે. છેલ્લાં ખાનામાં Price / Unit [In ₹] ચઢતા ક્રમમાં જાણવા મળશે. તમારી બ્રાન્ડની સમકક્ષ બીજી કંપનીની સસ્તી દવા મળતી હોય તો તે ખરીદો. તમારા ડોકટરને આ સસ્તી દવાનું જ પ્રિસ્ક્રિપ્શન લખી આપવા કહો. તમે મેડિકલ સ્ટોરવાળાને પણ કહો કે મારે પ્રિસ્ક્રિપ્શનમાં લખેલી કંપનીની દવા નથી જોઈતી, તેની સમકક્ષ જેનરિક દવા જોઈએ છે. જો એ સ્ટોરવાળો નહીં આપે તો બીજો આપશે. ડોકટર કે મેડિકલ સ્ટોરવાળાનું કમિશન ચાલતું હશે તો તમને ફોર્સ કરીને એ કમિશનવાળી દવા લેવાનું કહેશે.

હકીકતમાં દવા જેનરીક હોય કે પ્રિસ્ક્રીપ્શનવાળી તેની બનાવટમાં કોઈ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટની પરવાનગી વગર ફેરફાર નહીં થાય. આ રીતે તમારા સગા સબંધીઓને કે અન્ય લોકોને મદદ કરી શકો છો, આ પણ એક માનવ સેવા છે. હવે બીજી ખાસ વાત, તમને ડોકટર જે દવા લખી આપે છે એની સાઈડ ઈફેક્ટ શું છે? તેમાં કઈ વસ્તુઓ આવે છે. તે જાણવા માટે પણ એક ઉપાય છે. ઉપર સુધી તમે જે સ્ટેપ લીધાં પછી Mathed brands with above constituentsની નીચે Find indication, contra indication, precaution and side effect ઉપર કલીક કરો. એટલે તમને અંગ્રેજીમાં દવા વિશે જાણવા મળશે. જો તમારે દવાઓ બાબતમાં વધારે માહિતી જોઈતી હોય તો ઉપર બતાવેલી વેબસાઈટને બધુ સર્ચ કરો. ભારતમાં આટલી સુંદર સગવડ હશે તેનો 95 ટકા લોકોને ખ્યાલ નહીં હોય. ઘણી વખત અપૂરતી માહિતીને લીધે આપણે ઊંચી કિંમત ચૂકવવી પડે છે. મિત્રો એક વિનંતી છે કે આની PDF ફાઈલ તમારા સગા સબંધીઓને ફોરવર્ડ કરજો. એક અન્ના હજારેથી કશું વળવાનું નથી, દેશનાં દરેક ઘરમાં અન્ના હજારે પાકવો જોઈએ, તો જ આ દેશનું કલ્યાણ થશે અને આડેધડ થતી લૂંટથી બચી શકીશું.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : દહેગામ

હેડ ઓફિસ : દહેગામ, **Tel.** : 02716 232612
સબ યાર્ડ : રખિયાલ : 267242, ચેરમેન : રહેઠાણ : 233640

સાચો તોલ **રોકડા નાણાં** **ખુલ્લી હરાજી**

ખેડૂત અને વેપારીઓનાં હિતનું રક્ષણ કરતી APMC દહેગામ
સૌને સાથે લઈ સર્વાંગી વિકાસને ગતિશીલ બનાવી,
ઉતરોતર પ્રગતિનાં પંથે લઈ જવા સતત પ્રયત્નશીલ છે.

યતિનકુમાર જે. શાહ : સેક્રેટરી
નંદુભાઈ કે. પટેલ : વાઈસ ચેરમેન
સુમેરુભાઈ આર. અમીન : ચેરમેન

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : થરા

મુ. થરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા

ખુલ્લી હરાજી... **ખરો તોલ...** **રોકડા નાણાં...**

ખેડૂત અને વેપારીઓના વિકાસનું પ્રતિક એટલે
માર્કેટ યાર્ડ : થરા અને સબમાર્કેટ યાર્ડ : શિહોરી

ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવો...

હસમુખભાઈ ચૌધરી સેક્રેટરી
ભૂપતાજી ઠાકોર વાઈસ ચેરમેન
અણદાભાઈ પટેલ ચેરમેન



202 વૃક્ષોની જાતિનું અસ્તિત્વ જોખમમાં...

62 પ્રકારનાં વૃક્ષો તત્કાલ પગલા નહીં ભરાય તો નામશેષ થઈ જશે

વનમાં વન મહોત્સવની ઉજવણી થઈ રહી હતી ત્યારે જાહેર કરાયેલી જંગલ બહારનાં વૃક્ષોની ગણતરીમાં 202 વૃક્ષો એવાં છે કે જેમના અસ્તિત્ત્વ સામે જોખમ છે. વનવિભાગે જાહેર કર્યા પ્રમાણે રાજયમાં જંગલ સિવાયનાં વિસ્તારમાં કુલ 30.1 કરોડ વૃક્ષો છે. અગાઉ વર્ષ 2003માં એટલે કે 10 વર્ષ પહેલા કરાયેલી ગણતરી પ્રમાણે 25.1 કરોડ વૃક્ષો હતાં. આ બંને આંકડા દર્શાવે છે કે 10 વર્ષમાં વૃક્ષોની સંખ્યામાં 4.82 કરોડનો વધારો થયો છે.વન મહોત્સવ અંતર્ગત જાહેર કરાયેલી વિગતમાં એવી પણ માહિતી બહાર આવી છે કે, જે 202 વૃક્ષોનાં અસ્તિત્વ સામે જોખમ છે તે પૈકી 62 પ્રકારનાં વૃક્ષો એવા છે કે જેમની જાતિ સામે વધારે ખતરો છે. ચંદન, શિષમ, હરડે, કેવડા, ગુગળ, અરીઠા, ચેરી, સફેદ ખાખરો જેવાં વૃક્ષનાં અસ્તિત્વ સામે જોખમ છે. વૃક્ષોને બચાવવાનાં પ્રયાસો નહીં કરાય તો નામશેષ થઈ શકે છે.

અસ્તિત્વ સામે જોખમ ઉભું થયું છે તે 202 વૃક્ષો કેવા પ્રકારનાં છે ?

202 પ્રકારનાં વૃક્ષો પૈકી 102 વૃક્ષો ઓછા ચિંતાજનક છે. 32 પ્રકારનાં વૃક્ષોનું અસ્તિત્વ નામશેષ થવાનું જોખમ ઓછું છે. 30 પ્રકારનાં વૃક્ષો નામશેષ થવાનાં આરે છે. 19 પ્રકારનાં વૃક્ષોને બચાવવાનાં તાત્કાલિક પ્રયાસો ન કરાય તો નામશેષ થઈ શકે છે.13 પ્રકારનાં વૃક્ષો નામશેષ થવાની શક્યતા ધરાવે છે.

નામશેષ થઈ શકે તેવા કયાં વૃક્ષો ? : વનવિભાગે જે વૃક્ષોની જાતિ સામે જોખમ છે તેને મુખ્યત્વે ત્રણ પ્રકારમાં મુકયા છે. કુલ 202 પૈકી 62 પ્રકારનાં વૃક્ષોને ત્રણ જાતિમાં વર્ગીકૃત કર્યા છે.

બચી શકે તેવા વૃક્ષો : 30 પ્રકારની જાતિનો સમાવેશ કર્યો છે. ગુગળ, અરીઠા, ભીલામો, કાઓરી, ધુપેલીઓ, ખવાસ, કરમલ, બોથર, પતરાલી, શિષમ, છત્તરીયો બાવળ, બેઠી ખીજડી, નકટી, દુધલો, મેઢસંગી, વઢવાછ, ટેટૂ, સેવણ, ખડક પીઅર, રાવણતાડ અને કેવડાનાં વૃક્ષો.

નામશેષ થવાના આરે રહેલા વૃક્ષો : 19 પ્રકારનાં વૃક્ષો છે. ચંદન, ચેર, તિવર, પડારી, પટલા, કપિલો, કરોડ, કીરમીરા, છીની અને ચમેલી જેવા વૃક્ષો.

નામશેષ થવાની પુરી શકયતાવાળા : 13 પ્રકારનાં વૃક્ષોનો સમાવેશ થાય છે. સિમુલ, સરડોલ, ગોળદર, પથ્થરદેવડી, સફેદ ખાખરો, દૂધકુડી, ખડસીંગ, ચિત્તલેરી અને જલવેતાસ જેવા વૃક્ષો.

આયુર્વેદિક રીતે મહત્ત્વનાં વૃક્ષો : ગુગળ, અરીઠા, હરડે, કેવડા, ચેર અને સફેદ ખાખરો જેવા વૃક્ષો આયુર્વેદિક મહત્વ ધરાવે છે. જેના અસ્તિત્વ સામે પણ મોટું જોખમ હોવાનું વનવિભાગે જાહેર કર્યુ છે. તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ વૃક્ષોની જાતિને બચાવવાની તાતી જરૂરિયાત છે.



વલસાડ દક્ષિણ વન વિભાગ
વન વિકાસ એજન્સી વલસાડ દક્ષિણ

નવલા નૂતન વર્ષે વધુ વૃક્ષ વાવી
સુખ સમૃધ્ધિમાં વધારો કરીએ...

નૂતન વર્ષાભિનંદન...

નાયબ વન સંરક્ષક @ વલસાડ દક્ષિણ

➤ Save Tree for Quality Life

હવાનાં શુદ્ધિકરણ માટે લાભદાયી પાંચ છોડ

કેટલાક એવા છોડ વિશે વાંચો, જેને ઘરે લગાવવાથી સુંદરતા તો વધે, સાથે હવા પણ શુદ્ધ થાય છે.

બજારમાં વાયુ શુદ્ધ કરવા માટે ઈલેક્ટ્રિકલ પ્યોરિફાયર મળી રહ્યાં છે. પ્યોરિફાયરને ખરીદતા પહેલા આ છોડ પર નજર કરો, જેઓ આસપાસની હવાને શુદ્ધ કરી શકે છે. પ્રાકૃતિક અને વ્યાજબી પણ છે. નાસાનાં વિજ્ઞાનીઓએ સંશોધનમાં જોયું કે, આ છોડ ઘણાં લાભદાયી છે.


એલોવેરા [કુંવરપાટો] : તે હવાને ફોર્મલ્ડહાઈડ ગેસથી મુક્ત કરે છે. તેમાં હોલિંગનાં ગુણ છે. તેને વધુ તડકામાં ન મુકશો.

બેબી રબર પ્લાન્ટ : દરેક દેશમાં આ છોડને એ જ નામે જાણવામાં આવે છે. તેમાંથી ખાસ્સા પ્રમાણમાં ઓક્સિજન નીકળે છે. જેનાથી ઘરમાં કેમિકલ્સથી પેદા થનારા વાયુનો નાશ થઈ જાય છે. આ છોડને વધુ પાણીની નહીં, પરંતુ સારી માટીની જરૂર પડે છે.

પીસ લીલી : બાથરૂમ અને કિચન માટે આ છોડ સારો છે, કારણ કે તેનાથી કલીનર અને સોલ્વન્ટમાં મળતા ટ્રાયકલોરોએથિલીન વાયુનો નાશ થઈ જાય છે. આ છોડ બેન્જિન જેવા કેમિકલની ગંધને પણ ખતમ કરી નાંખે છે

ચાઈનીઝ એવરગ્રીન : તેનાથી વધુ પ્રમાણમાં ઓક્સિજન નીકળે છે. કેમિકલ્સથી થનારા પ્રદૂષણથી રાહત મળે છે. કેમિકલ્સથી નીકળનારી ગંધ પણ ખતમ થઈ જાય છે. આ છોડ છાંયડામાં સારી રીતે વધે છે. તેનો રસ ઝેરી હોય છે.

બોસ્ટન ફર્ન : સામાન્ય રીતે તેનું કોઈ હિન્દી નામ નથી. ઘરોમાં સુંદરતા માટે તેને રાખવામાં આવે છે. તેને સૌથી સારો પ્યોરિફાયર માનવામાં આવે છે. તેના માટે જરૂરી છે ઉજાસ. તે કોરી જગ્યાએ પણ ઉછરે છે. તેને પાણીની વધુ જરૂર રહેતી નથી. તેને થોડુંક ઉંડું ખોદીને લગાડવું પડે છે.



➤ **Save Earth for Quality Life**

ગ્લોબલ ગરમી

ગ્લોબલ વોર્મિંગથી દુનિયા સામે કેટલાંય જોખમ ઊભાં થઈ રહ્યાં છે.

ગ્લોબલ વોર્મિંગનું મુખ્ય કારણ

વર્ષ	માનવ ગતિવિધિઓ	પ્રાકૃતિક ફેરફાર
નવેમ્બર 2008	57 %	32 %
જૂન 2010	50 %	34 %
નવેમ્બર 2011	50 %	33 %
સપ્ટેમ્બર 2012	54 %	30 %

શું છે આ બલા : ગ્લોબલ વોર્મિંગને લીધે પૃથ્વીનું વાતાવરણ અને મહાસાગરોનું તાપમાન વધી જાય છે. વીસમી સદીની શરૂઆતમાં તે 0.8 ડિગ્રી સેલ્સિયસ વધ્યું હતું. તેમાં બે તૃતીયાંશ વધારો 1980 પછી થયો. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તેનું મુખ્ય કારણ માનવઓની ગતિવિધિઓથી ઊભો થતો ગ્રીન હાઉસ ગેસ છે. આ ગેસ ફોસિલ ફ્યુઅલ અને વૃક્ષો કાપવાથી થાય છે.

કોણ છે જવાબદાર : રસ્તા પર દોડતી ગાડીઓની સંખ્યામાં સતત વધારો અને ફોસિલ ફ્યુઅલનાં વપરાશ પર નજર નાંખો, તો એવું લાગે છે કે ગ્લોબલ વોર્મિંગથી વાતાવરણમાં આવનારા સ્વાભાવિક ફેરફાર માટે વિશેષરૂપે આપણી દખલગીરી જવાબદાર છે.

ગ્લોબલ વોર્મિંગ ક્યાં જઈ રહ્યું છે?



- મહાસાગર : 93.4 %
- ગ્રીનલેન્ડ આઈસ શીટ : 0.8 %
- એન્ટાર્ટિર્ક આઈસ શીટ : 0.2 %
- વાતાવરણ : 2.3.%
- એન્ટાર્ટિર્કનો બરફ : 0.8 %
- મહાદ્વીપ : 2.1 %
- ગ્લેશિયર : 0.9%
- કાર્બન ડાયોક્સાઈડ : 390.9 પાર્ટર્સ પ્રતિમિલિયન
- 375 અબજ કાર્બન વાતાવરણમાં છોડવામાં આવ્યો છે.

શું કરીએ, શું ના કરીએ?

- વધારેમાં વધારે વૃક્ષો વાવીએ.
- વાહન શક્ય હોય તો હાઈબ્રિડ કે ઈલેક્ટ્રિક લો.
- ફળ શાકભાજી વધારે ખાઓ, માંસાહારથી દૂર રહો.
- ખાદ્ય સામગ્રી તાજી ખરીદો.
- એનર્જી એફિશિયન્ટ એપ્લાયન્સીઝનો ઉપયોગ કરો.
- જરૂર ન હોય ત્યારે પાવર બંધ કરો.
- એનર્જી બચાઓ, પૈસા કમાઓ.



વલસાડ ઉત્તર વન વિભાગ

વન વિકાસ એજન્સી વલસાડ ઉત્તર

નવલા નૂતન વર્ષે વધુ વૃક્ષ વાવી સુખ સમૃધ્ધિમાં વધારો કરીએ...

નૂતન વર્ષાભિનંદન...

નાયબ વન સંરક્ષક @ વલસાડ ઉત્તર

બાળકોનાં ઉચ્ચ શિક્ષણ માટે અત્યારથી તૈયારી કરો

આનંદ અને રૂપા પોતાના એકમાત્ર બાળકનાં ઉચ્ચ શિક્ષણ માટે પૈસા બચાવવા ઉત્સુક છે. બાળક બે વર્ષનું છે. તેઓ સારું શિક્ષણ અપાવવા માટે અત્યારથી તૈયારી કરવા લાગ્યાં છે. તેઓ દ્વિધામાં છે કે શું કરીએ. કેટલાંક મિત્રોએ બતાવ્યું કે ઈક્વિટી SIP સારો વિકલ્પ છે. અન્ય કહે છે ઈક્વિટી SIP જોખમ ભર્યું છે. કેટલાકે બતાવ્યું કે ઈન્શ્યોરન્સ કમ ઈન્વેસ્ટમેન્ટ સારો વિકલ્પ રહેશે. કોઈએ સલાહ આપી કે ટેક્સ સેવિંગ ઈન્શ્યોરન્સથી ઘણા હેતુઓ પુરા થશે. કોઈએ કહ્યું કે તેઓએ FD કરવી જોઈએ. તેમણે ધ્યાન રાખવું જોઈએ કે બચત કરવા માટે 15 વર્ષનો સમય છે. આ ઘણો લાંબો સમય છે. જેમાં ઘણા આર્થિક ઉતાર ચઢાવ આવશે. જો તેઓ FDમાં રોકાણ કરે, તો તેમને વ્યાજની આવક પર ટેક્સ ભરવો પડશે. અંતમાં ઘણી ઓછી રકમ મળશે. તેમણે એવી પ્રોડક્ટ પસંદ કરવી જોઈએ કે જેનાથી તેમને વધુ રિટર્ન મળે અને ટેક્સ ઓછો ભરવો પડે. તેમણે SIP બેલેન્સ્ડ ફંડમાં નાખવી જોઈએ. બેલેન્સ્ડ ફંડમાં 65 ટકા મૂડી ઈક્વિટીમાં અને અન્ય ડેબ્ટ માર્કેટમાં લગાવવામાં આવે છે. ઈક્વિટીથી ગ્રોથનો લાભ મળશે, પરંતુ તે ફંડ મેનેજરની દેખરેખમાં થશે. ફંડ મેનેજર માત્ર સારા ડાયવર્સિફાઈડ પોર્ટફોલિયોમાં જ રોકાણ કરશે નહીં, પરંતુ ઈક્વિટી અને ડેબ્ટ બજાર મુજબ પોર્ટફોલિયોમાં તેમનો ગુણોત્તર બદલશે. ઈક્વિટીમાં ઓછા જોખમો હોવાથી લાભ મળશે. તેમણે બંન્ને પ્રોડક્ટમાં પૈસા જમા કરવા જોઈએ. જયારે બાળકને એકસાથે રકમની જરૂર પડશે ત્યાં સુધીમાં PPT મેચ્યોર થઈ જશે. 15માં વર્ષ પછી તેઓ પૈસાને પોતાના બેંક એકાઉન્ટમાં રાખી શકશે અને જરૂર હોય ત્યારે ઉપયોગ કરી શકશે. ટેક્સ અને વ્યાજ વધુ ભરવો પડે તેવી મોંઘી પ્રોડક્ટને ખરીદવાથી બચવું જોઈએ.

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

હેડ ઓફિસ : ભોજલરામ ભવન, રાજમહેલ રોડ, અમરેલી.

Tel.: 02792 222601, 221938

બેંકમાં મુકવામાં આવતી થાપણો પર ચૂકવાતા વ્યાજનાં દરો

થાપણનો પ્રકાર	**વ્યાજનો દર**
બચત થાપણો [સેવિંગ્સ]	4.00%
[A] 7 દિવસથી 14 દિવસની મુદત માટે	7.25%
[B] 15 દિવસથી 45 દિવસની મુદત માટે	7.25%
[C] 46 દિવસથી 89 દિવસની મુદત માટે	7.50%
[D] 90 દિવસથી 179 દિવસની મુદત માટે	7.50%
[E] 180 દિવસથી 1 વર્ષ કરતા ઓછી મુદત માટે	8.25%
[F] 1 વર્ષની મુદત અને 2 વર્ષ કરતા ઓછી મુદત માટે	9.50%
[G] 2 વર્ષની મુદત અને 3 વર્ષ કરતા ઓછી મુદત માટે	9.50%
[H] 3 વર્ષની મુદત અને 5 વર્ષ કરતા ઓછી મુદત માટે	9.50%
[I] 5 વર્ષથી વધુ અને 8 વર્ષ સુધીની મુદત માટે	9.50%
[J] સ્પેશ્યલ ફિકસ ડિપોઝીટ 7 વર્ષ અને 5 માસ	9.50%

નોંધ : 60 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં સિનિયર સીટીઝનને 0.50% વ્યાજ વધારે આપવામાં આવે છે.

✦ 1999-2000માં નાબાર્ડ પુરસ્કૃત બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ વિજેતા બેંક ✦ 1951નાં વર્ષથી સતત 'અ' ઓડિટ વર્ગ ધરાવતી બેંક ✦ સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી 100% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા ખેડૂતોને ₹ 3,00,000/- સુધીનુ ધિરાણ, 7%એ ખરીફ અને રવિ પાકનું ધિરાણ કરતી પ્રથમ બેંક ✦ ધિરાણ લેતા ખેડૂત ખાતેદારોને ₹ 2,00,000/- સુધીનુ આકસ્માત વીમા કવચ આપતી બેંક ✦ બેંકની મુખ્ય કચેરી ઉપરાંત 69 શાખાઓ સાથે ખેતી આધારિત ઉદ્યોગોને ઉતમ સેવા આપતી બેંક ✦ ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપે છે ✦ બેંક ING Vysya Life Insurance Co. Ltd. સાથે જીવન વીમાનાં તથા IFFCO TOKIO General Insurance Co. Ltd. સાથે જનરલ વીમાનાં કામકાજ માટે કરાર કરેલ છે ✦ ₹ 1,00,000/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત ✦ વિદ્યાર્થીઓ તથા મહિલાઓને ₹ 1/- થી બચત ખાતું ખોલી અપાય છે.

બી.એસ. કોઠીયા	**સી.એન. સંઘાણી**	**અરૂણભાઈ પટેલ**	**દિલીપભાઈ સંઘાણી**
મેનેજર	મેનેજીંગ ડિરેકટર	વાઈસ ચેરમેન	ચેરમેન

નવલિકા

Story

આર્યન

I LOVE MY INDIA

એર ઈન્ડિયાનું પ્લેન ડલાસ છોડીને કેડી વગરનાં હવાઈ માર્ગે ભારતની દિશામાં વાદળોનાં કવચને ભેદી, ઊંચાઈ સર કરતું સ્થિર ગતિએ ઊડતું હતું. હું પણ મુસાફરોમાં સામેલ હતો. મારી સાથે ભારતીય મૂળનાં, છતા છ દાયકા પહેલાં ભારતનાં શહેરો, ગામડાંઓ, કસબાઓને અલવિદા કહી, ડોલરને રૂપિયાથી ગુણવાનાં મોહમાં અધધધ અંજાઈ જાય તેવા અમેરિકા, કેનેડા અને લંડન વસેલા NRI થી અડધું પ્લેન ભરાયેલું હતું. ભારતમાં જન્મેલી દાયકાઓ પહેલાંની બુઝર્ગ પેઢીને વતનમાં વસતા માતા પિતા, કુટુંબીજનો, ગામ અને શહેરીજનો પ્રત્યેનો પ્રેમ એમને માદરે વતન ખેંચી લાવતો હતો. પાંચ સાત વર્ષે NRI પેઢી એમના પુત્ર, પુત્રીઓ, પૌત્રૌ અને પૌત્રીઓનાં લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં વતન આવતા હોય છે. અમેરિકામાં જન્મેલ પેઢી પણ લગ્ન માટે ભારતમાં કે ગુજરાતી યુવક યુવતીઓ શોધવા આવે છે. રહેવું છે ત્યાં અને ત્યાંના યુવક યુવતીઓ પર ઝાઝી શ્રદ્ધા ન હોય એમ પરણવા આવવું છે. અહીં કેવો વિરોધાભાસ છે. ગુજરાતીઓની વાત કરીએ તો અમેરિકામાં પટેલોએ મોટેલ્સ, સ્ટોર્સ, ગેસ સ્ટેશન જેવા બિઝનેસમાં સામ્રાજય ઊભુ કર્યું છે. કુટુંબીજનોને, સગાંસ્નેહીઓને, જ્ઞાતિનાં માણસોને 'Sponsor' કરી નોકરી ધંધે વળગાડી દેવાનું કાર્ય પણ પટેલ સમાજે કર્યું છે. P for P નું સૂત્ર સાર્થક કર્યું છે. ત્યાં મહેનતની સાથે ડોલર સંકળાયેલો છે. ડોક્ટર, એન્જિનિયર, MBA, ચાર્ટર્ડ એકાઉન્ટન જેવા ઉચ્ચ ડિગ્રીધારીઓને આકર્ષક સેલરીની સર્વિસ મળી રહે છે. સેટ થવા માટે સંઘર્ષ ખેડવો પડે છે. સેટ થઈ ગયાં પછી આર્થિક રીતે જોવાનું નહીં. ઓછું ભણેલાને સ્ટોર્સ, હોટલ, મોટેલ, ગેસ સ્ટેશન પર કલાકનાં હિસાબે Labour job મળી રહે છે. આઠ કલાકની જોબ પછી Over Time મળે. શનિ રવિ ત્યાંની પ્રજા સંપૂર્ણ Holiday ભોગવે છે. એટલે આપણી નવી સવી પ્રજા સેટ થવા માટે શનિવારે દોઢ ગણા અને રવિવારે બમણા ડોલર મેળવવા ખૂન પસીનો એક કરે છે. ત્યાં કોઈ કામ નાનું ગણાતું નથી. શ્રમનું ગૌરવ છે. ડોલરનું આધિપત્ય એટલું બધું છે, કે અહીંનાં મૂળિયા ઉખાડી ત્યાંની ધરતી પર મૂળિયાં રોપનાર પેઢીની પેઢીને ત્યાં રોપી દે છે. એવા સજ્જડ મૂળિયા રોપી દે છે કે પુત્રો, પુત્રીઓ, પૌત્રો, પૌત્રીઓને સેટ કરવા જોબમાંથી નિવૃત્ત થઈ સાદી જેલ જેવું જીવન ગાળે છે. પુત્ર અને પુત્રવધુ જોબ કરે છે. નિવૃત્તો એમના બાળકોને સાચવે છે. એકલતાથી ઊબકી જાય છે. શનિ રવિ પુત્રો કે પુત્રવધુઓ અનુકૂળતા પ્રમાણે મંદિર, મોલ અને સ્ટોર્સમાં લઈ જાય, પછી એકલતાનો ઘૂઘવાતો સાગર ?

સમૃદ્ધ NRI વતનમાં આવે છે. નાના ગામોમાં વટ પાડવા સફારી અને મોજા વગરનાં બૂટ પહેરે છે. ગોગલ્સ ચડાવે છે. સગાવહાલાં માટે બદામ લઈ આવે છે. Dollar A day સેલમાંથી વસ્ત્રો, ચીજ વસ્તુઓ, શેમ્પુ અને ક્રીમ લઈ આવે છે. ગામની શાળામાં દાન આપી તકતી લગાવડાવે છે. દવાખાનામાં x ray મશીન મૂકાવે છે. મંદિરનો જીર્ણોધાર કરાવી મા બાપને પોતાના નામે દાન કરે છે. પાણીની ટાંકી બનાવડાવે છે. ચબૂતરા કે ધર્મશાળામાં પૈસા આપે છે. કાર ભાડે રાખી સગાં સ્નેહીઓને મળે છે. વ્હિસ્કીની બોટલ ભેટ આપે છે. ફિલ્મી અદાકારો, ટી.વી. કલાકારો, નાટય મંડળો, રાસ ગરબાનાં મંડળો, ગુજરાતી હિન્દીનાં ગઝલ ગાયકો ઉપરાંત કથાકારો, ધર્મગુરુઓ, અને ભાષણ ગોઠવવાની ત્રેવડવાળા વગદાર સાહિત્યકારો પણ અમેરિકાનાં આકર્ષણથી મુક્ત નથી. તેઓ વિઝિટર વિઝા પર ત્યાંની સંસ્થાઓનાં ખર્ચે કથાઓ અને ભાષણો કરી આવે છે. આમ અમેરિકા, લંડન, કેનેડા અને યુરોપનાં દેશો પાસે ડોલર, પાઉન્ડ, યુરો અને કેનેડિયન ડોલર સાથે રૂપિયાને ગુણવા પડે એવા વજનદાર ચલણ છે. ત્યાં પ્રજા જીવનમાં કાયદાનું કડક પાલન થાય છે. સિગ્નલ ભંગ કરનારને વીસ ડોલર લઈ છોડી મૂકાતા નથી. ગુના મુજબ દંડનો મેમો અપાય છે. કડક કાયદા હોવાથી પ્રજા જીવનમાં તનાવ નથી, બંધુ નિયમબધ્ધ છે. આમ વિદેશો પાસે ભૌતિક સમૃદ્ધિ છે. મોલ, ક્લબો, હોટલો, તોતિંગ ટાવરો અને ડિસ્કોથેક છે. મુક્ત સેક્સ છે. જાહોજલાલી છે. અમેરિકા તથા રશિયા, આફ્રિકા, લંડન, ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, સિંગાપોર, બેંગકોક, મલેશિયા જેવા દેશોની મુલાકાતો દરમિયાન જોયું છે. આંજી નાખે તેવો વૈભવ છે. ચકચક્તિ એરપોર્ટો છે. હું પણ વિદેશોની મુલાકાતનું સરવૈયું કાઢતાં મારી જાતને પૂછું છું. ધારો કે તને અમેરિકામાં સેટલ થવાની તક મળે તો તું સેટલ થાય ? પાંસઠ વર્ષની વય વટાવી ગયાં પછી ત્યાંની સરકારનું પેન્શન ડોલરમાં મળે તો ત્યાં સ્થાયી થાય? પેન્શન માટે તો બુઝર્ગો અહીં તહીં દોડયા કરે છે. હું મારી જાતને જવાબ આપું છું, ત્યાં ત્રીજીવાર જવાની તક મળે તો સાહિત્યિક યાત્રા નિમિત્તે જાઉં ખરો. એ દેશની ભવ્યતા મને ગમે છે. ત્યાં વસતા આપણા ગુજરાતી બંધુઓની, સ્નેહીઓની, મિત્રોની આગતા સ્વાગતા માટે મને માન છે. એ દેશ સામે મારી કોઈ ફરિયાદ નથી. મારી બબ્બે મુલાકાત પછી હું પ્રસન્ન થઈને, ન્યુજર્સી, ન્યુયોર્ક, પેન્સિલવેનયા, લોસએન્જલસ, વોશિંગ્ટન, સાનફ્રાન્સિસ્કો, લાસવેગાસ, શિકાગો, ડિટ્રોઈન, ઓરલેન્ડો, ડ્લાસ, હ્યુસ્ટન વગેરે સિટી કે સ્ટેટમાં ફરીને અપવાદને બાદ કરતા ઉષ્માભેર પાછો ફર્યો છું. મારા મિત્રે પાટીદાર મંડળનાં ઉપક્રમે નિમંત્રણ આપી બોલાવ્યો હતો. પહેલીવાર ડલાસ ગયો ત્યારે મને સાહિત્યકાર તરીકેની પિછાણથી અમેરિકન એમ્બેસીએ પાંચ વર્ષનાં મલ્ટિપલ વિઝા આપ્યાં હતાં. ત્યારે મને સેટલ થવાની તક હતી. મોટેલ સંભાળી લેવાની ઓફર થઈ હતી, પણ મને સાહિત્યિક પ્રવાસ નિમિત્તે જુદા જુદા સ્ટેટમાં ઘૂમવામાં રસ હતો. સેટલ થવામાં રસ ન પડયો.

ત્યાં બધું જ હતું, પણ એકડા વગરનાં મીંડા જેવું ફિલ થતું હતું. માણસ ત્યાં પૂરો ખોવાયેલો યાંત્રિક અને ઉષ્માવિહીન લાગતો હતો. માણસને બદલે ડોલર કેન્દ્ર સ્થાને હતો. લોકો ડોલરને રૂપિયાથી ગુણી પોતે કેટલા સમૃદ્ધ છે, તે ઠસાવવાની તક છોડતાં નહોતા. માંદા પડયાં હોઈએ તો રૂબરૂ મળી જીવન પ્રત્યેનો ઉત્સાહ પ્રગટાવવા કોઈને ફુરસદ ન હોય. ફોન પર ખબર પૂછી લે. માણસ મૃત્યુ પામ્યો હોય તો અંતિમ યાત્રામાં આવવાનો પણ સમય ન હોય. એમ્બ્યુલન્સમાં નાંખી ખૂબ જ નિકટનાં સ્વજનો, પરિવારજનો ઈલેક્ટ્રિક સ્મશાનમાં મૃતદેહનો ઝડપથી નિકાલ કરી આવે. પ્રશ્ન સમયનો છે. કોઈની પાસે સમય નથી. સર્વિસ કરનાર ફાયર થઈ જવાની ભીતિથી અદ્ધર શ્વાસે સર્વિસ કરતા હોય છે. ભયપ્રેરિત શિસ્તથી લોકો જીવે છે. આ બધું હું આપણાં નિવાસી બંધુઓનાં દોષ કાઢવા માટે કહેતો નથી. ત્યાંનાં સંદર્ભમાં એ લોકો શિસ્તબધ્ધ મહેનતું અને સાચા છે. મે સિનિયર સિટિઝનની વેદના જોઈ છે. પુત્રો અને પુત્રવધુઓને કરગરતા જોયા છે. આપણા જેવા આગળ હૈયાને હળવું કરી લેતા જોયા છે. એ જીવન એમને કોઠે પડી ગયું હોય છે. રાજકપૂરની મેરા નામ જોકરનું ગીતઃ જીના યહાં, મરના યહાં, ઈસકે સિવા જાના કહા ? પુનરાવર્તન કરીને કહું છું, મને અમેરિકા જેવા દેશોમાં ટુરિસ્ટની હેસિયતથી જવું ગમે, પણ 'સેટલ' થવાનું ન ગમે. કારણ કે મને માણસની હુંફથી જીવવાની આદત પડી ગઈ છે. અરાજક્તામાં અહીં પ્રેમ છે. મરવાનીય મઝા પડે એવો આપણો દેશ છે. અહી મૃત્યુનો મલાજો અને માતમ બંન્ને છે. ભારત પાસે હિમાલય છે, ગંગા છે, ઋષિમુનિઓની તપસ્યા અને મંત્રોચ્ચાર છે. કૈલાસ માનસરોવર છે. વેદો, ઉપનિષદો અને ગીતા છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધીજી અને અરવિંદ જેવી વિભૂતિઓ છે. સીતા, રાધા, સાવિત્રી, ગાયત્રી, મીરાનાં તપથી પાવન થયેલી ભૂમિ છે. આ એ જ ભારત છે, જેણે વિશ્વસંસ્કૃતિઓને પોતાના પારણામાં ઝૂલાવી હતી. હું ઈશ્વર પાસે પ્રાર્થું છું, હે પ્રભુ? મને માનવ કે પશુપંખીનું ખોળિયું આપે તો જન્મ અવશ્ય ભારતમાં આપજો, સવિશેષ માનવ યોનિમાં. વહેતા સમય અને પરિવર્તનની હવા સાથે અહીં 'પા માણસ' માણસાઈનાં સંદર્ભમાં મરી પરવાર્યો છે, છતાં 'પોણો માણસ' માણસાઈને ગળે વળગાડીને જીવે છે. એ નાની સૂની વાત નથી. વિશ્વદેશો પાસે ભવ્યતા છે, ભારત પાસે દિવ્યતા છે. મારું સમસ્ત સંવિદ્ બોલે છે : I love my india...

શરત

રાધાએ તીરસી નજરે કાનાને વીંધ્યો. કાનો વીંધાઈને સાવ સારણી જેવો થઈ ગયો. કાળમીંઢ પથ્થરને પણ સારો કહેવડાવે તેવો કઠણ કાનો ઓગળીને પ્રવાહી માફક દડદડવા લાગ્યો? લાગ જોઈને રાધાએ લસલસતું મરકલું કર્યું. રાધાનું રૂપ અજોડ છે. મોટી અને પાણીદાર આંખો, ઘૂંટાયેલા નેણ, ચાર આંગળનું કપાળ, લાંબા વાળ, શ્યામલવાન અને નમણાશ તો જાણે પોતીકા બાપનો આજીવન ઈજારો? કાનો, રાધાનાં આ ઠાવકારૂપ પર વારી ગયો હતો. ઓળઘોળ થઈ ગયો હતો. સગાબાપનું પણ કહ્યું ન કરનારો કાનો રાધાનો પડ્યો બોલ ઝીલતો હતો, તેના આંખનાં ઈશારે પાણી ભરતો હતો ? અત્યારે રાધા ખભા ઉલાળીને ઊભી રહી હતી. તેણે સાવ ઘચરકાવીને કહી દીધું. મારે આવવુંય નથી અને કોઈને જવાય દેવા નથી? કાનો, રાધાને બરાબર સમજી ગયો હતો. તેથી તેણે પણ રવૈયો બદલીને કહ્યું. "આ તો તું કે તી હતી... બાકી આપડે એવો ક્યાં સરહ છે?" પોતાનું કહ્યું કાનાએ માન્યું. કાનો હેઠો બેઠો એ વાતે રાધાનાં દિલનાં દરવાજે દીવડાં પ્રગટ્યાં. અંતરમાં અજવાળું પથરાયું. હુંસાતુંસી હતી પણ અહમનો સવાલ નહોતો, તેથી નિરાંત અનુભવી, પણ હવે આગળનું કામ કેવી રીતે લેવું તે સળગતો સવાલ હતો. તેથી રાધા મનને વિચારોની સરાણે ચઢાવી ધાર કાઢવા લાગી. રાધા અને કાનો હવે પતિ પત્ની છે. તેમાં કાનો નાનપણથી જ ભારે ભરાડી અને કોઠા કબાડા કરવામાં અચ્છો ઉસ્તાદ. કોઈને ગાંઠે નહીં અને કોઈની આંટીમાં આવે નહી. ભલભલાને ભૂ પાઈ દે પણ રાધા આગળ કાનાની આ એક પણ આવડત કે કસબ કામયાબ નીવડે નહીં. બીજી રીતે કહીએ તો લાગણીની ભો પર લપસીને કાનો મોંભરાણ્ય થઈ ગયો હતો. હવે તેનાથી ઊભું થઈ શકાય તેમ નહોતું. બંનેનાં સામ સામે ગામ, શેઢાપાડોશી કહેવાય. ગામની વચ્ચે શેત્રુંજી નદી વહે. વરસાદ હોય તો નદી પાણીનાં ઉલાળા લે, નહીંતર આખું વરસ ડોસીનાં દૂધીયા દાંત જેવું ઠાલું ઠાલું હસ્યાં કરે. આ બંને ગામને જોડતી એક સડક છે. જે ત્રણ કિલોમીટર દૂર ત્રિભેટે ભેગી થાય છે. કોલેજ જવા નીકળતી રાધા ક્યારેક આ બસસ્ટેન્ડનાં પાટીયા પાસે આવીને ઊભી રહેતી હતી. ગાલ ઘસવાનું મન થાય તેવો લિસ્સો રોડ. વળી પહોળો પણ એટલો જ... છતાંય સમયસર કંકું પગલાં કરવાનું બસને ભાગ્યે જ સૂઝે. ગમે તે સમયે આવે અથવા તો રિસાઈને આવવાનું જ માંડી વાળે. મુસાફરોમાં રાધા પણ હોય. કોલેજમાં સમયસર પહોંચવા માટે રાધા છકડો રિક્ષા કે કોઈ એવાં પ્રાઈવેટ વાહનમાં બેસી જાય. એક યુવાન છોકરીને આમ અજાણ્યા વાહનમાં બેસવાનું જોખમ ઓછું નહીં, પણ બીજું કરે શું? પરીક્ષા સમયે એવું બન્યું કે બસનાં ક્યાંય વાવડ નહોતાં. પરીક્ષામાં મોડી પડે તો સુપરવાઈઝર બેસવા ન દે. પેપર ન આપવાના કારણે વરસ બગડે? આ વેળાએ રાધા બરાબરની અકળાઈ હતી. એક ક્ષણે તો એમ થયું કે મુઠ્ઠીઓ વાળીને દોડવા લાગુ... પણ સાત કિલોમીટરનો પંથ કાપવો શક્ય નહોતો. પગે કીડીઓ ચટકા ભરવા લાગી. એક ક્ષણ પસાર કરવી વસમી હતી. છેવટે રાધા રોડ વચ્ચે આવીને ઊભી રહી. પસાર થતા વાહનો સામે હાથ ઊંચા કરવા લાગી. તેમાં કાનાએ બાઈક પર લિફ્ટ આપી... ને પછી તો કાયમનું કાનાનું નીકળવું અને રાધાનું આમ બેસવું ઘણાં લોકોની નજરે ચઢી ગયું. એક વખત તો કાનો, રાધાને આમ બાઈક પર બેસાડીને છેક પોતાના ઘરે લઈ ગયો હતો. કાનાની મા તો ફાટી આંખે જોઈ રહ્યાં હતાં. તેમણે પૂછ્યું 'એલા કાનીયા ?' કોણ છે, આ છોડી ? ને આમ બેહાડીને ધૈર્ય હું કરવા લૈ આવ્યો ? કાનો અને રાધા જવાબ આપવાના બદલે ખીં... ખીં... હસે. કાનાની માનો ક્રોધ ધુમાડા કાઢી ગયો. કહે એ.. ગેલહાગરીની તું છો કો ની ની? પારક્યા જણ વાંહે બેહીને આવતા તુંને લાજ શરમ આડે ના

MARINE NATIONAL PARK :JAMNAGAR



મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
મરીન નેશનલ પાર્ક, વન સંકુલ, ખીજડીયા પક્ષી અભ્યારણ,
નાગનાથ ગેઇટ પાસે, ગંજીવાડા, જામનગર
Tel: 0288-2679355,2679357, Fax: 0288-2770161



તિરૂપતિ નેચરલ પાર્ક આપનું હાર્દિક સ્વાગત કરે છે

Happiness, Hope & Magic for the Children

કુદરતી કરિશ્મા તથા સૌથી વધુ ખુબીઓ ધરાવતો અને સૌંદર્યથી ભરપૂર તેમજ પ્રદૂષણ મુક્ત વાતાવરણનાં સાનિધ્યમાં, હરિયાળી પ્રકૃતિ વચ્ચે મોજમજા, મનોરંજન, યાદગાર પ્રસંગોની ઉજવણી, શૈક્ષણિક પ્રવાસ, ફિલ્મશૂટિંગ, પિકનિક માટેનું રમણીય સ્થળ એટલે તિરૂપતિ નેચરલ પાર્ક.

તિરૂપતિ નેચરલ પાર્ક હવે એક નવા રૂપરંગમાં નિહાળો

આ પાર્કમાં મનોરંજન માટે વોટર પાર્ક, નૌકા વિહાર, રિવર બોટિંગ, શિશુવન, ઝૂલાવિહાર, રેલ્વે, પંખી તથા માછલીઘર, વિવિધ રાઈડર્સ, થ્રીડી ફિલ્મ, લેન્ડસ્કેપ બગીચા, ફૂવારા, ડોરમેટરી, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ જેવી સુવિધાઓથી ભરપૂર વેસ્ટમાંથી બેસ્ટ કલાકૃતિ તથા નવી જનરેશનની આશાઓ અને અરમાનો સજાવતો જાદૂઈ પાર્ક.

વોટરપાર્ક કોસ્ચ્યુમચાર્જ ફક્ત ₹ 120 રાઈડર્સ ગ્રુપ પેકેજ સુવિધા
તિરૂપતિ નેચરલ પાર્ક એન્ટ્રી ફી જનરલ : ₹ 20, બાળકો : ₹ 10

વિસનગર ઊંઝા રોડ, વિસનગર : 384 315, જિ. મહેસાણા
Tel. : 02765-264110, 264111, Fax : 02765-285695 M. : 9408197926
Website : www.tirupatinatural.co.in **Email :** naturalpark@yamail.com

આવી? 'પારકા ક્યાં છે, બા ?' રાધાથી આમ બોલાઈ ગયું. હૈયે હતું તે હોઠે આવી ગયું, પણ આગળનું કહેવાની હિંમત ચાલી નહોતી. લજ્જા આડે આવીને ઊભી રહી, પણ રાધાનું આમ કહેવું સાંભળી રાધાની મા તો જાણે સજ્જડબંબ ? ઘર અને ફળિયું પણ અવાક્ થઈને કાન બંધ કરી ગયું ? તું હું બોલે, ઈનુ ભાન છે તુંને ...? આમ કહી, રાધાની જીભ જ ખેંચી લેવાનું કાનાની માને મન થઈ ગયું, પણ તમાસાને તેડું ન હોય. શેરી અને ગામમાં હમણાં હોબાળો થાશે. આબરૂનાં લીરાં ઊડશે... આ ડરે કાનાની મા મન મારીને પણ મૂંગા રહ્યાં, પછી સમય પારખી, સમજાવટનાં સૂરમાં કહ્યું 'અસ્તરીની જાત તો કાચની બંગડી કેવાય, ઈને નંદવાતા વાર નો લાગે, કોઈ ભાળે નો ભાળે ઈ પેલા ધૈર્ય મૂકી આવ કાનીયા ?' 'જુવાન છોરું છે... કાય નો કે'વાય, સમય ખરાબ છે. આમ બંનેને હીરનાં દોરે વીંટાળીને વળાવી દીધાં, પણ ઘટના અહીંથી અટકી નહોતી, ખરેખર તો શરૂ થઈ. કાનો બાર નાપાસ અને રાધા કોલેજનાં છેલ્લા વરસમાં અભ્યાસ કરતી સ્માર્ટ કન્યા. બંને વચ્ચે ક્યાંય સામ્ય નહોતું. બંનેની નાત એક હતી. તેમની નાતમાં કન્યાઓનું પ્રમાણ ઓછું હતું. જે કન્યાઓ હતી તે મોટા ભાગે ભણેલી હતી, છતાં પણ દીકરી દીકરાને પરણાવ્યા વગરનો વિકલ્પ જ નહોતો. તેથી બાંધછોડ કરીને પણ વડીલોની રાજીખુશીથી જ્ઞાતિગત લગ્ન થયાં. ગામ અને પરિવાર કાનાનાં ઉધામા જોઈને કહેતા હતાં. 'આ વંઠેલ વાછડાને ગાડી જોતરી દ્યો, આફરડો સીધો દોર થઈ જાહે. વીહનોરી વળગશેને એટલે પાહર્યો થઈ જાહે ? ગામનું આમ કહેવું તદ્દન સાચું ઠર્યું હતું. રાધાનાં હેત આગળ કાનો પલળીને સાવ રાબ જેવો થઈ ગયો હતો. હૈયા ઉકલતવાળી રાધાને મન ઘણીને ધાકમાં રાખવાનો સહેજપણ ઈરાદો નહોતો. પણ ઠેકાણે લાવવાનો પ્રયાસ કર્યો. તેમાં તે સફળ રહી હતી. ગોરીયો ગમાણે આવી ગયો હતો. કાનાની મનસા હતી કે મા બાપને ચારધામની જાતરા કરાવવી. આમાં રાધાનો પણ રાજીપો હતો. દિવાળીનાં દિવસોમાં લગભગ આખું ગુજરાત ફરવા નીકળી જાય છે. તેમાં કાનો પણ સામેલ થવા માંગતો હતો. 'હેં... અલી ?' કાનાને રહી રહીને સાંભરી આવ્યું હોય તેમ તેણે પાછું રાધાને પૂછ્યું. 'તું ના હું કરવા પાડ્સ ઈતો કયે?'

રાધાએ છણકો કરીને કહ્યું. 'બસ, ઈમજ તે... નથી કેવું લે ?'

'મારી વાલી છો ને, હૈયાનું હાડકું છો ને ...'

'જાવ... જાવ... હૈયાને હાડક્યું જ નો હોય...' રાધા નખરાળી લટકો કરીને બોલી. હાવ ખોટ્ટા....?

કાનો થોડીવાર આંખો ભરીને તેના લાડભર્યા નખરાંને માણતો રહ્યો.પછી વ્હાલપનાં ખડીયામાં કલમ ઝબોળીને બોલ્યો.'મારું માન્ય, આખો મલક જાય છે. તે આપડેય ફરતાં આવીએ....'

કાનાનો હેતાળ ટહુકો રાધાનાં હૈયાને વાગી ગયો હતો. તે સમજતી જ નહોતી, અનુભવતી પણ હતી. તેણે કહ્યું, 'તમે કયો છો ઈ હંધુય મું હમજું છું. મનેય તમારી હારે આવવાનું અને ફરવાનું મન થાય છે. હમજ્યા ? 'તો પછી હાલ્યને....' કાનો ગેલમાં આવીને કહે. 'મારીએ ધૂબાકા ?'

'ના' રાધા દુભાતા સ્વરે બોલી. 'હરામની કમાણીએ મારે આવા ધૂબાકા નથી મારવા.' 'હરામની કમાણી ...? કાનો કાળોતરા નાગ જેમ ફેણ ચઢાવીને લગભગ ઊભો થઈ ગયો હતો. તે તાડૂકીને બોલ્યો. 'હું કીધું...?' સામે રાધા સહેજ પણ ચલિત થયાં વગર તેની વાતમાં અડગ રહી અને મક્કમતાપૂર્વક પાછું બોલી. 'હરામની કમાણી.. એક વાર નહીં પણ સાડીસત્તર વાર, આવી કમાણીનાં રૂપિયે મા બાપને જાતરા કરાવો તો નરકમાં જાશો, હમજ્યા ?' કાનો ઘરબાઈને મૂંગો થઈ ગયો. ઘર આખામાં સન્નાટો છવાઈ ગયો. રાધાનાં અસ્સલ મીજાજી સત્ય ઉચ્ચારણોનાં પડઘા ઘરનાં ખૂણેખાંચરેથી પણ ઊઠતા હતાં. કાનો ઘાયલ અવસ્થામાં છંછડાયેલા સાપ જેમ ઝૂંફળિયું મારતો હતો. રાધાનું આમ કહેવું જરા પણ અસત્ય નહોતું. હકીકત સામેનાં આંખ મિચામણા તદ્દન નિરર્થક હતાં. કાનો સમજતો હતો, પણ તેને હાડોહાડ લાગી ગઈ હતી. તેણે થવા લાગ્યું કે આ સ્ત્રીએ પોતાના મૂળમાં જીવલેણ ઘા કર્યો છે. લાગણીનો લાભ લઈ મારી ઓળખને છિન્ન ભિન્ન કરવાનો જાણે કારસો રચ્યો છે ! ધાર ધીરની સાથે ધાક ધમકીનો છૂપો ઘંધો છે એ જ પોતાની ખરી ઓળખ છે. આ ઓળખનાં લીધે જ કોઈ માટી આડા ઉતરવાની હિંમત નથી કરતો. ભલભલા ભરાડીઓ નામ લેવાનું વિચાર પણ નથી કરી શકતા અને આ મારી ઘરવાળી ઓળખને ધોઈ નાંખવા બેઠી છે? તેની અંદર બેઠેલો એક બીજો કાનો જાણે આળસ મરડીને ઊભો થાય છે. તે ગળું ખંખેરી, હાકાટો પાડીને કહે છે. 'મોં હંભાળીને બોલ્ય... બાકી મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી હમજી ?' 'આમા નવું હું બોલ્યા ?' આગની જેમ સળગી ઊઠેલા કાના પર ઠંડું પાણી નાંખીને ઠારવા માગતી હોય એમ રાધા પહેલા મરક મરક હસીને પછી બોલી. 'મલક આખાને ખબર્ય છે કે તારા જેવો ભૂંડો બીજો કોઈ નથી!' કાનો ફણાભેર થઈ ગયો, રાધાનું વેણ કાનમાં નહીં પણ છાતી સોંસરવું ઉતરી ગયું હતું. તે ધમપછાડા કરવા લાગ્યો. જોનારાને તો એમ જ થાય કે કાનો હમણાં જ રાધા ઉપર હાથ ઉપાડશે, ઝૂડી નાખશે... પણ રાધાની સૌમ્ય અને પ્રભાવી પ્રકૃતિ સામે કાનાને ઠરી જતા વાર ન લાગી. ઘર અને શેરીમાં લગભગ કોઈ નહોતું. મોટા ભાગનું મનેખ સીમમાં હતું. વરસાદ તો એવો સરખો થયો હતો, પણ જે ઊગ્યું હોય. વાઢ્યું હોય એને ગાડામાં લાવ્યા વગર તો છૂટક્યો નહોતો.


કાનાનાં બાપુ પાસે પણ જમીન હતી. ગામની ઓતરાદી સીમમાં પૂરા બાર વીઘાનો સમથળ પળડો હતો. શેઢે કૂવો હતો. કૂવામાં પાણી હતું. બે ચાર વીઘાનું પિયત થતું. ઋતુ પ્રમાણેની શાકભાજી, રજકો, શેરડીનો એકાદ વાઢિયો... કોસથી પાણી ખેંચીને પાતા. દિ' આખો લગભગ વાડીએ જ રહેવાનું હોય. વાડી એ બીજું ઘર હતું. લીલુછમ જીવન હતું ?

કાળક્રમે વરસાદ તૂટ્યાં, કૂવા ડૂક્યા, તળ ઊંડા ગયાં. પીવાનાં પાણીનાં સાંસા પડવા લાગ્યાં. તેમાં પિયતની તો વાત જ ક્યાં કરવાની રહી ? ખેતી માટેનાં બળદ અને દૂધ માટેનાં ઢોરને નિભાવવા મુશ્કેલ થવા લાગ્યાં. ફળિયાની ગમાણ કાયમનાં માટે નેસ્તનાબૂદ થઈ ગઈ. જાણે મૂંગા સભ્યો સાથેનો નાતો તૂટી ગયો ? બે ત્રણ વરસ પૂર્વે ગામનાં સરપંચે જાહેર કર્યું હતું કે અહીં મોટું કારખાનું નાંખવાનું છે. લોકોને કામ મળશે, નોકરી મળશે, વાડીનું વૈતરું નહીં કરવું પડે. ઘણા યુવાનોને આ વાત ગળે ઊતરી ગઈ, તેણે પૂછ્યું હતું. 'અમારે કરવાનું શું ?'

'કરવાનું શું હોય....? જમીન આપો. કંપનીવાળા મોં માગ્યા દામ આપશે. રૂપિયાનાં ઘર ભરાશે?' વાત સાચી ઠરી, સરપંચની વાણી ફળી. કંપનીએ ઊંચા ભાવ આપીને જમીન ખરીદવા માંડી. ઘણાં ખેડૂતોનાં ઘરમાં રૂપિયાનાં ઢગલાં થયાં હતાં. કાનાનાં હાથમાં પણ ખંજવાળ ઉપડવા લાગી હતી. તેણે બા બાપુ આગળ વાત મૂકી. આ હંધાય જમીન વેંચે છે તો આપડેય... પણ તે વખતે કાનાની બાએ કાનાને ઘઘલાવી નાંખ્યો. પડ્યું પાણી સૂઝવા નો તું દીધું. 'કપાતર, મવાલી... તું તારી મા ભોમકાને બજારે કાઢવા બેઠો ?' 'દીકરા ? જીવ જાય પણ જીવાય નો જાય, જમીન કોઈ દિ નો કઢાય.' કાનુનાં બાપુએ નિરાંતે કહ્યું હતું . 'જમીન કાઢીને જગતમાં કોઈ સુખી નથી થયું.' આ વાત માથે થોડા દિવસ ટાઢું પાણી રેડાઈ ગયું હતું, પણ ગામમાં મોટા ગાબડા પડવા લાગ્યાં હતાં. જે જમીન પાણીનાં મૂલે પણ પરવડે નહીં તે જમીન લાખ્ખો રૂપિયે વેચાવવા લાગી હતી. ખેડૂતનાં ઘરમાં એટલા તો રૂપિયા આવવા લાગ્યાં કે તેને મૂકવા ક્યાં ? તે મૂંઝવતો સવાલ હતો. અનિયમિત વરસાદ, મોંઘાભાવનું બિયારણ માથે પડે અને ક્યારેક લીલો દુષ્કાળ, આકાશી રોજીનું કાંઈ કહેવાય નહીં. પાકે તો ધાનનાં ઢગલાં થાય નહીંતર રેશનિંગની દુકાને બરછટ અનાજ લેવાની લાઈનમાં ઊભાં રહેવું પડે ? છેવટે કાનાનાં કુટુંબે જમીન વેંચી નાંખી હતી. જિંદગીમાં જોયા ન હોય એટલા રૂપિયા આવ્યાં હતાં. કાનો તો રૂપિયાની પથારી કરીને રીતસર સૂતો હતો. કોના બાપની દિવાળી ?

'ભારે રીંહની બંબૂડી ?' રાધાએ કાના સાથે લળુંભીને હેતભીનો છણકો કરતા કહ્યું . 'ના પાડી ઈમાં આટલું કાળઝાળ થાવાનું ? મુંને તો કેટલીવાર

તેં ના ભણી છે તોય મું તો ગરમ નથી થાતી.'
રાધાની વાતે કાનો થોડો સથર્યો પડ્યો. રીસ ઓછી થઈ. છતાંય અહમ્‌નાં ઝાડે ચઢીને રૂઆબભેર બોલ્યો. 'એમ નંઈ પણ હરામની કમાણી છે. એમ કેમ કીધું ?' 'ઈ તારા મનને, તારી જાત્યને પૂછ્ય?'
'એ... ભણેલની પૂંછડી, જાત્ય માથે જામા... નાક જાત હોઠ રાખવો હોય એમ કાનો વિફર્યો. 'વધુ વાયડીની થઈ તો, વાંહો બાવળો કરી નાખીહ?'
'મારા પ્યારા પતિદેવ, સોહામણા સ્વામીનાથ... રાધા લટકો કરી ભાવભીનાં સ્વરે બોલી. 'આમાં તમે હમજો એવી કોઈ જાતની વાત નથી.'
રાધા કાના તરફ ઢળી. રાધાનો શ્વાસ વેગવંતો થયો. રાધાનો ઉષ્ણ શ્વાસ કાનાને કનડવા લાગ્યો, મનથી ડરી ગયો હતો તે કાનો તનથી તંગ થવા લાગ્યો. ઘરમાં એકાંત હતું. પછી સ્થિતિ પારખીને એકદમ ઊભી થઈ ગઈ. કાનો ઘલવલતા દેહે જોતો રહ્યો. રાધાએ આંખમાં આંખ પરોવી. લસલસતા શિરા જેવા સ્વરે કહ્યું. 'જાતરાએ જાવું હોય તો મારી ના નથી હમજ્યા.?'
કાનો તો મોં વકાસીને જોતો જ રહ્યો. કાને પડ્યું તે સાચું હતું કે પછી... ના પાડી તેથી એ રામાયણ સર્જાણી હતી અને હવે પાછી હા પાડે છે ? ભણેલી તો ભલભલાને ભૂ પાઈ દે તે આનું નામ !
'પણ ગુજરાતમાં જ... ગુજરાત બારું નંઈ.' રાધા બોલી. પરદેશથી લોક આંયા આવે છે ને.. કે પછી ગામનાં કાંઠે વેતી ગંગાની કિંમત નો હોય.
કાનો મૌન જ હતો તેને એક પણ જાતનો ટપ્પો પડતો નહોતો. નો તી સમજાતી રાધા કે નો તી સમજાતી રાધાની વાત?
'ગુજરાતમાં ઘણુંય જોવા જેવું ને ફરવા જેવું છે. ઈમાય આ સવર્ણ ઉજવણીમાં જોવાના ને જાતરાનાં સ્થળો કાંઈ રળિયામણા બન્યાં છે?'
કાનો હજુ પણ એ જ સ્થિતિમાં હતો, એક વાતે તેને ટાઢક વળી હતી. રાધાએ હા પાડી. તેથી તેના પતિપણાનો અહમ અકબંધ રહ્યો હતો. રાધા બોલી પારક્યા બૈરા વધુ ગમે.. એવું છે આપડું..
ખડકીની સાંકળ ખખડી. કાનાનાં બા બાપુ અંદર આવ્યાં. રાધાએ એકદમ ઊભાં થઈ, ઉતાવળા પગલે જઈ પાણીયારેથી પાણીનો લોટો ભર્યો. પછી સાસુમાને આપ્યો. ઘરમાં ફ્રિઝ છે પણ બા બાપુને ગોળાનું પાણી જ ફાવે છે. થોડીવાર કોઈ કશું બોલ્યું નહીં. એકજાતનો ગરમાવો સૌને પજવી રહ્યો હતો. પતિ પત્ની વચ્ચે કાંઈક જીભાજોડી થઈ છે. તેનો અણસાર આવી ગયો હતો. તેથી કાનાની બાએ સહેજ ભવાં ચઢાવીને રાધા સામે જોયું. રાધા પામી ગઈ, તેણે જુદી રીતે જ કહ્યું. 'બા...? તમે થાકીને આવ્યાં છો, તે અડાળી ચા મૂકું.' કોઈએ રાધાનાં કહ્યામાં ડોક નીંદોળી નહીં, છતાંય રાધા રસોડે ગઈ. કાનાની બાનો ઘુંઘવાટ, કાના તરફ તકાયો. તે નજરનો ભાર જીરવી શક્યો ન હોય તેમ આડી નજર કરીને એકદમ બોલ્યો. 'જાતરાએ જાવાનું કવશું, પણ હોવ ના પાડે છે. રાધાનાં કાન આ બાજુ જ હતાં. તે રસોડામાંથી બોલી.' 'મું ક્યાં ના પાડું છું. મારી તો હા છે.'
રાધાનું આમ કહેવું કાનાને ગમ્યું નહીં. તેણે કાળઝાળ નજરે રસોડા બાજું જોયું, રાધા રમતિયાળ મરકલું કરીને મોં ફેરવી ગઈ. કાનો સમસમી ગયો. તેનું ચાલ્યું હોત તો રસોડે જઈને રાધાને ધમકાવી નાખત, પણ હાથ મસળવા સિવાયનું બીજું કાંઈ થઈ શકે તેમ નહોતું.
કાનાએ જૂની ફોર વ્હીલ ગાડી લીધી છે. તેમાં ગેસકીટ બેસાડી છે. ગાડીમાં બેસાડીને પરિવારને ચાર ધામની જાતરા કરાવવી તેમાં તેની શાન અને ગૌરવ સમજે છે. પણ અત્યારે તો પત્ની રાધા જ ગામમાં પો પાડવાની પ્રક્રિયા આડે રોડા નાંખી રહી છે. તેવું કાનાને લાગે છે.
રાધા ચાની તપેલી લઈને બહાર આવી. ફ્રિઝમાં સાચવી રાખેલી દૂધની કોથળીમાંથી ચા બનાવી હતી. કાનાનાં મા બાપને આ દૂધની ચા સારી લાગતી નહોતી. ફળિયામાં બાંધેલી બકરીને ગમે ત્યારે દોહીને તેના દૂધની ચાનું તેમણે બંધાણ હતું. પણ હવે તો બકરીનાં પગલાં તો શું, લીંડીઓ પણ રહી નહોતી. 'હેં... બા? માવતરથી મોટું કોણ? રાધા ચા પીરસતા બોલી. એ... પ્રભાતનાં પોરમાં ઊઠીને મા બાપને પાય લાગીએ એનાથી મોટું પુણ્ય



ક્યું?' ત્રણેયનું ધ્યાન અડાળીમાં હતું ને કાન રાધાનાં કહેણ સાથે હતાં. 'મારે મન તો તમે જ ભગવાન છો અને આ ઘર ઈ મંદિર છે... બીજે ક્યાંય જાવાનાં ઉધામા કરવા જેવા નથી.' રાધા થોડું ઉમેરીને બોલી. 'ને હંધાય જાતા હોય તે આપડેય જાવું એવું કોણે કીધું?' રાધાનું આમ કહેવું સાંભળી કાનાનાં મા બાપનાં કાન કોંડીયું બની ગયાં. કાંઠે નિરાંતની જ્યોત જગવા લાગી અને ક્ષણભર તો થઈ આવ્યું કે, ભણેલી વહુએ ભ્રમનાં જાળાં અળગાં કરી, હૃદયમાં જ દેવનાં દર્શન કરાવ્યા છે. કાનાને મૂંગા રહેવા સિવાયનો વિકલ્પ નહોતો. હવે બાજી કઈ બાજુ ઢળશે કે વળશે તેનો ક્યાશ કાઢવો કઠણ હતો. તેથી અધ્ધરજીવે તાલ અને તમાશો જોવા લાગ્યો. 'બીજે ક્યાંય જવા કરતા બા દ્વારકા જાવી તો કેવું?' રાધાનું આમ કહેવું પુરું થાય ત્યાં જ કાનાએ વાતને આંચકી લીધી. નિર્ણયકર્તા પોતે જ હોય, પોતનું જ ચલણ અને આધિપત્ય જાળવતો હોય તેમ ઊંચા અવાજે ભારપૂર્વક બોલ્યો.
'હા એમ જ તે... હુંય દ્વારકા જાવાનું જ કવશું ને ?'
લાજની આડશમાંથી રાધાએ કાનાને નજર વડે ત્રોફ્યો. તેણે જોયું ન જોયું કરીને કહ્યું. પણ જાસ્યું કઈ બાજુથી દ્વારકા ?
'કોઈ પણ બાજુથી જાવ... દ્વારકા તો આવે જ...'
રાધા થોડું ભીંસીને બોલી. 'દ્વારકાનાં પ્રેવશદ્વાર પછી ગામની કોઈપણ શેરીમાં હાલો કે ભૂલા પડો... પણ રસ્તો તો ગોમતીનાં ઘાટે જ આવીને ઊભો રહે.' 'હા.. દીકરા ? અત્યાર સુધી અબોલ જ રહેલા કાનાનાં બાપુ શ્વાસ ઘૂંટીને બોલ્યા. ભવની ભવાટીમાં ભૂલા પડો તો મારગ છેલ્લે સ્મશાનઘાટ આવીને જ ઊભો રહે?' બાપુનાં અંતરમાંથી પ્રગટેલી અનુભવવાણીએ સૌ ભીંજાયા. તરબોળ થયાં અને સૌ સૌના કામે વળગવાં ઊભાં થાય તે પહેલા રાધાએ કાના સામે ત્રાટક નજરે જોયું. કાનો સમજી ગયો. તેણે જાહેર કર્યું. 'આપડે આવતી કાલે દ્વારકા જાશ્યું?' 'બા... બાપુ... રાધાએ કહ્યું,' 'મારી એક નાનકડી શરત છે?' 'શરત' કાનો ચોંક્યો, તેને થયું કે, એ... નવું ગતકડું આવ્યું. ન હોય તેવા પેંતરા કરશે ને છેવટે પાણી ફેરવીને ઊભી રહેશે? પછી કહેશે કે ક્યાં ગ્યા તાં ? તો ક્યાંય નહીં ?
શરતનું સાંભળી કાનાનાં બા બાપુ પણ ઊંચા જીવે, એક કાને થઈને ઊભાં રહ્યાં. રાધાએ કહ્યું. 'કાળિયા ઠાકરની આગળ પણ લેવું પડશે...'
'શેનું?' કાનાથી એકદમ બોલાઈ ગયું. 'વ્યાજ વટાવનો ધંધો બંધ, ધાક ધમકી દઈ ઉઘરાણી કરવાનું બંધ....' રાધા મોં ઊંચું કરીને બોલી . 'આ શરત કબૂલ હોય તો...' કાનો ના પાડી શકે તેવી સ્થિતિમાં નહોતો.

તાલુકા પંચાયત લુણાવાડા

તાલુકા પંચાયતનાં તમામ સદસ્ય અને કર્મચારીગણ આપને દિવાળી પર્વની શુભકામનાઓ પાઠવે છે...

પ્રમુખ : **મણીલાલ બી. પટેલ**
ઉપપ્રમુખ : **ચંપાબેન આર. ચૌહાણ**
કારોબારી અધ્યક્ષ : **બાબુસિંગ આર. રાઠોડ**
સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ : **જશોદાબેન ટી. વણકર**
તાલુકા વિકાસ અધિકારી : **એન. ઝેડ. મોનિયા**

વિશ્વપ્રવાસી

કોઈ હેલિકોપ્ટર જેવી હમહમાટી બોલાવતી મોટરસાઈકલ ઊભી રહી. એનો અસવાર ઉતાવળમાં હોય એમ કૂદકો મારીને ઊતર્યો. ઝડપથી ગાડીને સ્ટેન્ડ પર ચડાવી અને ઉતાવળે ડગલે આગળ વધ્યો. મકાનની કંપાઉન્ડ વોલનો ઝાંપો ચૂં... ઊં... ઉંકાર કરતો ખૂલ્યો. કંપાઉન્ડમાં અડાબીડ ઊગી નીકળેલું ઘાસ હતું. મકાનની ઓસરી સુધીની કેડી ઘાસ છાયી હતી. ઘાસ દબાઈને તાજી કેડી બની હતી, ઓટલો પણ બિસ્માર હાલતમાં જ હતો. આગંતુકે આસ્તે આસ્તે, પગથિયાં ચડીને ઓટલા પર ઊભા રહી નજર ફેરવી ત્યારે ભારે નીરવતા છવાઈ હતી. બારીબારણાં બંધ હતાં. ઉપરથી રંગરોગાન ઊખડી ગયાં હતાં. એણે ગજવામાંથી રૂમાલ કાઢીને પસીનો લૂછ્યો. સૂરજ ઢળી ગયો હતો. છતાં પુષ્કળ ગરમી લાગતી હતી અને અહીં તો કદાચ પંખો પણ ચાલું નહીં હોય, અનેક વર્ષોથી ઘર બંધ હતું ખરું ને? અને એ જ કારણે વીજળીની ડોરબેલ પણ ચાલુ નહીં જ હોય. છતાં એણે પીળા પડી ગયેલા ઘૂળિયા બટન પર આંગળી દબાવી જોઈ. ક્યાંય રણકાર ગાજ્યો નહીં. સર્વત્ર ભેંકાર નીરવતા જ... કોઈથીયે ખેસવી ન શકાય એવડી જંગી શિલાની જેમ. એક ક્ષણ અચકાયા બાદ એણે બારણે ટકોરો માર્યો ટક્... ટક્.... ટક્ ? પ્રત્યુત્તર મળ્યો. કદાચ અંદર રહેનારની કર્ણેન્દ્રીય નબળી પડી ગઈ હશે ?

એણે બારણા પર હથેળી વતી ધબાકા માર્યા, કોણ? અંદરથી અવાજ આવ્યો, એક મિનિટ ખોલું છું. મોટરસાઈકલનાં અસવારે બે ડગલાં પાછા ભર્યા. સાવચેતીરૂપે અથવા બારણું ખોલનારને સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં નિહાળી શકાય એ માટે. બારણું આસ્તેથી ખોલ્યું. એક પુરુષ બહાર આવી ઊભો રહ્યો. ઉંમર પચાસેક વર્ષની હતી. પહેરણ અને પાટલૂન બંને ઢીલા પડતાં હતાં. લપેટી દીધાં હોય એવા લાગતાં હતાં. એ વખતે તો એનું શરીર સારું હતું.... અત્યારે પણ કાંઈ બહું નબળું નથી. સહેજ સુકાયું લાગે છે. બાકી ચહેરાની મક્કમતા એની એજ છે. આંખોની મહત્વાકાંક્ષી ચમક પણ એજ છે. ઊભા રહેવાની અક્કડતા પણ બદલાઈ નથી. માત્ર આટલા વર્ષોએ વજન સહેજ ઉતારી લીધું છે... માટલું ઘડતાં વધારાની માટીને કુંભાર જે રીતે ઉતારી લે છે તેમ. ઓળખ્યો મને ? મોટરસાઈકલનાં અસવારે ઘેરે સાદે પ્રશ્ન કર્યો. આંખો બે ત્રણ વાર મટકી, પછી પીછાણની જ્યોતિ ઝળહળી ઊઠી : 'ઈન્સ્પેક્ટર કુમાર? એ બોલી ઊઠ્યો : તમે તો જરાય બદલાયા નથી.''હા, રમાકાંત ? હું ઈન્સ્પેકટર કુમાર જરાય બદલાયો નથી.' કુમારે તરડાતે અવાજે કહ્યું આટલા વર્ષોમાં હું એક ક્ષણ પણ ભૂલી શક્યો નથી કે... 'હોહોહોહો ? રમાકાંત ખડખડાટ હસી પડ્યાં. પછી અધવચ્ચે અટકેલા કુમારને આગળ બોલવાની તક આપ્યાં વિના જ એણે ઉચ્ચાર્યું, આટ આટલી કડવાશ અને વેરઝેર મનમાં સંઘરી રાખવા સારાં નહીં, કુમાર બાબુ વેરની આગ તો દિલને અને એના સદ્‌ગુણોને બાળીને ભસ્મ કરી નાખે.?' 'બધાં વેર સરખાં નથી હોતા, રમાકાંત ? કેટલાક પુણ્ય પ્રકોપરૂપે હોય છે. કેટલીક આગ પુણ્ય પ્રકાશ જેવી હોય છે. જેમ દિલમાં લાંબો સમય ટકે તેમ વધુ ઊજળાં પરિણામ દાખવે.' અરે કુમારબાબુ?' રમાકાંતનો ચહેરો એકદમ પલટાઈને મૈત્રીપૂર્ણ બન્યો. આપણે આમ જ ઊભા ઊભા ફાલતું ફિલસૂફીની ફેંકાફેંક કરીશું કે જરાક બેસીશું? હુંય હૈયાફૂટો છું ને કે, તમને બેસવાનુંય નથી કહેતો, પણ... જરા ઊભા રહો. ઘરની અંદર તો ખૂબ જ ગરમી લાગશે. આપણે અહીં ઓસરીમાં જ ખુરશી મૂકીએ. બોલતા બોલતા એ અંદર ચાલ્યો. બે ફોલ્ડીંગ ખુરશીઓ લઈને બહાર આવતાં વળી બોલ્યો, 'એકલો આદમી છું બીજું તો આપનું શું સ્વાગત કરું.?' શરબત બનાવું છું અને હા, જેલમાંથી છૂટ્યો એના માનમાં થોડાક પેંડા લાવ્યો છું'

આમ વચ્ચે એક બે વાક્યો બોલતા બોલતા એ ટિપોય લાવ્યો, પાણી લાવ્યો, શરબત લાવ્યો, આખો વખત એ અસ્મિત વદને બોલ બોલ કરતો હતો. આખરે એ સ્વંય આવીને પણ સામેની ખુરશીમાં ગોઠવાયો, ત્યારે કુમારે વળી દાંત ભીંસીને કહ્યું, 'રમાકાંત? મેં તને દસ વર્ષ પહેલાં પણ કહ્યું હતું કે કાયદો ભલે તને છોડે, પણ હું છોડીશ નહીં.'

રમાકાંત જાણે એ દિવસ યાદ કરતો હોય એમ આંખો મીંચી ગયો. એના હોઠ મલકાઈ રહ્યાં. બરાબર આવો જ એનો મલકાટ હતો દસ વર્ષ પહેલાં. જયારે ન્યાયાધિશે એને જન્મટીપની સજા કરી અને પોલીસવાળા હાથકડીઓ પહેરાવીને એને લઈ જઈ રહ્યાં હતાં ? એ વેળા પણ મોનાલીસાનાં હાસ્ય જેવો આ ભેદી મલકાટ રમાકાંતનાં હોઠ પર રમતો હતો.

આજે પણ એમ જ....એ જોઈ કુમારનો ગુસ્સો ઓર વધી ગયો. રમાકાંત? હું તો બેન્કમાં કેશિયર હતો. તને ખબર છે, કે બેન્કમાં કેવા કેવા લોકોનાં નાણાં હોય છે. વિધવાઓ, અનાથો અને ઘરડાઓ પોતાની મહામૂલી મૂડી બેન્કમાં મૂકે છે. એમના રોટલાનો આધાર એ મૂડી ઉપર હોય છે. એ નાણાં ઉચાપત કરીને તે એમના પેટ ઉપર પાટું માર્યું છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : ધાનેરા

Tel.: 222038/222433 ✦ ખુલ્લી હરાજી ✦ સાચો તોલ ✦ રોકડાં નાણાં

✦ મુખ્યયાર્ડ : ધાનેરા, સબયાર્ડ : ધાનેરા, પશુ સબયાર્ડ : સામરવાડા ✦ ખેડૂત ભાઈઓ ખેત ઉત્પન્નનો માલ બજાર સમિતિ ધાનેરામાં વેચવાનો આગ્રહ રાખો ✦ રાયડો, એરંડા, ધાણાજીરું તથા ઈસબગુલ માટે ગુજરાતનું અગ્રેસર પીઠું ✦ ખેડૂતોને ₹ 50,000 અને ખેત મજૂરોને ₹ 25,000 આકસ્મિક મૃત્યુ સહાય નક્કી કરી કુલ ₹ 56,42,000 ચૂકવેલ ✦ તાલુકાનાં ગામોમાં ચેક ડેમ અને ખેત તલાવડી માટે ₹ 1,24,43,000નું યોગદાન ✦ શૈક્ષણિક હેતુ માટે ₹ 75,48,000નું યોગદાન ✦ પાકૃતિક મુશ્કેલી અને ગૌશાળાને ઘાસચારા માટે ₹ 37,50,000નું યોગદાન ✦ સમગ્ર તાલુકાનાં 80 ગામોમાં પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે કિચનશેડ બનાવેલ અને સ્ટીલની ડીશો માટે ₹ 8,60,000 ચૂકવેલ ✦ કૃષિ શિબિર અંગે વર્ષ 2005 થી 2013 માટે ₹ 12,80,000 ખર્ચ ✦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી ધાનેરામાં જનહિત અર્થે વોટર કુલર માટે ₹ 1,41,000નું યોગદાન. ✦ કન્યા કેળવણી માટે ₹ 18,64,000નું યોગદાન ✦ ધાનેરા મુકામે વિકલાંગ કેમ્પનાં આયોજન માટે ₹ 1,50,000નું યોગદાન ✦ યાર્ડમાં ખેડૂતો માટે ખેડૂત વિશ્રામગૃહ ✦ ખેડૂતો માટે ભોજનાલયની વ્યવસ્થા ✦ નગરપાલિકા ધાનેરાને ₹ 11,00,000નું ફાયર ફાઈટર અનુદાનમાં આપેલ છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ : ઈશ્વરભાઈ ગણેશભાઈ આંજણા ✦ ભુરાભાઈ નાથાભાઈ આંજણા ✦ નરેશભાઈ નાથાભાઈ પટેલ ✦ મુકેશભાઈ પ્રાગજીભાઈ ઠક્કર ✦ માનસિંહ ભીખજી વાઘેલા ✦ શંકરભાઈ સવાભાઈ પટેલ ✦ કરશનભાઈ હેમરાજભાઈ કણબી ✦ રાવતાભાઈ જોધાભાઈ કણબી ✦ જોરાભાઈ રાંમસીભાઈ આલ ✦ શંકરભાઈ પ્રેમાભાઈ કણબી ✦ જોઈતાભાઈ હીરાભાઈ આકોલીયા ✦ શામળાભાઈ રાજાભાઈ પટેલ ✦ વિરભાણભાઈ રૂડાભાઈ પટેલ ✦ જિલ્લા રજીસ્ટાર સ.મં.પાલનપુર ✦ જિલ્લા ખેતીવાડી અધિકારી પાલનપુર

હરજીવનભાઈ આંજણા ચેરમેન | **મોહનભાઈ આકોલીયા** વાઈસ ચેરમેન | **ઉમાભાઈ પટેલ** સેક્રેટરી

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : કલોલ
APMC કલોલ સંચાલિત કિસાન જનરલ હોસ્પિટલ

Tel.: 02764 220422, 224646 ✦ ખુલ્લી હરાજી ✦ ખરો તોલ ✦ રોકડા નાણાં

કલોલ તાલુકાનાં દરેક ખેડૂત વેપારી ભાઈઓ તથા સ્નેહીજનોનું નવું વર્ષ સુખમય અને આનંદથી પસાર થાય તેવી અભ્યર્થના સાથે નૂતન વર્ષાભિનંદન..

બોર્ડ ઓફ ડિરેક્ટર : દશરથભાઈ પી. પટેલ ✦ ભક્તિભાઈ જી. પટેલ ✦ અમરતભાઈ બી. પટેલ ✦ બબાજી એમ. ઠાકોર ✦ કેશાજી એ. ઠાકોર ✦ ઈશ્વરભાઈ કે. પટેલ ✦ ભરતભાઈ એસ. પટેલ ✦ નયનકુમાર સી. ખમાર ✦ નટવરલાલ ડી. પટેલ ✦ મોતીભાઈ ડી. પ્રજાપતિ ✦ ગીરધરભાઈ બી. પટેલ ✦ જંયતીભાઈ જી. પટેલ ✦ સહકારી અધિકારી ✦ વિસ્તરણ અધિકારી

ડૉ. અતુલભાઈ કે. પટેલ ચેરમેન | **નવિનચંદ્ર જે. પટેલ** વાઈસ ચેરમેન | **ઘનશ્યામસિંહ બી. વાઘેલા** ઈન્ચાર્જ સેક્રેટરી

હાસ્ય લેખ

Laughter

પ્રદ્યુમ્ન



ગ્લોબલ બુધાલાલ અને એકતા

